R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

બહારગામ

પાના : ૧૬
કિંમત રૂા.૪-૦૦

# સવારે ચા, સાંજે અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

ફોનઃ ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪, ૨૪૪૮૪૪૪, ■ વર્ષ: ૪૮ ■ અંકઃ ૨૦૨ ■ 19 April 2025 ■ શનિવાર ■ ચૈત્ર વદ-૬ ■ પ્રકાશન સ્થળઃ અકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

સૌરાષ્ટ્રમાં 1st ROBOTIC 'Hip' & 'Knee' જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
પ્રભુકૃપા HOSPITAL ડો. કેતન શાહ
જ્યુબેલી ગાર્ડન પાસે, રાજકોટ.
9898 778 541

Godrej એ.સી. તો કેનવાસ માંથી જ...
ગોદરેજ એપ્લાયન્સીઝની વિશાળ રેન્જ
ઓનલાઈન થી સસ્તુ • સરળ હપ્તે • ૪ ગીફ્ટ
'કેનવાસ શો-રૂમ' બીઝનેશ માર્કેટ - ૩, સવન સીમ્બેટ પાસે, તુલસી સુપર માર્કેટ સામે, રૈયા રોડ, રાજકોટ.
મો. ૯૮૫૨૩ ૯૯૯૭૯

સ્પેશ્યલ થેપલા મિક્સ
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ • નાના મૌવા રોડ • શીતલ પાર્ક • જામનગર રોડ • યુની. રોડ • આનંદ બંગલા ચોક • કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક

હરસ, ભગંદર, ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક-લેસોર્ટ્રેક્સ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

શાપરમાં ઇન્ડસ્ટ્રીયલ શેડ ભાડે આપવાના છે
ગોડાઉન, ફેક્ટરી લાયક તથા અન્ય વપરાશ માટે
૨૦૦ થી ૭૩૦ વારના
વધુ વિગતો માટે સંપર્ક : 9825341004

ટાગોર રોડ ઉપર ફ્લેટ વેચવાનો છે
2.5 BHK આશરે ૧૦૦૦ ફુટ
હરી પેલેસ - ત્રિજા માળે
વિદ્યાનગર અને મંગળા રોડથી તદ્દન નજીક
સંપર્ક: ૭૦૪૮૪ ૨૯૭૨૦

ઉધઇ થી બચો
ઉધઇની દવાના સ્પેશ્યાલીસ્ટ
૧૦ વર્ષની ગેરેન્ટીથી કામ કરી આપશું
અનિલભાઈ
96014 14478

ટેરિફ-ટેરિફ વોરમાં ભારતનાં બંને હાથમાં લાડુ

REQUIRED
CAD/CAM Mechanical Drawing Designer
for Rajkot.
M.95100 81129

ઈન્દીરા સર્કલ નજીક માત્ર 16 લાખમાં દુકાન વેચવાની છે
નોંધ : રીટેઈલ ધંધા માટે અનુકૂળ નથી ગ્રાઉન્ડ ફ્લોર
99983 88809

સ્ટાફ જોઈએ છે પાર્ટટાઈમ/ફુલટાઈમ
- માર્કેટિંગ મેનેજર
- શોરૂમ મેનેજર
- ડોર ટુ ડોર સેલ્સમેન
રિઝ્યુમ સાથે રૂબરૂ મળો
'શિવમ' મકાન, છોટુનગર હોલની બાજુમાં, એરપોર્ટ મેઈન રોડ, રાજકોટ
ગુરૂકૃપા ઇલેક્ટ્રોનિક્સ - 9173783081

સ્વીઝ - પેરીસ 8 Days
તા.૮ જુન અને ૬ જુલાઈ
sonatours
ESTABLISHED OVER 24 YEAR
Rajkot: 95129 72999, Mumbai: 87798 85500

કસમાં તાત્કાલીક ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ વેચવાનો છે
318 વાર
સૂર્ય પાર્ક- 1
ગુંદાસરા રેલ્વે ફાટકની સામે
રાજકોટ- 99090 00275

કિલિવરી બોય જોઈએ છે
ફોર વ્હીલનુ લાઇસન્સ હોવુ જરૂરી, આકર્ષક પગાર
બી.એમ. એન્ટરપ્રાઇઝ
'સુરેશ્વર નિવાસ'
12/4, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ
મિલનભાઈ કોઠારી- 9714677788

ઓફિસના કામ માટે માણસ જોઈએ છે
મેલ/ ફિમેલ, આકર્ષક પગાર, 12 પાસ
કામનો સમય સવારે 9 થી 7
વી.એ. એન્ટરપ્રાઇઝ - કેનાલ રોડ, રાજકોટ
89801 31313

ચેક લોન 1 દિવસમાં
રાજકોટના વેપારી ભાઈઓ માટે
77790 37909

વૈદરાજ ના હાથે જાતે બનાવેલા મળશે
(૧) વા માટે સચોટ રસના ઘન ચૂર્ણ
(૨) ડાયાબિટીસ માટે મધુ મેહારી ચૂર્ણ
(૩) વજન ઓછુ કરવા મેદ હર ચૂર્ણ
(૪) પથરી માટે સચોટ ઔષધી
(૫) વાઈની સચોટ ઔષધી વગેરે ઔષધીઓ
શ્રી બાલાજી આયુર્વેદિક ઔષધાલય
શિવમ કોમ્પલેક્ષ શોપ નં.6, ધોળકીયા સ્કુલની બાજુમાં, પટેલ કન્યા છાત્રાલયની સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ
98795 55073

સ્ટાફ જોઈએ છે
વેલ્ડર ફીટર
હેલ્પર ગ્રાઈન્ડર
આકર્ષક પગાર
M.9510081129

તાત્કાલિક 2 ફ્લેટ
BHK વેચવાનો છે 618 કાર્પેટ
રોડ સાઇડ • તદ્દન નવો ફ્લેટ
રૈયા રોડ, તુલસી સુપર માર્કેટની સામેના ખાંચામાં
99040 65244

જોઈએ છે
સેલ્સ & કોમ્પ્યુટર માટે ગર્લ / બોય જોઈએ છે
શિવ ફેશન જ્વેલરી
ગુંદાવાડી મેઈન રોડ, ચોરા પાસે, રાજકોટ.
M.: 9879867566

જોઈએ છે
ઓફીસ આસીસ્ટન્ટ
ONLY FEMALE
કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી
મો.90676 43922

કેટરીંગ સાથે મેરેજ હોલ ફ્રી
ફક્ત વાડી ભાડે જોતી હોય તો પણ મળશે.
દાંડીયા રાસ • હલ્દી સેરેમની • લગ્ન ગીત • મેરેજ હોલ • જમણવાર માટેની અલગ વ્યવસ્થા • મંડપ સાથે ડેકોરેશન સોફા • ખુરશી • ગાદલા સેટ
જેમાં 6 રૂમ + 5 એક્સ્ટ્રા કુલ 11 રૂમ
પાર્કીંગની સુવિધા • ફેન્સી ગેઈટ વગેરે ફ્રી
કોન્ટેક્ટઃ જોષી મંડપ સર્વિસ-9825416754

~ Walk-in interview ~
Receptionist - 1
Accountant - 2
Min. 1-2 Yrs of Experience in Accounting Field
D N Ahya & Co.
CS Darshit Ahya
Peer Reviewed firm of Practicing Company Secretaries
Interested Candidates may forward their CV at
ahya.darshit@gmail.com +91 90336 33231
Head Office : 814, Star Plaza, Phulchhab Chowk, Rajkot.

દુકાન જોઈએ છે
રાજકોટના સારા લોકેશનમાં ફાસ્ટ ફૂડ માટે
200 થી 300 સ્કે.ફૂટ
Mo. 70168 98241
Mo. 70628 23456

સમર વેકેશન સ્પે. AC સ્લીપર બસ પ્રવાસી
ચારધામ ₹29,999/-
કાશ્મીર ₹21,999/-
મહાબળેશ્વર ₹10,999/-
YATRIK
98984 74242

આપના ઘર, બંગલા, ફેક્ટ્રી, શેડ, કોમર્શિયલ કોમ્પ્લેક્ષને કબુતરથી બચાવો
કબુતર જાળી
ANU BIRD NET
101, Raj Complex, Raiya Road, Raiya Chokdi, Rajkot
Mahendrabhai M. 75671 99590

ફ્લેટ વેચવાનો છે
3 BHK @ જામનગર રોડ
1200 Sq Ft.
લક્ઝરીયસ
2 & 3 BHK
સંપર્ક 99980 13717

એક્સ-રે અને સોનોગ્રાફી સેન્ટર માટે જોઈએ છે
એક્સ-રે ટેકનીશ્યન
ટાઈપીસ્ટ/કોમ્પ્યુટર ઓપરેટર
રીશેપ્સનીસ્ટ (M/F)
૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બજાર પાસે, રાજકોટ.
સંપર્ક : 97267 11498

SHREE PATEL TOURS & TRAVELS
વન-વે પીકઅપ ડ્રોપ
રાજકોટ અમદાવાદ રાજકોટ
પ્રવાસ માટે ટેક્સી કાર ભાડે મળશે
7405150002

ડ્રાઈવર જોઈએ છે
ઉ.વ.35 થી 50,
ફેમીલીની ગાડી ચલાવેલ હોય તેવા અનુભવી. ઓટોમેટીક અને મેન્યુઅલ કાર ચલાવવાના 5 વર્ષનો અનુભવ હોય તેવા રૂબરૂ મળો:
સેલેરી 18,000
સોમવાર થી શનિવાર સાંજે 3 થી 5
ઓફિસ નં.801, એવરેસ્ટ, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ. M.7878497834

જોઈએ છે
(ભરૂડી, પીપળીયા, ભુણાવા, શાપર માટે)
(૧) સિક્યુરિટી સુપરવાઇઝર-૬
(૨) સિક્યુરિટી ગાર્ડ-૧૯
પગાર (૧) ૧૭૫૦૦/-(૨) ૧૩૫૦૦/- ૧૦ પાસ, ઉંચાઈ ૫'' ૬'' થી વધુ રહેવાનું ફ્રી પી.એફ. સાથે મળો:
ઝેડ પ્લસ સિક્યુરિટી એન્ડ ઇનવેસ્ટીગેશન
વેરાવળ (શાપર) રાજકોટ (ગુજરાત)
98240 22898, 92272 22898



JOCKEY
FACTORY SECONDS
UPTO 50% OFF
T & C apply
• 10 am to 8 pm • Open All Days • Master / Visa Card Accepted
INNERWEAR • LEISUREWEAR • ACTIVEWEAR • KIDSWEAR • SOCKS
Venues in Rajkot & Jamnagar
Makkam Chowk Rajkot: Shivalik 5 Hall, Gondal Road, Above Passport Office
Near Amber Talkies Jamnagar: Kamdar Wadi, Hospital Road

THE NEEL'S SANJAYRAJ
MANTRA
YOUR MANTRA OF SUCCESS
કાલાવડ રોડ - એજી ચોકમાં તમારા બિઝનેસ માટે
200 થી 2000 સ્કે. ફૂટ ના શોરૂમ તથા ઓફિસો ઉપલબ્ધ



• ભાડાની આકર્ષક આવક વાળી પ્રોપર્ટીમાં રોકાણ કરવાની સુવર્ણ તક.
• કોર્પોરેટ શો-રૂમ તથા ઓફિસ લોન્ગ લીઝ પર ઉપલબ્ધ.
BOOKING CONTACT 98241 47235
AG CHOWK, KALAWAD ROAD, RAJKOT.
PR/GJ/RAJKOT/RAJKOT/Others/CAA08372/220421

THE RESPONSIBLE JEWELLER



મલબાર ગોલ્ડ & ડાયમંડ્સ
વાસ્તવિક કિંમતે વાસ્તવિક સોનું
જ્યારે હું જ્વેલરી ખરીદું છું, ત્યારે હું ચમકથી આગળ જોઉં છું. મારા માટે, તે વિશ્વાસ, મૂલ્યો અને નીતિશાસ્ત્ર વિશે છે. તેથી જ જવાબદાર જ્વેલર ની પસંદગી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.
જ્વેલરને ખરેખર જવાબદાર શું બનાવે છે
• સોનું જે નૈતિક રીતે પ્રાપ્ત થાય છે, કાયદેસર રીતે સુસંગત, અને શુદ્ધતા પ્રમાણિત.
• કિંમતે જે વ્યાજબી છે અને વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત છે.
• સ્પષ્ટ, પારદર્શક બિલિંગ કોઈપણ છુપાયેલા શુલ્ક વગર.
• કારીગરો માટે યોગ્ય વેતનની ખાતરી કરતા.
તેથી જ મેં હંમેશા પસંદગી કરી છે મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ જ્યાં વિશ્વાસ, શુદ્ધતા અને જવાબદારી દરેક ભાગમાં ચમકે છે.
ફ્લેટ 8%* મેકિંગ ચાર્જ પ્લેન ગોલ્ડ જ્વેલરી માટે
ફ્લેટ 14%* મેકિંગ ચાર્જ એન્ટિક બ્રાઇડલ જ્વેલરી માટે
ડાયમંડ વેલ્યુ પર 25%* સુધીની છૂટ (ઓફર 4 મે, 2025 સુધી માન્ય છે)
AKSHAYA TRITIYA
તમારા સોનાના ભાવને સુરક્ષિત રાખો!
ફક્ત 10% ચૂકવીને હમણાં જ તમારા ઘરેણાં બુક કરો અને બુક કરેલા અથવા પ્રવર્તમાન દરે જે પણ ઓછું હોય તે દરે ઘરેણાં મેળવો. ઉપરાંત, મફતમાં ચાંદીનો સિક્કો ઘરે લઈ જાઓ!*
ક્લાસિક જેમ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ | 02812461916, 2462916
સાથે જ: સીજી રોડ, અમદાવાદ | સેટેલાઇટ રોડ, અમદાવાદ | વડોદરા | સુરત | વાપી | ભાવનગર.
BUY ONLINE AT: malabargoldanddiamonds.com
13 દેશોમાં 390 થી વધુ શૉરૂમ્સ
Follow us on @malabargoldanddiamonds

વિદ્યા વિમુક્તયે Bhaikaka University
Instilling Purpose in Healthcare



આરોગ્ય ક્ષેત્રમાં ૪૫ વર્ષથી પણ વધુનો અનુભવ ધરાવતા ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદના નર્સિંગના અભ્યાસક્રમો કારકિર્દીની અનન્ય શરૂઆત માટેનો શ્રેષ્ઠ વિકલ્પ છે.
અમારા નર્સિંગના અભ્યાસક્રમોઃ
• M.Sc. નર્સિંગ : મેડિકલ-સર્જિકલ, ચાઈલ્ડ હેલ્થ, ઓબસ્ટેટ્રિકલ અને ગાયનેકોલોજી
• B.Sc. નર્સિંગ
• DGNM (ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ એન્ડ મીડ-વાઈફરી)
• પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ (ટૂંક સમયમાં)
વિશેષતાઓઃ
• ૧૦૦૦ પથારી ધરાવતી NABH પ્રમાણિત ટર્શરી કેર હોસ્પિટલમાં પ્રેક્ટિકલ તાલીમ
• UG અને PG વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ
• ફેકલ્ટી સાથે વિદ્યાર્થીઓને પણ રિસર્ચની તક
• જરૂરિયાતમંદ અને યોગ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ
• નિષ્ણાત અને અનુભવી ફેકલ્ટી
• પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે રાષ્ટ્રીય સહયોગ
BU ની શ્રેષ્ઠતા, હવે તમારી કારકિર્દીમાં
ઇન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ સાયન્સીઝ, શ્રી જી. એચ પટેલ સ્કૂલ ઓફ નર્સિંગ
ગોકલ નગર, કરમસદ-૩૮૮૩૨૫ જિલ્લો : આણંદ, ગુજરાત
ફોન : પ્રિન્સિપાલ (૦૨૬૯૨) ૨૨૮૫૪૧ / એડમીન : (૦૨૬૯૨) ૨૨૮૫૫૦
ઈમેલ : nursingcollege@bhaikakauniv.edu.in
વેબસાઇટ

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. મનહરસિંહજી (કટુભા) જાલમસિંહજી પરમાર**

**સ્વ. તા. ૧૯-૦૪-૨૦૨૧**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું પરમાર્થ જેની ભકિત હતી. ધર્મ કદી ભુલ્યા નહીં. વ્યવહાર કદી ચુકયા નહીં. પરિવાર માટે ફુલ પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

**ગં. સ્વ. નિતાબા મનહરસિંહજી પરમાર**
**ચેતનસિંહ મનહરસિંહજી પરમાર**

**રાજદીપસિંહ મનહરસિંહજી પરમાર | સોનિયા રાજદીપસિંહ પરમાર**
**વિશ્વદીપસિંહ ચેતનસિંહ પરમાર | પંચમિ રાજદીપસિંહ પરમાર**

**પરમાર પરિવારના જય માતાજી**

રાજ્ય સરકાર વચ્ચે સર્જાયેલી માથાકુટ બાદ નિયમ બનાવવામાં આવ્યો

# જીએસટીમાં આઈએસડીનો અમલ જ્યાં વેપાર કર્યો હશે ત્યાં જ ટેક્સ ભરવો પડશે

## કંપનીની હેડ ઓફિસ હોય ત્યાં જ જીએસટી ભરવાના નિયમથી સમસ્યા હતી

નવી દિલ્હી,તા.૧૯:જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારે આઈએસડી (ઈનપુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુશન)નો નિયમ લાવવામાં આવ્યો હતો. પરંતુ તેનુ અમલીકરણ કરવામાં આવતુ નહીં હોવાના લીધે રાજ્ય સરકારને જીએસટીની ઓછી આવક થવાની બુમરાણ સમયાંતરે ઉઠતી હતી. તેના નિવારણ માટે એક વર્ષ પહેલા આઈએસડી લાગુ કરવાની વાત કરવામાં આવી હતી. તેનો સત્તાવાર અમલ એક એપ્રિલ ૨૦૨૫થી કરી દેવામાં આવ્યો છે. તે અંતર્ગત કોઈ પણ કંપની દ્વારા દેશના કોઈ પણ રાજ્યમાં વેપાર કરતી હોય તો તે જગ્યા પર જ ટેક્સ ચુકવવો પડશે તેમજ તેનો ખર્ચ પણ તે જ રાજ્યમાં દર્શાવીને ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવી પડશે. આ કારણોસર રાજ્ય સરકારને જીએસટીની આવક ગુમાવવાની સ્થિતીમાંથી નિવારી શકાશે. આ માટે જ આઈએસડીનો અમલ કરવાની સાથે જીએસટી નંબરની સાથે આઈએસડી પણ વેપાર પ્રમાણે વહેંચણી કરવાની રહેશે.

આ કરવા પાછળનુ કારણ એવુ પણ છે કે મોટી મોટી કંપની દ્વારા અલગ અલગ રાજ્યના અલગ અલગ શહેરમાં પોતાનો વેપાર અથવા તો સર્વિસ આપે છે. પરંતુ તેનો ટેક્સ ભરવાનો આવે ત્યારે કોર્પોરેટ ઓફિસથી જ આ તમામ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેના લીધે જે રાજ્યમાં વેપાર કરવામાં આવ્યો હોય તે રાજ્યએ જીએસટીની આવક ગુમાવવી પડતી હોય છે. તેના માટે આ નિયમ લાગુ કરવાની જાહેરાત એક વર્ષ પહેલા કરવામાં આવી હતી. તેમજ તેનો અમલ પણ પ્રાયોગિક ધોરણે પોર્ટલ પર કરી દેવામાં આવ્યો હતો. જેથી એક વર્ષ પછી એટલે કે એક એપ્રિલ ૨૦૨૫થી ફરજીયાત અમલ પણ કરી દેવામાં આવ્યો છે. આ અંગે સીએ મિહીર મોદીએ જણાવ્યુ હતુ કે કંપની દ્વારા કયા રાજ્ય અને કયા શહેરમાં કેટલો વેપાર કર્યો તેની ટકાવારી પ્રમાણે આઈટીસીની વહેંચણી કરવાની રહેશે. જેથી તે આધાર પર જ ટેક્સની ગણતરી કરીને રાજ્ય સરકારને તેની આવક થઈ શકશે. જોકે આ માટે જે તે રાજ્યમાં પહેલેથી જ જીએસટી નંબર તો લીધો જ હોય છે. પરંતુ આઈએસડીના કારણે ટેક્સની આવક કેટલી થઈ હશે તેની ગણતરી કરવામાં પણ સરળતા રહેવાની છે.(૪૦.૭)

જાપાનની બાબા વાંગા તાત્સુકીએ કરી ભવિષ્યવાણી...૨૦૩૦ માં કોરોના રોગચાળો પાછો આવશે તે

# વિશ્વ પર મંડરાઈ રહ્યો છે મહામારીનો ખતરો! વધારે ઘાતક પણ સાબિત થશે



ટોક્યો તા.૧૯:ભૂતકાળમાં એવી અનેક ભવિષ્યવાણીઓ થઈ હતી, જે અત્યારે સાચી પડી રહી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો બાબા વાંગા દ્વારા ભવિષ્ય ભાંખતી અનેક વાણીઓ કહેવામાં આવી હતી. જાપાનમાં આવેલા સુનામી, યુરોપમાં આવેલા ભૂંકપને લઈને પણ બાબા વેગા દ્વારા ભવિષ્યવાણી કરવામાં આવી હતી. જાપાનમાં રહેતી એક મહિલાએ એવી વાત કરી છે જેને લઈને લોકો અચરજમાં આવી રહ્યાં છે. આ મહિલાએ કોરોના મહામારીને લઈને ચોંકાવનારી વાત કહી છે.

કોરોના મહામારીના કારણે લાખો લોકોનું મોત થયું હતું, આ મહામારીએ આખી દુનિયાને ખતરામાં મુકી હતી. ત્યારે જાપાનમાં રહેતી આ મહિલાએ કહ્યું કે, આજથી પાંચ વર્ષ પછી એટલે કે ૨૦૩૦માં ફરી કોરોના મહામારી દસ્તક દેશે. એટલું જ નહીં પરંતુ આ મહામારી વધારે ઘાતક પણ સાબિત થશે તેવું પણ કહ્યું છે. મહત્વની વાત એ છે કે, આ મહિલાએ ૨૦૨૦માં કોરોના મહામારીને લઈને પહેલા પણ ભવિષ્યવાણી હતી.

નોંધનીય છે કે, જાપાની લેખક રિયો તાત્સુકીને જાપાનના બાબા વાંગા તરીકે ઓખવામાં આવે છે. રિયો તાત્સુકીએ અગાઉ કોરોના રોગચાળાની આગાહી કરી હતી. તેમણે ૨૦૨૦ માં કોરોના રોગચાળાની આગાહી કરી હતી. કહ્યું હતું કે, કોરોના એપ્રિલમાં તેની ટોચ પર હશે. મીડિયા રિપોર્ટ પ્રમાણે જાપાની મહિલા રિયો તાત્સુકીએ ૧૯૯૯ માં તેમના પુસ્તક 'ધ ફ્યુચર એઝ આઈ સી ઈટ' માં આ આગાહીઓ વિશે લખ્યું હતું. હવે રિયો તાત્સુકીએ બીજી આગાહી કરી છે, જેમાં ૨૦૩૦ માં કોરોના રોગચાળોના પાછો આવશે તેવી વાત કરી છે. તેમણે તેમના પુસ્તકમાં લખ્યું છે કે આ કોરાના અત્યારે અદશ્ય થઈ જશે, અને ૨૦૩૦ માં ફરી એકવાર પાછો આવશે.

જાપાની ભવિષ્યવેત્તા રિયો તાત્સુકીની વાત કરવામાં આવે તો તેની અનેક ભવિષ્યવાણીઓ સાચી પડી છે. રિયો તાત્સુકીએ ગાયક ફ્રેડી મર્ક્યુરી અને પ્રિન્સેસ ડાયનાના મૃત્યુની ભવિષ્યવાણી કરી હતી, જે સાચી પડી હતી. રિયો તાત્સુકીએ તો આ વર્ષે જુલાઈ મહિનામાં જાપાનમાં સુનામીની આગાહી પણ કરી છે, જેમાં મોટા પાયે વિનાશ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેને લઈને અત્યારે જાપાન પણ ચિંતિત છે. ત્યારે હવે ફરી હવે કોરોના મહામારી અંગે કરેલી ભવિષ્યવાણીના કારણે વિશ્વના અનેક દેશો ચિંતામાં આવી ગયાં છે.(૩૫.૨)

# ઉત્તરાખંડમાં કાર ઊંડી ખીણમાં ખાબકી, દુર્ઘટનામાં ૫ લોકોના મોત

## કારમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા



ચમોલી તા.૧૯: ઉત્તરાખંડના ચમોલીમાં એક મોટી માર્ગ દુર્ઘટના સામે આવી છે. જ્યાં એક કાર ઊંડી ખીણમાં ખાબકી ગઈ. આ દુર્ઘટનામાં પાંચ લોકોના દુ:ખદ મૃત્યુ થયા છે. ખરાબ હવામાનને કારણે વહીવટીતંત્રને અકસ્માતની માહિતી મોડી મળી. ભારે તોફાન અને વરસાદ વચ્ચે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.ઘટનાને પગલે મુખ્યપ્રધાન ધામીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

બિરહી-નિજામૂલા માર્ગ પર કાર ઊંડી ખીણમાં ખાબકી મળતી માહિતી મુજબ, આ અકસ્માત બિરહી-નિજામુલા મોટર રોડ પર થયો હતો. જ્યાં ગાડી ગામ નજીક કોરેલધારમાં એક કાર ઊંડી ખીણમાં ખાબકી ગઈ. આ દુર્ઘટનામાં કારમાં સવાર પાંચેય લોકોના મોત થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ચમોલી પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

કારમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતાં જાણવામાં આવી રહ્યું છે કે આ બધા લોકો નિજામૂલા વિસ્તારમાંથી લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. જેઓ હરમની ગામ જઈ રહ્યા હતા, પરંતુ રસ્તામાં અકસ્માતનો ભોગ બન્યા. આ ઘટના મોડી સાંજે બની હોવાનું કહેવાય છે, પરંતુ તોફાન અને વરસાદને કારણે કોઈને ઘટના વિશે માહિતી મળી શકી નહીં. (૩૫.૬)

૧૮ લોકોને કાટમાળમાંથી બચાવી લેવામાં આવ્યાં જેમાંથી ૧૪ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

# દિલ્હીમાં મોડી રાત્રે ચાર માળની ઇમારત ધરાશાયીઃ ૪ લોકોના મોત



નવી દિલ્હી તા.૧૯: ઉત્તર-પૂર્વ દિલ્હીના દયાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે એક મોટો અકસ્માત થયો. રાત્રે લગભગ ૩ વાગ્યે, અહીંના શક્તિ વિહાર વિસ્તારમાં આવેલી ચાર માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ. તમને જણાવી દઈએ કે આ વિસ્તાર મુસ્તફાબાદ વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે.

ઈમારત ધરાશાયી થતાં લગભગ બે ડઝન લોકો કાટમાળ નીચે દટાયા હતા. એડિશનલ ડીસીપી સંદીપ લાંબાના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયા છે. મૃતકોની ઓળખ ચાંદની, દાનિશ, રેશમા અને નવીદ તરીકે થઈ છે. હાલમાં, ૧૮ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે, જેમાંથી ૧૪ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કેટલાક લોકો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા હોઈ શકે છે.

એનડીઆરએફ, ડોગ સ્કવોડ, દિલ્હી પોલીસ અને ફાયર વિભાગની ટીમો રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે. સ્થાનિક લોકો બચાવ કામગીરીમાં મદદ કરી રહ્યા છે. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે ઈમારત જૂની કે જર્જરિત નહોતી પણ સારી સ્થિતિમાં હતી, પરંતુ પ્લોટ એલ-આકારમાં હતો જે સંભવત: ઈમારત ધરાશાયી થવાનું કારણ હોઈ શકે છે.

દિલ્હી ફાયર સર્વિસના એક કર્મચારીએ જણાવ્યું કે અમને સવારે લગભગ ૨:૫૦ વાગ્યે એક ઘર ધરાશાયી થવાની માહિતી મળી. જયારે અમે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે અમને ખબર પડી કે આખી ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી અને લોકો કાટમાળ નીચે ફસાયેલા હતા. લોકોને બચાવવા માટે એનડીઆરએફ, દિલ્હી ફાયર સર્વિસ કામ કરી રહી છે. (૩૫.૯)

## આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥

**વિક્રમ સંવત-૨૦૮૧**
**વીર સંવત ૨૫૫૧**
**શાલિવહન શક-૧૯૪૭**
**ઇસ્વીસન-૨૦૨૫**
**તા. ૨૦-૪-૨૦૨૪ રવિવાર**
**ચૈત્ર વદ-૭**
**ભાનું સપ્તમી**
**ઇષ્ટર સન્ડે**
**ભદ્રા ૬-૪૬ સુધી**

આજના ગ્રહો
સૂર્ય-મેષ
ચંદ્ર-ધન
મંગળ-કર્ક
બુધ-મીન
ગુરૂ-વૃષભ
શુક્ર-મીન
શનિ-મીન
રાહુ-મીન
કેતુ-કન્યા
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

**સૂર્યોદય-૬-૨૫**
**સૂર્યાસ્ત- ૭-૦૬**
**જૈન નવકારશી- ૭-૧૩**
**ચંદ્ર રાશિ - ધન (ભ.ફ.ધ.ઢ.)**
**૧૮-૦૩ થી મકર (ખ.જ.)**
**નક્ષત્ર- પૂર્વાષાઢ**
**રાહુ કાળ ૧૭-૩૨ થી ૧૯-૦૮**
**દિશા શૂળ - પશ્ચિમ**

**માંગલિક કાર્યોનો શુભ સમય**

વિજય મુર્હુત ૧૨-૨૦ થી ૧૩-૧૧ સુધી સાંજનો શુભ સમય ૬-૦૮ થી ૯-૧૯ સુધી ૭-૦૯ થી ચલ-લાભ-અમૃત- ૧૨-૪૬ સુધી
૧૪-૨૧ થી શુભ ૧૫-૫૭ સુધી
૧૯-૦૮ શુભ-અમૃત-ચલ-
૨૩-૨૧ સુધી

**શુભ હોરા**

૭-૨૮ થી ૧૦-૩૯ સુધી ૧૧-૪૨ થી ૧૨-૪૬ સુધી ૧૪-૫૩ થી ૧૮-૦૪ સુધી ૧૯-૦૮ સુધી, ૨૦-૦૪ સુધી

**બ્રહ્માંડના સીતારા**

રોજીંદા કાર્યમાં જેઓ સતત કાળજી પૂર્વક કાર્ય કરે છે. ઈમાનદારી રાખે છે. તેઓની ખુબ જ પ્રગતિ થાય છે. જીવનમાં નોકરીમાં પ્રમોશન પ્રગતિ માટે અથવા ધંધામાં પ્રગતિ માટે રોજ ગાયત્રી મંત્રના જાપ કરવા જો શકય હોય તો સવારના બ્રહ્મ મુર્હુતમાં ઉઠીને 'ઓમ' ના જાપ કરવા. જરૂરીયાત વાળા વ્યકિતને મદદ કરવી હનુમાનજીના દર્શન રોજ કરવા. જન્મના ગ્રહોમાં જો શનિ ત્રીજા સ્થાનમાં અથવા લાભ સ્થાનમાં હોય તો આર્થિક સ્થિતિ હમેંશા ખુબ જ સારી રહે છે. જો જન્મના ચંદ્રની સાથે મંગળ હોય તો આવી વ્યકિત ખુબ જ ઉદાર વૃત્તિ ધરાવતી હોય છે.

**સોમવારનું પંચાગ**

**તા. ૨૧-૪-૨૦૨૪ સોમવાર**
**ચૈત્ર વદ-૮**
**કાલાષ્ટમી**
**ભારતીય વૈશાખ મહિનો શરૂ**
**સિધ્ધિયોગ ૧૨-૩૮ થી સૂર્યોદય**
**સૂર્યોદય ૬-૨૪ સૂર્યાસ્ત ૭-૦૭**
**જૈન નવકારશી- ૭-૧૨**
**ચંદ્ર રાશિ - મકર (ખ.જ.)**
**નક્ષત્ર-ઉત્તરાષાઢ,**
**રાહુ કાળ ૭-૫૯ થી ૯-૩૪**
**દિશાશૂળઃ પૂર્વ**

**માંગલિક કાર્યોનો શુભ સમય**

વિજય મુર્હુત ૧૨-૨૦ થી
૧૩-૧૩ સાંજનો શુભ સમય
૧૯-૦૮ થી ૨૧-૧૯, ૬-૨૩ થી અમૃત- ૭-૫૯, સુધી ૯-૩૪ થી શુભ ૧૧-૧૦ સુધી ૧૪-૨૧ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૩૨ સુધી
૨૩-૨૧ થી લાભ-૨૪-૪૫

**શુભ હોરા**

૬-૨૩ થી ૭-૨૭ સુધી ૮-૩૧ થી ૯-૩૪ સુધી ૧૧-૪૨ થી ૧૪-૫૩ સુધી ૧૫-૫૭ થી ૧૭-૦૧ સુધી

**બ્રહ્માંડના સીતારા**

અહીં જયોતિષના શોખીનો માટે અને તેમાં રસ ધરાવતી વ્યકિતઓ માટે મારે ખાસ તેઓને ઉપયોગી થાય તેવા લેખો લખુ છું, જેથી તેઓ અંધ શ્રધ્ધામાં ન પડે અને થોડા જાણકારી પણ મળે જો જન્મના ગ્રહોમાં જન્મનો ચંદ્ર પ્રથમ સ્થાનમાં હોય તો આવી વ્યકિતઓની નિર્ણય શકિત થોડીક ઓછી હોય શકે છે. જેથી નિર્ણય શકિત પ્રબળ બનાવવા મેડીટેશન કરવું. રોજ સૂર્ય નમસ્કાર કરવા અને કન્ફયુજન થાય તેવું ન વિચારવું. સારા મિત્રો બનાવવા સારૂ વાંચન કરવું પોતાને મનગમતા કાર્યમાં ધ્યાન દેવું મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો. ખુબ જ કામ કરવું છે તેવું વિચારવું. (૫-૩)

દેશભરમાં ઔરંગઝેબને લઈને વિવાદ શાંત થવાનું નામ નથી લેતો

# હિન્દુવાદી સંગઠનના નેતાઓએ ભાંગરો વાટ્યો, ઔરંગઝેબ સમજીને કોઈ બીજાની તસવીર પર કાળી સ્યાહી લગાવી દીધી

## ગાજિયાબાદ રેલવે સ્ટેશન પર એક ડઝન જેટલા લોકો હાથમાં ઝંડા અને કાળી સ્યાહી લઈને પહોંચી ગયા હતા

ગાજિયાબાદ,તા.૧૯: દેશભરમાં ઔરંગઝેબને લઈને વિવાદ શાંત થવાનું નામ નથી લેતો. આ દરમિયાન ઉત્તર પ્રદેશના ગાજિયાબાદમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હકીકતમાં જોઈએ તો ગાજિયાબાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર બનેલી બહાદુર શાહ ઝફરની તસવીરને ઔરંગઝેબની તસવીર સમજીને તેના પર કાળી સ્યાહી લગાવી દીધી. હવે



આ મામલામાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) તરફથી ફરિયાદ નોંધવામાં આવી રહી છે. આ કાળી સ્યાહી લગાવવાનું કામ હિન્દુ રક્ષા દળ તરફથી કરવામાં આવ્યું છે.

ગાજિયાબાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર અચાનક ત્યારે અફરાતફરી મચી ગઈ, જ્યારે એક ડઝન જેટલા લોકો હાથમાં ઝંડા અને કાળી સ્યાહી લઈને પ્લેટફોર્મ પર પહોંચી ગયા હતા. આ તમામે પ્લેટફોર્મની દિવાલો પર બનેલી તસવીરો પર કાળી સ્યાહી લગાવવાનું શરૂ કરી દીધું. કહેવાય છે કે આ લોકો હિન્દુ રક્ષા દળ સાથે જોડાયેલા હતા. તેમનું કહેવું હતું કે આ તસવીર ઔરંગઝેબની છે.

હિન્દુ રક્ષા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ પિન્કી ચૌધરીએ કહ્યું કે, હિન્દુસ્તાનમાં ઔરંગઝેબના ચિત્ર અને ઔરંગઝેબની કબરનું શું કામ છે. ઔરંગઝેબ એક રાક્ષસ હતો. જેણે મંદિરો તોડ્યા હતા. ભાઈ અને બહેનોની હત્યા કરી હતી. જો ફરી વાર મુગલ આવી જાય તો શું હાલત થશે કોઈ વિચારી પણ નહીં શકે. ગાજિયાબાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર થયેલી આ ઘટના ડીઆરએમ દિલ્હી પુષ્પેશ રમન ત્રિપાઠીનું નિવેદન સામે આવ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, આ તસવીર ઔરંગઝેબની નહીં પણ બહાદુર શાહ ઝફરની હતી. જેમણે દેશની આઝાદીમાં ૧૮૫૭ની લડાઈમાં ખૂબ જ યોગદાન આપ્યું હતું. તેમણે એવું પણ જણાવ્યું કે, આ મામલામાં હવે રેલવે પ્રોટેક્શન ફોર્સ તરફથી કેસ નોંધવામાં આવ્યો છે.(૪૦.૨)

## આજના શુભ દિવસે...



વિનુભાઈ જગડા ● ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

'જીવનની યાત્રા એ કાંઈ ગુલાબથી છવાયેલી નથી, ત્યાં કાંટા પથરાયા છે' જે માણસ બીજાની પાસે અપેક્ષા રાખે છે, તે યુવાન હોવા છતાં લાકડીને ટેકે ચાલતા વૃધ્ધ જેવો છે, તે પરાવલંબી છે, પામર છે.

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ.પ્રવિણસિંહ વજુભા જાડેજા**
(ધ્રાફા), LIC- Rajkot.
સ્વ.તા.૧૯-૦૪-૨૦૨૧, ચૈત્ર સુદ સાતમ

પરિવાર જેનુ મંદિર હતુ, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનુ કર્તવ્ય હતુ, પરમાર્થ જેની ભક્તિ હતી, કર્મ સદા એવા કર્યા કે સર્વના હૃદયમાં ગુંજ્યા કરે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણા દાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

**ગં.સ્વ. જશવંતબા પી. જાડેજા**
**અ.સૌ.જયશ્રીબા તખ્તસિંહ ઝાલા**
**ડૉ.જ્યોતિબા પ્રવિણસિંહ જાડેજા**

MANISH ADS

## આઠમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.વિજયાબેન ધીરજલાલ હરસોરા**
(ચૈત્રવદ-૭)
સ્વ.તા. ૧૮-૪-૧૭

વાત્સલ્યનું એવું અનેરૂં રૂપ અમે પામ્યા,
સ્નેહ અને મમતા અઢળક અમે જીવનમાં પામ્યા,
વર્ષોના વર્ષો યાદ આવશે આપની અમીભરી નજર,
સદૈવ શિષ નમાવી યાચીએ આપની કૃપા નજર
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**રાજેન્દ્રભાઈ ધીરજલાલ હરસોરા**
**પ્રભુભાઈ ધીરજલાલ હરસોરા**
**કિશોરભાઈ ધીરજલાલ હરસોરા**
**તથા હરસોરા પરિવાર**

SHASHI

## ચોથી વાર્ષિક પૂણ્યતિથી ભાવભીની શ્રધ્ધાંજલી



**સ્વ. નટવરસિંહ પરસોતમભાઈ સોલંકી**
પૂર્વ પ્રમુખ શ્રી ગેસ્ફોર્ડ ચસ કલબ, રાજકોટ.
સ્વ.તા. ૧૯/૦૪/૨૦૨૧, સોમવાર

સુમધુર સંબંધોની વાત થાય, ને તમે યાદ આવશો,
સુખ દુ:ખ ના સાથની વાત થાય, ને તમે યાદ આવશો,
આઠે પોર આનંદની વાત થાય, ને તમે યાદ આવશો,
સ્વજનોની આંખે આંસુ ની ધાર થાય, ને તમે યાદ આવશો,
આપનું મુઠ્ઠી ઉંચેરુ જીવન હંમેશા યાદ આવશે.
હયાતિ ન હોય છતા આપની હયાતિ લાગ્યા કરશે.

**સ્વ. અશ્વિનસિંહ હરીસિંહભાઈ ડોડીયા (જમાઈ)**
**કેવિનસિંહ અશ્વિનસિંહ ડોડીયા (ભાણેજ)**
**(જય ખોડીયાર વાળા)**

## તૃતિય પુણ્યતિથિએ પ્રેમાંજલી



**સ્વ. અમિતભાઈ કાંતિભાઈ ગોરવાડિયા**
સ્વ.તા.૧૯-૦૪-૨૦૨૨

મરણ કરતા સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે, આપનો માયાળુ સ્વભાવ, લાગણી સભર ઉદાર દિલ, વિરલ આત્મબળ, વ્યવહાર કુશળતા, કુટુંબ પ્રેમ અને સંસ્કારોની સુવાસ આ સદ્દગુણોનો સંગમ અમારા સૌના હૃદયમાં સદા જીવંત રહેશે.

**મનીષભાઈ કે. ગોરવાડીયા | આદિત્ય એ. ગોરવાડીયા**
**કલ્પેશભાઈ કે. ગોરવાડીયા | જીલ, શાન્વી, આરાધ્ય**

**રોયલ કિચનવેર પરિવાર**

## બીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ. નાથાલાલ ચુનીલાલ દામાણી**
સ્વ.તા. ૧૯/૦૪/૨૦૨૩, બુધવાર (ગોંડલ)

આંસુની કોઈ ભાષા હોય તો, એ ભાષામાં કહીએ...
વિરહની કોઈ લિપી હોય તો એ લિપીમાં લખીએ...
જગતનું તમામ સુખ મળે, પણ કલ્પવૃક્ષ સમાન
તમારી છાયા કયાંય ન મળે... આશિષ મળ્યા તમારા,
હશે પુણ્ય કોઈ અમારા... જન્મ-જન્મ મળો તમો,
એવી અંતઃકરણની શ્રધ્ધાંજલી અમારી

**મિલન નાથાલાલ દામાણી | આશીતા મિલન દામાણી**
**રોહન મિલન દામાણી | બ્રીન્દા મિલન દામાણી**

**તથા ગજરાજ ગ્લાસ ટ્રેડર્સ પરિવાર**

## ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિ



**સ્વી મણીબેન જીવાભાઈ ડાંગર**
સ્વ. તા. ૧૯-૦૪-૨૦૨૨
ચૈત્ર વદ ત્રીજ ને મંગળવાર

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.

લી.

**સુખાભાઈ આલાભાઈ બાલાસરા**
**અણદાભાઈ આલાભાઈ બાલાસરા**
**વાલાભાઈ આલાભાઈ બાલાસરા**
**ચંદુભાઈ આલાભાઈ બાલાસરા**
**જીવાભાઈ ભીમાભાઈ ડાંગર**
**સંજયરાજ ચંદુભાઈ બાલાસરા**
**તથા બાલાસરા પરિવાર**

## શ્રધ્ધાંજલી



**સ્વ.આર.ડી.ઝાલા**
**(રાજ-ધનાળા)**
**(કસ્ટમ ઈન્સ્પેકટર)**
**સ્વ.તા.૧૯-૦૪-૨૦૦૧**

આપનું સૌમ્ય સંસ્કારી જીવન ઘડતર અને માનવીય અભીગમ અમારા જીવનમાં પથદર્શક અને પ્રેરણાત્મક બને તે જ આપના દિવ્ય આત્માને સાચી શ્રધ્ધાંજલી...

| | |
|---|---|
| સ્વ. જાડેજા નવુભા રવુભા | સ્વ.દિલાવરસિંહ જીવણસિંહ ઝાલા |
| જાડેજા પ્રધુમનસિંહ નવુભા | ડો.સુરેન્દ્રસિહં ડી. ઝાલા |
| જાડેજા પ્રતાપસિંહ નવુભા | કુલદિપસિંહ એસ. ઝાલા |
| સ્વ.જાડેજા ઘનશ્યામસિંહ નવુભા | સત્યજીતસિંહ આર. ઝાલા |
| જાડેજા સુધીરસિંહ નવુભા | દેવદિપસિંહ ડી. ઝાલા |
| તથા જાડેજા પરિવાર (નાનામૌવા) | તથા ઝાલા પરિવાર (રાજ-ધનાળા) |

**2-BHK FLAT વેચવાનો છે**
■ 720 કારપેટ ■ વેસ્ટ ઓપન ■ ફુલ ફર્નિચર ■ ફુલ પાણી
રવિરત્ન પાર્ક, યુનિ. રોડ, રાજકોટ
90990 25571

**વેચવાની છે સાઇઝ 8X16 દુકાન** ખાણીપીણી માટે
રાજમણી કોમ્પલેક્ષ, ૧૫૦ ફુટ રોડ, રૈયા ટેલિ. એક્ષચેન્જ પાસે, રાજકોટ.
M. 94262 33318

**ફલેટ વેચવાનો છે 3.5 BHK** ૯૨૫ કારપેટ
રંગોલી પાર્ક હાઉસીંગ બોર્ડ
કટારીયા ચોકડી પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ
99090 18836 બ્રોકર માફ

**ઘરકામ માટે બહેનો જોઇએ છે**
સમય - સવારે ૮ થી સાંજે ૭
પગાર - ૧૫૦૦૦
93276 00591

**તાત્કાલિક ફલેટ વેચવાનો છે**
૨ BHK, ૬૨૦ કારપેટ, સીટી કલાસિક, D-વિંગ, પોલીસ હેડ કવાર્ટર પાસે, જીવરાજ પાર્ક મેઇન રોડ, રાજકોટ
મો. ૭૯૯૯૪ ૩૩૪૦૦

**જોઇએ છે લેડીઝ એકાઉન્ટન્ટ**
પગાર ૧૧૦૦૦ થી ૧૬૦૦૦
લેમઝોન | 94291 41593

**ગુંદાવાડી માં તાત્કાલિક શોરૂમ વેચવાનો છે**
Size - 13.5 x 22.5
ફુલ ફર્નિચર | 3 - માળ
63556 30285

**ફલેટ વેચવાનો છે**
2 BHK ફુલ ફર્નિચર સાથે કિં.31 Lk
હનુમાન મઢી ચોક પાસે, નાગરિક બેંકની બાજુમાં, રૈયા રોડ
શ્રીજી એસ્ટેટ | 73596 44444

**પ્લોટ લેવા-વેચવા માટે માત્ર પાર્ટીએ જ સંપર્ક કરવો**
કાલાવડ રોડ, અવધ રોડ, હરિપર પાળ, વીરડા વાજડી, વાગુદળ, ઇશ્વરીયા, રોણકી, મોટામવા, કણકોટ, ન્યારી રોડ, રતનપર
બ્રોકર મિત્રો માફ કરશો
જય બાલાજી ડેવલોપર્સ & એસ્ટેટ
98259 64911

**શાપર-વેરાવળ**
ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ, શેડ, દુકાન લેવા-વેચવા અને ભાડે માટે
શિવશક્તિ એસ્ટેટ
M.98795 98881
M.70167 13945

**જોઇએ છે ઇન્વેસ્ટર્સ**
૫૦ લાખ થી 2 CR
સિકયુરીટી સાથે
96871 70121

**જોઇએ છે**
કોમ્પ્યુટર ઓપરેટર 04
પ્રોડકશન સુપરવાઇઝર 02
સંપર્ક સમય: સવારે ૯ થી સાંજે ૬ વચ્ચે
96876 75444
84606 01521

**ઓફીસ ભાડે આપવાની છે** 313 સ્કે.ફુટ
ફુલ ફર્નીચર, વિથ AC, 150 ફુટ રીંગ રોડ, શીતલપાર્ક ચોકડી, RK World Tower, 12th ફ્લોર, ઓફિસ નં. 1222, એલીટેડ પાર્કીંગ
8128131733

**જોઇએ છે કોમ્પ્યુટર ઓપરેટર લેડીઝ**
M.S. ઓફિસ જાણકાર
M. 98250 78595

**બંગલો વેંચવાનો છે**
૧૩૦ વાર / કિં. 95 Lk
ઇન્દીરા સર્કલ નજીક, રાજકોટ
શ્રીજી એસ્ટેટ | 73596 44444

**બોલેરો ડ્રાઇવર જોઇએ છે**
લોડીંગ અને અનલોડીંગ કરી શકે તેવા ૨ વર્ષનો અનુભવી ડ્રાઇવર
લાયસન્સ હોવું ફરજીયાત
M. 97273 88488

**પ્લોટ વેચવાનો છે**
◇ કાલાવડ રોડ, ડ્રાઇવઇન સામે, ૨૦૦ વાર
◇ સાધુવાસવાણી રોડ, ૧૧૨ વાર, બંગલા માટે
M. 70162 64937

**વેચવાનું છે ઇન્ડકશન ફરનેશ**
વીથ કુલીંગ ટાવર & કુસીબલ
HASS DT1 MACHINE
0281-2362706

**પાર્કીંગવાળા બંગલા વેચવાના છે**
3BHK 88 વાર 15 ફૂટ ફ્રન્ટ | 4BHK 90 વાર કોર્નર
વેસ્ટ ઓપન પટેલ વિસ્તાર
નાનામવા રોડથી નજીક, ૩૫ ફૂટ રોડથી શીવગંગા સોસાયટી, ગાંધી સ્કુલ સામે, તુલસી એપાર્ટમેન્ટ વાળો રોડ, રાજકોટ.
98252 06890 / 96382 08652

**જોઇએ છે**
ઓફિસ વર્ક માટે કોમ્પ્યુટર જાણકાર વ્યક્તિ-2 (M)
સમય: સવારે 11 થી રાત્રે 11 સુધી
ઓફિસ બોય-1
સમય: સવારે 10 થી રાત્રે 10 સુધી
આકર્ષક પગાર • રૂબરૂ મળો:
ઉદય કાર્ગો પેડક રોડ, રાજકોટ. M.98242 91547

**દુકાન ભાડે આપવાની છે**
ગ્રાઉન્ડ ફ્લોર, સમય ગોલ્ડ બિલ્ડીંગ, રોણકી, આસ્થા સાંગ્રીલા બાયપાસ રોડ, પ્લોટ નં. 32, રાજકોટ - 360003
8128131733

**5-BHK બંગલો**
યુનિ. રોડ, ઇન્દીરા સર્કલ પાસે, જલારામ-૩માં (૧૭૫ વાર, ૪ ગાડી પાર્કીંગ સાથે) બંગલો વેંચવાનો છે.
M. 63511 35290

**શેડ વેચવાનો છે** 20X80 = 177 વાર
ઢેબર રોડ (સાઉથ) રોડ ટચ
98981 54035
99989 97572

**ફલેટ વેચવાનો છે** પ્રાઇમ લોકેશન
4 BHK | 2600 કારપેટ | કિંમત 1.35 Cr.
મોટા મવા રોડ
શ્રીજી એસ્ટેટ | 70967 44444

**જમીન વેચવાની છે મોટા રામપરા**
3 એકર રોડથી નજીક, 5 એકર, 7 એકર
M.63521 78388, 88495 94715

**જોઇએ છે ગન મેટલ/બ્રાસ/બ્રોન્ઝ ભઠ્ઠીના કારીગર**
0281-2362706

**રઘુવંશી રીનોવેશન**
ટ્રેડમાર્ક નં: 6916453
આપના મકાન-બંગલા દુકાન, ઓફિસમાં પુટી તથા POP, કડીયાકામ, વૉટર પ્રુફીંગ લાદીકામ, ઉધઇ કામ, લુણો, કલર કામ, એલ્યુમીનીયમ સેકશનબારી તથા પીવીસી ફર્નિચર કરાવવા માટે તથા દરેક પ્રકારના રીનોવેશનકામ માટે કોન્ટેક કરો
9374107894

**ટેનામેન્ટ વેચવાનું છે** જગ્યા ૬૧ વાર
એસ.સી. વણકર માટે
દર્શન સોસાયટી, ૧૫૦ ફુટ રીંગરોડ રૈયા ટેલીફોન એક્ષચેન્જ સામે, રાજકોટ.
કિં. ૧.૧૫ (નેગોશીયેબલ)
M. 9925468415/9428325171

**ભાડે આપવાની છે**
કેનાલ રોડ ઉપર, ગુંદાવાડી નજીક
દુકાન 500 સ્કે.ફુટ | દુકાન 300 સ્કે.ફુટ
મિલન જનરલ સ્ટોર્સ, કેનાલ રોડ, રાજકોટ.
M. 94263 70709

**ફેક્ટરી વેચવાની છે.**
પ્લોટ એરિયા ૨૧૪૫ ચો.મી.
ગામ દંતાલી, તા. પેટલાદ, આણંદ
મોબાઇલ : ૯૯૨૫૦૩૫૧૨૬

**લેડીઝ/જેન્ટસ જોઇએ છે**
True Value ની પાછળ વાવડીમાં
કોમ્પ્યુટરના જાણકાર તથા અન્ય છુટક કામ કરી શકે તેવા
M.91064 29933

**ઓફિસ વેચવાની છે**
ફૂલી ફર્નીશ્ડ ઓફિસ, ૪૮૦ કાર્પેટ ૧ બોસ ચેમ્બર, બસ સ્ટેન્ડની બાજુમાં, લોધાવાડ ચોક
એજન્ટ મિત્રો આવકાર્ય
M. 99041 02134

**વેચવાનું છે** તાત્કાલિક ધોરણમાં
**સોડા મશીન**
મનાલી કંપની નું સોડા મશીન 6+2
97237 72670

બેંકના અધિકૃત ચેનલ પાર્ટનર ને લોનનુ કામ સંભાળી શકે તેવા
**ઓફિસ આસિસ્ટન્ટ જોઇએ છે**
અનુભવી / બિનઅનુભવી
પોતાનુ ટુવ્હીલર હોવુ જરૂરી
સેલેરી લાયકાત મુજબ
સંપૂર્ણ બાયોડેટા સાથે રૂબરૂ મળો
63537 49204

**સ્ટાફ જોઇએ છે**
સેલ્સ કરી શકે તથા સ્ટોર સંભાળી શકે તેવા માણસો જોઇએ છે
લેડીઝ તથા જેન્ટસ
એડમીનીસ્ટ્રેશન તથા મેનેજમેન્ટ કરી શકે તેવા માણસો જોઇએ છે
લેડીઝ તથા જેન્ટસ
(અનુભવી એ જ સંપર્ક કરવો)
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦
98700 74998

**ઓફીસ વેચવાની છે**
285 કારપેટ - ફુલ ફર્નિશ્ડ
બેસ્ટ વ્યુ - ૧૦માં માળે
આલાપ-બી, લીમડા ચોક
સંપર્ક: ૯૮૭૯૫ ૬૫૧૫૧

**કોર્પોરેટ ઓફિસ ભાડે આપવાની છે**
IT ટ્રેનીંગ સેન્ટર, બેંકને લાયક ફૂલી ફર્નીશ્ડ ઓફિસ, ૩૧૫૦ કાર્પેટ ૩ બોસ ચેમ્બર્સ, ૪ મિટિંગ રૂમ્સ, ૧૦૦ સિટિંગ કેપેસિટી, પેન્ટ્રી, સર્વર રૂમ, નેટવર્કીંગ અને UPS બેકઅપ સાથે
M. 99041 02134

**સાઇઝ 28x50 મકાન ૧૪૧ વાર વેચવાનું છે**
ટ્રાન્સફર થવાથી ટીપટોપ કન્ડીશનમાં ફુલ્લેસ વેચવાનું છે.
ઘર જોયા બાદ કિંમત જાણો.
M. 99049 57865/81402 76219.

**વેચવાનો છે 2-BHK ફલેટ**
૧ લો માળ, લિફ્ટ નથી
કાન્તા સ્ત્રી વિકાસગૃહ રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
Mo.98240 99836

**જોઇએ છે સેલ્સમેન**
● DAIRY (MNC) કંપનીના GT & HORECA ના માર્કેટીંગ માટે જોઇએ છે.
● લોકેશન : રાજકોટ એન્ડ ગાંધીધામ
● અનુભવીને પ્રાધાન્ય
93617 90900

**પ્રોપર્ટી વેચવાની છે**
પરાબજારમાં કોમર્શિયલ લાયક મકાન 50 વાર દસ્તાવેજ વાળુ
1-BHK ફ્લેટ ગ્રાઉન્ડ ફ્લોર નાણાવટી ચોક
150 ફૂટ રીંગ રોડ થી તદ્દન નજીક કિંમત 14 લાખ
અમરનાથ સોસાયટીમાં મકાન ફુલ ફર્નિચર સાથે વેલ મેન્ટેન 90 વાર
97247 98999

**3 BHK ફલેટ વેચવાનો છે**
બ્રાન્ડ ન્યુ ઇન્ટીરીયર સાથે ફુલી ફર્નીશ્ડ, ૪૦૦ સ્ક્વે. ફૂટ ટેરેસ સાથે, શ્રોફ રોડ, શારદા બાગ પાસે
ચાણક્ય બિલ્ડીંગ - બી-૧૨
જોવાનો સમય: શનિ-રવિ, સવારે ૧૦ થી ૭
97571 49876

**જોઇએ છે જેન્ટસ/લેડીઝ હેલ્પર**
સાડીના શો-રૂમ માટે
એચ. બાટવીયા
અમીન માર્ગ રોડ પાસે, રાજકોટ.
M. 94282 75886

**વેચવાની છે મારૂતી સુઝુકી S-Presso**
૨૦૨૧ મોડલ, ઓટો, ઇટાલીયન CNG કીટ, વ્હાઇટ કલર, વન ઓનર, બ્રાન્ડ ન્યુ કંપની કન્ડીશન, ન્યુ બેટરી, અનયુઝ સ્પેર વ્હીલ, પ્રિમીયમ કવોલીટી મેટીંગ અને સીટ કવર, એક વર્ષનો ફુલ વીમો, RMC ટેક્ષ પેઇડ, કિંમત રૂા. ૫ લાખ
Mob. 98795 17070

વ્યાસ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ દ્વારા આયોજીત
**હરિ ઓમ યાત્રા સંઘ**
અરવિંદભાઇ 9737787155
રાહુલભાઇ 9624042348
ડાકોર, ઓમકારેશ્વર, ઉજ્જૈન, ચિત્રકુટ, કાશી, પ્રયાગરાજ, અયોધ્યા, હરિદ્વાર, ગોકુલ મથુરા, ઋષિકેશ, વૃંદાવન, બરસાના, જયપુર, પુષ્કર, પોકરણગઢ, રણુજા રામાપીર, ઓમબન્ના, અંબાજી, ગબ્બર, ઉંઝા, સિધ્ધપુર, મોઢેરા-બહુચરાજી
2x2 સ્લીપર બસ | દિવસ - ૧૫ | ટીકીટ રૂા. ૧૪૦૦૦/-
ઉપડવાની તા. ૧-૫-૨૫
ધર્મશાળા ખર્ચ સાથે •સવારનો નાસ્તો •બપોર•સાંજે જમવાનું
રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી થી યાત્રા શરૂ

**જોઇએ છે ડ્રાઇવર/આસીસ્ટન્ટ** ઉંમર 40 સુધી
રાજકોટ અને બહારગામ માટે, ભવિષ્યમાં પોતાની કારકિર્દી આગળ વધારવા માટે ઇચ્છતા, મહત્વકાંક્ષી
74053 24030

**જોઇએ છે સેલ્સમેન**
રેડીમેઇડ શો-રૂમમાં કામ કરી શકે તેવા (અનુભવી)
પગાર : ૧૦ થી ૨૦ હજાર
97254 37580

**3 BHK ફલેટ વેચવાનો છે**
૮૯૫ સ્કવેર ફૂટ, ફુલ ફર્નીચર સાથે, આશ્રય ગ્રીન એપાર્ટમેન્ટ C-૧૦૨, ફોર્ચ્યુન હોટલ પાછળ ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ.

**અતિ મોકાનો ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ વેચવાનો છે**
કુવાડવા-વાંકાનેર રોડ, કુવાડવા ચોકડીથી તદ્દન નજીક, RK10 માં, પ્લોટ નં.૧૮, ૮૯૨ વાર
M. 76000 12109 (દલાલ ભાઇઓ આવકાર્ય)




**મેળવો માસિક 2% આવક**
₹1,00,000 ના રોકાણ પર મેળવો ₹2000 દર મહિને
**Infinity Money**
ENDLESS POSSIBILITIES
૮૦૮, ટ્વીન સ્ટાર, સાઉથ બ્લોક, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ.
9033011165

**જય આપા ગીગા રીનોવેશન**
આપના મકાન-બંગલા-દુકાન ઓફિસમાં કડીયા કામ તથા લાદી કામ, વોટર પ્રુફીંગ, ઉધઇ કામ, સેકશન બારી PVC ફર્નિચર, કલર કામ કરવા માટે તથા દરેક પ્રકારના રીનોવેશન કામ માટે તાત્કાલિક સંપર્ક કરો. POP તેમજ ઇલેક્ટ્રીક કામ કરી આપશું.
• જય આપા ગીગા રીનોવેશન •
Mo. 8128115148 / 93167 57950

**જોઇએ છે**
મેટોડા GIDC માં ઇલેક્ટ્રીક પેનલ બોર્ડ બનાવતી કંપની માટે
એકાઉન્ટન્ટ - એકાઉન્ટ, બેન્કીંગ તથા કોમ્પ્યુટરનાં જાણકાર
ફેબ્રીકેટર ◆ વાયરમેન
પાઉડર કોટીંગ કરી શકે તેવી વ્યક્તિ-૧
સંપૂર્ણ વિગતો સાથે રૂબરૂ મળો : સવારે ૧૧ થી ૧, બપોરે ૫ થી ૭
**અમન પ્રીસીઝન પ્રોડક્ટસ**
G-2158, ગેલેક્સી સ્ટેમ્પીંગ પાસે, I/G રોડ, ગેઇટ નં. ૩ લોધીકા GIDC, મેટોડા, Call : 99090 46246

**જોઇએ છે**
**ડ્રાઇવર - ૫**
ડ્રાઇવિંગ નિયમોના જાણકાર, નિયમિત, ઉત્સાહી અને સમયપાલનના આગ્રહી, ડ્રાઇવિંગના ૫-૧૦ વર્ષના અનુભવી, ઉ.વ. ૨૫ થી ૩૨ વચ્ચેના ઉમેદવાર, ઓરિજનલ લાયસન્સ સાથે રૂબરૂ મળો.
monginis
ડિલીશીયસ ફૂડ - ઉજ્વલ ગેઇટ (કિસાન ગેઇટ) મિરીઝ્મ હોલ સ્ટોરેજની બાજુમાં, પ્લોટ નં. ૧૧૩૫-૧૧૩૬, GIDC મેટોડા, રાજકોટ.
Mobile No : 98240 41240

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
**અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ**
**જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સીલેન્સ**
સંકુલની જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ પસંદ કરો
સંકુલમાં સરકારશ્રી દ્વારા ઓનલાઇન પ્રવેશ મેળવો
સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ

**તાત્કાલીક જોઇએ છે...**
ફાઇલના કારખાનામાં બધા કામ કરી શકે તેવા અનુભવી/બીનઅનુભવી
ભાઇઓ/બહેનો-૧૦ | કલાકના રૂા.૪૦/-
ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીના
ફાઇલ તથા બાઇન્ડીંગ કામના અનુભવી કારીગરને લાયકાત અને અનુભવને આધારે વધુ પગાર આપવામાં આવશે.
:: રૂબરૂ મળવાનો સમય :: સવારે ૧૧ થી ૧, સાંજે ૫ થી ૭
મહાવીર ફાઇલ ૯૮૭૯૮ ૧૫૨૬૮

# TENDER NOTICE

No. HJH/QUOT/2025-2026 DATED 19.04.2025

**H. J. DOSHI HOSPITAL**

Malaviya Nagar, Gondal Road, Rajkot-360004. store@hjdoshihospital.org

Invites sealed tender from Mfrs. / Auth. Distributors / Dealers for the following supplies for the year 15th May 2025 to 30th April 2026 reach us on or before 15.05.2025.

1. Surgical Consumables. 2. Medicines (Antisepsis/Dressing). 3. Laboratory Items (Kits, Reagent & Glassware). 4. Dental Items. 5. Stationery. 6. Petty Supplies. 7. Dialysis Item's 8. Urology & Endoscopy/ERCP

(a) Tender fee Rs. 250=00 by cash per category (Non Refundable)
(b) Tender form available in the Hospital Store Section from 21.04.2025 to 15.05.2025. 10.00 am to 12.00 pm & 03.00 pm to 05.00 pm

**PRISM SQUARE**
**ઓફિસ રેડી પઝેશન**

કોલેજવાડી શેરી નં.૩ કોર્નર, કાઠીયાવાડ જીમખાના પાસે, રાજકુમાર કોલેજની સામે, ડૉ.રાધાકૃષ્ણન માર્ગ, રાજકોટ.
94274 31131 - 84888 00005

**ગોંડલ જોઇએ છે**
ગોંડલ માટે વાહન સાથે / વાહન વગર હોમ ડીલેવરી માટે કાયમી માટે માણસ જોઇએ છીએ
ગોંડલ શહેર / આસપાસના વિસ્તારમાં ગેસ સીલીન્ડરની હોમ ડીલેવરી કરવા માટે પોતાની રીક્ષા કે કેરી જેવા વાહન સાથે કે વાહન વગર કાયમી કામ કરી શકે તેવા સ્થાનિક વ્યક્તિ
સવારે ૧૦ થી ૧૨ માં સંપર્ક કરવો
Mo. 98253 75580

# જસદણ-વિછીયા પંથકમાં ૧૦ કરોડના કામોનું કુંવરજીભાઈના હસ્તે ખાતમુહૂર્ત-લોકાર્પણ

## સિંચાઈના કામોનું અનેક વિસ્તારમાં ખાતમુરતથી ખેડૂતોની આવકમાં વધારો થશે : વિંછીયા ખાતે વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાના બિલ્ડીંગનું ખાતમુહૂર્ત: પી.જી.વી.સી.એલ.ની નવી કચેરીનુ લોકાર્પણ

(વિજય વસાણી દ્વારા) આટકોટ, તા. તા.૧૯: જસદણ-વિછીયાના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી કુવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ વિછીયા પંથકમાં ૧૦ કરોડથી વધુ રકમના વિવિધ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પછાત ગણાતા જસદણ-વિછીયા પંથકમાં ખાસ કરી અગાઉ સિંચાઈના પાણીની કોઈ જ વ્યવસ્થા નહોતી ત્યારે આજે આ પંથકના મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતોને સિંચાઈના પાણીની સુવિધા મળે એ માટે કુરજીભાઈ દ્વારા અનેક કામો પૂરા કરવામાં આવ્યા છે તેમજ હાલ અનેક કામો ચાલી રહ્યા છે ત્યારે બાકી રહી ગયેલા વિસ્તારોમાં પણ સિંચાઈના કામોનું ખાતમુહૂર્ત





કરવામાં આવ્યુ હતુ.

સિંચાઈના કામોમાં પાનેલીયા નાની સિંચાઈ યોજના ના કેનાલ રેસ્ટોરેશન સુધારણા કામ માટે ૧૫૬ લાખ, રેવાણીયા નાની સિંચાઈ યોજના માટે ૧૩૫ લાખ,હાથસણી નાની સિંચાઈ યોજના માટે ૧૨૪ લાખ તેમજ દેવધરી નાની સિંચાઈ યોજના માટે ૧૪૭ લાખના કામોની મંજૂરી લઈ આ બધી યોજનાનું ખાતમુરત કર્યુ હતુ.આ કામગીરીથી જસદણ વિછીયા વિસ્તારના ખેડૂતો હરિયાળી ક્રાંતિ સર્જી તેમની આવક બમણી કરશે.

વીંછીયા ખાતે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના નવા બિલ્ડીંગ બનાવવા માટે ૪૫૦ લાખ રૂપિયા મંજુર કરાવી તેનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિછીયા તાલુકાના મોઢુકા ગામે નવનિર્મિત પી.જી.વી.સી.એલ.ની નવી પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું આ નવી પેટા વિભાગીય કચેરીના નિર્માણથી આ વિસ્તારમાં વિદ્યુત વિતરણની કામગીરી સરળ બનશે.

સિંચાઈ શિક્ષણ અને વીજ પુરવઠાની વિવિધ કામગીરીના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમમાં સ્થાનિક ભાજપના આગેવાનો, સરપંચો સહિત જે તે વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિકાસના વિવિધ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણને લીધે આ પંથકના લોકોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે.(૨૩.૪)

# કચ્છના રાપરમાં પોલીસ સાથે આરોપીના પરિવારની ઝપાઝપી અને મહિલા પોલીસની છેડતી

## રીઢા ગુનેગારો સામે કાર્યવાહીના સરકારના આદેશો બાદ રાપરમાં બનેલ બનાવે સર્જી ચકચાર

(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા.૧૯: કચ્છના રાપરમાં ધાડના આરોપી હરેશ નામોરી રાઠોડને પકડવા માટે તેના ઘરે પોલીસે દરોડો પાડ્યો હતો. ત્યારે આરોપીનાં પરિવારજનોએ પોલીસની કામગીરીમાં અવરોધ ઊભો કરી એકસંપ થઈને PSIની વરદીનો કોલર પકડીને ઝપાઝપી કરી હતી અને રેડમાં સામેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલની છેડતી કરી હતી. PSI પી.એલ. ફણેજાએ આરોપીના પરિવારના ૯ સભ્ય સામે ફરિયાદ નોંધાવી છે. જોકે સામે પક્ષે આરોપી પરિવારે પણ પોલીસ ઉપર આક્ષેપો કર્યા હતા. ઘર્ષણ બાદ પોલીસ આરોપીને ઝડપવામાં સફળ રહી હતી.(૨૩.૨)



# ભાવનગરના રાજપરામાં હત્યાના ૨ આરોપીને ગણતરીની કલાકોમાં જ પોલીસે ઝડપી લીધા

(મેઘના વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર, તા.૧૯: ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના રાજપરા ગામે તા. ૧૬-૪ ના રોજ મોડી રાત્રે પ્રેમ પ્રકરણ મામલે થયેલ હત્યાના બે આરોપીને ગણતરીની કલાકોમાંજ ઘોઘા પોલીસે ઝડપી લીધા છે.

ઘોઘા તાલુકાના રાજપરા ગામે રહેતા રાકેશભાઈને તેમનાજ કુટુંબી અશોકભાઈ લવજીભાઈ ચૌહાણ ની દીકરી સાથે પ્રેમ સંબંધ હોય તે બાબતે અવારનવાર દીકરીના સગા ભાઈ જયદીપભાઈ ઉર્ફે ભકુડો અશોકભાઈ ચૌહાણ તથા નીતિનભાઈ જેન્તીભાઈ ચૌહાણ સાથે અગાઉ અનેકવાર બોલાચાલી થતી હતી

જેની દાજ રાખી જેન્તીભાઈ ચૌહાણ તથા નીતિનભાઈ ચૌહાણ અને તેમના મિત્રો દ્વારા રાકેશભાઈ ઉપર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી રાકેશભાઈની હત્યા કરી દેવામાં આવી હતી.

આ હત્યાના બનાવને લઈ જયદીપભાઈ તથા નીતિનભાઈ અને તેમના મિત્રો ઉપર ઘોઘા પોલીસ સ્ટેશનમાં હત્યા અંગેનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો ત્યારે ઘોઘા પોલીસે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા ત્યારે ઘોઘા પોલીસ દ્વારા જયદીપભાઈ ચૌહાણ તથા નીતિનભાઈ ચૌહાણ ને ગણતરીની કલાકોમાંજ ઘોઘા પોલીસ દ્વારા ઝડપી લીધા હતા.(૨૩.૫)



# ગોંડલ શહેર ભાજપ મહામંત્રી પદે બિપીનભાઈ નિમાવત વરણી



(જીતેન્દ્ર આચાર્ય દ્વારા) ગોંડલ તા.૧૯: સમાજ સેવા અને લોક સંપર્ક માં નાની વયથી જ રુચિ ધરાવતા બિપીનભાઈ નિમાવત જે ભાજપ માં સંગઠન મંત્રી તેમજ રામાનંદી સાધુ સમાજના પ્રમુખની પદવી ધરાવે છે.તેમની સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને સતત કાર્યરત સ્વભાવ જોઈ મોવડી મંડળ દ્વારા ગોંડલ શહેર ભાજપ મહામંત્રી તરીકે નિયુક્ત કરી ને તેમની જવાબદારી મા પણ વધારો કર્યો છે.તો આ ભૂમિકા તેઓ સારી રીતે નિભાવી ને સમાજ ની સેવા કરે તેવી ધારાસભ્ય ગીતાબા જાડેજા તેમજ યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા સહિતના મોવડી મંડળ દ્વારા શુભેચ્છાઓ પાઠવાઈ હતી. (૩૫.૧૮)

# મોઢુકામાં પીજીવીસીએલની નવનિર્મિત કચેરીનું મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)જસદણ, તા. ૧૯: વિંછીયા તાલુકાના મોઢુકામાં પીજીવીસીએલની નવનિર્મિત કચેરીનું મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય અને જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ એમ. બાવળીયાના હસ્તે વિંછીયા તાલુકાના મોઢુકા ખાતે પીજીવીસીએલની નવનિર્મિત પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, આ નવીનતમ પેટા વિભાગીય કચેરીના નિર્માણ થકી વિદ્યુત વિતરણની કામગીરી સરળ બનશે, તેમજ ત્વરિતપણે લોક-આવશ્યકતાઓ સંતોષાશે.

અગાઉ મોઢુકા અને તેની આસપાસના ૨૬ ગામો વિંછીયા સબ ડિવિઝનમાં સમાવિષ્ટ હતા. વિંછીયા સબ ડિવિઝન



ગ્રાહકોની દ્રષ્ટિએ ઓવર લોડેડ હોવાથી હવે મોઢુકા ખાતે નવી સબ ડિવિઝનના નિર્માણથી ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળશે, નવા ખેતીવાડી વીજ કનેક્શન માંગનાર અરજદારોને તુરંત જ વીજ કનેક્શન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ગ્રાહકોએ પીજીવીસીએલની કોઈપણ કામગીરી માટે વીંછિયા ગામ સુધી જવું નહીં પડે. આ લોકાર્પણ પ્રસંગે મોઢુકા તથા વિંછીયા વિસ્તારના આગેવાનો, સરપંચો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.(૩૫.૧૬)

# સાયલાના ધજાળા વિસ્તારમાં દંપતિ ઉપર જીવલેણ હુમલોઃ આરોપી ન પકડાય તો ધરણા



(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ તા.૧૯: સાયલાના ધજાળા વિસ્તારમાં બોટાદ હોસ્પિટલ જતા દંપતી પર ઘાતક હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે જેમાં જોઈ શકાય છે એક દંપતી કાર લઈને જઈ રહ્યા છે ત્યારે બાઈક પર જઈ રહેલા શખ્સે અચાનક બાઈક રોકીને એકાએક કાર પર હુમલો કરે છે અને કારના કાચ તોડી નાખે છે ત્યારે આ ઘટનાથી ગભરાઈને દંપતી કાર ત્યાંથી ભગાડી મુકે છે. આ હુમલામાં કોઈને ઈજાઓ પહોંચી નથી પરંતુ કારના કાચ તોડી નાખવામાં આવ્યા છે .

કારને નુકશાન કરી જાનથી મારી નાખવાની કોશિશ કર્યા અંગે ધજાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ત્યારે પોલીસ દ્વારા વીડિયોના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા હુમલા કરનાર ઈસમની શોધખોળ હાથ કરવામાં આવશે.હાલ તો પોલીસની પ્રાથમિક તપાસમાં અગાઉ થોડા મહિના પહેલા ફરિયાદનું મનદુ:ખ રાખી દંપતિની કાર પર હુમલો કર્યોનું ખૂલ્યું છે ત્યારે પરિવારે આરોપીને પકડવાની માંગ કરી છે અને પોલીસ આરોપીને નહીં પકડે તો ધરણાં કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.(૨.૧૬)

## સમગ્ર ઘટના ત્યાં લગાવેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી

# જીમમાં કસરત કરતી વખતે એક વ્યક્તિને હાર્ટ એટેક આવ્યો અને તેનું મોત



જબલપુર તા.૧૯: છેલ્લા કેટલાક વર્ષોથી, હાર્ટ એટેકના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. કેટલાક લોકો ભાષણ આપતી વખતે હુમલાઓનો ભોગ બની રહ્યા છે, જ્યારે કેટલાક લોકો રમતી વખતે હુમલાઓનો ભોગ બની રહ્યા છે. આવો જ એક કિસ્સો મધ્ય-દેશના જબલપુરથી સામે આવ્યો છે. જ્યાં એક વ્યક્તિને જીમમાં વર્કઆઉટ કરતી વખતે હાર્ટ એટેક આવ્યો. જેના કારણે વ્યક્તિ બેભાન થઈ ગયો અને નીચે પડી ગયો અને તેનું મૃત્યુ થયું. આ સમગ્ર ઘટના જીમમાં લગાવેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ ઘટના જબલપુરના ગોરખપુર વિસ્તારમાં આવેલા ગોલ્ડ જીમની હોવાનું જાણવા મળી રહ્યું છે. મૃત્યુ પામેલા વ્યક્તિની ઓળખ ૫૨ વર્ષીય યતીશ સિંઘાઈ તરીકે થઈ છે. એવું કહેવાય છે કે દરરોજની જેમ, યતીશ સવારે લગભગ ૬:૪૫ વાગ્યે જીમમાં વર્કઆઉટ કરી રહ્યો હતો. આ દરમિયાન તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. જેના કારણે તે જમીન પર પડી ગયો. જોકે આ સમય દરમિયાન જીમ ટ્રેનર અને તેના મિત્રોએ તેને CPR આપ્યો અને અન્ય રીતે તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા. આ પછી જીમ ટ્રેનર અને અન્ય લોકો પણ તેને હોસ્પિટલ લઈ ગયા. પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. વીડિયોમાં જોઈ શકાય છે કે યતીશ સફેદ ટી-શર્ટ પહેરીને જીમમાં વર્કઆઉટ કરી રહ્યો છે. આ દરમિયાન તેમને હાર્ટ એટેક આવ્યો, જેના કારણે તેઓ જમીન પર પડી ગયા. આ સમય દરમિયાન, જીમ ટ્રેનર અને હાજર અન્ય લોકોએ તેમને CPR આપ્યો, પરંતુ તેમને બચાવી શકાયા નહીં. (૩૫.૮)

# મંગળવારથી તેજશ ટ્રેનને વાંકાનેરમાં સ્ટોપઃ કેશરીદેવસિંહ ઝાલાની સફળ રજૂઆત



(મહમંદ રાઠોડ દ્વારા) વાંકાનેર તા.૧૯: રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે મંગળવારથી શરૂ થતી તેજશ સ્પેશ્યલ સુપર ફાસ્ટ ટ્રેનને વાંકાનેર સ્ટોપ મળતા વાંકાનેરથી મુંબઈ જતા મુસાફરોમાં આનંદ વ્યાપી ગયો છે.

વાંકાનેરના મહારાજા, રાજયસભાના સાંસદ કેશરીદેવસિંહ ઝાલાએ આ ટ્રેનને વાંકાનેર સ્ટોપ મળે તેવી સફળ રજુઆતને પગલે રેલ્વે મંત્રીશ્રી અને સાંસદ કેશરીદેવસિંહનો આભાર વ્યકત કરાયો છે. રાજકોટ મુંબઈ સેન્ટ્રલ સ્પેશ્યલ તેજસ ટ્રેન સપ્તાહમાં દર મંગળવાર, ગુરૂવાર અને શનિવારે રાજકોટથી સાંજે ૬/૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૭/૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. હાલના વેકેશન પીરીયડમાં મુસાફરીની ભીડને પહોંચી વળવા આ ટ્રેન અતિ સાનુકૂલ સાબિત થશે.(૨.૧૮)

# મીઠાપુરમાં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે રક્તદાન કેમ્પ : રાત્રે ભજન



(દિવ્યેશ જટણીયા દ્વારા) મીઠાપુર, તા.૧૯: ઓખામંડળ તાલુકાનાં ઔધોગિક શહેર મીઠાપુર ખાતે આજ રોજ તારીખ ૧૯/૪/૨૦૨૫ ને શનિવારનાં રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતિ નિમિતે ડૉ. બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ ખાતે પોલીસ સ્ટેશન પાછળ સવારથી એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આજે રાત્રે તે જ જગ્યા એ બહુજન સાહિત્યકાર સમ્રાટ વીસન કાથડ નો એક ભવ્ય ભીમ ભજન નો કાર્યક્રમ યોજાનાર છે. તો આ સમગ્ર આયોજન માં જોડાવા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉત્સવ સમિતિ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.(૨૩.૧૧)



# ગોંડલ યાર્ડમાં ચણાની રેકોર્ડ બ્રેક ૧.૭૫ લાખ કટાની આવક



(જીતેન્દ્ર આચાર્ય દ્વારા) ગોંડલ, તા.૧૯: ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજરોજ ચણાની રેકોર્ડબ્રેક અંદાજે ૧.૭૫ લાખ કટ્ટાથી વધુ આવક નોંધાઈ હતી. યાર્ડની બાજુમાં આવેલ પાર્કિંગના મેદાનો ચણા ભરેલ વાહનોથી ખચોખચ ભરાય જવા પામ્યું હતા. માર્કેટિંગ યાર્ડમાં ગતરાત્રીના ચણાની આવક શરૂ કરવામાં આવી હતી. યાર્ડમાં ૪ દિવસ અગાઉ ધાણાની રેકોર્ડબ્રેક આવક થવા પામી હોય યાર્ડના છાપરા તેમજ ગ્રાઉન્ડ ધાણાની જણસીથી ભરેલા પડ્યા છે.ઉપરાંત ચણાની આવક શરુ થતા યાર્ડનાં છાપરા તથા ગ્રાઉન્ડ ચણા અને ધાણાની જણસીથી ઉભરાયા હતા.

નેશનલ હાઈવે પર સિક્સ લેનનું કામ ચાલુ હોય યાર્ડની બહાર વિવિધ જણસીઓની લાંબી કતાર લાગી છે.ત્યારે હાઈવે પર અવાર નવાર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા હોય છે.આવા સંજોગો માં યાર્ડના સત્તાધીશો દ્વારા યાર્ડની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ભાડે રાખી જણસી ભરેલ વાહનો ત્યાં રાખવામાં આવે છે. ગતરોજ યાર્ડના પાર્કિંગમાં ચણાના ૨૦૦૦ થી વધુ વાહનો નોંધણી થવા પામી હતી. ગતરાત્રીના ચણાની આવક શરૂ કરાતા ૧૧૦૦ વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી તરુણભાઈ પાંચાણી જણાવ્યું હતું કે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ ચણાની ૧.૨૫ લાખ કટ્ટાની આવક થવા પામી હતી. હાલમાં ચણાની હરાજીમાં ભાવમાં થોડો સુધારો થવાથી ખેડૂતોને પોતાનો માલ વેચવાનો ક્રેઝ વધ્યું છે. અને આગામી સમયમાં ચણાની આવકમાં ઘટાડો થશે તેવો અંદાજ છે કારણકે ભાવમાં વધઘટ થવાની શક્યતાઓ હોય આવકમાં ઘટાડો થશે. હાલ યાર્ડમાં ચણાની રેકોર્ડબ્રેક આવક પગલે યાર્ડના સત્તાધીશો દ્વારા ચણાની આવકને લઈને અન્ય જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ચણાની આવક સદંતર બંધ કરવામાં આવી છે. ચણાની હરાજીમાં સાદા ચણાનો ૨૦ કિલોનો ભાવ રૂપિયા ૯૦૦/- થી ૧૧૦૦/- જ્યારે સફેદ ચણાનો ૨૦ કિલોનો ભાવ રૂપિયા ૧૧૦૦/- થી ૨૧૦૦/- સુધીનો બોલાયો હતો. સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો રાજકોટ, જૂનાગઢ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર સહિતના જીલ્લાઓ માંથી ખેડૂતો પોતાની જણસી વેહચવા અહીં ગોંડલ માર્કેટિંગ યાર્ડને પ્રથમ પસંદગી આપતા હોય છે.(તસ્વીર: ભાવેશ ભોજાણી : ગોંડલ)(૨૩.૩)

# અદાણી પોર્ટસે NQXT ઓસ્ટ્રેલિયાની વાર્ષિક ૫૦ મિલીયન ટન ક્ષમતા સંપાદીત કરી પૂર્વ-પશ્ચિમ બિઝનેસ કોરિડોરને જોડવાનું લક્ષ્ય

## અમારી આંતર રાષ્ટ્રીય વ્યુહરચનામાં NQXTમાં સંપાદન એક મહત્વનું કદમ છે જે નિકાસના નવા બજારોને ઉઘાડશે અને મૂલ્યવાન ઉપભોક્તાઓ સાથે લાંબા ગાળાના કરાર પ્રાપ્ત કરશે" અદાણી પોર્ટસ અને સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન લિ.ના પૂર્ણકાલિન ડાયરેક્ટર અને સી.ઇ.ઓ. અશ્વની ગુપ્તા

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૧૯: ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન ઉપયોગી કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (એપીએસઈઝેડ) ના બોર્ડ ઓફ ડિરેક્ટરએ કાર્મિશેલ રેલ અને પોર્ટ સિંગાપોર હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ, સિંગાપોર (સીઆરપીએસએચપીએલ) માંથી એબોટ પોઈન્ટ પોર્ટ હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ (એપીપીએચ), સિંગાપોરના સંપાદનને મંજૂરી આપી છે. કાર્મિશેલ રેલ અને પોર્ટ સિંગાપોર હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ એક સંબંધિત પક્ષકાર છે. નોર્થ ક્વીન્સલેન્ડ એક્સપોર્ટ ટર્મિનલ ધરાવતી અને તેનું સંચાલન કરતી એપીએચ અલગ ઓળખ ધરાવે છે જે હાલમાં વાર્ષિક ૫૦ મિલિયન ટન ક્ષમતા ધરાવતું સમર્પિત નિકાસ ટર્મિનલ છે. બોવેનથી આશરે ૨૫ કિમી ઉત્તરમાં, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે ઉત્તર ક્વીન્સલેન્ડમાં એબોટ પોઈન્ટ બંદર પર આ ટર્મિનલ આવેલું છે. બિન-રોકડ ધોરણે સંપ્પન થનાર આ સોદામાં અદાણી પોર્ટસ કાર્મિશેલ રેલ અને પોર્ટ સિંગાપોર હોલ્ડિંગ્સ પીટીઈ લિ.ને એપીપીએચમાં ૧૦૦% હિતના સંપાદનના બદલામાં ૧૪.૩૮ કરોડ ઈક્વિટી શેર આપશે. NQXTની ઓસ્ટ્રેલિયન ૩,૯૭૫ મિલિયનના એન્ટરપ્રાઈઝ મૂલ્ય પર આધારિત છે. આ સોલાના ભાગ રૂપે અદાણી પોર્ટ્સ અને સેઝ એપીએચના સરવૈયા પરની અન્ય નોન-કોર સંપત્તિ અને જવાબદારીઓ પણ ધારણ કરશે, જેનો હસ્તાંતરણના થોડા મહિનામાં અદાણી પોર્ટ્સ અને સેઝને (વ્યવહારના મૂલ્યની નેટ ઝીરો અસર)નો ખ્યાલ આવશે આ સોદા બાદ અદાણી પોર્ટસને થનાર લાભ સમાન સ્તરે રહેશે. અદાણી પોર્ટસ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.ના પૂર્ણકાલિન ડાયરેકટર અને સી.ઈ.ઓ. અશ્વની ગુપ્તાએ આ હસ્તાંતરણ અંગે બોલતા જણાવ્યું હતું કે અમારી આંતર રાષ્ટ્રીય વ્યુહરચનામાં NQXTમાં સંપાદન એક મહત્વનું કદમ છે જે નિકાસના નવા બજારોને ઉઘાડશે અને મૂલ્યવાન ઉપભોક્તાઓ સાથે લાંબા ગાળાના કરાર પ્રાપ્ત કરશે. વ્યૂહાત્મક રીતે ઈસ્ટ-વેસ્ટ ટ્રેડ કોરિડોર પર સ્થિત NQXT ઉચ્ચ દેખાવ કરનારી અસ્કયામત તરીકે મજબૂત વૃદ્ધિ માટે સજ્જ છે, જે વધેલી ક્ષમતાથી આગળ વધે છે, મધ્યમ ગાળામાં આગામી કરારના રીન્યુઅલ અને લાંબા ગાળે હરીત હાઈડ્રોજનના નિકાસની સંભાવના ધરાવે છે. તેમણે કહ્યું હતું કે કંપની ચાર વર્ષમાં એબિડટાને ઓસ્ટ્રેલિયન ડોલર ૪૦૦ મિલિયન સુધી વધારવાનું લક્ષ્ય સેવી રહ્યા છીએ. "ગ્રોથ વિથ ગુડનેસ" ના અમારા અભિગમ અને પર્યાવરણીય, સામાજિક અને શાસન પદ્ધતિઓમાં ઉચ્ચ ધોરણો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો દાખલો બેસાડવા માટે NQXTને આવકારવાનું અમોને ગૌરવ છે. (૩.૭)

# કચ્છ પોલીસનું પક્ષપાત ભર્યુ વતનઃ ભાજપના વિરોધ કાર્યક્રમ મુદ્દે કોંગ્રેસના પ્રદેશ યુવા મહામંત્રીનો આક્ષેપ

## પોલીસ આ બાબતે નક્કર કાર્યવાહી નહિ કરે તો કોંગ્રેસ પણ આગામી સમયમાં આક્રમક કાર્યક્રમ યોજશે: પ્રદેશ યુવા મહામંત્રી અંજલિ ગોર

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૧૯: ગઈકાલે ભારતીય જનતા પાર્ટી દ્વારા ભુજ સ્થિત ભાજપ કાર્યાલય મધ્યે ED કેસ સંદર્ભે લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીજીના પુતળાનું દહન કરી કચ્છ ભાજપે પોતાની બુદ્ધિ નું પ્રદર્શન કર્યું હતું જે કેસમાં કોઈ યોગ્ય તથ્ય પુરાવા છે જ નહિ માત્ર ને માત્ર પ્રધાનમંત્રી મોદીજી તથા ગુહમંત્રીશ્રી ના આદેશથી વારંવાર ED રાહુલ જી તથા સોનીયાજી પણ તપાસ કરવા આદેશ આપે છે આ તમામ વચ્ચે ભાજપ પોતાની નિષ્ફળતા છુપાવવા આ બધું કાવતરું રચી પ્રજાને ગુમરાહ કરવાનો સૌથી મોટો ખેલ કરી રહી છે.

વિરોધ કરવો એ બંધારણીય અધિકાર છે કચ્છ ભુજ પોલીસ ના માન, પી આઈ પટેલ કે અન્ય પોલીસ અધિકારી આ કાર્યક્રમથી અજાણ હતા? કે પોલીસ બંદોબસ્ત ન કરવા કાર્યક્રમ કરવા કમલમ્ કે ગુહ ખાતાનો આદેશ હતો? પોલીસ આ કાર્યક્રમ પછી અટકાયત કે ગુનો નોંધાયો હોય તેવી વાત કે કેમ ના કરી? આ બધા પ્રશ્નો ના જવાબ એસ પી પશ્ચિમ વિભાગ આપશે? પોલીસ વહીવટી તંત્રએ ના ભૂલવું જોઈએ આદરણીય રાહુલ ગાંધીજી લોકસભા ના સંસદીય હોદા પર છે અને જે ગુનો સાબિત નથી થયો એ વચ્ચે પુતળા દહન થયું એ કચ્છ પોલીસ ના ભાજપ પર સીધા આશીર્વાદ જ હતા પોલીસ આ બાબતે નક્કર કાર્યવાહી નહિ કરે તો કોંગ્રેસ પથ આગામી સમયમાં આક્રમક કાર્યક્રમ યોજશે એવું પ્રદેશ યુવા મહામંત્રી અંજલિ ગોર દ્વારા જણાવાયું છે.

# હળવદમા ઊંઘમાં જ ચાલતા અગાસીએ થી પટકાતા યુવાનનું મૃત્યુ

(દીપક જાની દ્વારા) હળવદ તા.૧૯: હળવદ શહેરના કુંભાર દરવાજા વિસ્તારમાં આવેલ કરાચી કોલોનીમાં રહેતા મૂળ ધંધુકાના તગડી ગામના વતની નાગરભાઈ હનુભાઈ કોગતિયા ઉ.૪૭ નામનો યુવાન ગરમીને કારણે રાત્રે અગાસીમાં સૂતો હોય રાત્રીના લઘુશંકા કરવા ઉઠતા ઊંઘમાં અગાસીના પગથિયાં ઉતરવા સમયે પગથિયાં ભૂલી જતા ધાબા ઉપરથી નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોંચતા ચીર નિંદ્રામાં પોઢી ગયો હતો.બનાવ અંગે હળવદ પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી તપાસ શરૂ કરી છે.(૩૮.૮)

ઘરમાં ઘુસી અપહરણ કરી ગયા બદમાશો: પછી મારી નાખ્યો

# બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયના નેતાની બેરહેમ હત્યા

ઢાકા,તા.૧૯:બાંગ્લાદેશના દિનાજપુર જિલ્લામાં એક અગ્રણી હિન્દુ સમુદાયના નેતાનું કથિત રીતે તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમને માર મારીને હત્યા કરવામાં આવી હતી. ધ ડેઈલીસ્ટારે પોલીસ અને પરિવારના સભ્યોને ટાંકીને જણાવ્યું હતું કે, ઢાકાથી લગભગ ૩૩૦ કિમી ઉત્તરપશ્ચિમમાં દિનાજપુરના બાસુદેવપુર ગામના રહેવાસી ૫૮ વર્ષીય ભાવેશચંદ્ર રોયનું બાઈક પર સવાર બદમાશો દ્વારા તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમને મૃત હાલતમાં પાછા મોકલી દેવામાં આવ્યા હતા.

ભાવેશની પત્ની શાંતાનાએ ધ ડેઈલી સ્ટારને જણાવ્યું હતું કે તેમના પતિને સાંજે ૪:૩૦ વાગ્યાની આસપાસ ફોન આવ્યો હતો અને તેમણે દાવો કર્યો હતો કે ગુનેગારોએ તેમના ઘરે હાજરીની પુષ્ટિ કરવા માટે ફોન કર્યો હતો. શાંતાનાએ આગળ કહ્યું, લગભગ ૩૦ મિનિટ પછી, ચાર માણસો બે મોટરસાઈકલ પર આવ્યા અને કથિત રીતે ભાબેશનું તેના ઘરેથી અપહરણ કર્યુ. તેને નારાબારી ગામમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેને નિર્દયતાથી માર મારવામાં આવ્યો. જ્યારે તેને ઘરે પાછો મોકલવામાં આવ્યો ત્યારે તે બેભાન હતો અને પરિવારના સભ્યો તેને દિનાજપુરની એક હોસ્પિટલમાં લઈ ગયા. જોકે, ત્યાં પહોંચતા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો.

ભાવેશ ચંદ્ર રોય બાંગ્લાદેશ પૂજા ઉદ્જાપન પરિષદના બિરલ એકમના ઉપપ્રમુખ અને આ વિસ્તારના હિન્દુ




સમુદાયના અગ્રણી નેતા હતા. ડેઈલી સ્ટારે બિરાલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઓફિસર-ઈન-ચાર્જ અબ્દુસ સબુરને ટાંકીને જણાવ્યું હતું કે કેસ નોંધવાની તૈયારી ચાલી રહી છે. તેમણે કહ્યું કે પોલીસ શંકાસ્પદોની ઓળખ કરવા અને ધરપકડ કરવા માટે કામ કરી રહી છે. દરમિયાન, ભારતે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં થયેલી હિંસા અંગે બાંગ્લાદેશી અધિકારીઓની ટિપ્પણીઓને નકારી કાઢી હતી અને ઢાકાને ઉપદેશ આપવાને બદલે દેશમાં લઘુમતીઓના અધિકારોના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, અમે પશ્ચિમ બંગાળમાં બનેલી ઘટનાઓ અંગે બાંગ્લાદેશ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને નકારી કાઢીએ છીએ. તેમણે કહ્યું, બાંગ્લાદેશ દ્વારા કરવામાં આવેલી આ ટિપ્પણી એ તેમના દેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચાર અંગે ભારતની ચિંતાઓની તુલના એવા લોકોની ચિંતાઓ સાથે કરવાનો કપટી પ્રયાસ છે જ્યાં આવા કૃત્યો કરનારાઓ મુક્તપણે ફરે છે. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશના વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં થયેલી સાંપ્રદાયિક હિંસા પર ટિપ્પણી કરતી વખતે ભારત પાસે લઘુમતી મુસ્લિમ વસ્તીનું રક્ષણ કરવાની માંગ કરી હતી.(૪૦.૨૦)

મુંબઈની કોર્ટે સંપત્તિ વેચવાની મંજૂરી આપી

# ભાગેડુ મેહુલ ચોકસીની કરોડોની સંપત્તિની થશે હરાજી

પીડિતોને તેમના પૈસા પરત મળશે: ૨,૫૬૫ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ વેચવાની મંજૂરી

મુંબઈ,તા.૧૯:ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોકસીની મિલકતોની હરાજીની પ્રક્રિયામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. મુંબઈની એક ખાસ કોર્ટે ચોકસીની ૨,૫૬૫ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ વેચવાની મંજૂરી આપી છે. આ મિલકતોના વેચાણથી મળેલી રકમ અસરગ્રસ્ત બેંકોના નામે ફિક્સ્ડ ડિપોઝિટ (FD) તરીકે રાખવામાં આવશે, જેથી પીડિતોને તેમના પૈસા પરત મળી શકે.અત્યાર સુધીમાં, ગીતાંજલિ જેમ્સ લિમિટેડની મિલકતોના વેચાણ દ્વારા પીડિતોને ૧૨૫કરોડ રૂપિયા પરત કરવામાં આવ્યા છે. આ મિલકતોમાં મુંબઈના સાંતાક્રુઝમાં સ્થિત ૭ ફ્લેટ, બે ફેક્ટરીઓ અને એક વેરહાઉસનો સમાવેશ થાય છે.

EDએ ૨૦૧૮ માં ચોકસી અને તેના જૂથની રૂ.૧,૨૧૭.૨ કરોડની ૪૧ મિલકતો જપ્ત કરી હતી. આમાં શામેલ છે

મુંબઈમાં ૧૫ ફ્લેટ અને ૧૭ ઓફિસ કોમ્પ્લેક્સ, કોલકાતામાં એક મોલ, અલીબાગમાં ૪ એકરનું ફાર્મ હાઉસ, તમિલનાડુના નાસિક, નાગપુર, પનવેલ (મહારાષ્ટ્ર) અને વિલુપુરમમાં ૨૩૧ એકર જમીન

હૈદરાબાદના રંગા રેડ્ડી જિલ્લામાં ૧૭૦એકરનો પાર્ક, જેનો ખર્ચ રૂ.૫૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે.

મુંબઈના બોરીવલી (પૂર્વ) અને સાન્તાક્રુઝ (પૂર્વ) વિસ્તારોમાં ફ્લેટ મુંબઈના સાંતાક્રુઝ ઇલેક્ટ્રોનિક્સ એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન (SEEPZ) માં બે ફેક્ટરીઓ અને વેરહાઉસ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

મેહુલ ચોકસીની જપ્ત કરાયેલી મિલકતોમાં,મલબાર હિલ વિસ્તારમાં એક મિલકત પણ છે જે એક મુખ્ય સ્થાન પર છે. જેને ED દ્વારા જપ્ત કરવામાં આવ્યું છે.તેની હરાજીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગોકુલ એપાર્ટમેન્ટ મલબાર હિલ,૯મા/૧૦મા માળે,જેમાં મેહુલ ચોકસીનો ડુપ્લેક્સ ફ્લેટ છે. તેણે ૧૧મા માળે ગેરકાયદેસર બાંધકામ કર્યુ છે.

ફ્લેટના દરવાજા અને દિવાલો પર ED, CBI, અલગ અલગ બેંકો, BMC સોસાયટી અને વીજળી બિલની નોટિસ છે. આ ફ્લેટ લગભગ સાત હજાર ચોરસ ફૂટનો છે અને તેની કિંમત લગભગ ૭૦ કરોડ રૂપિયા છે જે હવે ખંડેર બની ગયો છે. ફ્લેટમાંથી વૃક્ષો અને છોડ ઉગી નીકળ્યા છે. જેના કારણે સોસાયટીના નીચેના ભાગ અને દિવાલોને નુકસાન થઈ રહ્યું છે. તમને જણાવી દઈએ કે મેહુલ ચોકસી અને તેના ભત્રીજા નીરવ મોદી પર ૨૦૧૮ માં પીએનબીની બ્રેડી હાઉસ શાખામાંથી ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડીનો આરોપ છે.(૪૦.૧૪)

ચીનના વિદ્યાર્થીઓ બીજા સ્થાને છે...જે વિદ્યાર્થીઓના વિઝા રદ કરવામાં આવ્યા છે તેમાંથી અડધા ભારતના છે જ્યારે ૧૪ ટકા ચીનના છે.

# અમેરિકામાં વિઝા રદ થવામાં વિદ્યાર્થીઓમાં ૫૦ ટકા ભારતીય

નવી દિલ્હી,તા.૧૯: અમેરિકામાં રહેતા લગભગ ૫૦ ટકા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ જેમના વિઝા તાજેતરમાં રદ કરવામાં આવ્યા હતા તે ભારતના હતા. અમેરિકન ઈમિગ્રેશન લોયર્સ એસોસિએશન (AILA) એ આ માહિતી આપી. એસોસિએશને વિદ્યાર્થીઓ, વકીલો અને યુનિવર્સિટી સ્ટાફ પાસેથી આ કેસોના ૩૨૭ અહેવાલો એકત્રિત કર્યા.

૧૭એપ્રિલના રોજ બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં, AILA એ જણાવ્યું હતું કે જે વિદ્યાર્થીઓના વિઝા રદ કરવામાં આવ્યા હતા તેમાંથી અડધા ભારતના હતા જ્યારે ૧૪ ટકા ચીનના હતા, જ્યારે અન્ય મુખ્ય દેશોમાં દક્ષિણ કોરિયા, નેપાળ અને બાંગ્લાદેશનો સમાવેશ થાય છે. ઓપન ડોર્સના ડેટા અનુસાર, ૨૦૨૩-૨૪માં યુએસમાં આવનારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીયો સૌથી મોટો જૂથ છે. ૨૦૨૩-૨૪માં ૧૧,૨૬,૬૯૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી ૩,૩૧,૬૦૨ વિદ્યાર્થીઓ ભારતના હતા (કુલ વિદ્યાર્થીઓના ૨૯%).આ પછી ૨.૭૭ લાખ ચીની વિદ્યાર્થીઓ હતા.

### ૧૪ ટકા ચીની વિદ્યાર્થીઓના વિઝા રદ કરવામાં આવ્યા હતા

AILA રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ વિદ્યાર્થીઓમાંથી ૫૦ ટકા ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પર હતા, એટલે કે તેઓ સ્નાતક થયા છે અને યુનાઇટેડ સ્ટેટ્સમાં કાર્યરત છે. OPT જે૧ વિઝા પર યુએસમાં રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ૧૨ મહિના સુધી કામ કરવાની મંજૂરી આપે છે, અને પછી વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત સહિતના અભ્યાસક્ષેત્રોના કિસ્સામાં તેને ૨૪ મહિના સુધી લંબાવવામાં આવે છે. AILA એ જણાવ્યું હતું કે આ અહેવાલો વિઝા રદ કરવા અને સમાપ્ત કરવાના મનસ્વી સ્વભાવનું ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે.

### યુએસ કાયદાનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરનારા વિદ્યાર્થીઓને સજાનો સામનો કરવો પડશે

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ચેતવણી આપી છે કે જે વિદ્યાર્થીઓ અમેરિકન કાયદાનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરશે તેમને દેશમાંથી દેશનિકાલ સહિત સજાનો સામનો કરવો પડશે. પીટીઆઈને આપેલા એક ઈન્ટરવ્યુમાં, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા માર્ગારેટ મેકલિયોડે, વિવિધ યુએસ યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓને પડી રહેલી સમસ્યાઓ અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું, જો તમે કાયદાનું પાલન કરશો, તો અમેરિકા તમને તકો પૂરી પાડશે પરંતુ કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને પરિણામો ભોગવવા પડશે. અમેરિકાના ભારતીય વિદ્યાર્થીઓને દેશનિકાલનો ભય વધી રહ્યો છે કારણ કે અધિકારીઓ પેલેસ્ટાઈન તરફી વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવાથી લઈને નાના કાયદાકીય ઉલ્લંઘનો સુધીના વિવિધ મુદ્દાઓ માટે F-1 વિઝા રદ કરી રહ્યા છે.(૪૦.૧૦)

સોનાની લગડીનું વેચાણ કરવા જાય ત્યારે સામાન્ય લોકોને ૯૩ હજાર રૂપિયા સુધી જ મળતો ભાવ

# સોનાનો ભાવ ૯૮ હજાર: વેચવા જાઓ તો મોટો તફાવત

સોનાના ભાવ સ્થિર નહીં હોવાના લીધે જવેલર્સ દ્વારા ઓછા ભાવે કરવામાં આવતી ખરીદી

મુંબઈ,તા.૧૯: સોનાના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી ધરખમ વધારો થઈ રહ્યો છે, પરંતુ સામાન્ય લોકો દ્વારા સોનાની લગડીનુ વેચાણ કરવા જાય ત્યારે તેના ભાવમાં ૫ હજાર સુધીનો તફાવત જોવા મળતો હોય છે. હાલમાં સોનાનો ભાવ ૯૮ હજારની આસપાસ પહોંચી ગયો છે. જયારે તે સોનાની લગડીનું વેચાણ કરવામાં આવે તો વેચનારને ૯૨થી ૯૩ હજારનો ભાવ જ ચૂકવવામાં આવી રહ્યો હોવાની હકીકતો જાણવા મળી છે.

સોનાનો ભાવ ઓછો મળવા પાછળ જાણકારો એવું કહી રહ્યા છે કે છેલ્લા કેટલાક દિવસોથી સોનાનો ભાવ સ્થિર રહેતો નહીં હોવાના લીધે આવી સ્થિતિ ઊભી થઈ છેતેમાં પણ સોનું બજાર ભાવે ખરીદી લેવામાં આવ્યા બાદ ભાવ ઘટાડો થાય તો નુકસાન થવાની શક્યતા રહેલી હોય છે. તેના લીધે સામાન્ય લોકો દ્વારા જ્યારે સોનાનું વેચાણ કરવામાં આવે ત્યારે ૫ હજાર સુધી ઓછા ભાવે જ તેની ખરીદી કરવામાં આવતી હોય છે.જેથી કેટલીક વખત સોનાનું વેચાણ કરવા જનારને છેતરાયાનો પણ અનુભવ થાય છે. તે માટેનું કારણ એવું છે કે સોનાનો બજાર ભાવ ૯૮ હજારની આસપાસનો હોવા છતાં જયારે વેચાણ કરવા જાય ત્યારે એવું હોય કે ૫૦૦ કે એક હજાર ઓછા ભાવે પણ તે વેચાણ જશે પરંતુ પાંચ હજાર ઓછા મળવાના કારણે સોનાનું વેચાણ કરવામાં કેટલાક લોકો ખચકાટ પણ અનુભવતા હોય છે.(૪૦.૫)

### રોકડ અને ચેકથી સોનાની ખરીદીના ભાવમાં ફરક

સોનાની ખરીદી કરવામાં પણ ભાવમાં ખાસ્સો એવો તફાવત જોવા મળતો હોવાની હકીકતો જાણવા મળી છે. જો ચેકથી સોનાની ખરીદી કરવામાં આવે તો બજારમાં જે કિંમત હોય તે ભાવે જ વેચાણ કરવામાં આવતું હોય છે. જ્યારે રોકડના ભાવેથી સોનાની ખરીદી કરવામાં આવે તો તેના ભાવમાં ૫૦૦ રૂપિયાથી લઈને એક હજાર રૂપિયા સુધી વધારો ઘટાડો ચૂકવવો પડતો હોય છે. જેથી ખરીદી અને વેચાણ કરવાના ભાવમાં પણ તફાવત જોવા મળતો હોય છે. આજ કારણોસર સોનાની લગડી ખરીદી કરવામાં જવેલર્સ દ્વારા ઓછા ભાવે ખરીદી કરવામાં આવી રહી છે.

**સોનાના દાગીનાની ઓછી ખરીદી પણ મહત્ત્વનું પરિબળ**

એક જવેલર્સે આ અંગે જણાવ્યું હતું કે હાલમાં સોનાના દાગીનાની ખરીદી ઓછી થઈ ગઈ છે. તેમાં લોકો દ્વારા વેચવામાં આવતું સોનું ખરીદી લેવામાં આવે તો તે ક્યારે વેચાશે તે નક્કી હોતું નથી. તેના કારણે ઓછા ભાવે સોનાની ખરીદી કરવામાં આવતી હોય છે. તેમા પણ સોનાની ખરીદી ઊંચા ભાવે કરી લેવામાં આવ્યા બાદ અચાનક ભાવમાં ઘટાડો થઈ જાય તો નુકસાની વેઠવાની વારો આવે તેમ છે. તેના બદલે પાંચ હજાર ઓછા ભાવે ખરીદી કરવામાં આવી હોય તો નુકસાન ઓછું વેઠવાની સ્થિતિ ઊભી થઈ શકે તેમ છે.(૪૦.૫)

સીબીઆઈસી નિયમ આધારિત પારદર્શિતાને સરળ બનાવાશે

# GST નોંધણી માટેની અરજીઓની પ્રક્રિયા માટે સુધારેલી સૂચનાઓ જાહેર

અરજદારાને પડતી મુશ્કેલીઓ અંગે તંત્રને ઘણી ફરિયાદો મળી હતી

નવી દિલ્હી તા.૧૯: સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેકિસસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈ સી) દ્વારા ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં વધુ રજિસ્ટ્રેશન આવે તે માટે અરજી પક્રિયા માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત કયા કયા દસ્તાવેજો જોડવા તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

એક સત્તાવાર યાદીમાં જણાવાયું છેકે, જીએસટી નોંધણી પ્રક્રિયા દરમિયાન અરજદારોને પડતી મુશ્કેલીઓ અંગે થવીની ફરિયાદો મળી છે.મુખ્યત્વે અધિકારીઓ દ્વારા વધારાના દસ્તાવેજોની માગણી કવાના પ્રશ્નોના કારણે છે. આ ફરિયાદો દૂર કરવા અને જીએસટી નોંધણી પ્રકિયાને સુવ્યવસ્થિત કરવા માટે સીબીઆઈ સૌએ અધિકારીઓને ગઈકાલે સત્તાવાર જાણ કરી છે. (નિર્દેશ નંબર ૦૭-૨૦૨૫ જીએસટી) અધિકારીઓને નોંધણી અરજી કોર્મમાં આપેલી દસ્તાવેજોની સૂચિનું કડક પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. ચોક્કસ કિસ્સાઓમાં નોંધણી અરજી ફોર્મ સાથે અપલોડ કરવા જરૂરી દસ્તાવેજોનો પણ સૂચનાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અધિકારીઓને અનુમાનિત આધારો,નાની વિસંગતતાઓ અથવા અરજીઓની પ્રક્રિયા માટે જરૂરી ન હોય તેવા વધારાના દસ્તાવેજોના આધારે નોટિસ ન આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અધિકારીઓને એવા કિસ્સાઓમાં સંબંધિત નાયબ, સહાયક કમિસ્નરની મંજૂરી લેવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. જયાં સૂચિબધ્ધ દસ્તાવેજો સિવાયના દસ્તાવેજો મેળવવા જરૂર હોય.

પ્રાદેશિક મુખ્ય કમિશનરોને નજીકથી દેખરેખ રાખવા માટે પધ્ધતિઓ વિકસાવવા અને જયાં જરૂર હોય ત્યાં યોગ્ય વેપાર સૂચનાઓ જારી કરવાની સલાહ આપવામાં આવી છે. આ સૂચનાઓનું ઉલ્લંઘન કરનારા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની સલાત આપવામાં આવી છે. આવાથી જીએસટી નોંધણી મેળવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે. અનુપાલનનો બીજો ઓછો પશે અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન મળસે તેમ પણ જણાવાયું છે. (૩૮.૪)

રાજકોટનો સૌથી વિશાળ રિફર્બીશડ મોલ
રિફર્બીશડ લેપટોપ & ડેસ્કટોપ
PERFECT IT MALL
ધમાકા ઓફર લેપટોપમાં UPTO 25% OFF
૧૫૦ ફૂટ રીંગ રોડ, નાના મવા સર્કલ, રાજકોટ
9725208901

પ્લોટ વેચવાનો છે
મોકાનો હાઈરાઈઝ નાગેશ્વર જામનગર રોડ, શાંતિનગર-૨
મો. ૮૩૨૦૧ ૬૧૩૪૧
RAC-NAYAN

ઓફિસ ભાડે આપવાની છે
૬૩૦ સ્કે. ફુટ, પ્રાઈમ લોકેશનમાં, ફુલ ફર્નીશ્ડ
ઈમ્પીરીયલ હાઈટસ, ચોથા માળે, ૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બજાર ની સામે, રાજકોટ
98242 14089

મકાન વેચવાનું છે
70 વાર 2 BHK
વિથ ફરનીચર
સ્ટર્લીંગ હોસ્પીટલ પાછળ રાજકોટ
99048 00777

પ્લોટ જોઈએ છે
હરિપર, પિરડા વાજડી, અવધ, કણકોટ, મોટામવા, વાગુદડ, ઈશ્વરીયા, અમરેલી
૨૦૦ થી ૨૦૦૦ વાર
ફક્ત માલિકોએ સંપર્ક કરવો.
જોષી એસો. M.74050 51869

ઈન્દીરા સર્કલ નજીક
ક્લાસીસ લાયક દુકાન વેચવાની છે
બેન્ચ અને બોર્ડ સહિત
97265 76007

ચાલો ચારધામ
કેદારનાથ-બદ્રીનાથ
હરીદ્વાર-યમનોત્રી-ગંગોત્રી
રહેવા-જમવા • ટ્રેન ટુ ટ્રેન • ₹24000
M. 81415 93671

નામ બદલાવેલ છે
આથી હું મૂંગલપરા શીતલબેન હિતેશભાઈ જાહેર કરૂ છું કે મારૂ નામ પરસાણા શિતલ નાથાભાઈ માંથી બદલાવીને મૂંગલપરા શીતલબેન હિતેશભાઈ કરેલ છે અને હવે પછી થી હું મૂંગલપરા શીતલબેન હિતેશભાઈ તરીકે ઓળખાઈશ
મૂંગલપરા શીતલબેન હિતેશભાઈ
એડ્રેસ : પરેશ, જાનવી પાર્ક શેરી ૨, જલારામ હોસ્પિટલ મેઈન રોડ, પંચવટી સો. હોલ પાછળ, રાજકોટ. ગુજરાત - ૩૬૦૦૦૪

ઓફીસ વેચવાની છે
ચાલુ ભાડાવાળી
ભાડુ 13500
કીમત 28.11 લાખ
375 કારપેટ, એટેચ વોશરૂમ, રોડ સાઈડ કોર્નર ઓફીસ
રાજ રત્ન કોમ્પલેક્ષ, ટાગોર રોડ. બ્રોકર આવકાર્ય
સંપર્ક: 98257 52392

નવો ''સેમ્પલ ફલેટ'' વેંચવાનો છે
1300 સ્કવેર ફૂટ
3 bhk + ગેસ્ટ રૂમ
જીવરાજ પાર્ક, અંબિકા ટાઉનશીપ
70462 66891

ભાડે+ઓફિસ વેચવાની છે
રૈયા રોડ, સીટી સેન્ટર બીજા માળે ૪૧૦ ફુટ
અરવિંદભાઇ વાંજા
૯૮૨૪૪ ૯૯૦૩૦

રોડ 206 વાર વેચવાનો છે.
પરસાણા સોસાયટી મેઈન રોડ સોરઠીયા વેબ્રીજ ની પાછળ, 80 ફુટ રોડ, રાજકોટ
70242 44141

ફોલેલુ લસણ
લેવા માટે મળો
શ્રી ભગવતી ગૃહ ઉદ્યોગ
M. 97231 29675
RAC - NAYAN

પ્લોટ 18X65ના 4 પ્લોટ વેચવાના છે
72X65 એક સાથે/અલગથી
જલારામ-૩, ઈન્દીરા સર્કલ પાસે
૧૫૦ ફુટ રીંગ રોડ પાછળનો રોડ, આઝાદ હિન્દ ગોલા પાછળ, રાજકોટ
M. 98252 06890

મોકાનો શોરૂમ વેચવાના છે
બીજા રીંગ રોડ ન્યુ રેસકોર્ષ અટલ સરોવર સામે, રાજકોટ મેઈન રોડ ટચ બીજો માળ, ૮૦૦ કાર્પેટ ફૂલ પાર્કીંગ
ભરત દક્ષિણી
98253 99479

ફલેટ વેચવાનો છે
2BHK 500 કાર્પેટ
૬/૭, મીલપરા, ત્રીજો માળ સિધ્ધિ વિનાયક બિલ્ડીંગ, રાજકોટ
93222 15104-99135 31311

સૌથી સસ્તા સર્વશ્રેષ્ઠ ફલેટ
"HAPPY HOMES" 1-BHK ના
છેલ્લા બે ફ્લેટ માત્ર ૧૧ લાખના ભાવે વે. છે
જંત્રી વધારો પહેલા ચાલુ જંત્રીનો લાભ લ્યો
સંપૂર્ણ સગવડતા- સર્વશ્રેષ્ઠ બાંધકામ, કાલાવાડ રોડ, VVP કોલેજ, મોટેલ વિલેજ, નિરાલી રીસોર્ટ નજીક.
94262 02610

ફલેટ વેચવાના છે
3 BHK 1050 કાર્પેટ વીથ ફર્નિચર ફર્સ્ટ ફ્લોર ''રોઝવુડ'' એપાર્ટમેન્ટ જલારામ-૧, શેરી નં. ૨, યુનિ. રોડ,
2 BHK 1800 કાર્પેટ વીથ ફર્નિચર શીતલનાથ એપાર્ટમેન્ટ-૩૦૧ સુભાષનગર-૨ રૈયા રોડ
99092 81692 મનીષભાઇ
જોવાનો સમય: સવારે ૧૦ થી ૧ સાંજે ૫ થી ૭ (બ્રોકર આવકાર્ય)

મેટોડા G.I.D.C. રાજકોટ માટે
જોઈએ છે
ઓફિસબોય
ટુ વ્હીલ લાયસન્સ હોવું જરૂરી
સંપર્ક કરો
પાવર ફાસ્ટનર્સ
98242 94476
82004 93702

ચાલુ સલુન 450 સ્કે.ફુટ આપવાનું છે
રાજકોટના હાર્દસમા અમિનમાર્ગ પાસે
→ બેસ્ટ લોકેશન, ફુલ્લી ફર્નિશ્ડ
→ લેડીઝ/ જેન્ટ્સ સલુન કમ બ્યુટી પાર્લર
→ તમામ મશીન પ્રોડક્ટ્સ સાથે
CONTACT : 80000 13235
Jalaram

ગાંધીનગરમાં બંગલો લેવા માટે
રિટાયરમેન્ટ તો ગિફ્ટ સિટીમાં જ. શું ગિફ્ટ સિટી ગાંધીનગરમાં લકઝરિયાસ ફલેટ લેવો છે? (ટિકિટ સાઈઝ ૨ કરોડ કે તેથી વધુ) તો આજે જ સંપર્ક કરો.
70416 01221

છોકરો જોઇએ છે
પરચુરણ કામ માટે લખતા વાંચતા આવડવુ જરૂરી સાયકલ હોવી જરૂરી. મળો:
ઇન્ડકટો હાર્ડનીંગ
૮૦ ફુટ રોડ બેંક ઓફ બરોડા સામે બાપુનગર-૧૨ રાજકોટ
મો.૯૩૨૮૧ ૧૩૮૩૯




**શ્રી પટેલ કેળવણી મંડળ-ગોંડલ**
આશાપુરા રોડ, અક્ષર મંદિર સામે, ગોંડલ.

તારીખ ૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષ માટેની ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા નીચે મુજબના એજન્ડા માટે જણાવેલા સ્થળે અને સમયે મળશે જેથી દરેક નોંધાયેલ સભ્યોએ આ સભામાં હાજરી આપવા વિનંતી.

**એજન્ડા**
૧. ગત વર્ષની સભામાં થયેલા ઠરાવો વંચાણે લઈ બહાલી આપવા અંગે
૨. વર્ષ દરમ્યાન થયેલ આવક-જાવકના હિસાબો વંચાણે લઈ બહાલી આપવા અંગે
૩. છાત્રાલયમાં તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળામા ૧૧ માસના કરાર આધારિત જરૂરી સ્ટાફની ભરતી કરવા અંગે ચર્ચા કરવા
૪. ટ્રસ્ટી મંડળની મુદત પુરી થતા આગામી પાંચ વર્ષ માટે નવા ટ્રસ્ટી મંડળની નિમણૂક કરવા અંગે
૫. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે અંગે ચર્ચા કરવા અંગે ....

**સ્થળ :** શ્રી પટેલ કેળવણી મંડળ - ગોંડલ (પટેલ બોર્ડીંગ )
**તારીખ :** ૨૮/૦૪/૨૦૨૫ ને સોમવાર
**સમય :** સાંજના ૭ : ૦૦ કલાકે
**નોંધ :** સભા પૂરી થયા બાદ ભોજન સાથે લઈશું

| ખજાનચીશ્રી | સેક્રેટરીશ્રી | પ્રમુખશ્રી |
|---|---|---|
| શ્રી લક્ષમણભાઈ વિરજીભાઇ પીપળીયા | શ્રી જગદીશભાઈ રવજીભાઇ વેકરીયા | શ્રી પોપટભાઈ સવજીભાઈ પટોડિયા |

**સ્ટાફ જોઇએ છે**

ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬,૭,૮)

| ક્રમ | વિભાગ | સ્ત્રી/પુરૂષ | વિષય | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષક-૨ | સ્ત્રી/પુરૂષ | ગણિત/વિજ્ઞાન | BSC B.ed |
| ૨ | શિક્ષક-૧ | સ્ત્રી/પુરૂષ | સામાજીક વિજ્ઞાન | B.A B.Ed |
| ૩ | શિક્ષક-૧ | સ્ત્રી/પુરૂષ | ભાષા વિષય (ગુજ., હિન્દી, સંસ્કૃત) | B.A B.Ed |
| | | | | B.A B.Ed |

છાત્રાલય વિભાગ માટે
ગૃહપતિ - ૧ (ગ્રેજ્યુએટ - ફકત પુરૂષ)
મદદનિસ ગૃહપતિ - ૧ (ફકત પુરૂષ)
કોઠારી - ૧ (ફકત પુરૂષ)

| | | | |
|---|---|---|---|
| ૧ | રીડીંગ સુપર-૪(સ્ત્રી/પુરૂષ) | માધ્યમિક | B.A B.Ed |
| ૨ | રીડીંગ સુપર-૪(સ્ત્રી/પુરૂષ) | ઉચ્ચ માધ્યમિક | BSC B.ed |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારે માત્ર ફોટા સાથેની અરજી સંપૂર્ણ વિગત સાથે અહીં આપેલ **વોટ્સએપ નંબર ૯૯૭૯૩૧૬૪૪૫** પર મોકલી આપવી. (માત્ર રિઝયુમ મોકલવું અન્ય પ્રમાણપત્ર મોકલવા નહિ )
નોંધ : ૧. આ જાહેરાતથી ૧૫ દિવસ અંદર આપેલા મોબાઈલ નંબર ઉપર પોતાનું રિઝયુમ મોકલી આપવાનું રહેશે.
૨. અનુભવીને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
૩. ઉપરોક્ત જરૂરી સ્ટાફ ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવાની છે.
૪. યોગ્ય ઉમેદવારને ફોન કરીને ઈન્ટરવ્યુની જાણ કરવામાં આવશે.

**શ્રી પટેલ કેળવણી મંડળ-ગોંડલ (પટેલ બોર્ડીંગ)**
આશાપુરા રોડ, અક્ષર મંદિર સામે, ગોંડલ.

| ખજાનચીશ્રી | સેક્રેટરીશ્રી | પ્રમુખશ્રી |
|---|---|---|
| શ્રી લક્ષમણભાઈ વિરજીભાઇ પીપળીયા | શ્રી જગદીશભાઈ સ્વજીભાઇ વેકરીયા | શ્રી પોપટભાઈ સવજીભાઈ પટોડિયા |

## સંત સૌરભ પૂર્તિને શુભેચ્છા

**ધર્મ પ્રવક્તા ભાગવતાચાર્ય પૂ. શાસ્ત્રી શ્રી રસીકભાઈ રાજ્યગુરૂ**



ભાગવતાચાર્ય **પૂ. શાસ્ત્રી રસિકભાઇ વી. રાજ્યગુરુ** મો.૯૮૯૨૩ ૩૮૬૨૩

**પૂ. શાસ્ત્રી પૂ. રાકેશ આર. રાજ્યગુરુ** (દેવીભાગવતપ્રવક્તા)

એક ઘડી આધીઘડી, આધીસે પૂની આધા
તુલસી સંગતસાધૂકી કટે કોટી અપરાધ !

ગોસ્વામી તુલસીદાસજીના ઉપરોક્ત વાક્યમા સંતનુ મહત્વ જીવનમાં કેટલું છે. એ દર્શાવવામાં આવ્યું છે. પૂ. શ્રી ડોંગરેજી મહારાજે તેના ભાગવતમાં કહ્યુ છે કે, કળીયુગમાં નામ-સ્મરણનો મહિમા વિશેષ છે અને એ સામાન્ય નવ સમાજને માટે તારક બની શકે એમ છે. ભક્તિમાર્ગ સરળ અને આધુનિક યુગના માનવી માટે ખૂબ ઉપયોગી છે.

પૂ. શ્રી ડોંગરેજી મહારાજ પછી ધર્મપ્રચાર અનેક કથાકારો કરી રહ્યા છે. પૂ. શાસ્ત્રી શ્રી રસીકભાઈ રાજ્યગુરૂ જન સાધારણને ભારતીય અધ્યાત્મવાદનો પરમ સંદેશ દેશ/વિદેશોમા આપે છે. આજે સમગ્ર માનવ જાતિ જ્યારે ઘોર નિરાશામાં સપડાઈ બેઠી છે, અને ચારો તરફ સમાજમાં અંધાધૂંધીનુ વાતાવરણ જોવા મળે છે, ત્યારે માણસને પહેલા ક્યારેય નહોતી એટલી અધ્યાત્મની જરૂરિયાત ઊભી થઈ છે.

આધુનિક વિજ્ઞાન યુગમાં કેવળ અધ્યાત્મ જ માનવ જાતિનો ઉધ્ધાર કરી શકે એમ છે ? તે નીર્વીવાદ સત્ય છે. ત્યારે આખા યુગમાં જન

સાધારણ સુધી ભારતીય અધ્યાત્મવાદનો સંદેશો ફેલાવવો એ મોટી રૂડી સેવા છે. પૂ. શાસ્ત્રીશ્રી રસીકભાઈ રાજ્યગુરૂ અજોડ ધર્મ પ્રવક્તા ભાગવતાચાર્ય તરીકે સુપ્રસિધ્ધ છે. તેનો પાયો તો બચપણથી જ નખાઈ ચુક્યો હતો.

મોટી ખોખરી (જામનગર) ના કર્મકાંડી પિતા શ્રી વિશ્વનાથ મોરારજી રાજ્યગુરૂ અને માતા મંગળાબહેન એ બાળપણથીજ તેમને ધર્મના સંસ્કારો આપ્યા પણ પુત્ર રસીક લગ્નેતર જુદા માર્ગે ફંટાયો. ભજનનો ભગવો ફાટેલ પ્યાલો પી અને એનું અંતર ભક્તિ સંગીત તરફ વળ્યું ૧૯૯૧ માં નાસીક (મહારાષ્ટ્ર) ના સ્વામીનારાયણ મંદિરે નાની વયે રામકથાની પ્રથમવાર રજુવાત કરી ત્યારે કોઈનેય ખ્યાલ નહોતો કે તે ભવિષ્યમાં ભાગવત કથાકાર તરીકે પ્રસિધ્ધી પામીને સનાતન ધર્મના હરેક પુરાણોની સંગીતમય સ. ઉદાહરણ કથા કરશે. કદાચ તેમની જન્મ કુંકળીમાં અનેક યોગીની યુતિનું તે પરિણામ હશે. તા. ૩.૩.૧૯૭૦ માં જન્મેલ પૂ. શાસ્ત્રીશ્રી રસીકભાઈ રાજ્યગુરુએ દેશ વિદેશમાં ધર્મ પ્રવક્તા કથાકાર તરીકે અજોડ નામના મેળવી છે.

પણ આ બધુ બન્યુ શી રીતે? એક તો નાની વયથી કથાના સંગીતમય સંસ્કારો પ્રબળ રીતે પડયા અને ભવિષ્ય ભાગવતાચાર્ય બનવાનો અતુટ નિર્ધાર બાળ રસીકે નિર્ણય કર્યો કે સૌથી શ્રેષ્ઠ

મહાપુરાણ શ્રીમદ્ ભાગવત કે વેદ પુરાણના હાર્દને પામવુ હોય તો સંસ્કૃત ભાષાનું જ્ઞાન અતિ આવશ્યક આવા શુભ નિર્ણય હોય એટલે પરમાત્માનો આશીર્વાદ મળેજ, પ્રાથમિક શિક્ષણ વતન જામનગર જીલ્લાના જામખંભાળીયા તા. ના મોટી ખોખરીમાં ધો. ૧ થી ૭ પુરૂ થયા પછી પિતાશ્રી એ સૌ પ્રથમ તીર્થક્ષેત્ર દ્વારકામાં સંસ્કૃતના શિક્ષણ માટે દાખલ કર્યો પછી તો એ સીલસીલો નિરંતર ગતીશીલ રહ્યો. દ્વારકામાં બે વર્ષ વેદ અભ્યાસ આદર્યો નાસીક (મહારાષ્ટ્ર) માં ગુરૂગંગેશ્વર વેદવિદ્યાલય ખાતે ત્રણ વર્ષ રહી વેદ વિશારદની ઉપાધી શ્રીકૃષ્ણ કાસીનાથ ગોડસે ગુરુજી પાસે પ્રાપ્ત કરી.

સર્વ પુરાણોના કથાકાર બનવાનો નિર્ણય અંતિમ નિર્ણય બની બેઠો. નાસિક (મહારાષ્ટ્ર) ખાતે ૧૯૯૧ માં સૌપ્રથમ રામકથાથી તેમણે કથાનો પ્રારંભ કર્યો ભગવાન શ્રીરામની કથાને તેમણે કહેણી સાથે સંગીતના તારે તારે એવી તે અદભુત રીતે ગુંથી કે શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ગયા. જેનો પાયો પ્રબળ તેનું ભવિષ્ય પણ ઉજળુ જ હોય. ધૂન ભજન-કીર્તન ને કથાના તાણા વાણા ગૂંથીને પુ. શાસ્ત્રી રસીકભાઈ રાજ્યગુરૂએ તે પછી પ્રભુ પ્રેરણાર્થી પાછુ વળીને જોયુજ નથી. કંઠમાથી કથા સાથે ગાન સરે અને શ્રોતાઓ પરમ પવિત્ર વાતાવરણથી સમરસ બને. કથાની સાથેસાથ તેઓ વેદ-પુરાણ-ઉપનિષદ-સ્મૃતિ-સ્મૃતિ ગ્રંથોમાંથી એવા પ્રસંગો ઉદાહરણો-કથાઓ

ટાંકે જે શ્રધ્ધાળુ શ્રોતાઓના મર્મ સ્થાનની આરપાર નીકળે. મનડુ રંગાયા વિના ભક્તિ ન ભાવે, એમ કહેતા. પૂ. શાસ્ત્રીજીના જીવનમાં ઘણી ઘટનાઓ ઘટી છે. ત્યાગીને ભોગવી. જાણે એ મનુષ્ય એ સુવાક્યને તેમણે અનેકવાર જીવંત બનાવ્યુ છે.

કુદરતે તેમને મીઠો હલકદાર અને પ્રભાવક કંઠ આપ્યો છે. તેમ કથાના પ્રારંભમાં કે વચ્ચે જ્યારે તેઓના શ્રીકંઠે થી સંસ્કૃતના શ્લોકો સ્તુતિ સ્તોત્રો, ધુન, ભજન, કીંતન કે ચોપાઈના નાદ પ્રસરે કે તરત જ પ્રત્યેક શ્રોતાઓના અંતરના શબ્દ બ્રહ્મનાદ બ્રહ્મધ્વનિઓનું આભામંડળ રચાઈને ભક્તિસભર વાતાવરણનું નિર્માણ થાય થાય ને થાય જ.

**પૂ.શાસ્ત્રી રસિકભાઈ વી. રાજ્યગુરુ મો. ૯૮૯૨૩૩૮૬૨૩**

ટ્રમ્પે ટેરિફનો ''બોંબ'' ફોડતા ચીન સાથે વેપાર યુદ્ધ શરૂ થયું છે: બંને દેશો વચ્ચે આર્થિક ટકરાવની સ્થિતિ

# ટેરિફ-ટેરિફ વોરમાં ભારતનાં બંને હાથમાં લાડુ

ટ્રમ્પના ''ચાબુક''થી વિશ્વભરમાં હલચલ મચી છે: પ્રભાવિત દેશો વચ્ચે બની રહ્યાં છે નવા સમીકરણો: સ્થિતિ એવી બની છે કે ભારતને થશે લાભાલાભ



નવી દિલ્હી,તા.૧૯: અમેરિકાના રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા એવા નિર્ણયો લીધા છે જેનાથી ખળભળાટ મચી ગયો છે. યુક્રેન યુદ્ધ હોય કે ગાઝામાં સંઘર્ષ, ટ્રમ્પે પોતાના નિર્ણયોથી દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિર્ણયથી સમગ્ર વિશ્વને એકસાથે અસર થઈ, તે છે બધા દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાનો. બર્મુડાથી બોત્સ્વાના અને યુરોપથી ચીન સુધી, દરેક વ્યક્તિ તેનાથી પ્રભાવિત થયો. ટ્રમ્પ સરકારનો ચીન સાથે સૌથી મોટો સંઘર્ષ રહ્યો છે. અમેરિકાના આ પગલાનો વિરોધ કરતા, બેઈજિંગે પણ બદલો લેવાના ટેરિફ લાદ્યા. આ રીતે, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે સંઘર્ષની સ્થિતિ છે. ભારત જેવા દેશો માટે આ એક નફાકારક સોદો હોઈ શકે છે. ટેરિફ યુદ્ધ વચ્ચે, ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. બીજી તરફ, નવી દિલ્હીમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગના નિવેદનોથી બેઈજિંગના વલણમાં નરમાઈનો સંકેત મળ્યો છે. આ રીતે, જો બધું બરાબર રહેશે તો ટેરિફ યુદ્ધને કારણે ભારતને વધુ ફાયદા અને ઓછું નુકસાન થશે.

હકીકતમાં, ભારત અને ચીન વચ્ચે વેપાર ખાધ વધીને રેકોર્ડ $૯૯ બિલિયન (રૂ.૮૪૫૩૩૩ કરોડ) થઈ ગઈ છે. ભારતમાંથી તેને ઘટાડવાની સતત વાતો થઈ રહી છે, પરંતુ તે સતત વધી રહી છે. હવે ચીન દ્વારા ભારત સાથે વેપાર ખાધ ઘટાડવા અંગે સ્પષ્ટ સંકેતો આપવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે જણાવ્યું હતું કે બેઈજિંગ ભારતમાંથી આયાત વધારવા માટે તૈયાર છે. તેમણે ભારતમાં ચીની કંપનીઓ માટે ન્યાયી અને પારદર્શક વ્યવસાયિક વાતાવરણની પણ માંગ કરી છે. તમને જણાવી દઈએ કે અમેરિકા સાથે તણાવ વધ્યા બાદ, ચીન હવે નવા વેપાર ભાગીદારો શોધી રહ્યું છે, આવી સ્થિતિમાં, તેણે ભારત સાથે વેપાર ખાધ ઘટાડવા માટે આયાત વધારવાનો સંકેત આપ્યો છે.

ચીન અને અમેરિકા વચ્ચેના વેપાર તણાવ વચ્ચે, ચીને ભારત સાથે વાતચીત કરી છે. ચીને કહ્યું છે કે તે ભારતમાંથી આવતા વધુ સારા માલનું સ્વાગત કરવા તૈયાર છે. ચીન ભારતીય વ્યવસાયોને ચીની બજારમાં રહેલી તકોનો લાભ લેવામાં મદદ કરવા પણ તૈયાર છે. આનાથી ભારતની વેપાર ખાધ ઘટાડવામાં મદદ મળશે. અહેવાલો અનુસાર, ભારતની વેપાર ખાધ વધીને ૯૯.૨ બિલિયન થઈ ગઈ છે.

**ભારતની ચિંતાઓ દૂર કરવાનો પ્રયાસ**

અમેરિકા-ચીન વચ્ચે વધતા વેપાર તણાવ વચ્ચે, બેઈજિંગે નવી દિલ્હીનો સંપર્ક કર્યો છે અને કહ્યું છે કે તે ભારતમાંથી વધુને વધુ પ્રીમિયમ વસ્તુઓ આયાત કરવા તૈયાર છે. તે ભારતની વેપાર ખાધ ઘટાડવા માટે ચીની બજારમાં ભારતીય વ્યવસાયોને મદદ કરવા પણ તૈયાર છે. તાજેતરના એક અહેવાલ મુજબ, ભારત અને ચીન વચ્ચે વેપાર ખાધ વધીને રેકોર્ડ $૯૯.૨ બિલિયન થઈ ગઈ છે. ચીન સાથે અબજો ડોલરની વેપાર ખાધ હંમેશા ભારત માટે ચિંતાનો વિષય રહી છે. હવે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં, ભારતમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે કહ્યું છે કે બેઈજિંગ ભારતની ચિંતાઓને દૂર કરવા તૈયાર છે.

**ટેરિફ વોર પર ચીની રાજદૂતે શું કહ્યું?**

ચીનના રાજદૂત શુ ફેઈહોંગે પણ આશા વ્યક્ત કરી હતી કે ભારત ચીની કંપનીઓ માટે પારદર્શક અને ભેદભાવ રહિત વ્યવસાયિક વાતાવરણ પૂરું પાડશે. સ્પર્ધાને સંઘર્ષમાં ફેરવા ન દેવા જોઈએ તેવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણીનો પડઘો પાડતા, ઝુ ફેઈહોંગે કહ્યું કે સ્થિર અને સહકારી સંબંધો માટે સંવાદ ચાવીરૂપ છે. તેમણે કહ્યું કે ચીન આ વર્ષના અંતમાં યોજાનારી લ્છ સમિટ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવા તૈયાર છે. અમેરિકાના ટેરિફ યુદ્ધ અંગે તેમણે કહ્યું કે ચીન અને ભારતની જવાબદારી છે કે તેઓ તમામ પ્રકારના એકપક્ષીય અને સંરક્ષણવાદી પગલાંનો વિરોધ કરે. વેપાર અસંતુલનના મુદ્દા પર, શુ ફેઈહોંગે જણાવ્યું હતું કે ૨૦૨૪ માં ચીનમાં નિકાસમાં મરી, આયર્ન ઓર અને કોટન યાર્ન જેવા ભારતીય ઉત્પાદનોમાં ૧૭%, ૧૬૦% અને ૨૪૦% થી વધુનો વધારો જોવા મળ્યો હતો.(૪૦.૧૮)

પાર્કિંગ ફાઈન-હાઈ સ્પીડ ચલણ-માથાઝીક વગેરે કારણોથી વિઝા રદ

# લ્યો બોલો... અમેરિકામાં નાની-નાની બાબતોને કારણે વિદેશી છાત્રોનાં વિઝા કેન્સલ થવા લાગ્યા




વોશિંગ્ટન, તા.૧૯: અમેરિકન ઈમિગ્રેશન લોયર્સ એસોસિએશનના એક નવા અહેવાલમાં યુ.એસ.માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાની વધતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અહેવાલ મુજબ, ભારતીય વિદ્યાર્થીઓ આ કેસોમાં સૌથી વધુ પ્રભાવિત થયા છે, જેનો હિસ્સો લગભગ ૫૦% છે.

૧૭ એપ્રિલના રોજ AILA દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, કુલ ૩૨૭ કેસ નોંધાયા છે જેમાં વિઝા રદ કરવામાં આવ્યા હતા અથવા વિદ્યાર્થીઓના SEVIS (સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિઝિટર ઈન્ફર્મેશન સિસ્ટમ) રેકોર્ડ બંધ કરવામાં આવ્યા હતા. આ આંકડા વિદ્યાર્થીઓ, વકીલો અને યુનિવર્સિટી સ્ટાફ દ્વારા આપવામાં આવેલી માહિતી પર આધારિત છે. આ ૩૨૭ કેસોમાંથી લગભગ અડધા ભારતીય નાગરિકો છે, જ્યારે ૧૪% વિદ્યાર્થીઓ ચીની છે. આ ઉપરાંત દક્ષિણ કોરિયા, નેપાળ અને બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ પણ પ્રભાવિત થયા છે.

રિપોર્ટ દર્શાવે છે કે વિઝા રદ થવાથી OPT પર રહેલા વિદ્યાર્થીઓને સૌથી વધુ નુકસાન થયું છે. SEVIS રેકોર્ડ બંધ હોવાથી તેઓ કામ ચાલુ રાખી શકતા નથી. જે વિદ્યાર્થીઓ હજુ પણ પોતાનો અભ્યાસ કરી રહ્યા છે તેમના માટે પરિસ્થિતિ થોડી સરળ છે, પરંતુ જે વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે તેમના માટે તેમની પરિસ્થિતિ પુનઃસ્થાપિત કરવી મુશ્કેલ બની જાય છે.

આ કેસોમાં જે કારણો બહાર આવ્યા છે તે આશ્ચર્યજનક છે. પાર્કિંગ દંડ અથવા સ્પીડિંગ દંડ જેવા નાના પોલીસ એન્કાઉન્ટર પછી વિદ્યાર્થીઓના વિઝા રદ કરવામાં આવ્યા હતા. આમાંના મોટાભાગના કેસોમાં, વિદ્યાર્થીઓ સામે કોઈ આરોપો દાખલ કરવામાં આવ્યા ન હતા અથવા મામલો બંધ કરવામાં આવ્યો હતો. ફક્ત બે કિસ્સાઓમાં, રાજકીય પ્રવૃત્તિઓ સાથેના સંબંધો સામે આવ્યા છે.

હાલમાં અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં ભારત ટોચ પર છે. ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષમાં ૩.૩૨ લાખ ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરી રહ્યા છે. આમાંથી, આશરે ૯૭,૫૫૬ વિદ્યાર્થીઓ OPT પ્રોગ્રામ હેઠળ છે, જે તેમને યુએસમાં કામચલાઉ ધોરણે કામ કરવાની મંજૂરી આપે છે.

AILA રિપોર્ટ મુજબ, SEVIS રેકોર્ડ્સ કાઢી નાખવા અને વિઝા રદ કરવા માટે આપવામાં આવેલા કારણો અનિયમિત અને અસંગત છે, જે આને ચિંતાજનક વલણ બનાવે છે. ઘણા વિદ્યાર્થીઓ ચેતવણી વિના કાનૂની અને શૈક્ષણિક સંકટનો સામનો કરી રહ્યા છે. (૨૨.૩)

હાઈકોર્ટના આદેશને હાઈવે ઓથોરિટીઓ સુપ્રિમમાં પડકાર્યો હતો

# હાઈવેની હાલત ખરાબ હોય તો ટોલ વસુલી ન શકાય એવા હાઈકોર્ટના આદેશ પર સુપ્રિમનો સ્ટે



નવી દિલ્હી,તા.૧૯: સુપ્રીમ કોર્ટે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના એ આદેશ પર સ્ટે આપ્યો છે જેમાં કહેવામાં આવ્યું હતું કે ખરાબ સ્થિતિમાં હાઈવે પર ટોલ ટેક્સ વસૂલવામાં ન આવે. અગાઉ, હાઈકોર્ટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર લખનપુર અને બાન ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સમાં ૮૦ ટકાનો ઘટાડો કર્યો હતો. જોકે, હવે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) NH-44 પર લખનપુર અને બાન ટોલ પ્લાઝા પર ૭૫ ટકાના દરે ટોલ વસૂલ કરી શકે છે. આ કેસની આગામી સુનાવણી ૧૯ મે, ૨૦૨૫ ના રોજ યોજાવાની છે.

બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૫ માં દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી NH-44 ના લખનપુર અને બાન ટોલ પ્લાઝા પર ટોલ ફીમાં ૮૦ ટકાનો ઘટાડો કરવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ના જવાબમાં આ આદેશ જારી કર્યો હતો. હાઈકોર્ટે તર્ક આપ્યો હતો કે બાંધકામના કામને કારણે હાઈવેની ખરાબ સ્થિતિને કારણે મુસાફરો પાસેથી સંપૂર્ણ ટોલ વસૂલવો અયોગ્ય છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ટોલ ફીનો હેતુ મુસાફરોને સારા અને સરળ રસ્તાની સુવિધા પૂરી પાડવાનો છે, અને જો રસ્તો ખરાબ સ્થિતિમાં હોય, તો ટોલ વસૂલવો એ વાજબી સેવાના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે.

હાઈકોર્ટે તેના આદેશમાં અન્ય ઘણા નિર્દેશો પણ જારી કર્યા હતા, જેમાં ટોલ પ્લાઝા વચ્ચે ઓછામાં ઓછું ૬૦ કિમીનું અંતર જાળવવું, ટોલ કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન સુનિશ્ચિત કરવું અને વૈષ્ણોદેવી યાત્રાળુઓ પાસેથી અન્યાયી ટોલ વસૂલાત બંધ કરવી શામેલ છે. હાઈકોર્ટે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જૂન ૨૦૨૪ માં એક વૈશ્વિક વર્કશોપમાં કહ્યું હતું કે ખરાબ રસ્તાઓ પર ટોલ વસૂલવાનું કોઈ વાજબી કારણ નથી.

**NHAI ની અપીલ અને સુપ્રીમ કોર્ટનો નિર્ણય**

NHAI એ હાઈકોર્ટના આદેશને પડકારતી સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (SLP) દાખલ કરી હતી. NHAI વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે ટોલ દરોમાં દખલ કરીને હાઈકોર્ટે તેના અધિકારક્ષેત્રનો વિસ્તાર કર્યો છે કારણ કે તે કેન્દ્રીય નિયમો દ્વારા સંચાલિત છે. મહેતાએ એમ પણ કહ્યું કે NH-44 ના ચારથી છ લેન સુધીના નવીનીકરણ દરમિયાન, નિયમ ૪(૯) હેઠળ ટોલ ફીમાં ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જેના પરિણામે ટોલ દરના ૭૫ ટકાના દરે વસૂલવામાં આવી રહ્યો હતો.

જસ્ટિસ અભય એસ. ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની સુપ્રીમ કોર્ટની બેન્ચે ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુકતો વચગાળાનો આદેશ જારી કર્યો હતો. કોર્ટે કહ્યું, આ આદેશ સ્ટે રહેશે. કોર્ટે NHAI ને હાલના નિયમો હેઠળ ૭૫ ટકા દરે ટોલ વસૂલવાની મંજૂરી આપી અને કેસની વિગતવાર સુનાવણી માટે ૧૯ મે, ૨૦૨૫ ની તારીખ નક્કી કરી.

**પીઆઈએલ અને અરજદારનો સ્ટેન્ડ**

આ કેસ સુગંધા સાહની દ્વારા લખનપુર, થાંડી ખુયી અને બાન ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સમાં મુક્તિ માંગતી પીઆઈએલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. અરજદારે દલીલ કરી હતી કે NH-44 ના લખનપુર-ઉધમપુર સેક્શનનું બાંધકામ ૨૦૨૧ થી ચાલી રહ્યું છે, અને લગભગ ૭૦ ટકા સેક્શન હજુ પણ અધૂરું છે. બાંધકામને કારણે ખાડા, ડાયવર્ઝન અને રસ્તાની ખરાબ સ્થિતિને કારણે મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે વાહનોમાં ઘસારો વધી રહ્યો છે અને મુસાફરીનો સમય ૩-૪ કલાક વધી ગયો છે.

અરજદારે એવો પણ દાવો કર્યો હતો કે નેશનલ હાઈવે ફી રૂલ્સ, ૨૦૦૮ ના નિયમ ૩ હેઠળ, ટોલ ફક્ત સંપૂર્ણ રીતે બનેલા હાઈવે પર જ વસૂલ કરી શકાય છે. વધુમાં, સાહનીએ ટોલ પ્લાઝા વચ્ચે ૬૦ કિમીના લઘુત્તમ અંતરના નિયમનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો કારણ કે સરોર અને બાન ટોલ પ્લાઝા વચ્ચેનું અંતર ફક્ત ૪૭ કિમી છે.(૪૦.૧૭)

સંગીત સેરેમનીમાં કેજરીવાલ અને ભગવંત માને કર્યો ડાન્સ

# દિલ્હીમાં થયા અરવિંદ કેજરીવાલની દીકરી હર્ષિતાના લગ્ન

લગ્નમાં કેટલાક ખાસ લોકોને જ આપવામાં આવ્યું હતું આમંત્રણ: હર્ષિતાની રિસેપ્શન સેરેમની ૨૦ એપ્રિલના રોજ થશે સેલિબ્રેટ



નવી દિલ્હી તા.૧૯: દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટેલમાં આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલની દીકરી હર્ષિતા જૈન, સંભવ જૈન સાથે લગ્ન બંધનમાં બંધાઈ ગઈ છે. સંગીત સેરેમનીમાં મુખ્યમંત્રી ભગવંત માન પોતાની પત્ની સાથે ડાન્સ કરતાં જોવા મળ્યા. કાર્યક્રમમાં કેટલાક ખાસ મહેમાનોને જ આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આમ આદમી પાર્ટી (AAP)ના વડા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની દીકરી હર્ષિતાના લગ્ન દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટલમાં સંભવ જૈન સાથે થયા. આ પહેલા, ગુરુવારે રાત્રે સંગીત સમારોહમાં, કેજરીવાલ અને તેમની પત્ની ઉપરાંત, પંજાબના સીએમ ભગવંત માન પણ તેમની પત્ની સાથે ડાન્સ કરતાં જોવા મળ્યાં હતાં.

જોકે, કાર્યક્રમમાં ફક્ત કેટલાક ખાસ લોકોને જ આમંત્રણ આપવામાં આવ્યું છે. લગ્નની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. હર્ષિતા અને સંભવ જૈનની રિસેપ્શન સેરેમની ૨૦મી એપ્રિલે યોજાશે. આ કાર્યક્રમમાં ઘણા ખાસ લોકો હાજરી આપે તેવી શક્યતા છે.

લગ્ન સમારોહમાં મર્યાદિત સંખ્યામાં જ લોકો હાજર રહ્યા હતા. ફક્ત પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ભાગ લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, હર્ષિતા કેજરીવાલ અને સંભવ જૈનની રિસેપ્શન સેરેમની ૨૦ એપ્રિલે યોજાશે. સ્વાગતની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

તમને જણાવી દઈએ કે અરવિંદ કેજરીવાલની દીકરી હર્ષિતાએ IITમાંથી અભ્યાસ કર્યો છે. તેના પતિ સંભવે પણ હર્ષિતા સાથે દિલ્હી IITમાંથી અભ્યાસ કર્યો છે. સંભવ જૈન અને હર્ષિતાએ પણ થોડા મહિના પહેલા સ્ટાર્ટઅપ શરૂ કર્યું હતું.

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પુત્રી હર્ષિતા કેજરીવાલે નોઈડાની દિલ્હી પબ્લિક સ્કૂલમાંથી શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું અને ૨૦૧૪માં IIT-JEE એડવાન્સ્ડ પરીક્ષામાં ૩,૩૨૨મો ક્રમ મેળવ્યો હતો. ત્યારબાદ હર્ષિતાએ IIT દિલ્હીમાંથી કેમિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કર્યું, જ્યાં તે તેના વિભાગમાં ત્રીજા સ્થાને રહી. અભ્યાસ દરમિયાન તેને ઘણી પ્રતિષ્ઠિત કંપનીઓ તરફથી નોકરીની ઑફર મળી. સંભવ જૈને એક જિની કંપનીમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે સેવા આપી છે.

આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની દીકરી હર્ષિતા કેજરીવાલના લગ્ન શુક્રવારે થયા. આ કાર્યક્રમ કપૂરથલા હાઉસ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. અગાઉ ૧૭ એપ્રિલે શાંગરી-લા હોટેલમાં સંગીત સમારોહ યોજાયો હતો. રિસેપ્શન ૨૦ એપ્રિલના રોજ યોજાશે.

હર્ષિતા કેજરીવાલ ૨૯ વર્ષની છે અને તેમણે IIT દિલ્હીમાંથી અભ્યાસ કર્યો છે. તેમના નાના ભાઈ પુલકિત કેજરીવાલે પણ JEE માં સફળતા મેળવી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ તેમની પત્ની સાથે તેમના લગ્ન સમારોહમાં હાજરી આપી હતી. તેમનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેઓ જોરશોરથી ડાન્સ કરી રહ્યા છે. (૩૫.૫)

## બાળકોની ફોજ બનાવવા માગે છે ઈલોન મસ્ક: જાપાનની મહિલાને મોકલ્યા સ્પર્મ

હાલમાં મસ્ક ૧૪ બાળકોના પિતા: પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મની મદદથી સંભવિત માતાઓને શોધી રહ્યા હોવાનો ન્યુઝપેપરનો દાવો



ન્યુયોર્ક તા.૧૯: દુનિયાના સૌથી શ્રીમંત માણસ ઈલૉન મસ્ક દુનિયાભરમાં બાળકોની ફોજ બનાવવા ચાહે છે અને એના માટે તેમણે જપાનની એક મહિલાને પોતાનું વીર્ય મોકલાવી આપ્યું છે. ટેસ્લા, સ્પેસઍક્સ, સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ X જેવી કંપનીઓના માલિક મસ્ક બાળકોની ફોજ બનાવવા માટે સંભાવિત માતાઓની ભરતી કરવા માટે પોતાના સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મનો ઉપયોગ કરી રહ્યા છે. બાળકો પેદા કરવાની પ્રક્રિયામાં તેજી લાવવા માટે તેઓ સરોગેટ મધર્સનો પણ ઉપયોગ કરવા માગે છે. આવો અહેવાલ 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'માં પ્રકાશિત થયો છે. ઈલૉન મસ્ક મહિલાઓને રૂપિયા આપીને સખત ગુપ્તતાના કરારનામા પર સહી કરાવી રહ્યા છે.

ઈલૉન મસ્કે ચાર મહિલા સાથે મળીને કુલ ૧૪ બાળકો પેદા કર્યાં છે. જોકે કહેવાય છે કે બાળકોની વાસ્તવિક સંખ્યા એનાથી પણ વધારે હોઈ શકે છે. ન્યુઝપેપરના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જપાનના અધિકારીઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યા બાદ મસ્કે એક હાઈ પ્રોફાઈલ જાપાની મહિલાને પોતાના સ્પર્મ ઉપલબ્ધ કરાવ્યા હતા. (૩૫.૧૦)


**ઉપલેટા**

**ઓફીસ ભાડે આપ. છે**
રાજકોટ આર. કે. ટાવર ઓફીસ ૩૨૦ કારપેટ ૪૩૦, ૧૫૦ રીંગ રોડ, મો. નં. ૯૪૨૭૨ ૨૧૫૯૭

**ઓફીસ ભાડે આપવાની છે**
રાજકોટમાં ઓફીસ ભાડે આપવાની છે. ઉમેશ કોમર્શીયલ કોમ્પ્લેકસમાં ઓફીસ નં. ૧૦૭ મો. નં. ૯૪૨૬૬ ૦૨૮૨૬

**મોરબી**

**મકાન ભાડે આપવું છે**
મોરબીમાં મકાન ભાડે આપવું છે ટુ બીએચકે નીચે ઉપર કાયાજી પ્લોટ-૧ માં રવાપર રોડ, દલાલ માફ ફોન સવારે ૧૦-૩૦ પછી મો. નં. ૯૪૨૮૦ ૦૩૮૬૫, મો. ૮૮૪૯૬ ૧૯૭૦૯ (પાર્થ)

**સફાઇ કામ માટે માણસો જોઇએ છે**
96247 12820

**શેડ વેચવાનો છે**
શાપર ઈન્ડ. એરીયામાં, અતુલ ઓટોની બાજુમાં, પેરાગોન એસેસરીઝવાળી શેરી, બંસીધર ઈન્ડ. શેડ નં. ૧, ૧૦૦ વાર કનેકશન સાથે. નટુભાઇ
94275 64274
99251 69943

**કલાર્ક કમ પટાવાળા જોઇએ છે**
રૂબરૂ મળો : સમય સવારે ૧૦થી ૧, ચામુંડા ક્રેડી કો.ઓ.સોસાયટી, અમરનાથ મંદીર પાસે, બીગબજાર પાછળ, રાજકોટ

**જલારામ પ્રોપર્ટીઝ**
જમીન, મકાન, પ્લોટ ફ્લેટ, દુકાન લે-વેચ તથા ભાડે લેવા- દેવા માટે
(બ્રોકર) રાજુભાઇ રાચ્છ 92763 58956

**મકાન ભાડે આપવાનું**
3 BHK સેમી ફર્નિશ્ડ, ફુલપાણી ગેસ લાઇન, સોલાર હીટર વગેરે
એવરેસ્ટ પાર્ક શેરી નં.3 જડુસ રેસ્ટોરન્ટ પાછળ
કાલાવડ રોડ
(ભાડુ- 14000) બ્રોકર આવકાર્ય
97271 92387

**3 BHK ફ્લેટ વેચવાનો છે**
નાના મૌવા મેઈન રોડ અલય પાર્કની પાછળ ફૂલ ફર્નીચર સાથે. રાજકોટ.
મો.૯૪૨૭૭ ૨૮૩૯૦

**પ્રિન્ટીંગ તથા ગર્મીગનું**
સ્ટાપર ચલાવી શકે તેવા કારીગર તથા હેલ્પર જોઈએ છે
આકર્ષક પગાર સાથે
94272 37286

**પ્લોટ વેચવાનો છે**
કસમાં, 390 વાર
માધાપર સર્વે નં.55
50% બદલામાં પ્લોટ ચાલશે
બ્રોકર આવકાર્ય 93741 00211

**મકાન વેચવાનું છે**
ગુંદાવાડી-22 માં 83 વાર ડુપ્લેક્ષ
મો.77779 46666

**કસમાં મકાન વેચવાનું છે (તાત્કાલીક)**
રૈયા રોડ મીરાનગર મેઈન રોડ ૧/૫ કોર્નર, ''માં મકાન'' ૩ બેડ કોમર્શીયલ થઈ શકે તેવું કિંમત ૮૮ લાખ ૧૦૩ વાર કોર્નર ૩ એન્ટીયુનીટ
ભગવતીભાઇ રાવલ ૮૯૦૫૭ ૬૦૦૬૦

**ભાડે મળશે**
ગોડાઉન, પ્લે હાઉસ, કલાસીસ માટે જગ્યા મળશે.
લીંબુડી વાડી કન્યા છાત્રાલય પાછળ, નિર્મલા રોડ, રાજકોટ.
91067 76841

**ચાલુ સલુન 450 સ્કે.ફુટ આપવાનું છે**
રાજકોટના હાર્દસમા અમિનમાર્ગ પાસે
→ બેસ્ટ લોકેશન, ફુલ્લી ફર્નિશ્ડ
→ લેડીઝ/ જેન્ટ્સ સલુન કમ બ્યુટી પાર્લર
→ તમામ મશીન પ્રોડક્ટ્સ સાથે
CONTACT : 80000 13235

**ફલેટ-ભાડે માટે મળો**
3 BHK
7 રામકૃષ્ણનગર કમીશ્નર બંગલો, વીરાણી ચોક, રાજકોટ.
91067 76841

**જોબ ઓફર**
એરટેલ કંપની માટે પ્રમોટર્સ જોઇએ છે
લોકેશન-રાજકોટ સીટી
સેલેરી-૨૦૦૦૦ + ઇન્સેન્ટીવ
વર્ક-એકટીવીટી અને સીમ કાર્ડ સેલીંગ
કિશનભાઇ 80000 80186 | રેણુકા 98988 04208

**મકાન વેચવાનું છે**
65 વાર ડુપ્લેકસ મકાન મોરબી રોડ સેટેલાઇટ ચોક, વૃજભુમી-૩ રાજકોટ
M.79908 36031
M.98246 30369

**અરજન્ટ જોઇએ છે**
માર્કેટીંગ માટે અનુભવી સ્ટાફ જોઇએ છે: 2
ટેલીકોલર માટે સ્ટાફ જોઇએ છે : 1
બાયોડેટા સાથે રૂબરૂ મળવું
સવારે 10 થી 2 સાંજે 6 થી 8
એડ્રેસ:
ભગવતી એન્ટરપ્રાઇઝ-R. K. Prime
Office: 215- નાનામૌવા સર્કલ, સિલ્વર હાઇટસની બાજુમાં, રાજકોટ. 98254 11665

**ફ્લેટ વેચવાનો છે**
ત્રણ બેડરૂમ+ સીટીંગ રૂમ+ ડાઇનીંગ રૂમ+ કિચન+ ત્રણ બાથરૂમ+ ત્રણ બેડરૂમમાં બાલ્કની+ ડાઇનીંગ રૂમમાં બાલ્કની+ થ્રિસાઇડ ઓપન+ થ્રિસાઇડ રોડ
15/ 2, જંકશન પ્લોટ, નિર્મલા એપાર્ટમેન્ટ કોટી કંપાઉન્ડ સામે, રાજકોટ
રાજુભાઇ - 98257 65159

**જોઇએ છે**

| | |
|---|---|
| ઘરકામ કરી શકે તેવા કુટુંબની (ત્રણથી ચાર સભ્યો) | રહેવાની, રસોડા, બાથરૂમ વિગેરે સગવડતા છે. |
| વાડીની સંભાળ ત્થા દેખરેખ રાખી શકે તેવા કુટુંબની | ૧ જોડી |
| ઓફિસમાં સાફસફાઇ તેમજ અન્ય પરચુરણ કામ માટે ઓફિસબોય | ૨ વ્યકિત વાહન ચલાવતા આવડતું હોવું જરૂરી છે. |
| ઓફિસમાં કોમ્પ્યુટર તેમજ કલેરીકલ કામ માટે. | ૨ જેન્ટસ, ૨ લેડીઝ સ્ટાફ |

મળો: જે. એન. શાહ (વકીલ) ૭૯૯૦૧ ૮૩૬૫૩/૯૪૨૭૪ ૩૨૧૪૫

**વાંકાનેરની ટચુકડી જાહેરખબર**

**હવા ભરવાના હેવી પંપ**
સાયકલ, બાઈક, અને ફોર વ્હીલ સહિત તમામ વાહનોમાં હવા ભરી શકે તેવા હેવી કવોલીટીના પંપ, મળશે. ડેકીમાં સમાઈ શકે તેવા નાના પંપ પણ હાજર માં મળશે. પંપને લગતા સ્પેર પાર્ટસ પંપના હેન્ડલ, પંપની નળી, નોજલ તથા વાઈસર મળશે. પંપ રીપેર પણ કરી આપીશું. મળો :- નેશનલ સાયકલ સ્ટોર ગ્રીન ચોક, વાંકાનેર

**સિલ્વર બ્રેડ**
સ્વાદમાં સભર, કવોલીટીમાં ઉત્તમ બ્રેડ મળો:- ઈશાભાઈ મો. નં. ૯૮૯૮૧ ૬૬૮૨૬, ઈનાયતભાઈ મો. નં. ૮૪૦૧૯ ૯૧૬૪૭, એક્સિસ બેન્ક વાળી શેરી, જવાશા રોડ, વાંકાનેર

આપની દરેક પ્રકારની જાહેર ખબરો આપવા માટે મળો :-
**રાઠોડ ન્યુઝ**
મહંમદભાઇ રાઠોડ મો. ૯૨૨૮૫ ૬૨૪૨૬ ફોન ૦૨૮૨૮ ૨૨૦૭૮૬

**-દાબેલી-**
શુભ પ્રસંગ માટે હોલસેલ ભાવે (જૈન દાબેલી પણ મળશે) પાર્સલ સર્વિસ
દાબેલી મળશે ઓરીજીનલ કચ્છી
'આંગન કોમ્પલેક્ષ', શોપ નં.2, ગ્લોબલ પ્લેટર સામે, જયોતિનગર મેઈન રોડ, કાલાવડ રોડ, રાજકોટ.
પંડીતજી (દાદાની દાબેલી) 88661 76133

ભારતીય રૂપિયાના ઘટાડાને કારણે ભારતીયોની મુશ્કેલીઓ વધી રહી છેઃ સમગ્ર વિશ્વમાં ૧૩ લાખ ભારતીયો અભ્યાસ કરી રહ્યા છે

# ડોલર સામે રૂપિયો તૂટ્યોઃ લોનનો બોજઃ બજેટ બગડ્યુંઃ વિદેશમાં અભ્યાસ ભારતીયો માટે એક સમસ્યા

## જોકે, વિદેશમાં અભ્યાસ કરવો પણ સરળ નથી કારણ કે રૂપિયાના ઘટાડાને કારણે વિદેશી યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવવાનું પડકારજનક બન્યું છે



નવી દિલ્હી તા.૧૯: ભારતીય વિદ્યાર્થીઓમાં વિદેશી શિક્ષણ તરફનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. વૈશ્વિક ધોરણો ધરાવતી ડિગ્રીઓ, આંતરરાષ્ટ્રીય કારકિર્દીની સંભાવનાઓ તેમને વિદેશમાં અભ્યાસ કરવા માટે પ્રેરિત કરે છે. શિક્ષણ માટે વિદેશ જવું હવે માત્ર એક શૈક્ષણિક નિર્ણય નથી રહ્યો પણ આર્થિક સંઘર્ષ પણ બની રહ્યો છે. ભારતીય ચલણ એટલે કે રૂપિયો, જે થોડા સમય પહેલા ડોલર સામે ? ૭૦ પર હતો, તે હવે ? ૮૫ પર પહોંચી ગયો છે.

જયપુરિયા સ્કૂલ ઓફ બિઝનેસના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વિભા વર્માએ જણાવ્યું હતું કે ચલણના મૂલ્યમાં આ ઘટાડો વિદેશમાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓને સીધી અસર કરે છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી યુનિવર્સિટીઓની ફી, રહેઠાણ, આરોગ્ય વીમો, મુસાફરી અને રોજિંદા જીવનના તમામ જરૂરી ખર્ચાઓ સ્વાભાવિક રીતે જ વધે છે.

ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થીની ટ્યુશન ફી ૨૦,૦૦૦ હોય, તો ડોલર રેટ ?૭૦ હોય ત્યારે કુલ ખર્ચ ?૧૪ લાખ થશે. પરંતુ જો ડોલર ? ૮૫ થાય છે, તો તે જ ખર્ચ વધીને ? ૧૭ લાખ થાય છે. આ તફાવત ફક્ત ટ્યુશન પૂરતો મર્યાદિત નથી - હોસ્ટેલ ફી, રહેવાનો ખર્ચ, પુસ્તકો, મુસાફરી અને અન્ય રોજિંદા ખર્ચ પણ ડોલરમાં છે, જેનો બોજ રૂપિયાના ઘટતા મૂલ્યને કારણે વધુ વધે છે.

**વિદ્યાર્થીઓ અને વાલીઓ કયા પડકારોનો સામનો કરી રહ્યા છે?**

મોટાભાગના ભારતીય પરિવારો વિદેશમાં અભ્યાસ માટે શિક્ષણ લોન લે છે. જ્યારે રૂપિયાનું મૂલ્ય ઘટે છે, ત્યારે તેમને વધુ પૈસા ચૂકવવા પડે છે, જેનાથી દેવાનો બોજ વધે છે. રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે, વિદ્યાર્થીઓએ તેમની શિક્ષણ લોનની રકમ વધારવી પડે છે અથવા વધારાની વ્યક્તિગત લોન લેવાની જરૂર પડે છે. અમેરિકા અને અન્ય દેશોમાં ફુગાવો પહેલાથી જ એક મોટી સમસ્યા બની ગયો છે. જ્યારે રૂપિયાનું અવમૂલ્યન આમાં ઉમેરવામાં આવે છે, ત્યારે ભારતીય વિદ્યાર્થીઓ માટે સામાન્ય જીવન પણ એક પડકાર બની જાય છે.

ઘણા વિદ્યાર્થીઓ ગુજરાન ચલાવવા માટે પાર્ટ-ટાઈમ નોકરી કરે છે. પરંતુ આની પોતાની મર્યાદાઓ છે - સમય, નિયમો અને અભ્યાસ પરની અસર. મર્યાદિત બજેટમાં વિદેશમાં અભ્યાસ કરવાનું આયોજન કરનારા પરિવારોને અચાનક તેમના નાણાકીય સંતુલનનું પુનઃસંતુલન કરવાની ફરજ પડી છે.

**વિદ્યાર્થીઓ આ કટોકટીનો સામનો કેવી રીતે કરી રહ્યા છે?**

વિદ્યાર્થીઓ હવે બિનજરૂરી ખર્ચાઓ ટાળી રહ્યા છે - જેમ કે બહાર ખાવાનું, મુસાફરી કરવી અથવા મોંઘી બ્રાન્ડનો ઉપયોગ કરવો. તેઓ શેર કરેલા રહેઠાણમાં રહેવાનું, જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું અને સેકન્ડ હેન્ડ પુસ્તકો ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. ઘણા વિદ્યાર્થીઓ હવે ટ્યુશન ફીનો બોજ ઘટાડવા માટે શિષ્યવૃત્તિ, સંશોધન સહાયકતા અથવા કેમ્પસ નોકરી જેવા વિકલ્પો શોધી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ હવે ચલણના વિનિમય દરો પર નજર રાખે છે અને જ્યારે પણ રૂપિયો થોડો મજબૂત થાય છે ત્યારે ડોલર ખરીદે છે અથવા ફી જમા કરે છે.

કેટલાક વિદ્યાર્થીઓ ફ્રીલાન્સિંગ, ઓનલાઈન ટ્યુટરિંગ અથવા અન્ય ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ડોલર કમાવવા માટે તેમની કુશળતાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય રૂપિયામાં ઉધાર લેવું ઘણા કિસ્સાઓમાં વિદેશી ચલણમાં ઉધાર લેવા કરતાં ઓછું જોખમી અને સલામત હોય છે, ખાસ કરીને એવી સંસ્થાઓ અને કંપનીઓ માટે જેમની આવક મુખ્યત્વે ભારતીય રૂપિયામાં હોય છે.

**સરકાર માટે શું સૂચન છે?**

સરકાર અને નાણાકીય સંસ્થાઓએ આ સમસ્યાની ગંભીરતા સમજવી જોઈએ. આ પડકારજનક પરિસ્થિતિમાં, સરકાર, બેંકિંગ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. અહીં કેટલાક સૂચનો છે

**શિક્ષણ લોનના વ્યાજ દરમાં રાહત**

ચલણ વિનિમય દરો માટે ખાસ વિદ્યાર્થી યોજનાઓ

વિદેશ મંત્રાલય દ્વારા ''વિદ્યાર્થી સહાય પોર્ટલ'' ની સ્થાપના

વિદેશમાં ભારતીય મિશન દ્વારા માર્ગદર્શન અને સહાય.(૩૮.૭)

## દિવસમાં એક વખત જમે છે કરણ જોહર



મુંબઈ,તા.૧૯:તાજેતરમાં કરણ જોહરે સારુંએવું વજન ઉતારી દીધું છે જેના કારણે તે એકદમ દૂબળો લાગે છે. કરણનું આ ઘટેલું વજન ચર્ચાનું કારણ બન્યું હતું અને એવી ચર્ચા થવા લાગી હતી કે કરણને કોઈ બીમારી છે જેની સારવાર ચાલી રહી છે અને આ સારવારને કારણે કરણનું વજન ઘટી ગયું છે. જોકે હવે કરણે પોતે જ તેના વજન ઉતારવાના કારણનો ખુલાસો કરીને તમામ ચર્ચા પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.

કરણે હાલમાં એક ઈન્ટરવ્યુમાં તેના ઘટી ગયેલા વજન વિશે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે 'મારી તબિયત સારી છે અને મને મારો આ સ્લિમ લુક બહુ પસંદ પડ્યો છે. વજન ઘટવાને કારણે હું મારી જાતને વધારે સ્વસ્થ અને ફિટ અનુભવું છું. હકીકતમાં મેં થોડા સમય પહેલાં મારી બ્લડ-ટેસ્ટ કરાવી હતી જેના રિઝલ્ટ પરથી મને ખબર પડી કે મારે મારી ફિટનેસ સુધારવાની જરૂર છે. હું બ્લડ-લેવલ સુધારવા માટે દવાઓ તો ખાઈ જ રહ્યો છું, પણ સાથે-સાથે ડાયટ પણ કરી રહ્યો છું. મારું જે વજન ઘટ્યું છે એનું કારણ ડાયટિંગ છે. હું એક જ વખત જમું છું. આ સિવાય વજન ઘટાડવા માટે મેં પેડલ-બૉલ અને સ્વિમિંગ જેવી ફિટનેસ ઍક્ટિવિટીની મદદ લીધી. મેં મારી હેલ્થને ધ્યાનમાં રાખીને વજન ઘટાડ્યું છે. હું બધાને વિનંતી કરું છું કે માત્ર હેલ્ધી ભોજન જ કરો અને એટલું જ ભોજન કરો જેટલી ભૂખ હોય. સ્વાદિષ્ટ વાનગીઓ વધારે ખાઈ લેવાની લાલચ ન કરવી જોઈએ.(૨૩.૬)

હું બધાને વિનંતી કરું છું કે માત્ર હેલ્ધી ભોજન જ કરો અને એટલું જ ભોજન કરો જેટલી ભૂખ હોય : કરણ

## કુંવારા કે ડિવોર્સી છો?

### કુંવારા કે ડિવોર્સી છો? તો ગુડ ન્યૂઝ છેઃ મેરિડ લોકો કરતાં સ્મૃતિભ્રંશનું જોખમ ઓછું છે



ફ્લૉરિડા તા.૧૯: જો તમે કુંવારા રહેવાનું નક્કી કર્યું હોય અને સગાંસંબંધીઓ વારંવાર પૂછતા હોય કે ક્યારે સિંગલમાંથી મિંગલ થાઓ છો? ત્યારે અમેરિકાની ફ્લૉરિડા સ્ટેટ યુનિવર્સિટીના સંશોધકોનો આ અભ્યાસ જરૂર કહેજો. ધ ઑલ્ઝાઈમર્સ અસોસિએશનની જર્નલમાં છપાયેલા આ અભ્યાસમાં કહેવાયું છે કે જે લોકો અનમૅરિડ છે કે પછી ટૂંકા લગ્નજીવન પછી તેમણે ડિવૉર્સ લઈ લીધા છે તેમને મૅરિડ લોકો કરતાં ડિમેન્શિયા નામનો સ્મૃતિભ્રંશનો રોગ થવાનું જોખમ ઓછું છે.

સામાન્ય રીતે મૅરિડ લોકોને કમ્પેનિયનની મેન્ટલ અને ઈમોશનલ હૂંફ મળતી હોવાથી અનેક સાઈકોલૉજિકલ ફાયદા થતા હોવાનું અભ્યાસમાં કહેવાતું આવ્યું છે. જોકે અમેરિકાની ફ્લૉરિડા સ્ટેટ યુનિવર્સિટીના સંશોધકોએ અનમૅરિડ રહેવાથી સ્મૃતિભ્રંશ જેવા ગંભીર રોગનું જોખમ ઓછું હોવાનો દાવો થયો છે. આ અભ્યાસમાં ૨૪,૦૦૦ અમેરિકન્સનો ૧૮ વર્ષ સુધી અભ્યાસ કરવામાં આવ્યો હતો. તો શું મૅરેજ એ બ્રેઈન માટે ખરાબ છે? લગ્નસંબંધને અત્યાર સુધી ખૂબ સ્ટ્રૉન્ગ પ્રોટેક્ટિવ ફૅક્ટર માનવામાં આવતું હતું, પરંતુ એને કારણે બ્રેઈનની કેટલીક ક્ષમતાઓનો ઉપયોગ ઘટી જાય તો ડિમેન્શિયા જેવી તકલીફ પેદા થઈ શકે છે. ભારતના જાણીતા ન્યુરોલૉજિસ્ટ ડૉ. અવિનાશ કુલકર્ણીનું કહેવું છે કે 'ભારતમાં મૅરિડ સ્ત્રીઓમાં ડિમેન્શિયા વધુ જોવા મળ્યો છે. આ એવી મહિલાઓ છે જેમને તેમની પારિવારિક જવાબદારીઓ અને ભૂમિકામાં જ સીમિત રહેવાનું આવ્યું છે અને તેઓ પર્સનલ ગ્રોથ કે કરીઅરમાં આગળ વધી શકી નથી. ઈમોશનલ અસંતોષ અને જીવનમાં અધૂરપની લાગણીને કારણે મેન્ટલ હેલ્થમાં ફરક પડે છે. બાકી મૅરિટલ સ્ટેટસ માત્રથી ડિમેન્શિયાના જોખમમાં વધ-ઘટ નથી થતી.'(૩૫.૧૧)

નરેન્દ્રભાઇ અને અમિતભાઇના નેતૃત્વમાં ક્રાંતિકારી કદમ: દિલીપ સંઘાણી

# ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય એટલે સહકારી ક્ષેત્ર અને યુવાનોનું ઉજજવળ ભાવિ



**દિલીપ સંઘાણી, અધ્યક્ષ ઇફ્કો અને ગુજકોમાસોલ પૂર્વ મંત્રી ગુજરાત**

રાજકોટ: પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલય ની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ લોકસભા અને રાજ્યસભા બંનેમા પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સહકારી પ્રવૃતિ લોકાભિમુખ જરૂર છે, યુવા શકિતને આવકારી રહી છે, બદલાવ ઈચ્છી રહેલ છે. સહકાર સામાજીક ઉત્ત્થાનનુ અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી .શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી .શ્રી અમીતભાઈ શાહ ભારતની સહકારી પ્રવૃતિને ભાર આપી રહ્યા છે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે.

વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમ ના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકાર ને વેગ અને સહકારમા યુવાનોનું પર્દાપણ છે.

ગુજરાતની સહકારી પ્રવૃતિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃતિથી ઓજસ્વી છે તેમા હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય ''સહકાર થી સમૃધ્ધિનો'' માર્ગ બનશે જેમા પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃતિઓ દ્રારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે વિશ્વવિદ્યાલયના ડિગ્રી શિક્ષણમા યુવાનોની સામેલગીરી સહકારને નવી શકિત પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે - વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે. ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનુ કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. પ્રધાનમંત્રી નું સુત્ર ''સહકાર થી સમૃધ્ધી'' ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શકિતમા સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે.(૩૮.૧૩)

## એક યુવકે પ્રેમિકાના કહેવા પર પોતાની ગર્ભવતી પત્નીનું રૂમાલ વડે ગળું દબાવીને હત્યા કરી

ઘોર કળિયુગ: જાનુડીએ જાનુ પાસે કરી વિચિત્ર ડિમાન્ડ... પહેલા તારી પત્નીને રસ્તામાંથી હટાવી દે, પતિએ તરત ઈચ્છા પૂરી કરી દીધી



અજમેર તા.૧૯:અ રાજસ્થાનના અજમેરના પીસાંગન ઉપખંડના માંગલિયાવાસ પોલીસ સ્ટેશન વિસ્તારના ડોડિયાના ગામમાં એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે. અહીં એક યુવકે પ્રેમિકાના કહેવા પર પોતાની ગર્ભવતી પત્નીનું રૂમાલ વડે ગળું દબાવીને હત્યા કરી નાખી. માંગલિયાવાસ પોલીસે ૨૪ કલાકમાં આ કેસમાં ખુલાસો કરતા પતિ અને તેની પ્રેમિકાની ધરપકડ કરી લીધી. કોર્ટે પ્રેમિકાને જેલમાં મોકલી દેવાનો આદેશ આપ્યો છે. આરોપી પતિને બે દિવસ સુધી પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યો છે.

માંગલિયાવાસના પોલીસ અધિકારી રામચંદ્ર ચૌધરીના જણાવ્યા અનુસાર, ૧૪ એપ્રિલના રોજ મોબાઈલ પર સૂચના મળી હતી કે, ડોડિયાના ગામમાં શોભાદેવી (૨૪)નું સંદિગ્ધ અવસ્થામાં મોત થઈ ગયું છે. પોલીસે ઘટનાસ્થળે જઈને જોયું તો મૃતક ગર્ભવતી લાગી રહી હતી. તેના ગળા પર ઘાના નિશાન હતા. આ મામલાની ગંભીરતા જોતા ઘટનાસ્થળ પર મોબાઈલ ફોરેન્સિક યુનિટ પણ નિરીક્ષણ કરવા આવી. મૃતકની લાશને જવાહરલાલ નહેરુ હોસ્પિટલ અજમેરમાં પોસ્ટમોર્ટમ કરાવીને અંતિમ સંસ્કાર માટે પરિવારને સોંપી દેવામાં આવી.

ઈન્ચાર્જ અધિકારીએ જણાવ્યું કે, શોભાદેવીના મોતનો રિપોર્ટ બીજા દિવસે ૧૫ એપ્રિલના રોજ તેમના પિતાએ નોંધાવ્યો હતો. તેમાં આરોપ લગાવ્યો હતો કે તેમની દીકરી શોભાદેવીની હત્યા તેના પતિ શિવજી ગુર્જરે પોતાની પ્રેમિકા રેખા સાથે મળીને કરી છે. તેના પર પોલીસ અધીક્ષક વંદિતા રાણાના નિર્દેશનમાં એક ખાસ ટીમ બનાવી. ટીમે ૨૪ કલાકમાં આ કેસમાં ખુલાસો કરતા આરોપી પતિ ડોડિયાના નિવાસી શિવજી અને મોડીનાડીની રહેવાસી પ્રેમિકા રેખાની ધરપકડ કરી લીધી છે.

બંને આરોપીઓ સાથે પૂછપરછમાં જાણવા મળ્યું કે, શિવજી ભજન ગાયક છે. ૫ વર્ષ પહેલા ડોડિયાનામાં આવેલા માતાજીના મંદિરમાં રેખા સાથે તેની મુલાકાત થઈ હતી. ત્યાર બાદ બંને વચ્ચે પ્રેમ થયો. રેખાએ શિવજીને કહ્યું કે, તે તેની સાથે લગ્ન કરશે, પણ પહેલા તેની પત્નીને રસ્તામાંથી હટાવવા માગતી હતી. તેના પર શિવજી ૧૩ એપ્રિલની રાતે પોતાની પત્નીને રૂમાલથી ગળું દબાવીને તેની હત્યા કરી નાખી.

ત્યાર બાદ તેણે પોતાની પ્રેમિકા રેખાને ફોન કરીને જણાવ્યું કે, કામ થઈ ગયું. પહેલા બંને આરોપી પોલીસને ગુમરાહ કરતા રહ્યા, પણ જ્યારે તેમની સાથે કડકાઈથી પૂછપરછ કરી તો હત્યાની આ ઘટનાની આખી કહાની સામે આવી. શોભા દેવીની હત્યાથી તેની બે માસૂમ દીકરી મા વિનાની થઈ ગઈ. શોભા દેવીને એક અઢી વર્ષ અને એક પાંચ વર્ષથી બે દીકરીઓ છે.(૩૫.૭)

મેરઠના બ્રહ્મપુરીમાં અઝીમે ભાઈ અને ભાભી પર ૨૫ વર્ષ મોટી વિધવા મહિલા સાથે છેતરીને લગ્ન કરાવવાનો આરોપ લગાવ્યો છે. જોવા ગયા ત્યારે ૨૦ વર્ષની દીકરી બતાવી પણ લગ્ન તેની માતા ૪૫ વર્ષની વિધવા મહિલા સાથે કરાવી દીધા. વિરોધ કર્યો તો ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી દીધી

# વરરાજાનો મામું બની ગયોઃ જોવા ગયા ત્યારે ૨૦ વર્ષની જવાન દીકરી બતાવી પણ પરણાવી દીધી ૪૫ વર્ષની વિધવા મહિલા



મેરઠ તા.૧૯: પશ્ચિમ ઉત્તર પ્રદેશનો મેરઠ જિલ્લો હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. સૌરભ રાજપૂત હત્યાકાંડ બાદથી મેરઠ મીડિયામાં છવાયેલું છે. હવે મેરઠના બ્રહ્મપુરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક યુવકે પોતાની ભાભી અને ભાઈ પર ગંભીર આરોપ લગાવતા ન્યાયની માગણી કરી છે. યુવકનો આરોપ છે કે, તેના ભાઈ અને ભાભીએ મળીને તેને છેતરી ૨૫ વર્ષ મોટી વિધવા મહિલા સાથે લગ્ન કરાવી દીધા. વિરોધ કરતા તેને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રહ્યા છે. બુધવારે યુવકે એસએસપીને મળ્યો અને મદદ માગી છે.

આ મામલો મેરઠના બ્રહ્મપુરી વિસ્તારનો છે. જ્યાં તારાપુરીના રહેવાસી અઝીમ નામના યુવકે બુધવારે મેરઠ એસએસપી કાર્યાલયે પહોંચી એક આવેદન પત્ર સોંપ્યું હતું. અઝીમનું કહેવું છે કે, તેના માતા-પિતાનું નિધન થઈ ચૂક્યું છે અને મોટા ભાઈ નદીમ અને ભાભી શાયદા સાથે પૈતૃક ઘરમાં રહે છે. આવેદનમાં અઝીમે આરોપ લગાવ્યો કે, ૩૧ માર્ચ ૨૦૨૫ના ઈદના રોજ તેની ભાભી શાયદાએ એવું કહીને ફાઝલપુર બોલાવ્યો કે તેના લગ્ન પોતાની મોટી વિધવા બહેન તાહિરાની દીકરી મંતશા સાથે કરાવશે. અઝીમ વિશ્વાસ મૂકીને ત્યાં પહોંચી ગયો, ત્યાં તેને છોકરી બતાવવામાં આવી, ત્યારબાદ તેણે લગ્ન માટે હા પાડી દીધી અને તે જ સાંજે લગ્ન નક્કી થઈ ગયા.

ફાઝલપુરની મોટી મસ્જિદમાં જ્યારે મૌલાના નિકાહ પઢવા લાગ્યા, તો અઝીમને ખબર પડી કે તેના લગ્ન મંતશા સાથે નહીં પણ તેની માતા, ૨૫ વર્ષ મોટી વિધવા તાહિરા સાથે થઈ રહ્યા છે. જ્યારે અઝીમે વિરોધ કર્યો તો આરોપ છે કે તેના મોટા ભાઈ નદીમ, ભાભી શાયદા અને અન્ય પરિવારના લોકોએ તેની સાથે મારપીટ કરી અને ધમકી આપી કે તેણે કોઈને ફરિયાદ કરી તો દુષ્કર્મના ખોટા કેસમાં તેને ફસાવી દેવામાં આવશે.

યુવકે આરોપ લગાવ્યો કે, જ્યારે તેને સતત હેરાન કરવામાં આવ્યો તો તે માનસિક રીતે ખૂબ જ હેરાન થયો. અઝીમનું કહેવું છે કે તેને ન્યાય જોઈએ છે અને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ. આ મામલાની ગંભીરતા જોતા ઉચ્ચ અધિકારીઓએ સંબંધિત પોલીસ સ્ટેશનને તપાસ કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા છે.(૩૮.૨)

તેલંગાણામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી

## પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા મહિલાએ પોતાના 3 બાળકોને દહીંમાં ઝેર ભેળવીને ખવડાવ્યું




હૈદ્રાબાદ,તા.૧૯: તેલંગાણામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. અહીં એક મહિલાએ પોતાના પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા માટે કથિત રીતે પોતાના ત્રણ બાળકોને દહીં અને ભાતમાં ભેળવેલું ઝેર ખવડાવ્યું અને પોતે પણ થોડું ઝેર ખાઈ લીધું જેથી કોઈને શંકા ન થાય. બાદમાં, તેણીને પણ બાળકો સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, જ્યાં તેનો જીવ બચી ગયો પરંતુ બાળકોને બચાવી શકાયા નહીં.

સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, ગયા મહિને સંગારેડીમાં બનેલી આ ઘટનાની તપાસ ચાલુ છે. આરોપી રજીતા એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. જે રાત્રે તેણીએ તેના ત્રણ બાળકોને ઝેરી દહીં ભાત ખવડાવ્યું તે રાત્રે તેનો પતિ ઘરે હાજર નહોતો. ત્રણ બાળકો અને માતા પર ઝેરની અસર જોઈને પોલીસને પહેલો શંકા પતિ પર પડી. કારણ કે પરિવારમાં તે એકમાત્ર વ્યક્તિ બચ્યો હતો, પરંતુ પૂછપરછ દરમિયાન પોલીસને તેની પાસેથી વધુ કોઈ માહિતી મળી ન હતી.

ઈન્ડિયા ટુડેના રિપોર્ટ મુજબ, રજિતાએ ત્રણેય બાળકોની હત્યાનું આયોજન ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે રજીતા તેના એક ભૂતપૂર્વ સહાધ્યાયીને સ્કૂલ રિયુનિયન દરમિયાન મળી હતી... જ્યાંથી તેઓએ વાત કરવાનું શરૂ કર્યું અને પછી ધીમે ધીમે લગ્નેત્તર સંબંધ શરૂ થયો. રજિતા પોતાના લગ્નજીવનથી નાખુશ હતી અને પોતાના પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા માંગતી હતી પરંતુ તેના બાળકો તેના માટે સૌથી મોટી સમસ્યા બની રહ્યા હતા. તેણીને લાગ્યું કે તે બાળકો સાથે ઘરની બહાર નીકળી શકશે નહીં.

તેથી, તેણે એક યોજના બનાવી અને દહીં અને ભાતમાં ઝેર ભેળવીને બાળકોને ખવડાવ્યું. બાળકોએ તે ખાધું અને ત્યારબાદ તેમને ગંભીર બીમારીના લક્ષણો દેખાવા લાગ્યા. બીજા દિવસે સવારે, જ્યારે ચેન્નાઈ તેની રાત્રિ શિફ્ટમાંથી પાછો ફર્યો, ત્યારે રજીતા અને બાળકો બેભાન થઈ ગયા હતા. તે તેમને ઉપાડીને હોસ્પિટલ લઈ ગયો પણ ત્યાં સુધીમાં બાળકો મૃત્યુ પામ્યા હતા.(૪૦.૧૧)

**આઠ વર્ષ જૂનાં વાહનો પર ટેક્સ, પેનલ્ટી, વ્યાજની રકમ માફ થશે**

# સ્ક્રેપ પોલિસીનો પહેલી મેથી અમલ રાજ્યમાં અંદાજે ૪૫ લાખ વાહનો

અમદાવાદ,તા.૧૯: રાજ્ય સરકારની સ્ક્રેપ પોલિસીનો પહેલી મેથી અમલ શરૂ થઈ રહ્યો છે. પોલીસી અંતર્ગત રાજ્યમાં આઠ વર્ષ કે તેનાથી વધુ વર્ષ જૂનાં વાહનો પર સરકાર માન્ય સ્ક્રેપિંગ સેન્ટરમાં આપવામાં આવશે તો વાહન સ્ક્રેપની કિંમત મળવાની સાથે વાહન પર બાકી આરટીઓ ટેક્સ, પેનલ્ટી, વ્યાજ અને ચલણની રકમ પણ માફ થઈ જશે. સ્ક્રેપ પોલિસી હેઠળ ડિટેઈન વાહનો સ્ક્રેપમાં આપી શકાશે નહીં અને વાહન પર ટેક્સ સહિતની રકમ માફીનો પણ કોઈ લાભ નહીં મળે. પોલિસીની સમયમર્યાદા માત્ર પહેલી મેથી ૩૦મી એપ્રિલ-૨૦૨૬ એટલે કે, એક વર્ષ સુધી જ રહેશે. રાજ્યમાં અંદાજે ૪૫ લાખ વાહનો આઠ વર્ષ કે તેથી વધુ જૂના છે જ્યારે અમદાવાદમાં અંદાજે ૧૯ લાખ વાહનો છે.

હાલ રાજ્યમાં અંદાજે ૨.૦૬ કરોડ વાહનની સંખ્યા છે, આમાંથી આઠ વર્ષ જૂના અંદાજે ૪૫ લાખ વાહનો છે. જેમાંથી ૭.૮૦ લાખ ટ્રાન્સપોર્ટ અને ૩૭.૨૦ લાખ વાહનો ખાનગી છે. સરકારની સ્ક્રેપ પોલિસી હેઠળ વાહન સ્ક્રેપમાં આપીને વાહન સ્ક્રેપની કિંમત. વિવિધ ટેક્સ અને વ્યાજ માફી ઉપરાંત તેના સર્ટિફિકેટથી નવા વાહન પર સરકારની અન્ય યોજનાનો લાભમેળવી શકશે. વાહન ડીલરે નવા વાહનના પુરાવાની સાથે સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરનું વાહન માલિકના નામનું સર્ટિફિકેટ મૂકવાનું રહેશે.(૪૦.૬)

## આરટીઓ ટેક્સની રકમમાં ૨૫ ટકા ડિસ્કાઉન્ટ

સ્ક્રેપ પોલિસી અંતર્ગત ખાનગી વાહન સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરમાં આપશે ત્યારે વાહન માલિકને સેન્ટર પરથી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટનો પત્ર મળશે. જે નવા વાહનની ખરીદી વખતે આરટીઓ ટેક્સની ૬ ટકા પ્રમાણે ભરવાની થતી કુલ રકમમાંથી ૨૫ ટકા રકમ વાહન માલિકને ડિસ્કાઉન્ટ મળશે. રિબેટની રકમનો એક જ વાર ફાયદો થશે.

**ટ્રાન્સપોર્ટ વાહનમાં ટેક્સની રકમમાં ૧૫ ટકા રાહત**

સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરમાં પોતાનું કોમર્શીયલ વાહન સ્ક્રેપમાં આપનાર માલિકને વાહનની કિંમત ઉપરાંત સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટનો પત્ર મળશે. વાહન માલિક સર્ટિફિકેટના આધારે નવા કોમર્શિયલ વાહનની ખરીદી વખતે વાહન પર આરટીઓ ટેક્સની ૬ ટકા પ્રમાણે થતી કુલ રકમમાંથી ૧૫ ટકા રાહત મેળવી શકશે. ટેક્સનો ફાયદો સમાંતર કેટેગરીના કોમર્શિયલ વાહન પર જ મળશે.

ઉત્તર પ્રદેશના અલીગઢનો મામલો હજુ શાંત નથી પડ્યો ત્યાં બદાયૂંમાંથી એક વિચિત્ર ઘટના સામે આવી

## ભારે કરીઃ વેવાણને વેવાઈ સાથે પ્રેમ થયો, બાળકોને મૂકી બંને ઘર છોડી ભાગી ગયા



બદાયૂં તા.૧૯: આ ચોંકાવનારો કિસ્સો જિલ્લાના દાતાગંજ કોતવાલી વિસ્તારના એક ગામનો છે. અહીં રહેનારા એક શખ્સે પોલીસ ચોકીમાં ફરિયાદ નોંધાવી છે કે તેણે પોતાની દીકરીના લગ્ન સિવિલ લાઈન વિસ્તારમાં રહેતા એક યુવક સાથે નક્કી કર્યા હતા. લગ્ન બાદ યુવકના પિતા પોતાના દીકરાના સાસરિયામાં આવતા-જતા રહેતા. આ દરમ્યાન યુવકના પિતા અને તેની સાસુ વચ્ચે પ્રેમ થઈ ગયો.

બાદમાં બંનેએ એકસાથે જિંદગી જીવવાનો નિર્ણય લીધો. ત્યારબાદ મહિલા એટલે કે યુવકની સાસુ પોતાના વેવાઈ સાથે ફરાર થઈ ગઈ. આ મામલો ધ્યાનમાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો.

કહેવાય છે કે, પીડિત વ્યક્તિ વ્યવસાયે ડ્રાઈવર છે અને મહિનાઓ સુધી ઘરે નથી આવતો. તે પોતાની પત્નીને સમયસર પૈસા મોકલતો રહે છે. પણ આ દરમ્યાન પત્ની અને વેવાઈ વચ્ચે પ્રેમ થઈ ગયો.

પીડિતનો આરોપ છે કે, તેની ગેરહાજરીમાં તેની પત્ની હંમેશા વેવાઈને બોલાવી લેતી. ઘટનાના દિવસે મહિલા ઘરેથી ઘરેણાં અને રોકડ રકમ લઈને વેવાઈ સાથે ભાગી ગઈ. ત્યારબાદ આખા ગામમાં આ પ્રેમ પ્રસંગને લઈને અલગ અલગ ચર્ચાઓ થઈ રહી છે.

આ મામલામાં પ્રભારી નિરીક્ષક દાતાગંજ ગૌરવ બિશ્નોઈએ જણાવ્યું કે, આ મામલે તપાસ ચાલી રહી છે. હાલમાં પોલીસ બંનેને શોધી રહી છે.(૩૮.૩)

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com

# ધ્રાંગધ્રા હરિપરના મીનાબેને ભાઇના વિયોગમાં ઘાસપુરમાં માવતરને ત્યાં ગળુ કાપી જીવ દીધો

## પાંચ બહેનના એકના એક ભાઇએ બે મહિના પહેલા આત્મહત્યા કરી લીધી ત્યારથી ગુમસુમ રહેતાં હોઇ પગલુ ભર્યુ: પરિવારજનોમાં શોક: રાજકોટમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ

રાજકોટ તા. ૧૯: ધ્રાંગધ્રાના હરિપર ગામે સાસરૂ ધરાવતાં મીનાબેન કિશોરભાઇ રાઠોડ (ઉ.વ.૪૨) નામના મહિલાએ સુરેન્દ્રનગરના પાટડી તાબેના ઘાસપુર ગામે રહેતાં પિતા મંગાભાઇ મોહનભાઇ વાઘેલાના ઘરે ગઇકાલે સવારે પોતાના ગળા પર છરી હુલાવી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બે મહિના પહેલા જ તેમના ભાઇએ આપઘાત કર્યો હોઇ તેના વિયોગમાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું.

જાણવા મળ્યા મુજબ મીનાબેન રાઠોડ ત્રણેક દિવસ પહેલા હરિપરથી માવતરને ત્યાં ઘાસપુર ગામે આંટો દેવા ગયા હતાં. ગઇકાલે સવારે તે બાથરૂમમાં ગયા બાદ મોડે સુધી બહાર આવ્યા નહોતાં. દરમિયાત તેણીના પિતા મંગાભાઇ બાથરૂમ માટે ગયા ત્યારે અંદરથી લોહી બહાર આવતું હોઇ દરવાજો ખખડાવવા છતાં નહિ ખોલાતાં દરવાજો તોડીને જોતાં દિકરી મીનાબેન લોહીલુહાણ મળી હતી. તેણે ગળા પર છરી હુલાવી લીધાનું જણાતાં પરિવારજનો હતપ્રભ થઇ ગયા હતાં. તુરત જ બેભાન હાલતમાં સારવાર માટે વિરમગામ લઇ ગયા હતાં. પરંતુ ડોકટરે તેણીને મૃત જાહેર કર્યા હતાં. પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો.

આપઘાત કરનાર મીનાબેનના પતિ કિશોરભાઇ પુંજાભાઇ રાઠોડ ખેતી કરે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પિતા મંગાભાઇ પણ ખેતી કરી ગુજરાન ચલાવે



છે. તેણે કહ્યું હતું કે મારે પાંચ દિકરી અને એક દિકરો પૈકી દિકરા સહદેવે બે મહિના પહેલા જ આત્મહત્યા કરી લીધી હતી. એકના એક ભાઇના મૃત્યુ પછી મારી દિકરી મીનાબેન સતત ગુમસુમ રહેતી હતી. ભાઇના વિયોગમાં તેણે આપઘાત કરી લીધો હતો. (૧૪.૬)

# રિલાયન્સ ડિવિડન્ડ આપવાના મૂડમાં: ૨૫ એપ્રિલે જાહેરાત કરશે

## નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (Q4FY25) ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરવામાં આવશે: આ ઉપરાંત ઇક્વિટી શેર પર ડિવિડન્ડની ભલામણ કરવામાં આવશે: બોર્ડ મીટિંગ ૨૫ એપ્રિલના રોજ યોજાવાની છે



મુંબઈ,તા.૧૯: મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તેના રોકાણકારોને ડિવિડન્ડ આપવા જઈ રહી છે. કંપનીએ આ સંદર્ભમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જને જાણ કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જણાવ્યું હતું કે બોર્ડ મીટિંગ ૨૫ એપ્રિલના રોજ યોજાવાની છે. આ બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (Q4FY25) ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત, ઈક્વિટી શેર પર ડિવિડન્ડની ભલામણ કરવામાં આવશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, કંપની ભંડોળ એકત્ર કરવાની પણ યોજના બનાવી રહી છે. આ યોજના એક અથવા વધુ તબક્કામાં ખાનગી પ્લેસમેન્ટ ધોરણે લિસ્ટેડ, સુરક્ષિત/અન-સિક્યોર્ડ, બિન-કન્વર્ટિબલ ડિબેન્ચર જારી કરીને ભંડોળ એકત્ર કરવાની છે.

ગુરુવારે છેલ્લા ટ્રેડિંગ દિવસે, રિલાયન્સના શેરમાં લગભગ ૩ ટકાનો વધારો જોવા મળ્યો. ટ્રેડિંગના અંતે, શેર રૂ. ૧૨૭૪.૫૫ પર બંધ થયો. આ પાછલા દિવસ કરતા ૨.૯૦% નો વધારો દર્શાવે છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે ગુડ ફ્રાઈડેના કારણે શેરબજાર બંધ હતા. હવે ટ્રેડિંગ સોમવારે થશે. આ સમયગાળા દરમિયાન, રોકાણકારો રિલાયન્સના શેર પર નજર રાખશે. ૭ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આ શેર રૂ. ૧,૧૧૫.૫૫ ના નીચા સ્તરે પહોંચ્યો હતો. આ શેરનો ૫૨ અઠવાડિયાનો નીચો ભાવ છે. આ શેરનો ૫૨ સપ્તાહનો ઉચ્ચતમ ભાવ રૂ. ૧,૬૦૮.૯૫ છે.

૧૬ જાન્યુઆરીના રોજ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. આ ક્વાર્ટરમાં કંપનીનો નફો અપેક્ષા કરતા ૧૧.૯% વધુ વધીને ૨૧,૮૦૪ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. Q3 માં કામગીરીમાંથી આવક રૂ. ૨૪૩,૮૬૫ કરોડ થઈ, જે Q3 FY24 દરમિયાન નોંધાયેલા રૂ. ૨૨૭,૯૭૦ કરોડની સરખામણીમાં ૬.૯૭ ટકા વધુ છે. રિલાયન્સના રિટેલ વ્યવસાયે આ ક્વાર્ટરમાં રૂ. ૯૦,૩૩૩ કરોડની આવક નોંધાવી હતી, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ૮.૮ ટકા વધુ છે. (૪૦.૧૬)

## અવસાન નોંધ

**બાબુભાઇ ગુજરાતી**

રાજકોટ: સ્વ.બાબુભાઇ કાનજીભાઇ ગુજરાતી (મુળ:ભાટગામ) ખાંટ-રાજપુત તેઓ શ્રી જેન્તીભાઇ તથા ભરતભાઇના પિતાશ્રી તેમજ ધીરૂભાઇ તથા રમેશભાઇ ગુજરાતીના મોટાભાઇનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧ને સોમવાર સાંજે ૪ થી ૬:૩૦ તેમના નિવાસસ્થાન લોહાનગર, રામાપીરના મંદીરની સામેની શેરી, જૈન ચાલ પાછળ, ગોંડલ રોડ રાખેલ છે. (૩૫.૧૯)

# કોરોના વિશેનું સૌથી મોટું સત્ય કોણે છુપાવ્યું? વ્હાઇટ હાઉસના 'લેબ લીક' માટે બિડેન જવાબદાર

## વ્હાઇટ હાઉસે કહ્યું છે કે આ વેબસાઇટ બતાવે છે કે કોવિડ-૧૯ ખરેખર ક્યાંથી શરૂ થયો હતો: ડેમોક્રેટ રાજકારણીઓ અને મીડિયાએ વૈકલ્પિક સારવાર અને લેબ લીક થિયરીને કેવી રીતે બદનામ કરવાનો પ્રયાસ કર્યો

વોશીંગ્ટન, તા.૧૯: કોવિડ મહામારીએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું હતું. જ્યારે આ વાયરસ ૨૦૧૯ ના અંતમાં ચીનના વુહાન શહેરમાં પ્રથમ વખત દેખાયો, ત્યારે તેના મૂળ વિશે ચર્ચા શરૂ થઈ. શું આ વાયરસ કુદરતી રીતે ફેલાયો હતો કે પછી કોઈ લેબમાંથી લીક થયો હતો? આ પ્રશ્ન વારંવાર ઉઠાવવામાં આવ્યો છે. હવે યુએસ વ્હાઇટ હાઉસે ફરી એકવાર આ ચર્ચાને વેગ આપ્યો છે. વેબસાઇટ પર એક નવું પેજ શરૂ કરીને, અમેરિકાએ ચીનની વુહાન લેબને વાયરસનું મૂળ ગણાવ્યું છે અને દાવો કર્યો છે કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેન



અને એન્થોની ફૌસીએ આ સત્યને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. આ નવા ખુલાસા સાથે, વિશ્વભરમાં કોરોના પર ફરી એકવાર ચર્ચા તેજ થઈ ગઈ છે.

ખરેખર શું થયું કે વ્હાઇટ હાઉસની વેબસાઈટમાં હવે એક નવું પેજ ઉમેરવામાં આવ્યું છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે કોરોના વાયરસ ચીનના વુહાનની એક લેબમાંથી ઉદ્ભવ્યો છે. નવા પેજ પર LAB LEAK: The True Origins of COVID-19 શીર્ષક સાથે એક બેનર છે. પેજ પર દાવો કરવામાં આવ્યો છે કે ડૉ. ફૌસી અને બિડેનના નેતૃત્વ હેઠળની પાછલી સરકારે વાયરસના મૂળ સંબંધિત માહિતી છુપાવવાનો પ્રયાસ કર્યો હતો અને ઘણા વર્ષોથી મૂંઝવણ ફેલાવવામાં આવી હતી.

વ્હાઇટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ વેબસાઇટ બતાવે છે કે કોવિડ-૧૯ ખરેખર ક્યાંથી શરૂ થયો અને ડેમોક્રેટ નેતાઓ અને મીડિયાએ વૈકલ્પિક સારવાર અને લેબ લીક થિયરીઓને કેવી રીતે ખોટા સાબિત કરવાનો પ્રયાસ કર્યો. આ પેજમાં ધ પ્રોક્સિમલ ઓરિજિન ઓફ SARS CoV 2 નામના અહેવાલનો પણ ઉલ્લેખ છે, જેનો ઉપયોગ જાહેર આરોગ્ય અધિકારીઓ અને મીડિયા દ્વારા લેબ લીક થિયરીને ખોટી ઠેરવવા માટે વારંવાર કરવામાં આવ્યો છે. વેબસાઈટનો દાવો છે કે આ રિપોર્ટ ડૉ. ફૌસીએ પોતે ફોરવર્ડ કર્યો હતો.

આ પાના પર લખ્યું હતું કે વાયરસમાં એવા જૈવિક લક્ષણો છે જે કુદરતી રીતે જોવા મળતા નથી.

બધા ચેપગ્રસ્ત કેસો એક જ સ્ત્રોતમાંથી ઉદ્ભવ્યા હતા, જે અગાઉના રોગચાળામાં નહોતું. જે વુહાન લેબ વિશે વાત થઈ રહી છે, તેમાં ભૂતકાળમાં પણ કોઈપણ સલામતીના પગલાં વિના આનુવંશિક સંશોધન કરવામાં આવ્યું છે. લેબમાં કામ કરતા વૈજ્ઞાનિકો ૨૦૧૯ ના અંતમાં કોવિડ જેવા લક્ષણોથી બીમાર પડ્યા હતા.

અત્યાર સુધી કોઈ વૈજ્ઞાનિક પુરાવા મળ્યા નથી જે સાબિત કરે કે વાયરસ કુદરતી રીતે ઉદ્ભવ્યો છે. (૨૨.૬)

# રાણાવાવ પંથકમાં બી.એસ.એન.એલ. મોબાઇલ નેટવર્કમાં ધાંધિયા

(હેમેન્દ્રકુમાર પારેખ દ્વારા) પોરબંદર તા. ૧૯: રાણાવાવ બીએસએનએલ મોબાઈલ નેટવર્કમાં ધાંધિયા રહે છે.

રાણાવાવ બરડા પંથકમાં બીલેશ્વર સહિત અન્ય ધાર્મિક સ્થળો તેમજ ખંભાળા જળાશય આવેલ છે. જળાશયની સ્થિતિ જાણવા માટે મોબાઈલ નંબર કે લેન્ડ લાઈન ફોન લાગતા ૨ થી અને ફોન જોડવામાં આવે તો કોમ્પ્યુટર હાઈસડ સૂચના આવે રાખે છે તેવી ફરિયાદો છે. (૭.૨૧)

# બિન્દુબેન બાબુલાલ વેદનું અવસાન: સાંજે ઉઠમણું



રાજકોટ: નવગામ ભાટીયા નિવાસી જોડીયાવાળા હાલ રાજકોટ બાબુલાલ દયાળજી વેદના ધર્મપત્ની બિન્દુબેન બાબુલાલ વેદ (ઉ.વ.૭૮) તે હરિક્રિષ્ન બાબુલાલ વેદ, ભાવીની મુકેશ ઉદેશી અને સૈફાલી શૈલેષ આસરના માતૃશ્રી, અ.સૌ. વર્ષાના સાસુ, યક્ષ, હિતના દાદીમાં પિનાકીનના કાકી સ્વ.બાબુલાલ પોપટલાલ આશર કોડીનાર વાળાના દિકરી શ્રીજી ચરણ પામેલ છે. તેમની સ્મશાન યાત્રા આજે તા.૧૯ના સવારે તેમના નિવાસ સ્થાન "શ્રી ક્રિષ્ન વિજય", ૧૫ પંચનાથ પ્લોટથી ખાતેથી નિકળી હતી. સદગતનું ઉઠમણું આજે તા.૧૯ના સાંજે ૫ થી ૬-૩૦ કલાકે ભાટીયા બોર્ડીંગ રેલ્વે જંકશન સામે રાજકોટ ખાતે રાખેલ છે. (૨.૧૯)

## મુઠીભર સ્ટાફની બેદરકારી સામે મોટી સંખ્યામાં ૪૩ ડિગ્રીમાં ફરજ બજાવતા સ્ટાફની પીઠ થાબડવાનો પોલીસ કમિશનરના નિર્ણય પર સ્ટાફ આફ્રિન

# ઉપર છત્રી..બ્રાન્ડેડ ગોગલ્સ, પાણી, જરૂરી દવાઓ, ORS પાઉચ સાથે વડોદરા સીપી નરસિંહમાં કોમાર રોડ પર પહોંચ્યા



## ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની મદદથી કીટ વિતરણ..ફરજ નિષ્ઠામા પાછા નહીં પડીએ: વગર બોલીએ... સીપીને ખાત્રી આપી

રાજકોટ તા. ૧૯: કાળઝાળ ગરમીમાં લોકો ગરમભઠ્ઠા જેવી સ્થિતિ અનુભવી રહ્યા છે, ત્યારે રોડ પર ફરજ બજાવતા પોલીસ સ્ટાફની શું હાલત થશે? આ પોલીસ વિશે બીજી ફરિયાદ હોય તે અલગ પ્રશ્ન છે. મુઠીભર પોલીસ સ્ટાફ ફરજમાં બેદરકારી પણ રાખતા હોય તેનો પણ ઈન્કાર નહીં, પરંતુ મોટા ભાગનો સ્ટાફ જે આવી ૪૩ ડિગ્રી ગરમીમાં ફરજ બજાવે છે તેનું શું? આ વિચારથી જ સ્વચ્છ છબી સાથે માનવીય અભિગમ ધરાવતા વડોદરા પોલીસ કમિશ્નરે મનોમંથન કરી પોતાના અન્ય સિનિયર અધિકારીઓ સાથે ચર્ચા કરી અને રોડ પર ફરજ બજાવતા પોલીસ સ્ટાફ માટે વડોદરા ટ્રાફિક એજ્યુકેશ ટ્રસ્ટના સહયોગથી પોલીસ સ્ટાફને ગરમીથી બધી રીતે ઉગારવા એક ખાસ કીટનું વિતરણ કર્યું.



પોતાના કામની કદર થાય છે, અમારી પણ કોઈ ચિંતા કરે છે, તેવી લાગણી ટ્રાફિક પોલીસના જવાનો અનુભવી રહ્યા હતાં અને આ માનવીય અભિગમે ટ્રાફિક જવાનોએ પણ પોલીસ કમિશનર નરસિંહમા કોમારને મનોમન કોઈ શબ્દ બોલ્યા વગર આભારવશ બની અમે પણ હવે ફરજ બજાવવામાં પાછા નહીં પડીએ તેવી ખાતરી ઉચારી અને ઉપસ્થિત લોકોએ પોલીસ કમિશનરની લોકો પ્રત્યેની ફરજ ભાવના સાથે પોતાના હાથ પગ જેવા ટ્રાફિક જવાનોને કાયદાના દંડ ને બદલે લાગણીના અમૃત પાય લોકોના કામ સારી રીતે થાય તેવા પ્રયાસો નિહાળી પોલીસ કમિશ્નરને અભિનદન આપ્યા. (૩૫.૧૪)

# દારૂના નશામાં ભાન ભુલી નેપાળી આધેડે પોતાના ગળે છરી હુલાવી

## સાધુ વાસવાણી રોડ પર વહેલી સવારે બનાવ: લોહીલુહાણ હાલતમાં સારવાર હેઠળ

રાજકોટ તા. ૧૯: સાધુ વાસવાણી રોડ પર પેટ્રોલ પંપ ભાડેથી રહેતાં રામબહાદુર ચંદ્રશીવ નેપાળી (ઉ.વ.૪૫) નામના આધેડે વહેલી સવારે ચારેક વાગ્યે પોતાના ગળા પર છરી ફેરવી દઈ ઈજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

જાણવા મળ્યા મુજબ રામબહાદુર નેપાળીએ સવારે ચારેક વાગ્યે જાગીને ગળા પર છરી હુલાવી લેતાં પત્નિનું ધ્યાન પડી જતાં તેણે દેકારો મચાવતાં બીજા લોકો જાગી ગયા હતાં. લોહીલુહાણ હાલતમાં રામબહાદુરને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, ચંદ્રસિંહ, ભગીરથસિંહ, તૌફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

રામબહાદુરને સંતાનમાં ચાર પુત્રી અને એક પુત્ર છે. પોતે હોટેલમાં નોકરી કરે છે. દારૂની આદત હોઈ નશામાં ભાન ભુલી પોતાના જ ગળે છરી મારી લીધાનું તેના સગાએ કહ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. (૧૪.૬)



# મારું માથુ ફરે છે, મગજ ભમે છે એવું રટણ કરતાં બબીતાબેને આપઘાત કરી લીધો

## આનંદનગર કોલોનીમાં બનાવ: ઝેરી પાવડર પી પગલુ ભર્યુ: પરિવારમાં શોક

રાજકોટ તા. ૧૯: શહેરના કોઠારીયા રોડ આનંદનગર કોલોની-૫માં ગાયત્રી મંદિર પાસે રહેતાં બબીતાબેન ભરતભાઈ ભટ્ટી (ઉ.વ.૫૨) નામના મહિલાએ ઝેરી પાવડર પી આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

બબીતાબેને ગઈકાલે ઘરે ઝેરી પાવડર પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, ચંદ્રસિંહ, ભગીરથસિંહ, તૌફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. બબીતાબેનના લગ્ન તેત્રીસ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ કડીયા કામ કરે છે. સગાના કહેવા મુજબ બબીતાબેનને મગજની દવા ચાલુ હતી. છેલ્લા ચારેક દિવસથી તે સતત રટણ કરતાં હતાં કે મારુ માથુ ફરે છે, મગજ ભમે છે...આ પછી તેણે અચાનક ઝેરી પાવડર પી લીધો હતો. જેના કારણે મૃત્યુ થયું હતું. (૧૪.૬)




ચોથી વાર્ષિક પુણ્યતિથિએ

**શ્રદ્ધાંજલિ**

**સ્વ. મનહરલાલ મોહનલાલ રૂપારેલીયા**

જન્મ તા. 14/08/1941
સ્વ.તા. 19/04/2021

મળે છે દેહ માટીમાં, પણ એનું નામ રહી જાય છે.
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ એનું કામ બોલી જાય છે.
આપના કર્મોનો ઉજાસ અમારી સાથે છે... અને રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

**ગં. સ્વ. નિરૂબેન મનહરલાલ રૂપારેલીયા**
હિતેષ મનહરલાલ રૂપારેલીયા • ભાવિષા હિતેષ રૂપારેલીયા
જયેશ મનહરલાલ રૂપારેલીયા • નિમિષા જયેશ રૂપારેલીયા
નિશા રૂપેન નથવાણી • રૂપેન દિલીપભાઈ નથવાણી
પ્રકાશ મનહરલાલ રૂપારેલીયા
યેશા • દિશા • હેતાંશ • ધૈર્યા
તથા રૂપારેલીયા પરિવારના જયશ્રી કૃષ્ણ.

M. M. RUPARELIA • M. M. R. AND SONS


## મેઈડ ઈન ઈન્ડીયા પ્રોડક્ટની વધશે ડિમાન્ડ

# ચીન-અમેરિકા ''ટેરિફ વોર''માં ભારતને ફાયદો

## ટ્રમ્પે બીજા દેશો કરતાં ભારત ઉપર ઓછો ટેરિફ ઝીક્યો છે

નવી દિલ્હી,તા.૧૯: અમેરિકા અને ચીન વચ્ચેનો ટેરિફ યુદ્ધ શાંત થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ ટેરિફ વોરને કારણે વૈશ્વિક અર્થતંત્ર, વિશ્વભરના શેરબજારો, સોનાના ભાવ અને ઘણા દેશોની અર્થવ્યવસ્થા પ્રભાવિત થઈ રહી છે. પરંતુ આ ટેરિફ વોર ભારતીય ઉત્પાદનો માટે પણ એક તક છે, ટેરિફ વોરને કારણે ભારતીય ઉત્પાદનોની માંગ વધી શકે છે.

શુક્રવારે ગુજરાતના વાપીના વેપારીઓએ જણાવ્યું હતું કે ટેરિફ વોરથી ભારતીય ઉદ્યોગોને ફાયદો થશે અને દેશના ઉત્પાદનોની માંગ સમગ્ર વિશ્વમાં વધશે.

વાપીના ઉદ્યોગપતિઓએ ઉદ્યોગપતિઓને જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને કારણે વિશ્વભરના ઉદ્યોગોમાં ઉથલપાથલ મચી ગઈ છે. ભારત પર ૨૬ ટકા ટેરિફ પણ લાદવામાં આવ્યો છે, પરંતુ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નીતિઓને કારણે, ભારત પર વધુ અસર થશે નહીં, કારણ કે ટ્રમ્પે વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારત પર ઓછો ટેરિફ લાદ્યો છે.

જેના કારણે વાપી અને આસપાસના ઉદ્યોગોને પરોક્ષ લાભ મળી રહ્યો છે. આના કારણે, નવા બજારો ખુલી શકે છે અને ચીન અને અન્ય દેશોની તુલનામાં ભારતને તેનો ફાયદો થઈ શકે છે. વાપી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં છ હજારથી વધુ નાના-મોટા ઉદ્યોગો કાર્યરત છે, જેમાં મુખ્યત્વે કાપડ, રસાયણ, રંગદ્રવ્ય, ફાર્મા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગો દેશની અંદર અને વિદેશમાં નિકાસ કરે છે અને કાચા માલની આયાત પણ કરે છે.

તેમણે કહ્યું કે અન્ય એશિયન દેશો પર ઊંચા ટેરિફને કારણે, યુએસ બજાર હવે ભારત તરફ વાળવામાં આવી શકે છે, જેના કારણે ઉદ્યોગ ભવિષ્ય વિશે આશાવાદી રહે છે. વાપીના અન્ય એક ઉદ્યોગપતિએ જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈઝરાયલ યુદ્ધને કારણે વાપીના ઉદ્યોગોમાં નિકાસમાં મંદી જોવા મળી રહી હતી.

પરંતુ હવે ટેરિફ યુદ્ધને કારણે, યુરોપિયન દેશોમાંથી અચાનક સકારાત્મક પૂછપરછ આવી રહી છે. ટ્રમ્પ દ્વારા વિશ્વભરના દેશો પર લાદવામાં આવેલા ટેરિફની વિશ્વભરના ઉદ્યોગો પર ભારે અસર પડી રહી છે, પરંતુ મોદી સરકારની મેક ઈન ઈન્ડિયાઁ જેવી નીતિઓને કારણે, ભારત પર તેની અસર અન્ય દેશોની તુલનામાં ઓછી થશે. હવે આખી દુનિયા ભારત તરફ જોઈ રહી છે અને આવનારા સમયમાં ટેરિફ વોરથી સ્થાનિક ઉદ્યોગને ફાયદો થશે અને મંદીનો સામનો કરી રહેલા વાપીના ઉદ્યોગોને નવો વેગ મળશે.

અન્ય એક ઉદ્યોગપતિએ જણાવ્યું હતું કે વાપી અને આસપાસના વિસ્તારોના કેમિકલ, ફાર્મા, સ્પેશિયલ કેમિકલ અને ડાયકેમ ઉદ્યોગોને આનો મોટો ફાયદો થશે. ટ્રમ્પે ભારતના હરીફ દેશો જેમ કે ચીન, તાઈવાન, બાંગ્લાદેશ પર ભારત કરતાં વધુ ટેરિફ લાદ્યા છે, જેની આ દેશો પર ભારે અસર પડી રહી છે. ભારત પર ઓછા ટેરિફને કારણે, તે દેશોનું બજાર હવે ભારત તરફ વળી શકે છે જે આગામી સમયમાં વાપીના ઉદ્યોગોને મોટી તકો પૂરી પાડી શકે છે. (૪૦.૧૩)

## તેલંગાણામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી

# પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા મહિલાએ પોતાના 3 બાળકોને દહીંમાં ઝેર ભેળવીને ખવડાવ્યું




હૈદ્રાબાદ,તા.૧૯: તેલંગાણામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. અહીં એક મહિલાએ પોતાના પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા માટે કથિત રીતે પોતાના ત્રણ બાળકોને દહીં અને ભાતમાં ભેળવેલું ઝેર ખવડાવ્યું અને પોતે પણ થોડું ઝેર ખાઈ લીધું જેથી કોઈને શંકા ન થાય. બાદમાં, તેણીને પણ બાળકો સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, જ્યાં તેનો જીવ બચી ગયો પરંતુ બાળકોને બચાવી શકાયા નહીં.

સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, ગયા મહિને સંગારેડીમાં બનેલી આ ઘટનાની તપાસ ચાલુ છે. આરોપી રજીતા એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. જે રાત્રે તેણીએ તેના ત્રણ બાળકોને ઝેરી દહીં ભાત ખવડાવ્યું તે રાત્રે તેનો પતિ ઘરે હાજર નહોતો. ત્રણ બાળકો અને માતા પર ઝેરની અસર જોઈને પોલીસને પહેલો શંકા પતિ પર પડી. કારણ કે પરિવારમાં તે એકમાત્ર વ્યક્તિ બચ્યો હતો, પરંતુ પૂછપરછ દરમિયાન પોલીસને તેની પાસેથી વધુ કોઈ માહિતી મળી ન હતી.

ઈન્ડિયા ટુડેના રિપોર્ટ મુજબ, રજિતાએ ત્રણેય બાળકોની હત્યાનું આયોજન ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે રજીતા તેના એક ભૂતપૂર્વ સહાધ્યાયીને સ્કૂલ રિયુનિયન દરમિયાન મળી હતી... જ્યાંથી તેઓએ વાત કરવાનું શરૂ કર્યું અને પછી ધીમે ધીમે લગ્નેત્તર સંબંધ શરૂ થયો. રજિતા પોતાના લગ્નજીવનથી નાખુશ હતી અને પોતાના પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા માંગતી હતી પરંતુ તેના બાળકો તેના માટે સૌથી મોટી સમસ્યા બની રહ્યા હતા. તેણીને લાગ્યું કે તે બાળકો સાથે ઘરની બહાર નીકળી શકશે નહીં.

તેથી, તેણે એક યોજના બનાવી અને દહીં અને ભાતમાં ઝેર ભેળવીને બાળકોને ખવડાવ્યું. બાળકોએ તે ખાધું અને ત્યારબાદ તેમને ગંભીર બીમારીના લક્ષણો દેખાવા લાગ્યા. બીજા દિવસે સવારે, જ્યારે ચેન્નાઈ તેની રાત્રિ શિફ્ટમાંથી પાછો ફર્યો, ત્યારે રજીતા અને બાળકો બેભાન થઈ ગયા હતા. તે તેમને ઉપાડીને હોસ્પિટલ લઈ ગયો પણ ત્યાં સુધીમાં બાળકો મૃત્યુ પામ્યા હતા. (૪૦.૧૧)

## ઇશ્વરનો ધન્યવાદ કેવી રીતે કરવો જોઇએ ?

# મસીહનું ધરતી પર પુનરૂત્થાન એટલે 'ઇસ્ટર'

જેમકે આપણે જાણીએ છીએ તેમ "ગુડફ્રાઈડે" ગયું અને આપણા પ્રભુ ઈસુ મસીહે કેટલીય વેદના સહી તેમને ક્રૂસ પર લટકાવવામાં આવ્યા અને વેદના સહિત તેમણે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. આપણે સૌ તેના બાલિદાનને યાદ કરીએ છીએ અને તેની કદર કરીએ છીએ. જેમ ધર્મશાસ્ત્રમાં લખેલું છે તેમ કે પહેલા દિવસે ક્રૂસ પર ચડાવી દેવાયા, બીજા દિવસે દફનાવવામાં આવ્યા અને ત્રીજા દિવસે મરણમાંથી જીવીત થયા. ઈસુનો કેવો અદભૂત અને અનોખો પ્રેમ કે આપણા સૌ માટે ફરીવાર આપણી મધ્યે આવ્યા.



તેનું વર્ણન આ પ્રકારે છે કે જેમ કે બે દિવસ વીતી ગયા અને ત્રીજા દિવસે પરોઢિયે દેખો કે મરિયમ ગંદાલેણ અને તેમના સગા સબંધીઓ ઈસુની કબર પર સુગંધિત વસ્તુઓને લઈને ગયા પરંતુ તેઓએ એ નિહાળ્યું કે કબરનો પત્થર હટી ગયો હતો અને કબર ખુલ્લી હતી અને કબરની અંદર બશક સમાન સફેદ વસ્તુ પહેરેલા બે દૂતો ઊભા હતાં તેમને જોઈને આ લોકો ભયભીત થયા અને જોયું કે કબર ખાલી હતી જેમાં ઈસુનું શબ ન હતું. ત્યારે દૂતોએ તેમને કહયું કે તમે જીવતાં ને મરેલામાં કેમ શોધો છો ? ઈસુ અહીયા નથી તે તો જીવીત થઈ ઉઠયાં છે. ધન્યવાદ હો પરમ પિતાનો જેમ લખેલું હતું તે પૂર્ણ થયું કે મનુષ્ય પુત્ર પાપીઓનાં હાથમાં પકડાવાશે જો ક્રૂસ પર લટકાવાશે અને ત્રીજા દિવસે જીવીત થઈ ઉઠશે. આ જ આજનું પ્રવિત્ર પર્વ છે. જેને આપણે "ઈસ્ટર" કહીએ છીએ જે હંમેશા રવિવાર મતલબ કે ગુડફ્રાઈડે પછી આવે છે હવે આપણે ઈશ્વરનો ધ્યનવાદ કેવી રીતે કરવો જોઈએ ?

શું ખુશીઓ માનવીએ નવા કપડાં પહેરીએ કેક ખાઈએ અથવા તો સારૂં ભોજન બનાવીને પરિવારમાં આનંદ મનાવીએ ? શું આજ ઈસ્ટર ની સાચી ખુશી છે ?

નહી નહી નહીં ! આપણે ખુશી જરૂર મનાવીએ એકબીજાને વધામણી પાઠવીએ, પ્રેમથી આ દિવસને મનાવીએ. પરંતુ આ અધૂરો આનંદ છે. આપણે આપણા દુશ્મનોને માફ કરવાના છે. ભેદભાવને ભૂલી જઈએ આપણે એકબીજાથી નફરત કરીએ છીએ તેમ પ્રેમમાં બદલવાનું છે. આપણા પ્રભુ ઈસુ નિદોર્ષ હોવા છતા કેટલાય જુલમ સહયાં અને તેમણે આપણાં પાપ-ગુનાઓને માફ કર્યા. કેવો અદભૂત પ્રેમ ! પ્રભુ મર્યા પણ આપણા માટે અને ત્રીજા દિવસે મૃત્યપર વિજય મેળવી જીવત થયાં પણ આપણા માટે આ જ તો છે ક્રૂસ યજ્ઞ, પાપ મોચન, સિધ્ધ બલિદાન !!!

આપ સર્વને મારા અને મારા પરિવાર તરફથી ઈસ્ટરની શુભકામના

ઈશ્વર આપ સર્વને મનોકામના પૂર્ણ કરે.

**The one who Does not love**
**Does not know GoD**
**Because GoD is Love**
**so beyond All things**
**put on Love Which is the**
**pefect Bond of Unity**
**Always Be Holy and**
**Blameless in love** (૩૬-૩)

**મિસિસ આઇલીન રોબિન્સન**
મો. ૬૩૫૫૦ ૮૪૬૯૮

# જૂનાગઢના ચોકી પાસે બંધ ટ્રકની પાછળ કાર ઘુસી જતા દંપતીનું મોત

## મહેસાણાના વસઈનો પરિવાર સોમનાથ દર્શન કરવા જતો હતો ને બનાવ બન્યો : ૪ ને ઇજા થતા સારવારમાં ખસેડાયા

(હેમેન્દ્ર પારેખ દ્વારા) પોરબંદર તા.૧૯: રાણાવાવ નજીક વળાકમાં બોલેરો પલટી મારી જતા પોરબંદરના ધરમપૂરના ડ્રાઈવર હકાભાઇ ઘેલાભાઇનું મૃત્યું થયેલ છે.આ બોલેરોમાં બેઠેલા અન્ય ૧૦ માટે લઈ જવામાં આવેલ છે. યુવવાનોને ઈજા થતાં સારવાર પોરબંદરના ધરમપૂરથી યુવાનો મોડપર નજીક મંડપ ઉત્સવમાં જવા બોલેરોમાં નીકળ્યા હતાં ત્યારે રાણાવાવ નજીક વચ્ચે પડેલા એક ચાલકને બચાવવા જતાં સ્ટીયરીંગ ઉપર કાબૂ ગુમાવતા બોલેરો પલટી મારી ગઈ હતી બોલેરો ચલાવાતા ડ્રાઈવર હકાભાઈ ઘેલાભાઈનું ગંભીર ઈજા બાદ મૃત્યુ થયું છે. આ અકસ્માતમાં ઈજાગ્રસ્તોમાં રાજુ દાસાભાઈ, મકવાણા જીવાભાઈ, રાજુ કિશોરભાઈ, દેવા બાબુભાઈ, દેવરાજ ચુડાસમા, સંદીપ હકાભાઈ, હાજા દેવાભાઈ, રાહુલ પરબતભાઈ, ભરત ડાયાભાઈ અને અરજણ ડાયાને ઈજા થતાં સારવાર માટે ખસેડાયેલ છે. (૩૮.૧૫)

## બજરંગ ગૃપ દ્વારા ચકલીના માળાનું વિતરણ

રાજકોટ:તા.૧૯,બજરંગ ગૃપ ઓફ રાજકોટ સીટી દ્વારા દર રવિવારે સવારે ૧૦ થી ૧૨, પંચમુખી હનુમાનજી મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ ખાતે નિ:શુલ્ક ચકલીના માળા, કુંડાનું વિતરણ કિશોરભાઈ ધનજીભાઈ કારીઆ, હસુભાઈ ગણાત્રા, સુનિલભાઈ મજેઠીયા, મનુભાઈ ભગત, બટુકભાઈ રાચ્છ, જયોતિબેન કે. ભટ્ટ, વી.કે. ભટ્ટના હસ્તે કરવામાં આવશે. તેમ વાહીદ મારફાણીયા યાદિમાં જણાવાયું છે. (૩૬-૨)

# રાણાવાવ પાસે બોલેરો પલટી મારી જતાં ડ્રાઇવરનું મોતઃ અન્ય ૧૦ને ઇજા

## પોરબંદરના ધરમપૂરથી યુવાનો મોડપર પાસે મંડપ ઉત્સવમાં જતાં હતા ત્યારે અકસ્માત

(હેમેન્દ્ર પારેખ દ્વારા) પોરબંદર તા.૧૯: રાણાવાવ નજીક વળાકમાં બોલેરો પલટી મારી જતા પોરબંદરના ધરમપૂરના ડ્રાઈવર હકાભાઇ ઘેલાભાઈનું મૃત્યું થયેલ છે. આ બોલેરોમાં બેઠેલા અન્ય ૧૦ યુવવાનોને ઈજા થતાં સારવાર માટે લઈ જવામાં આવેલ છે.

પોરબંદરના ધરમપૂરથી યુવાનો મોડપર નજીક મંડપ ઉત્સવમાં જવા બોલેરોમાં નીકળ્યા હતાં ત્યારે રાણાવાવ નજીક વચ્ચે પડેલા એક ચાલકને બચાવવા જતાં સ્ટીયરીંગ ઉપર કાબૂ ગુમાવતા બોલેરો પલટી મારી ગઈ હતી બોલેરો ચલાવાતા ડ્રાઈવર હકાભાઈ ઘેલાભાઈનું ગંભીર ઈજા બાદ મૃત્યુ થયું છે.

આ અકસ્માતમાં () રાજુ દાસાભાઈ, મકવાણા () જીવાભાઈ, રાજુ કિશોરભાઈ, દેવા બાબુભાઈ, દેવરાજ ચુડાસમા, સંદીપ હકાભાઈ, હાજા દેવાભાઈ, રાહુલ પરબતભાઈ, ભરત ડાયાભાઈ અને અરજણ ડાયાને ઈજા થતાં સારવાર માટે ખસેડાયેલ છે. (૩૮.૧૫)

### અવસાન નોંધ

**કમલાબેન કાકવાણી**

જેતપુર : સ્વ. નવલદાસ કિશનચંદ કાકવાણીનાં પત્ની કમલાબેન (ઉ.વ.૭૦) તે હોતચંદ (હોતુભાઈ) જીતેન્દ્રના માતુશ્રીનું તા. ૧૮ ના અવસાન થયેલ છે. બેસણું તા. ૨૦ ને રવિવારે સાંજે ૫ થી ૬.૩૦ કોટડીયા વાડી વિભાગ નંબર-૨, જેતપુર ખાતે રાખેલ છે. (૫-૨૪)

# ગોંડલના હનીટ્રેપ પ્રકરણમાં રાજકોટના પદમીનીબા સહિત પાંચને પૂછતાછ માટે પોલીસનું તેડુ....

## પાંચેય'ને આજે હાજર થવા ગોંડલ પોલીસે નોટીસ પાઠવીઃ સામા પક્ષે યુવતીએ હનીટ્રેપના ફરીયાદી વૃધ્ધ સામે બિભત્સ પજવણીની પોલીસમાં ફરીયાદ કરી

રાજકોટ તા. ૧૯ :.. ગોંડલના વૃધ્ધને હનીટ્રેપમાં ફસાવી ૭ થી ૮ લાખ પડાવવા માટે ધાક-ધમકી આપનાર રાજકોટના સામાજીક મહિલા અગ્રણી પદમીનીબા વાળા સહિત પાંચ સામે પોલીસમાં ફરીયાદ થયા બાદ ગોંડલ પોલીસે પદમીનીબા વાળા સહિત પાંચને આજે પુછપુરછ માટે હાજર થવા નોટીસ પાઠવી છે.બીજી બાજુ હનીટ્રેપના ફરીયાદી વૃધ્ધ સામે ભોગ બનનાર યુવતીએ બિભત્સ પજવણીની પોલીસમાં ફરીયાદ કરી છે.

પ્રાપ્ય વિગતો મુજબ ગોંડલ - જેતપુર રોડ ગીતાનગર સોસાયટીમાં રહેતા વૃધ્ધ રમેશભાઈ ત્રિકમભાઈ અમરેલીયાએ ગોંડલ બી ડીવીઝન પોલીસ મથકમાં તેજલ નામની યુવતી, સામાજીક આગેવાન પદમીનીબા વાળા અને તેના દિકરા ઉપરાંત શ્યામ તથા હિરેન નામના શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યું છે કે, ૧૫ દિ' પહેલા તે ઘર પાસે હતા ત્યારે તેજલ નામની યુવતી ગોંડલ આવી હતી. અને સરનામુ પુછવાના બહાને વાતચીત કરી વિશ્વાસ કેળવી મો. નં. લઈ ગઈ હતી. બાદમાં બીજા દિ'એ યુવતીને ફરીયાદીને ફોન કરી જણાવેલ કે, મારો ઘરવાળો મરી ગયો છે હું ખૂબ દુ:ખીછૂ કંઈક મદદ કરો મારૂ દેણુ ભરી દો નહિતર હુ દવા પીને મરી જઈશ તેવી વાતો કરી હતી. ત્યારબાદ બે-ત્રણ દિવસ બન્ને વચ્ચે વાતોચાલી હતી અને વિડીયો કોલમાં યુવતીએ અશ્લીલ હરકતો કરી હતી.

આ દરમિયાન બે દિ' પહેલા ગત તા. ૧૬ મીએ રાત્રે વૃધ્ધને પદમીનીબા વાળાએ ફોન કર્યો હતો. અને તેજલ વિશે વાતચીત કરવાનું કહીને ધમકી આપી હતી. જેથી ફરીયાદીએ ફોન ઉપાડવાનું બંધ કરવા યુવતી સાથે પદમીનીબા વાળા, તેનો પુત્ર તથા અન્ય બે યુવકો સાથે વૃધ્ધના ઘરે ઘસી આવીને ત્રણ કલાક માથાકુટ કરી હતી અને રાજકોટ સ્થિત મવડી ઓફીસે આવી રૂા. ૭.૮ લાખમાં પતાવટ કરી જવા ધમકી આપી જતા રહ્યા હતાં.

ત્યારબાદ ફરીયાદી તથા તેનો દિકરો આનંદ અને ફરીયાદીના મિત્ર વનરાજભાઈ રાજકોટ ગયા હતા ત્યારે પદમીનીબા વાળાનો સતત ફોન કરી રાજકોટ મવડી સ્થિત ઓફીસે આવવા કહેતા હતાં. પરંતુ ફરીયાદી તેના ભત્રીજાની ઓફીસે ગયા હતાં.

ફરીયાદી તથા તેના મિત્ર રાજકોટમાં હતા ત્યારે પદમીનાબા વાળાએ ફોન કરી કહેલ કે, તમે ઓફીસે આવા જાવ હોટલ મેન્ટ કરી દઈશ અન્યથા લીગલ કાર્યવાહી કરવાની ધમકી આપતા ફરીયાદી તથા તેના મિત્ર પદમીનીબાની ઓફીસે જવાને બદલે પરત ગોંડલ ગયા હતા અને ત્યાં જઈ પદમીનાબા વાળા સહિત પાંચ સામે ફરીયાદ કરતા ગોંડલ બી ડીવીઝન પોલીસે ગુન્હો દાખલ કર્યો હતો.

દરમિયાન ગોંડલના ડીવાયએસપી કે. જી. ઝાલાએ જણાવ્યું હતું કે, હનીટ્રેપ પ્રકરણમાં પદમીનીબા વાળા સહિત પાંચને પુછપુરછ માટે આજે હાજર થવા નોટીસ પાઠવાઈ છે. હાજર થયા બાદ તમામની પુછપુરછ કરી આગળની કાર્યવાહી કરાશે.

દરમિયાન હનીટ્રેપ પ્રકરણના ફરીયાદી વૃધ્ધ રમેશ ત્રિકમભાઈ અમરેલીયા સામે રાજકોટની યુવતીએ ગોંડલ પોલીસ મથકમાં મોબાઈલ ફોનમાં વોટસએપ કોલમાં બિભત્સ પજવણી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે વૃધ્ધ રમેશભાઈ અમરેલીયા સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. (૫-૨૪)

## ૬૦ થી વધુ અનધિકૃત એક્ટિવિસ્ટ, પત્રકાર સામે ડીસીપી રાજદીપસિંહ નકુમ દ્વારા કાર્યવાહીના પગલે...વધુ એક પત્રકાર સામે ગુન્હો દાખલ

# ૨૨.૫૦ લાખ કટકે કટકે પડાવ્યા હોવાથી સુરતના એક પત્રકાર વિરુદ્ધ ગુન્હો દાખલ... ધરપકડ

## ડાયરીમાં તારીખ વાઇઝ નોંધ કરાવી... બીજા પણ કેટલાક કથિત પત્રકારોના સામે પણ આરોપ....પીઆઈ એસ.એન.દેસાઈ








રાજકોટ, તા.,૧૯ : અનધિકૃત એકટીવીસ્ટ અને અનઅધિકૃત પત્રકારો સામે વિવિધ બિલ્ડરો, વ્યાપારીઓ અને મહાનગરપાલિકા સહિત વિવિધ ખાતાઓના અધિકારીઓ દ્વારા પોતાને એનકેન પ્રકારે દબાવી ખંડણી માંગવામાં આવી રહ્યાંની ગાંધીનગર સુધી ઉઠેલી ફરિયાદ આધારે સુરતમાં ૬૦ થી વધુ આવા આરટીઆઈ એક્ટિવિસ્ટ અને કથિત પત્રકારો સામે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનાં માર્ગદર્શન હેઠળ આ અભિયાનના સુકાની ડીસીપી રાજદીપસિંહ નકુમ અને રુંટીમ દ્વારા કાર્યવાહી પગલે સુરતના વધુ એક પત્રકાર વિરુદ્ધ ગુન્હો દાખલ થયાનું ઉધના પીઆઇ એસ એન દેસાઈએ અકિલાને જણાવ્યું છે.

જેની સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે તેનું નામ પ્રકાશ રાઠોડ હોવાનું અને તે પવિત્ર દર્પણ નામનું હિન્દી સાપ્તાહિક ચલાવતા હોવાનું પીઆઈ એસ.એન દેસાઈએ વિશેષમાં જણાવ્યું છે.

સુરતના ઉધના પીઆઇ એસ.એન દેસાઈના જણાવ્યા અનુસાર આ ફરિયાદ મૂળ ભાવનગર પંથકના અને હાલ સુરત રહેતા અલ્પેશભાઈ ઘેલાણી દ્વારા આપવામાં આવી છે. પોતાના ઈન્ડસ્ટ્રીઝના બીજા માળના બાંધકામ સંદર્ભ પોતાને ધમકી આપી ડાયરીમાં નોંધ કરાવી ૨૨ લાખથી વધુ રકમ આરોપી દ્વારા પડાવવામાં આવી હોવાની ફરિયાદના પ્રાથમિક પુરાવા આધારે ગુન્હો દાખલ કર્યો છે. હજુ કહેવાતા મોટી સંખ્યાના પત્રકારો સામે પણ આવી ફરિયાદ થયેલ છે. જેની જરૂરી તપાસ બાદ કાયદાકીય કાર્યવાહી થશે. ગાંધીનગરના સૂત્રોના જણાવ્યા મુજબ આખા ગુજરાતમાં સુરત પેટર્ન મુજબ ગુન્હા દાખલ કરવા નિર્ણય થયેલ છે, જેનો તુર્ત અમલ થશે.(૪.૨૧)

**ગુજરાતભરમાં આવું અભિયાન શરૂ કરવા ગાંધીનગર દ્વારા તુરંત કાર્યવાહી શરૂ થશે**

# પોરબંદરમાં લંડનના સેવાભાવી દંપતિનું ભરાડ પરિવાર દ્વારા સન્માન



જુનાગઢ તા. ૧૯ :.. પોરબંદરના વતની હાલ લંડન સ્થિત સેવાભાવી મહિલા અગ્રણી શ્રીમતી કિરણબેન સુભાષભાઈ દવે (ભરાડ) આ દંપતિનું જુનાગઢના જગદિશભાઈ ભરાડ, રામજીભાઈ ભરાડ, તથા જીવરામભાઈ ભરાડ, માર્કન્ડ દવે, અકિલાના પત્રકાર વિનુભાઈ જોષી વગેરેએ ફુલહાર પહેરાવી મીઠુમોઢું કરાવી સન્માન કર્યુ હતું.

આગામી તા. ૨૨ ને મંગળવારના રોજ જામકંડોરણા તાલુકાના કાનાવડાળા ગામે માં સતિઆઇ તથા સુરાપુરા દાદાના નવચંડી યજ્ઞનું સમસ્ત ભરાડ પરિવાર દ્વારા આયોજન કરાયું છે.

જેમાં પૂ. સતિઆઈના પરમ ઉપાસક અને સેવાભાવી દાતા શ્રીમતી કિરણબેન સુભાષભાઈ દવે, કે જેઓ સતિઆઈ માં પ્રત્યે અતુટ શ્રધ્ધા ધરાવે છે તેઓ ૭ વર્ષ બાદ વતન આવતા સમસ્ત ભરાડ પરિવારમાં ખુશીની લાગણી વ્યકત થઈ રહી છે. તેઓ મંગળવારના રોજ કાનાવડાળા પૂ. સતિઆઈના નવચંડી યજ્ઞમાં ઉપસ્થિત રહી સમસ્ત ભરાડ પરિવારના ગોઠી ભાઈઓ - બહેનોને આશિર્વાદ આપશે. (અહેવાલ : વિનુભાઈ જોષી, તસ્વીર : મુકેશ વાઘેલા, જુનાગઢ) (૫-૨૦)

# માંગરોળના કરમદી ગામે યુવાન સહિત ૩ પર સાસરીયાનો હુમલો, ૧ને ગંભીર ઈજા

## કાકાજી સસરા સહિત ૬ શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૧૯: માણાવદર તાલુકાના વેળવા ગામના કૈલાશ ધીરુભાઈ પરમાર નામના યુવાનને તેની પત્ની સાથે ગૃહ ક્લેશ થયો હતો. આ બાબતે માંગરોળ તાલુકાના કરમદી ગામના કાકાજી સસરા હસમુખ મુંજા ગોહેલે ફોન પર ગાળા ગાળી કરી પોતાના ઘરે બોલાવતા યુવાન તથા તેનો પિતરાઈ રાકેશ અને મજૂર વિજય ધીરુ ગોહેલ બાઈક પર કરમદી ગામે ગયા હતા.

આ દરમ્યાન જગદિશ નાથાભાઈ ગોહેલ, હસમુખ મુંજા ગોહેલ, મોટા સસરા નાથા મસરી ગોહેલ, ગડ્ડાભાઈ અમૃતભાઈ કાથડ, મહેન્દ્ર પરસોતમ ગોહેલ અને હસમુખ ગોવીદભાઈ ગોહેલે ત્રણેયને લાકડી, ધોકા, ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કરી દીધું હતું. અને જગદીશ ગોહેલ, નાથા ગોહેલે કુહાડી વડે રાકેશ ઉપર હુમલો કરી ત્રણેયના મોબાઈલ ફોન તોડી નાખી મોટરસાયકલને નુકસાન કર્યું હતું.

આ બનાવમાં ઈજા થતાં ત્રણેય યુવાનોને જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રાકેશભાઈને વધુ ગંભીર ઈજા થવાથી રાજકોટ ખાતે રિફર કરાયા હતા. બનાવને લઈને પોલીસે જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સામા પક્ષે લાભુબેન મુંજાભાઈએ કૈલાશ તથા તેમનો કુટુંબી રાકેશ અને અજાણ્યા શખ્સ સામે માર મારે ધમકી આપી હોવાની ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. (૭.૨૬)

## સરકારે ખાસ ઠરાવ બહાર પાડયોઃ રાજકોટ સહિત રાજભરના કલેકટરોને ઠરાવ અનુસાર કાર્યવાહી કરવા આદેશો

# મહેસુલ અને સામાજિક ન્યાય-અધીકારીતાની ૬૭ સેવાઓ ગામડાઓમાં જનસેવા કેન્દ્રો ઇ-ગ્રામ કેન્દ્રો મારફત ઉપલબ્ધ થશેઃ લીસ્ટ જાહેર

## રાજકોટનું શાસ્ત્રી મેદાન પણ આવરી લેવાયુંઃ પ્રત્યેક સેવાઓ માટે રૂા. ૨૦ ની વરણી કરાશે

રાજકોટ, તા. ૧૯: રાજયના પંચાયત-ગભ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે એક મહત્વનો પરીપત્ર-ઠરાવ જાહેર કરી ઉમેર્યુ છે કે, ગ્રામ પંચાયતોની કામગીરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન, સુવ્યવસ્થિત, સરળ, ઝડપી બનાવવા વર્ષ ૨૦૦૭-૦૮ થી ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં આવેલ છે. આ યોજના થકી ગ્રામ પંચાયતોના ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી વિવિધ ઈ-સેવાઓ પુરી પાડવામાં આવે છે. જે અન્વયે મહેસુલ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની જનસેવા કેન્દ્રની વિવિધ નાગરિકલક્ષી સેવાઓ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી મારફત ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની જનસેવા કેન્દ્રની નીચે મુજબની સેવાઓ ગ્રામ્ય કક્ષાએથી ઈ-ગ્રામ કેન્દ્ર મારફત આપવાનું ઠરાવવામાં આવે છે.

(એ) મહેસુલ વિભાગની સેવાઓ:

૧. વારસાઈ પ્રમાણપત્ર આપવું,
૨. સોલવન્સી પ્રમાણપત્ર (દારપણા નો દાખલો),
૩. અધિનિવાસ પ્રમાણપત્ર,
૪. દારૂખાનાના વેચાણ માટેનો હંગામી પરવાનો મેળવવા બાબત,
૫. ચારિત્ર્ય પ્રમાણપત્ર,
૬. લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩ એએ હેઠળની મંજુરી આપવા બાબત.
૭. સરકારી ખાતાની જમીનની માંગણી
૮. દારૂખાના વેચાણ/સંગ્રહ કરવા માટે પરવાનો મેળવવા બાબત,
૯. સ્ટેમ્પ વેન્ડર પરવાનો તાજો કરવા,
૧૦. લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ હેઠળની મંજૂરી બાબત (બિન ખેતી),
૧૧. રાહતદરે ફાળવેલ પ્લોટ ઉપર બેન્ક/એલ.આઈ.સી. /અન્ય નાણાંકીય સંસ્થામાંથી મકાન બાંધકામ લોન મેળવવા જરૂરી 'ના-વાંધા પમાણપત્ર' મેળવવા બાબત,
૧૨. રાહતદરે ફાળવેલ પ્લોટ ઉપર બાંધકામની મુદત વધારવા માટેની માંગણી બાબત,
૧૩. ખેતીના હેતુ માટે જમીન એકત્ર કરવા માટે,
૧૪. પરવાના તાજા કરવા અંગે,
૧૫. પરવાના સ્થળફેર-નામફેર, ઉમેરા અંગે,
૧૬. એક્સપ્લોઝીવ નિયમો હેઠળ સ્ટોરેજ લાઈસન્સ આપવું,
૧૭. પેટ્રોલીયમ પેદાશોના પરવાના આપવા અંગે,
૧૮. પીટીશન રાઈટર પરવાનો તાજો કરવા,
૧૯. વ્યક્તિગત જમીનની માંગણી,
૨૦. ગ્રામ્ય વિસ્તાર-ઉદ્યોગના હેતુ માટે જમીન આપવા બાબત,
૨૧. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કુદરતી/અકુદરતી મૃત્યુ સહાય,
૨૨. સીધી લીટીના વારસદારોની વારસાઈના કિસ્સા માટે સોગંદનામું,
૨૩. ગ્રામ્ય વિસ્તાર-મહેસુલ માફીથી સંસ્થા/ટ્રસ્ટને જમીન આપવા બાબત,
૨૪. ખેડૂત હોવાનું પ્રમાણપત્ર,
૨૫. રાહતદરે ફાળવવામાં આવેલ પ્લોટ ઉપર બાંધકામ કરવામાં થયેલ વિલંબ નિયમબધ્ધ કરવા બાબત,
૨૬. ટ્રસ્ટ - રજીસ્ટર્ડ સંસ્થાની જમીનની માંગણી,
૨૭. સ્ટેમ્પ રીફન્ડ આપવા અંગે,
૨૮. સહકારી મંડળીની જમીનની માંગણી,
૨૯. જમીન મહેસૂલ સંહિતાની કલમ ૬૫ હેઠળ મંજૂરી,
૩૦. આહારગૃહ પ્રમાણપત્ર તાજુ કરાવવું.
૩૧. ગ્રામ્ય વિસ્તાર-રહેણાંકના હેતુ માટે ગૃહનિર્માણ બોર્ડને જમીન આપવા,
૩૨. બિન- ખેતી થયેલ જમીનનાં હેતુફેર કરવા,
૩૩. સહકાર અધિનિયમ - ૧૯૬૧ અન્વયે સહકારી મંડળીની સામાન્ય સભા બોલાવવા બાબત,
૩૪. શહેરી વિસ્તાર-ઉદ્યોગના હેતુ માટે જમીન આપવા બાબત,
૩૫. શહેરી વિસ્તાર- રહેણાંકના હેતુ માટે વ્યકિતગત - ગૃહ નિર્માણ મંડળી ને જમીન આપવા બાબત,
૩૬. શહેરી વિસ્તાર - મહેસૂલ માફીથી સંસ્થા - ટ્રસ્ટને જમીન આપવા બાબત,
૩૭. સ્ટેમ્પ વેન્ડર લાઈસન્સ મેળવવા માટે અરજી,
૩૮. ખાનગી માલીકીની ઝાડ કાપવા મંજુરી,
૩૯. સ્મશાન, કબ્રસ્તાન માટે જમીન નીમ કરવા માટે,
૪૦. જમીન મહેસૂલ સંહિતાની કલમ ૬૩ હેઠળ મંજૂરી,
૪૧. સોલ્વન્ટ પરવાના આપવા બાબત,
૪૨. રાવળા હક્કની જમીન કાયમી હક્કમાં તબદીલ કરવા,
૪૩. ગ્રામ્ય વિસ્તાર- માજી સૈનિકોને રહેઠાણ માટે જમીન આપવા બાબત,
૪૪. શહેરી વિસ્તાર - સરકારી કર્મચારી તરીકે જમીન આપવા બાબત,
૪૫. ગ્રામ્ય વિસ્તાર - સરકારી કર્મચારી તરીકે જમીન આપવા બાબત,
૪૬. ગ્રામ્ય વિસ્તાર-સહકારી મંડળીઓને જમીન આપવા બાબત,
૪૭. છુટક/જથ્થાબંધ પરવાનો આપવા અંગે,
૪૮. ભાગીદારીખત આધારે નામ દાખલ કે કમી કરવા અંગે,
૪૯. પ્લોટની વારસાઈ કરવા માટેની અરજી બાબત.
૫૦. ખેતીની જમીન એકત્રિત કરવા બાબત,
૫૧. બીનખેતી શરતભંગ બદલ એન.ઓ.સી. આપવા,
૫૨. શાસ્ત્રી મેદાન ભાડે મળવા બાબત,
૫૩. છુટક/ જથ્થાબંધ / ઉત્પાદક અને પેટ્રોલીયમ પેદાશોના (છુટક કે જથ્થાબંધ) પરવાના આપવા અંગે,
૫૪. બીનખેતી શરતભંગ બદલ એન.ઓ.સી. આપવા બાબત,

(બી) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સેવાઓ:

૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર,
૨. નોન - ક્રિમી-લેયર અંગેનું પ્રમાણપત્ર (ગુજરાત સરકાર માટે)
૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર,
૪. આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર (આવક સાથે),
૫. અન્ય પછાત વર્ગોનું જાતિ અંગેનું તથા નોન ક્રિમી-લેયર પ્રમાણપત્ર (ભારત સરકાર માટે)
૬. જ્ઞાતિ (એસસી)નો દાખલો આપવા બાબત.
૭. ભારત સરકારનું આવક અને અસ્કયામતો માટેનું પ્રમાણપત્ર,
૮. વિચરતી-વિમુક્ત જાતિ માટેનું પ્રમાણપત્ર (પંચાયત) (ગ્રામ્ય),
૯. ભારત સરકારના જ્ઞાતિ (એસસી)નો દાખલો આપવા બાબત.
૧૦. નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોના નિભાવ માટેની યોજના,
૧૧. ઈન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એઈજ પેન્શન યોજના અને વયવંદના યોજના,
૧૨. રાષ્ટ્રીય કુટુંબ યોજના (સંકટ મોચન યોજના),
૧૩. અંત્યેષ્ઠી સહાય.

ઉપરોક્ત સેવાઓ પુરી પાડવા બદલ પ્રત્યેક સેવા માટે રૂ.૨૦/- વસુલ કરવામાં આવશે. જેની આંતરીક વિગતે કરવાની રહેશે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) નિર્ભરતા માટેની રકમ રૂા. ૧૬/- અને સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ રૂા. ૦૪/- નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત સેવાઓ ઈ-ગ્રામ કેન્દ્રથી નાગરિકોને મેળવવા માટે સુગમતા રહે તે માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા આ મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જેમાં ઉપરોક્ત સેવાઓ મેળવવા માટે અરજદાર/નાગરિક દ્વારા ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રમાં અનુસરવાની કાર્યણપ્રણાલી (Operating Procedure) નક્કી કરવાની રહેશે. ઉપરોક્ત સેવાઓ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે તબક્કાવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે. આ સેવાઓ સારી રીતે આપી શકાય તે માટે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (વી.સી.ઈ.) ને તાલીમ આપવાની રહેશે. આ ઠરાવની તાકિદે અમલવારી કરવા માટે રાજકોટ સહિત તમામ કલેકટરોને પણ સુચના અપાઈ છે, ઠરાવ અનુસાર કાર્યવાહી કરવા આદેશો થયા છે.(૬.૫)

# કાલાવાડના જશાપર ગામે જુની અદાવતે મારામારી

જામનગર તા. ૧૯: કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનમાં મયુરભાઈ નરશીભાઈ ગોરધનભાઈ સાવલીયા ઉ.વ.૩૮, રે. જશાપર ગામ, તા. કાલાવડ વાળાએ ફરીયાદ નોંધાવી છે કે, કૈલાશનગર, મયુરભાઈના ઘર પાસે આરોપી હિરેનભાઈ મનોજભાઈ સાવલીયા એ ફોન કરીને કહેલછ કે તું મને કેમ ગાળો આપે છે? મારે તારી સાથે ત્રણ વર્ષથી વાંધો છે તેમ કહી જેમ તેમ બોલવા લાગેલ અને મનોજભાઈ વિઠ્ઠલભાઈ સાવલીયાએ મયુરભાઈના ઘરે જઈ તેના બા-બાપુજીને માર મારતા બંન્ને જમણા પગમાં મુંઢ ઈજા કરી તથા ફરીયાદી મયુરભાઈ તથા સાહેદ ધરમશીભાઈ ગોરધનભાઈ સાવલીયા રહે જતા આરોપીઓ મનોજભાઈ વિઠ્ઠલભાઈ સાવલીયા તથા હિરેન મનોજભાઈ સાવલીયાએ ફરીયાદી મયુરભાઈને જેમ ફાવે તેમ ગાળો આપતા ગાળો આપવાની ના પાડતા આરોપી મનોજભાઈએ તેના હાથમાં રહેલ ધોકો ફરીયાદી મનોજભાઈને માથામાં મારી મુંઢ ઈજાથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ છે.

### દારૂની ૩૧ બોટલ ઝડપાઇ આરોપી ફરાર

અહીં સીટી 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશનમાં એલ.સી.બી.ના હેડ કોન્સ. મયુદીનભાઈ અલીમીયા સૈયદ એ ફરીયાદ નોંધાવી છે કે, કે. વી. રોડ, જાહેર શૌચાલયની સામે, રહેણાંક મકાનમાં દારૂની બોટલ નંગ-૩૧, કિંમત રૂ. ૧૯,૧૮૧/- ના મુદામાલ ઝડપાઈ ગયેલ છે તથા આરોપી જગાભાઈ કચરાભાઈ કોળી ફરાર થઈ ગયેલ છે.

### બે બોટલ સાથે શખ્સ ઝડપાયો

અહીં સીટી 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશનમાં કોન્સ. હરેશભાઈ રણછોડભાઈ રંગપરા એ ફરીયાદ નોંધાવી છે કે, સીટી આર્કેટ બિલ્ડીંગના ત્રીજા માળે, ગેલેરીમાં આરોપી મોહીત જીતેન્દ્રસિંહ પ્રબોદસિંહ સોલંકી દારૂની બોટલ નંગ-૨, કિંમત રૂ. ૧૦૦૦/-ની કોલેજ બેગમાં રાખેલ જે બેગની કિંમત રૂા. ૧૦૦ મળી કુલ મુદામાલ રૂ. ૧૧૦૦/- સાથે ઝડપાઈ ગયેલ છે. (૭.૨૫)

**મકાન વેચવાનું છે**
65 વાર ડુપ્લેક્સ મકાન મોરબી રોડ સેટેલાઇટ ચોક, વૃજભુમી-૩ રાજકોટ
M.7990836031
M.9824630369

**મકાન વેચવાનું છે**
ગુંદાવાડી-22 માં 83 વાર ડુપ્લેક્ષ
મો.77779 46666

**ખુબ મોકાની દુકાન વેચવાની છે**
નાના મવા મેઈન રોડ ઉપર અર્જુન જવેલર્સની બાજુમાં Y Not જીમની નીચે, સેફાયર કોમ્પલેક્ષ, રાજકોટ.
મો.98253 38969

# લોધિકાના ચાંદલીમા પાદરવાળી આઇ શ્રી ખોડિયાર મંદિર જીર્ણોદ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ કથાઃ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઇ મોકરીયા સહિતના ઉપસ્થિત







લોધિકાઃ તાલુકાના ચાંદલી ગામ સમસ્ત પાદરવાળી આઈ શ્રી ખોડિયાર મંદિર જીર્ણોદ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ કથા નું શ્રવણ કરતાં રાજકોટ જીલ્લા સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા તેમજ જેન્તીભાઈ સરધારા ડી.કે. સખીયા નિતિનભાઈ ઢાંકેચા ચેતનભાઈ રામાણી પરસોત્તમભાઈ સાવલીયા સહિત ઉપસ્થિત રહેલ તેમજ ગામ સમસ્ત ઉપસ્થિત રાજદ્વારીઓ નું સન્માન કરવામાં આવેલ હતું.(૩૮.૧૧)

દિલ્હી હાઈકોર્ટે દ્રૌપદીનો ઉલ્લેખ કરીને વ્યભિચાર કેસમાં મોટો ચુકાદો આપ્યો

# પત્નીને તેના પતિની મિલકત માનવી ખોટું છેઃ આ સોચ મહાભારત કાળથી પ્રચલિત છે

મહાભારતમાં જુગારમાં દ્રૌપદીની હારનો ઉલ્લેખ કરીને જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ આ કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કર્યોઃ મહાભારતના સંદર્ભમાં ન્યાયાધીશે પુરુષ અરાજકતાવાદી વિચારસરણીની ટીકા કરી

નવી દિલ્હી તા.૧૯: દિલ્હી હાઈકોર્ટે વ્યભિચારના કેસમાં એક પુરુષને મોટી રાહત આપી છે. આ કેસ એક મહિલાના પતિ દ્વારા નોંધવામાં આવ્યો હતો. આરોપ એ હતો કે તે પુરુષ તેની પત્ની સાથે અફેરમાં હતો. કોર્ટે કહ્યું કે સ્ત્રીને પુરુષની મિલકત માનવું ખોટું છે. આ વિચાર મહાભારતના સમયથી ચાલી આવે છે. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ ૧૭ એપ્રિલના રોજ ચુકાદો આપ્યો. આ માટે તેમણે મહાભારતનો ઉલ્લેખ કર્યો. તેણીએ સમજાવ્યું કે કેવી રીતે જૂનો વ્યભિચાર કાયદો, IPC ની કલમ ૪૯૭, પિતૃસત્તાક વિચારસરણી પર આધારિત હતો.

**મહાભારતની દ્રૌપદીનો સંદર્ભ**

ન્યાયાધીશ નીના બંસલ કૃષ્ણાએ પોતાના ચુકાદામાં કહ્યું, મહિલાને તેના પતિની મિલકત માનવી અને તેના ભયંકર પરિણામોનું મહાભારતમાં સારી રીતે ચિત્રણ કરવામાં આવ્યું છે. દ્રૌપદીને યુધિષ્ઠિર દ્વારા જુગારમાં દાવ પર લગાવવામાં આવી હતી. તેના અન્ય ચાર ભાઈઓ ચૂપચાપ જોતા રહ્યા અને દ્રૌપદી પાસે પોતાની ગરિમા માટે વિરોધ કરવાનો કોઈ અવાજ નહોતો.

**સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ગણાવ્યું હતું**

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશે પોતાના નિર્ણયમાં ૨૦૧૮ના સુ-ીમ કોર્ટના નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો. તે નિર્ણયમાં, વ્યભિચારને ગુનાની શ્રેણીમાંથી દૂર કરવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટે IPCની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય જાહેર કરી હતી. કોર્ટે કહ્યું હતું કે આ કલમ ફક્ત એવી મહિલાને પીડિત માને છે, જેની પોતાની કોઈ ઈચ્છા નથી. જસ્ટિસ કૃષ્ણાએ કહ્યું કે કાયદા હેઠળ, વ્યભિચાર કરતી સ્ત્રીને સજા થતી નથી. તેણીને ફસાવવામાં આવેલી પીડિતા માનવામાં આવતી હતી. આ પિતૃસત્તાક વિચારસરણીને પ્રતિબિંબિત કરે છે.

**આનાથી મહાભારતનું મહાન યુદ્ધ થયું**

કોર્ટે વધુમાં કહ્યું, જેમ બન્યું તેમ, તે (દ્રૌપદી) જુગારની રમત હારી ગઈ અને ત્યારબાદ મહાભારતનું યુદ્ધ થયું, જેના પરિણામે જાનમાલનું ભારે નુકસાન થયું અને ઘણા પરિવારોનો નાશ થયો સ્ત્રીઓને મિલકત ગણવાના વાહિયાત વિચારના પરિણામો દર્શાવતા આવા ઉદાહરણો હોવા છતાં, આપણા સમાજની પુરુષ અરાજકતાવાદી માનસિકતા આ વાત ત્યારે જ સમજી જ્યારે સુપ્રીમ કોર્ટે IPCની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય જાહેર કરી.

**દિલ્હી હાઈકોર્ટેઅરજી ફગાવી દીધી**

આ કેસમાં, પતિએ આરોપ લગાવ્યો હતો કે તેની પત્ની અને પુરુષ વચ્ચે અફેર હતું. તેણે કહ્યું કે તે બંને એક શહેરમાં ગયા, એક હોટલમાં રોકાયા અને તેણીની સંમતિ વિના સેક્સ કર્યું. અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટે તે વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. પરંતુ, સેશન્સ કોર્ટે તે નિર્ણય ઉલટાવી દીધો અને સમન્સ જારી કર્યા. જોકે, હાઈકોર્ટે ફરિયાદ રદ કરી દીધી છે. કોર્ટે કહ્યું કે IPCની કલમ ૪૯૭ હેઠળ કોઈ કેસ બનતો નથી કારણ કે આ કલમ હવે રદ કરવામાં આવી છે.

**પતિ-પત્નીના સંબંધમાં છેતરપિંડી એ એક ખાનગી બાબત છે**

સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને બેન્ચે કહ્યું, જ્યારે વૈવાહિક સંબંધમાં એક પક્ષ નૈતિક પ્રતિબદ્ધતા ગુમાવે છે, ત્યારે તે સંપૂર્ણપણે ગોપનીયતાનો મામલો છે. વ્યભિચારને ગુનો ગણવો એ એક પ્રતિગામી પગલું હશે. આનો અર્થ એ થયો કે જો પતિ-પત્નીના સંબંધમાં કોઈ છેતરપિંડી થઈ હોય, તો તે તેમનો અંગત મામલો છે. આને ગુનો માનવો યોગ્ય નથી.



**કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો**

કોર્ટે મહિલાઓ પર માલિકી હકોનો દાવો કરવાની જૂની વિચારસરણીની ટીકા કરી. ન્યાયાધીશે કહ્યું કે કાયદો લગ્નની પવિત્રતા જાળવવા વિશે નથી, પરંતુ પતિના નિયંત્રણને જાળવવા વિશે છે. કોર્ટે કહ્યું, તેથી, એ સ્પષ્ટ છે કે આ જૂનો કાયદો હવે તેનો હેતુ ગુમાવી ચૂક્યો છે. આ આજના બંધારણીય નૈતિકતા અનુસાર નથી. જે હેતુ માટે તે બનાવવામાં આવ્યું હતું તે હવે મનસ્વી બની ગયું છે. આજના સમયમાં આ સંપૂર્ણપણે અતાર્કિક છે. કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે.(૩૮.૫)

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પ્રીન્સીપલ સીની. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, દી.પ.અ. નં. ૮૯૪/૨૦૨૫.

અરજદાર :- **પ્રદીપકુમાર કૃષ્ણકુમાર જાની**, સરનામું :''**પુરૂષાર્થ**'', ૧૩/૧૫-મનહર પ્લોટ, ચોથો માળ, મંગળા રોડ, રાજકોટ-૩૬૦૦૦૨ વાળા એ **ગુજરનાર પ્રેમીલાબેન કૃષ્ણકુમાર જાની** ની સ્થાવર મિલ્કત રાજકોટ શહેરમાં મનહર પ્લોટ શેરી નં. ૧૩/૧૫ માં આવેલ રાજકોટનાં **રેવન્યુ સર્વે નં. ૪૧૮** પૈકી સીટી સર્વે વોર્ડ નં. ૬, શીટ નં. ૧૭૯, સીટી સર્વે નં. ૧૬૬૯ પૈકી **પ્લોટ નં. ૧૮** પૈકીની જમીન ચો.વા.આ. ૧૪૯-૩-૦ ઉપરનાં ''**પુરૂષાર્થ**'' એપાર્ટમેન્ટના નામથી ઓળખાતા બિલ્ડીંગ માંહેનાં ત્રીજા માળ ઉપર આવેલ ફલેટ નં. ૪ કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૭૫.૪૦ છે તે ફલેટ વાળી સ્થાવર મિલ્કતનું વારસા સર્ટી. મેળવવા માટે તેમના **વકીલશ્રી એમ. આર. યાદવ, કે. એમ. વારોતરીયા, શ્રી ભુપત વી. માલા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને **મુદત તારીખ : ૧૬/૬/૨૦૨૫** ના રોજ સવારે ૧૦:૪૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ : ૧૮ માંહે ૪ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યુ.

(કોર્ટનો સિક્કો)

તૈયાર કરનાર (**જે. એમ. અન્સારી**) આસીસ્ટન્ટ

હુકમથી (**એન. આર. વ્યાસ**) રજીસ્ટ્રાર

## જાહેર નોટીસ

રાજકોટના મહે. પ્રિન્સીપાલ એન્ડ ડિસ્ટ્રીકટ જજ સાહેબ શ્રી વી. બી. ગોહિલ સાહેબની અદાલતમાં, દિવાની પર. અરજી નાં. ૨૬/૨૦૨૫ના કામમાં અરજદાર સવિતાબેન મનજીભાઈ સાનીયા, રહે. તોપખાના શેરી નંબર-૨, મોરબી હાઉસ પાસે, જામનગર રોડ, રાજકોટએ ચિ. ચંદ્રેશને દતક લેવા બાબતે ધી હિન્દુ એડોપ્શન એન્ડ મેઈનટેનન્સ એકટની કલમ ૯ અન્વયે તેમના વકીલશ્રી **સી. એલ. ધ્રુવ, રોનક બી. વખારીયા** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પર. અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેઓએ તા.૦૯/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૧૦/૩૦ કલાકે અત્રેની કોર્ટે સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આજ તા. ૧૮ મી એપ્રિલ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યુ.

(કોર્ટનો સિક્કો)

તૈયાર કરનાર **(સી.જી.ચાંચિયા)** આસીસ્ટન્ટ

હુકમથી **સહી/-(અવાચ્ય)** રજીસ્ટ્રાર ડીસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ, રાજકોટ.

## પોરબંદરઃ આકરા સુર્યતાપ સાથે ચૈત્રી દનૈયા તપવાનું શરૂ

(હેમેન્દ્રકુમાર પારેખ દ્વારા) પોરબંદર તા. ૧૯: બપોરે આકરા સુર્ય સાથે ચૈત્રી દનૈયા તપવાનું શરૂ થયું છે. આ ચૈત્રી દનૈયાનો ૧૦ દિવસ અભ્યાસ કરાશે અને તેના ઉપરથી આગામી ચોમાસુ કેવું રહેશે તેનો વરતારો નકકી કરાય છે.

ગુરૂતમ ઉષ્ણતામાન ૩૫,૨ સે.ગ્રે. લઘુતમ ઉષ્ણતામાન ૨૪,૨ સે.ગ્રે. ભેજ ૮૨ ટકા હવાનું દબાણ ૧૦૦૮,૮ એચ.પી.એ. સુર્યોદય ૬,૨૯ સુર્યાસ્ત ૭,૧૨ મીનીટે. (૭.૨૧)

# પોરબંદરમાં જૂગાર દરોડોઃ ૧૧૮૩૦ ની રોકડ સાથે ૬ યુવાનો ઝડપાયા

પોરબંદર તા. ૧૮ :.. કડીયા પ્લોટમાં જાહેરમાં જૂગાર રમતા ૬ શખ્સોને ૧૧૮૩૦ ની રોકડ પાસે પોલીસે પકડી લીધા હતાં.

એલસીબી ઈન્ચાર્જ પો. ઈ. આર. કે. કાંબરીયાના માર્ગદર્શન મુજબ એલ. ીસ. બી. સ્ટાફને બાતમી આધારે કડીયા પ્લોટમાં જૂગાર રમતા જગદીશ બાબુભાઈ ઢાકેશા, પરસોતમ ગોવિંદભાઈ, ઉમેશ રામજીભાઈ, પ્રસાંન્ત રાજૂભાઈ ઉર્ફે રાજુભાવનગરી, રોશન રવજીભાઈ જેઠવા, તથા સિધ્ધાર્થ રાજૂભાઈ સોલંકીને ૧૧૮૩૦ ની રોકડ સાથે પોલીસે પકડી લીધા છે.

આ જૂગાર દરોડાની કામગીરીમાં એલસીબી-આઈ.સી. આર. કે. કાંબરીયા તથા એએસઆઈ રાજેન્દ્રભાઈ જોષી, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, તથા એચ. સી. ઉદયભાઈ વરૂ, સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, હીમાંશુભાઈ મકકા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા તથા ડબ્યુલ.એચ.સી. નાથીબેન કુછડીયા તથા પી. સી. નટવરભાઈ ઓડેદરા, વિરેન્દ્રસિંહ પરમાર, અજયભાઈ ચૌહાણ વિગેરે રોકાયેલ હતાં. (૫-૨૨)

કારમાં સવાર એક વ્યક્તિએ તેમના પર ગોળીબાર કર્યો, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું

# કેનેડામાં ભારતીય મૂળના વિદ્યાર્થીનીની બસ સ્ટોપ પર ગોળી મારી હત્યા



હેમિલ્ટન,તા.૧૯: કેનેડામાં ભારતીયોની હત્યા ચાલુ છે. તાજેતરમાં એક યુવાનની હત્યા બાદ હવે એક ભારતીય વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. વિદ્યાર્થીની કામ પર જઈ રહી હતી ત્યારે તેને ગોળી મારી દેવામાં આવી હતી. તે દરમિયાન તે બસની રાહ જોઈ રહી હતી. કારમાં સવાર એક વ્યકિતએ તેમના પર ગોળીબાર કર્યો, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું.

કેનેડાના હેમિલ્ટન શહેરમાં હરસિમરત રંધાવા નામની ભારતીય વિદ્યાર્થીનીની હત્યા કરવામાં આવી હતી. જે ત્યાં મોહૌક કોલેજમાં અભ્યાસ કરી રહી હતી. આ ઘટના બાદ ભારતીય દૂતાવાસે આ મામલે સંપૂર્ણ મદદનું વચન આપ્યું છે.

આ સમગ્ર મામલે, ટોરોન્ટોમાં ભારતીય દૂતાવાસે એક પોસ્ટમાં કહ્યું કે ઓન્ટારિયોના હેમિલ્ટનમાં ભારતીય વિદ્યાર્થી હરસિમરત રંધાવાના દુઃખદ મૃત્યુથી અમને ખૂબ જ દુઃખ થયું છે. અધિકારીએ જણાવ્યું હતું કે સ્થાનિક પોલીસના મતે, તે એક નિર્દોષ પીડિતા હતી જેનું બે લોકો વચ્ચેની લડાઈમાં મૃત્યુ થયું હતું. સમગ્ર મામલાની તપાસ હજુ પણ ચાલુ છે. તેમણે વધુમાં કહ્યું કે અમે તેમના પરિવારના સંપર્કમાં છીએ અને દરેક રીતે મદદ કરી રહ્યા છીએ.

**વિદ્યાર્થીને ગોળી કેવી રીતે લાગી?**

હેમિલ્ટન પોલીસે જણાવ્યું હતું કે ભારતીય વિદ્યાર્થીના મૃત્યુના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે તે બે લોકો વચ્ચેના ઝઘડાનું પરિણામ હતું, કારણ કે કાળી કારમાં સવાર એક યુવકે સફેદ સેડાન પર ગોળીબાર કર્યો હતો. બસ સ્ટોપ પર ઉભેલી એક વિદ્યાર્થીની છાતીમાં ગોળી વાગી, જેના કારણે તેનું મોત નીપજ્યું. પોલીસ ગોળીબાર કરનાર આરોપીની શોધ કરી રહી છે.

**આ મહિને બે ભારતીયોના મોત થયા હતા**

હેમિલ્ટન પોલીસે જણાવ્યું હતું કે તેમને સ્થાનિક સમય મુજબ સાંજે ૭.૩૦ વાગ્યે ગોળીબારના અહેવાલ મળ્યા હતા. જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે તેમને હરસિમરતની છાતીમાં ગોળી વાગી હતી અને તે ખૂબ લોહી વહેતું હતું. પોલીસે તેને તાત્કાલિક હોસ્પિટલમાં મોકલી દીધો, પરંતુ તેનો જીવ બચાવી શકાયો નહીં. આ ઘટના પહેલા, ૫ એપ્રિલના રોજ, એક ભારતીય યુવાનની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. એપ્રિલ મહિનામાં કેનેડામાં ભારતીય મૂળના બે લોકોની હત્યા કરવામાં આવી છે.(૪૦.૧૯)


## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના રાતૈયા ગામના રેવન્યુ સર્વે નં. ૪૩૨/ પૈકી ૧ (જુના રેવન્યુ સર્વે નં. ૧૪૭ પૈકી ૧૭) ની ખેતીની જુની શરતની જરાયત પ્રકારની પિયત ખેડવાણ જમીન હેકટર-આરે- ચો.મી. ૦-૮૦-૯૪ તથા રેવન્યુ સર્વે નં. ૪૩૨/ પૈકી ૨ (જુના રેવન્યુ સર્વે નં. ૧૪૭પૈકી ૧૭) ની ખેતીની જુની શરતની જરાયત પ્રકારની પિયત ખેડવાણ જમીન હેકટર-આરે- ચો.મી. ૦-૮૦-૯૪ મળી કુલ જમીન હેકટર-આરે- ચો.મી. ૧-૬૧-૮૮ જે ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૪૬૮ થી દિપકભાઈ જમનભાઈ ગજજરની સ્વતંત્ર માલિકી અને કબજા-ભોગવટાની આવેલ છે. તથા સદરહું ખેતીની ખેડવાણ જમીન તમામ પકારના બોજા રહીત હોવાનું જણાવતા સદરહું ખેડવાણ જમીન તેઓ પાસેથી ખાલી કબજે મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત ખેડવાણ જમીન પરત્વે કે તેના માલિકી હકક બાબતે કે રસ્તા બાબતે કોઈને કોઈ પણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો, દર-દાવો, લેણુ, કરજ, બોજો, ગીરો, ભરણપોષણ કે વારસાઈ હકક કે અન્ય કોઈ હકક હિત સંકળાયેલ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ-૧૦ (દસ) માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહિ આવે તો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોકત જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી મિલ્કતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યાર બાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૧૯/૦૪/૨૦૨૫

**અમો દિપકભાઇ જમનભાઇ ગજજરની સુચના અનુસાર**

**વિજય કે. રૈયાણી** (એડવોકેટ & નોટરી)
**દિક્ષીતા વી. રૈયાણી** (એડવોકેટ)
**મિલન એ. ધોળકીયા** (એડવોકેટ)
**રિક્ષિતા કે. રાણપરીયા** (એડવોકેટ)
ઓફિસ નં. ૨૦૪-૨૦૫, એપલ ગોલ્ડ, બીજો માળ, બાલાજી હોલની બાજુમાં, મહાપુજાધામ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો. ૯૯૧૩૪ ૪૩૪૪૫

## જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કેગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ ગોંડલ, ગોંડલ શહેર નગરપાલીકા હદમાં સમાવિષ્ટ ગોંડલના **રેવન્યુ સર્વે નં.૩૯૮ પૈકી ૩ તથા ૩૯૮ પૈકી ૩ પૈકી ૧** મળી કુલ જમીન એ.૧૪-૨૩ ગુંઠાના રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા ''**લેક હીલ ગ્રીનસીટી**'' તરીકે ઓળખાતા વિસ્તારની જમીનના ખુલ્લા પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧૩૯ ની જમીન ચો.મી.૮૧-૧૨** ઉપર આવેલ ઉભા ઈમલા સહિતના પાર્ટ-એ ના બ્લોક નં. ૩૮ વાળી મિલ્કત **રાહુલકુમાર દામોદરભાઈ સોલંકી** ના કુ.મુ. [illegible]

**રાહુલ વી. વેકરીયા** એડવોકેટ
એફ-૧૦૭, કૈલાશ કોમ્પ્લેક્ષ, બસ-સ્ટેશન રોડ, ગોંડલ મો. નં. ૮૪૧૧૧ ૩૧૩૨૧
તે મારા અસીલની સુચના તથા ફરમાઈશથી

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, (૧) વીઠલભાઈ વશરામભાઈ હીરપરા, (૨) સવીતાબેન વીઠલભાઈ હીરપરા, (૩) ઉર્મીલાબેન વીઠલભાઈ હીરપરા, (૪) સંદીપભાઈ વીઠલભાઈ હીરપરા, (૫) શર્મીષ્ઠાબેન [illegible]

**હાર્દિક કે. વિરાણી** બી.કોમ.એલએલ.બી. એડવોકેટ
ઠે. શ્રીજી ઝેરોક્ષ, ક્રિષ્ના કોમ્પ્લેક્ષ, સરદાર પટેલ ચોક, કાલાવડ (શીતલા) મો. ૯૮૭૯૩ ૯૨૪૬૬

## જાહેર નોટીસ - કહયામાં નથી



આથી અમો નીચે સહી કરનાર **ગૌસ્વામી જલ્પાબેન કિરીટભાઈ**, રહે. હાલ રહેઃવિશ્વકર્મા સોસાયટી શેરી નં. ૭ ના ખુણે, પુનિત નગર પાણીના ટાંકાની સામે, વાવડી, રાજકોટ. જાહેર જનતાને જાણ કરી આ નોટીસ પાઠવી જાણ કરવાની કે, બાજુમાં ફોટામાં દર્શાવેલ મારી પુત્રી **ગૌસ્વામી માનસી કિરીટભાઈ (સગીર)**, ઉ.વ.આ. ૧૬ વર્ષ ૮ માસ, ધર્મેઃ હિન્દુ, રહેઃ "[illegible] પાસે, દ્વારકાધીશ હવેલી સામે, મવડી [illegible] માસથી ઘરેથી અમોને કહ્યા વગર ચાલી [illegible] સાથે રહેતી નથી. અમોએ તેમને અમારા [illegible] રકમ કે અમોના ખાતે આવેલ સ્થાવર કે જંગમ મિલ્કત બાબતે [illegible] બાબત અમોની તેમજ અમારા પરીવારના કોઈ સભ્યોની જવાબદારી રહેશે નહી. તેમજ અમારે કે અમારા કોઈ સગા સબંધી સાથે કોઈ પણ પ્રકારનો સબંધ નથી કે વ્યવહાર નથી. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

અમારા મારફત — રાજકોટ, તા. ૧૯ - ૦૪ - ૨૦૨૫

**વિજય એલ. ગજેરા - એડવોકેટ**
૨૭, પ્રથમ માળ, બાલાજી હોલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ- ૫

## જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ આણંદપરના રે.સ.નં. ૩૦ પૈકી જમીન એકર ૫-૦૫ ગુઠા કે જે હાલ (૧) ગોકળભાઈ ઘેલાભાઈ માટીયા (૨) બાબુભાઈ દુદાભાઈ માટીયા (૩) દિનેશભાઈ ચનાભાઈ ગમારા ના નામે આવેલ હોય તે જમીન સબંધેની જાહેર નોટીશ.

આથી અમો નીચે સહી કરનાર પી.બી. મારૂ- એડવોકેટ તે મારા અસીલશ્રી (૧) ચંપાબેન ભીખાભાઈ ઉર્ફે ભીખુભાઈ પરમાર તે જાતે તથા ૧/૧ તથા ૧/૨ ના ઈષ્ટમીત્ર વાલી દરજજે (૧/૧) સગીર મયંક ભીખુભાઈ પરમાર (૧/૨) સગીર ધારા ભીખુભાઈ પરમાર (૨) તુલસીબેન ભીખુભાઈ પરમાર વતી જાહેર જનતાને આ નોટીશ પાઠવી જણાવવાનું કે-

ઉપરોક્ત ખેતીની જમીન ધનાભાઈ સવાભાઈ પરમાર તથા સવાભાઈ દેવજીભાઈ પરમારે કુલ એકર ૧૦-૧૦ ગુંઠા સંયુક્ત નામે ખરીદ કરેલ. ત્યારબાદ સદરહું જમીનમાંથી અડધી જમીન ધનજીભાઈ ઉર્ફે ધનાભાઈ સવાભાઈ પરમારના નામે એ. ૫-૦૫ ગુંઠા આવેલ હતી જેમાં ધનજીભાઈ ઉર્ફે ધનાભાઈ સવાભાઈ પરમારનું અવશાન થતાં તેની વારસાઈ નોંધ સાકરબેન ધનાભાઈ પરમાર, ભીખુભાઈ ધનાભાઈ પરમાર, ગીતાબેન ધનાભાઈ પરમાર, સ્વ. વિનુભાઈ ધનાભાઈ પરમારના વારસદારોના નામે રેવન્યુ નોંધ પ્રમણીત થયેલ જેમાં મારા અસીલો ભીખુભાઈ ધનાભાઈ પરમારના પત્ની તથા કાયદેસરના વારસદારો હોય તેઓનો હકક ડુબાડી ઉપરોક્ત વ્યક્તિના નામે વેચાણ વ્યવહાર કરવામાં આવેલ હોય જેથી મારા અસીલોએ રાજકોટના પ્રીન્સીપલ સીની. જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.કે.નં. ૨૮/૨૦૨૫ થી વડીલોપાર્જીત વારસાઈ મિલ્કતમાંથી હીસ્સો મેળવવા તથા વેચાણ દસ્તાવેજ રદકરવા તથા વિજ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કરેલ છે. જે મેટર નામ. અદાલત સમક્ષ પેન્ડીંગ છે. સબજયુડીશ છે. તેથી ઉપરોકત વ્યકિતઓ સાથે અન્ય કોઈએ વ્યકિત, સંસ્થા, પેઢીએ કોઈપણ પ્રકારનો વેચાણ વ્યવહાર કે અન્ય. કોઈ વ્યવહાર કરવો નહી અન્યથા આવા વેચાણ વ્યવહાર સહીતના અન્ય વ્યવહારો ગેરકાયદેસર, નલ એન્ડ વોઈડ, એબઈનીસ્યોવોઈડ તથા આવા વ્યવહારો મારા અસીલને બંધનકર્તા રહેશે નહી.

રાજકોટ તા. ૧૯-૪-૨૦૨૫

**પરેશ બી. મારૂ** એડવોકેટ-રાજકોટ તે અસીલની સુચનાથી
બ્લોક નં. ૧૨, જીવન વિહાર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, રાજકોટ.
(ચંપાબેન ભીખાભાઈ ઉર્ફે ભીખુભાઈ પરમાર) તે જાતે તથા (૧/૧) તથા (૧/૨)ના વાલી તથા ઈષ્ટમીત્ર દરજજે (તુલસીબેન ભીખુભાઈ પરમાર)

## ગોંડલ તાલુકાના ગામ દેરડીના રે.સ.નં.૫૨/૧ પૈકી ૨/ પૈકી ૨ ની ખેતીની જમીન અંગે જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના તાલુકા ગોંડલના ગામ દેરડીના રેવન્યુ સર્વે નં.૫૨/૧ પૈકી ૨/ પૈકી ૨ ની જુની શરતની ખેતીની ખેડવાણ જમીન હેકટર ૦ આરે ૭૨ ચો.મી. ૮૪ શ્રી ઘેલાભાઈ દુદાભાઈ પદમાણીની માલીકીની અને કબજા, ભોગવટાની આવેલ છે સદરહું જમીન અમોના અસીલ એ તેઓના માલીકો પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે. [illegible]

રાજકોટ. તા. ૧૯-૦૪-૨૦૨૫

**સ્વસ્તિક લો ફર્મ.**
મયુર જી.ડુંગર, ભાવિક ટી. આંબલિયા, કૃણાલ બી. વેકરીયા, એડવોકેટસ
ઓફિસ નં.૩૦૪-૩૦૫, ત્રીજો માળ, પ્રાઈડ પ્લાઝા, ગોલ્ડન ચેમ્બરની બાજુમાં, ટાગોર રોડ, રાજકોટ. [illegible]

## ગોંડલ તાલુકાના ગામ પાંચખીલોરીના રે.સ.નં.૫૨ પૈકી ૧ ની ખેતીની જમીન અંગે જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના તાલુકા ગોંડલના ગામ પાંચખીલોરીના રેવન્યુ સર્વે નં.૫૨ પૈકી ૧ ની જુની શરતની ''ખારાવાળુ'' તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન [illegible]

રાજકોટ. તા. ૧૯-૦૪-૨૦૨૫

**સ્વસ્તિક લો ફર્મ.**
મયુર જી.ડુંગર, ભાવિક ટી. આંબલિયા, કૃણાલ બી. વેકરીયા, એડવોકેટસ
ઓફિસ નં.૩૦૪-૩૦૫, ત્રીજો માળ, પ્રાઈડ પ્લાઝા, ગોલ્ડન ચેમ્બરની બાજુમાં, ટાગોર રોડ, રાજકોટ. [illegible]

## સીવીલ કોર્ટ નોટીસ

[illegible]

(કોર્ટનો સિક્કો)

(એ. એચ. માંકડ) સુપ્રિન્ટેન્ડન્ટ — (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના મોજે ગામ ઝીલરીયાના રેવન્યુ સર્વે નં. [illegible]

રાજકોટ તારીખઃ૧૯/૦૪/૨૦૨૫

અમારા મારફત **હિમાંશુ આર. પજવાણી** એડવોકેટ

સરનામુંઃ-
**નયન આર. પજવાણી**
**પાર્થ પી. જોષી**
**ડો. અનિલ એસ. દશાણી** એડવોકેટ્સ
૧૦૨, પ્રતિક, ૨૦/૨૫ ન્યુ જાગનાથ પ્લોટ, રાજકોટ. મો.નં. ૯૮૨૪૨ ૦૦૯૯૫

દિલ્હીથી બેંગ્લોર સુધી મોટા શહેરોમાં ઈલેક્ટ્રીક કેબ સર્વિસ આપતી કંપની ડુબવાના આરે

# ''બ્લુસ્માર્ટ'' કેબ સેવાનો ''ધી એન્ડ'': ધોની-દિપિકા-ગ્રોવરનાં ડુબશે પૈસા!

ગ્રીન બીઝનેસ માટે જાણીતી હોવાથી દિગ્ગજોએ પૈસા લગાવ્યા હતાં: કંપની આર્થિક સંકટમાં: ડ્રાઈવરોને પાણીચા!!

EDITORIAL

તંત્રી સ્થાનેથી....

અકિલા

૧૯-૦૪- ૨૦૨૫:શનિવાર

## જીવલેણ સેટિંગમાં રાજકોટ રીબાયું

### દુર્ઘટના થાય ત્યારે નવા નિયમો બને, પણ અમલના ઠેકાણા નહિ: લોકો સહન કરવાનું બંધ કરે

રંગીલુ રાજકોટ વિવિધ સમસ્યાઓથી ઘેરાઈ ગયું છે. એક પણ મુદ્દો એવો નથી, જેનો સચોટ ઉકેલ આવ્યો હોય. દુર્ઘટના બને ત્યારે માત્ર થુકના સાંધા જેવા પગલાં લેવાય છે. સિટી બસ દ્વારા નિર્દોષ લોકોને કચડી મારવાની ઘટનામાં ઊંડા ઉતરો કંઈક અજુગતુ દેખાતશે. કોન્ટ્રાકટર સાથ. જે કરારો થયા છે, તેના નિયમો જુઓ તો મહાપાલિકાના કાંડા કપાયેલા નજરે પડશે. કોન્ટ્રાક્ટરને મોજ કરાવે તેવા નિયમો વધારે છે.

મોટાભાગના કોન્ટ્રાક્ટમાં ભાજપીઓ અથવા તેને મળતિયાઓ ગોઠવાઈ ગયા હોય છે. આ બધું સેટિંગના ભાગરૂપે હોય, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. નિયમો પણ કોન્ટ્રક્ટર તરફી બને છે. લોકોનું જે થવું હોય તે થાય, આપણે ખીસ્સા ભરો-જેવી માનસિકતા ચારેબાજુ છવાઈ ગઈ છે.

આ કારણે દુર્ઘટનાઓ વધી ગઈ છે અને લોકોના જીવ જાય છે. ગેમઝોન અગ્નિકાંડને યાદ કરો. આખું બાંધકામ ગેરકાયદે હતું. મહાકાય અધિકારીઓ તથા નેતા-નેતીઓ પણ ગેમઝોને સેટિંગના ભાગરૂપે મુજરા કરી આવ્યા હતા. અગ્નિકાંડમાં નિર્દોષ લોકોના જીવ ગયા બાદ શું થયું? બે-ચાર નાના માથાં ઝડપાયા અને મગરમચછો છટકી ગયા.

અગ્નિકાંડ બાદની સ્થિતિ પણ યાદ કરો. તંત્ર-શાસકોએ આક્રમક હોવાનો દેખાવ કર્યો. રાતોરાત નવા નિયમો બનાવ્યા મુદ્દો ટાઢો પડયા બાદ નિયમોના અમલના ઠેકાણા નથી. ફરીથી એક રહેણાક બિલ્ડિંગમાં અગ્નિકાંડમાં થયો. આ ધનાઢ્યોના બિલ્ડીંગમાં ત્રણ સામાન્ય લોકોના જીવ ગયા હતા. બિલ્ડિંગમાં નિયમોનો ઉલાળિયો થયો હતો, પણ ભાજપી શાસકો અને તેના તંત્રએ કોઈ સામે પગલા લીધા નથી. ચારેબાજુ સેટિંગબાજી ચાલે છે, જેના કારણે લોકોના જીવ જાય છે અને રાજકોટ રીબાવા લાગ્યું છે.

રાજકોટમાં બસ દુર્ઘટના બાદ ડ્રાઈવરોના લાયસન્સ ચેકિંગથી માંડીને કોન્ટ્રાક્ટના નિયમો બદલવાની વાતો થાય છે, પરંતુ આ બધું થુકના સાંધા જેવા છે. મુદ્દો ટાઢો પડી ગયા બાદ ફરી સરકારી વાનો પણ યમદૂતની જેમ દોડવા લાગશે. આ બધું સેટિંગના ભાગરૂપે જ ચાલે છે.

આ કારણે રાજકોટના લોકપ્રશ્નો કાયમ લટકતા જ રહે છે. સમસ્યાનો નીકાલ કરવાને બદલે થીગડાં મરાય છે. ધારાસભ્યો સાંસદો-કોર્પોરેટર્સ કયારેય લોકો તરફી અવાજ ઉઠાવતા નથી. એ પણ સેટિંગનો જ ભાગ છે. લોકોના ખર્ચે અટલ સરોવર બન્યું અને કોન્ટ્રાક્ટર વર્ષો સુધી મીલક હક્ક ભોગવી શકે તેવા નિયમો બન્યા છે. લોકો લૂટાય છે, પણ ભાજપીઓ કોન્ટ્રાક્ટર સામે વટ કરી શકતા નથી. સેટિંગના કારણો રાજકોટ બરબાદ થઈ રહયું છે.

બસ દુઘટના બાદ ઈલે. સિટી બસના ડ્રાઈવરોએ હડતાલ કરને સેવા બાનમાં લીધી, ભાજપનું એક પણ નેતુ કે અધિકારીઓ ડ્રાઈવરને પણ ફરજ પાડી ન શકયા. આવા સેટિંગ સહન કરવાની જરૂર નથી. અવાજ નહિ ઉઠાવો તો કમોતે મરશો. (૩.૨)

નવી દિલ્હી,તા.૧૯: ઈલેક્ટ્રિક કેબ સેવા પૂરી પાડતી કંપની બ્લૂસ્માર્ટની સેવા હવે બંધ કરી દેવામાં આવી છે. આ પછી, રાષ્ટ્રીય રાજધાની દિલ્હી, બેંગલુરુ અને મુંબઈ સહિત દેશના ઘણા શહેરોમાં લોકો તેની સેવાઓનો લાભ લઈ શકશે નહીં. લોન છેતરપિંડીના કેસમાં સેબીની કાર્યવાહી બાદ બ્લૂસ્માર્ટે તેની સેવાઓ બંધ કરવાનો આ નિર્ણય લીધો છે.

કંપનીએ જણાવ્યું હતું કે તેણે બુધવારે સાંજે બુકિંગ લેવાનું બંધ કરી દીધું હતું અને ગુરુવારે પણ બુકિંગ બંધ રહ્યુ હતું. આ પછી, એક તરફ, બ્લૂસ્માર્ટ કંપનીના હજારો ડ્રાઈવરોની નોકરીઓ જોખમમાં છે, તો બીજી તરફ, લોકો પણ આ પછી ખૂબ ચિંતિત થઈ રહ્યા છે. લોકોએ તેને સોશિયલ મીડિયા પર પણ શેર કર્યુ.





ઈલેક્ટ્રિક રાઈડ હેઈલિંગ સ્ટાર્ટઅપ બ્લુસ્માર્ટ બંધ થવાની આરે છે અને તેના સહપ્રસ્થાપક પર નાણાકીય ગેરરીતિનો આરોપ લાગ્યા બાદ સેબી દ્વારા તેની તપાસ ચાલી રહી છે. તેણે દિલ્હી-એનસીઆર, મુંબઈ અને અન્ય સ્થળોએ તેની કેબ સેવા અસ્થાયી રૂપે બંધ કરી દીધી છે અને કંપની નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે.

આ કંપની એક સમયે તેના ઓલ-ઈલેક્ટ્રિક ફ્લીટ અને ગ્રીન બિઝનેસ મોડેલ માટે પ્રખ્યાત હતી. જેના કારણે ઘણા મોટા દિગ્ગજોએ તેમાં પૈસા રોકાણ કર્યા. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની (MS Dhoni)થી લઈને બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ, બજાજ કેપિટલના સંજીવ બજાજ અને શાર્ક ટેન્ક ઈન્ડિયાના ભૂતપૂર્વ જજ અીર ગ્રોવર પાસે પણ પૈસા છે.

હકીકતમાં, આ કંપનીના સહપ્રસ્થાપક, અનમોલ સિંહ જગ્ગી અને તેમના ભાઈ પુનિત સિંહ જગ્ગી, જેઓ જેન્સોલ એન્જિનિયરિંગ કંપનીના પ્રમોટર છે. તેમણે જેન્સોલ કંપનીના નામે લીધેલા લોનના પૈસાનો દુરુપયોગ કર્યો અને ફ્લેટ, ગોલ્ફ કિટ્સ અને મુસાફરી જેવી લક્ઝરી વસ્તુઓ પર ૨૬૨ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા. જેનો હિસાબ સેબી તેની તપાસમાં શોધી શક્યું નથી. આવી સ્થિતિમાં, સેબીએ તેના પ્રમોટર્સને કોઈપણ કંપનીનું સંચાલન કરતા અટકાવ્યા અને બજારમાં તેમના પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂક્યો.

જેના કારણે હવે બ્લૂસ્માર્ટની કામગીરી પણ જોખમમાં મુકાઈ ગઈ છે અને તેના રોકાણકારોમાં ચિંતા ઉભી થઈ છે. બ્લુસ્માર્ટે શરૂઆતના રોકાણકારોની મોટી સંખ્યાને આકર્ષિત કરી. ૨૦૧૯ માં, દીપિકા પાદુકોણના પરિવારના કાર્યાલયે બજાજ, JITO એન્જલ નેટવર્ક અને રજત ગુપ્તા સાથે $૩ મિલિયનના એન્જલ ફંડિંગ રાઉન્ડમાં ભાગ લીધો હતો.

NDTV પ્રોફિટના અહેવાલ મુજબ, ધોની અને દીપિકાના પરિવારના કાર્યાલયોએ બ્લુસ્માર્ટના નાણાકીય વિકાસને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે, જેમાં જુલાઈ ૨૦૨૪ માં એક મોટો રોકાણ રાઉન્ડનો સમાવેશ થાય છે.

પ્રાઈવેટ સર્કલના ડેટા અનુસાર, જગ્ગી બ્રધર્સ બ્લુસ્માર્ટમાં લગભગ ૩૩% હિસ્સો ધરાવે છે. રોકાણકાર બીપી વેન્ચર્સ સિરીઝ એ રાઉન્ડમાં ૧૪.૩% હિસ્સો રાખ્યો હતો. જેના સંદર્ભમાં, બ્લુસ્માર્ટે ૨૫ મિલિયનના સિરીઝ A રાઉન્ડને વૈશ્વિક સ્તરે ગતિશીલતા ક્ષેત્રમાં સૌથી મોટું રોકાણ ગણાવ્યું હતું.

**ધોનીએ કેટલા પૈસાનું રોકાણ કર્યું છે?**

કંપનીએ ૨૦૨૪ માં પ્રી-સિરીઝ ૭ રાઉન્ડમાં ૨૪ મિલિયન એકત્ર કર્યા, જેમાં ધોનીના પરિવારના કાર્યાલય, રીન્યુ પાવરના CEO સુમંત સિંહા અને સ્વિસ એસેટ મેનેજર રિસ્પોન્સએબિલિટી ઈન્વેસ્ટમેન્ટ્સ તરફથી રોકાણનો સમાવેશ થાય છે. આ રાઉન્ડમાં ૨૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા હતા, જેમાં સ્વિસ ઈમ્પેક્ટ ઈન્વેસ્ટર રિસ્પોન્સએબિલિટી અને રીન્યુના ચેરમેન સુમંત સિંહાએ પણ ભાગ લીધો હતો. આ રોકાણ બ્લુસ્માર્ટના ભાવિ માર્ગમાં ઉચ્ચ-પ્રોફાઈલ રોકાણકારોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

**અશ્નીર ગ્રોવરે પણ રોકાણ કર્યું**

કટોકટી પર પ્રતિક્રિયા આપતા, અીર ગ્રોવરે હ પર પોસ્ટ કરી કે તેમણે બ્લુસ્માર્ટમાં રૂ.૧.૫ કરોડ અને મેટ્રિક્સમાં રૂ.૨૫ લાખનું રોકાણ કર્યું છે. તેમણે લખ્યું કે હું વર્તમાન પરિસ્થિતિથી પીડિત છું... મને આશા છે કે વ્યવસાય તેના હિસ્સેદારોના હિત માટે વર્તમાન કટોકટીમાંથી બહાર નીકળી શકશે.

તમને જણાવી દઈએ કે બ્લૂસ્માર્ટ ગેન્સોલની ઔપચારિક પેટાકંપની નથી, પરંતુ તેના નાણાકીય સંબંધો ખૂબ જ ઊંડા છે. ગેન્સોલ અને બ્લુસ્માર્ટની પેટાકંપનીઓ વચ્ચે ૧૪૮ કરોડ રૂપિયાથી વધુના વ્યવહારો થયા હતા, જે બંને વચ્ચે મજબૂત જોડાણ દર્શાવે છે, જે હવે સઘન તપાસ હેઠળ છે.

બ્લુસ્માર્ટે ગ્રાહકોને મોકલેલા તેના ઈમેલમાં કહ્યું - અમે બ્લુસ્માર્ટ એપ પર બુકિંગ અસ્થાયી રૂપે બંધ કરવાનો નિર્ણય લીધો છે. નોંધનીય છે કે આ અઠવાડિયે સેબીએ નવીનીકરણીય ઉર્જા કંપની ગેન્સોલ સામે ફોરેન્સિક તપાસનો આદેશ આપ્યો છે અને તેના બે પ્રમોટરો, ભાઈઓ અનમોલ જગ્ગી અને પુનીત જગ્ગીને શેરબજારમાં કામ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે, બ્લુસ્માર્ટ બંધ થવાથી તેના હરીફ સેવા પ્રદાતાઓ ઓલા, ઉપાર, રેપિડો અને ઈનડ્રાઈવને સીધો ફાયદો થશે.

જોકે, એવું લાગે છે કે જો આનાથી સૌથી વધુ ફાયદો કોઈને થશે તો તે કંપની ઉબેર હશે. રોકાણકારો એવું પણ માને છે કે આ કંપની તેનું વર્ચસ્વ વધારશે, અને મોટાભાગના વપરાશકર્તાઓએ પણ આ તરફ ધ્યાન દોર્યું છે. ઉબેરની એપ્લિકેશન લગભગ ૫૦ કરોડ લોકોએ ડાઉનલોડ કરી છે અને આ કિસ્સામાં, તે રેપિડો, ઓલા અથવા ઈનડ્રાઈવ કરતા ઘણી આગળ છે જેમના ૧૦ કરોડ ડાઉનલોડ છે.

જાન્યુઆરીમાં બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસ્વાલ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, અમેરિકન કંપની ઉબેર દેશના ટેક્સી બજારમાં સરેરાશ દૈનિક સવારી અને સક્રિય માસિક વપરાશકર્તાઓના સંદર્ભમાં તેના સ્પર્ધક કરતા ઘણી આગળ છે. ઉબેર દરરોજ લગભગ ૮.૮ લાખ સવારીઓ સાથે બજારમાં તેના સ્પર્ધકો કરતાં ઘણું આગળ છે.(૪૦.૧૫)

## વેપારીઓ હવે માત્ર સાત દિવસમાં GST રજિસ્ટ્રેશન મેળવી શકશે

### ફિલ્ડ ઓફિસરો કયા ડોક્યુમેન્ટ માંગી શકશે તેની પણ યાદી જાહેર કરી




નવી દિલ્હી,તા.૧૯: વેપારીઓ હવે સાત દિવસમાં જીએસટી રજિસ્ટ્રેશન કરાવી શકશે અને જોખમી બિઝનેસના કિસ્સામાં બિઝનેસ સંકુલના રૂબરુ વેરિફિકેશનના ૩૦ દિવસમાં રજિસ્ટ્રેશનની અરજી પ્રોસેસ કરાશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)એ આ નવી ડેડલાઈન નિર્ધારિત કરી છે.

કેટલાંક ફિલ્ડ અધિકારીઓ કાલ્પનિક સવાલો કરીને બિનજરૂરી દસ્તાવેજો માગતાં હોવાનું અવલોકન કરીને CBICએ દસ્તાવેજોની એક યાદી બનાવી છે. અધિકારીઓ હવે આ યાદીમાં સમાવેશ કરાયેલા ડોક્યુમેન્ટ્સ જ ઓનલાઈન માંગી શકશે.

જીએસટી રજિસ્ટ્રેશન મંજૂર કરવાની નવી સૂચના જારી કરતાં બોર્ડે જણાવ્યું હતું કે રજિસ્ટ્રેશન અરજી -નેસેસ કરતી વખતે અધિકારીએ આ ડોક્યુમેન્ટની ઓરિજિનલ ફિઝિકલ કોપી માગીને પ્રશ્નો કરવા જોઈએ નહીં. જીએસટી રજિસ્ટ્રેશન મેળવવામાં મુશ્કેલીઓ પડતી હોવાની ઘણી ફરિયાદો મળી છે. ખાસ કરીને અધિકારીઓ બોર્ડે નિર્ધારિત કરેલા નથી તેવા વધારાના ડોક્યુમેન્ટ્સ માગતા હોય છે. પ્રિન્સિપલ પ્લેસ ઓફ બિઝનેસ (PPOB)ના દસ્તાવેજોના સંદર્ભમાં, અરજદારે કોઈપણ એક દસ્તાવેજ અપલોડ કરવો પડશે. તેમાં પ્રોપર્ટી ટેક્સની રસીદ અથવા મ્યુનિસિપલ ખાતાની નકલ અથવા માલિકના વીજળી બિલની નકલ અથવા પાણી બિલનો સમાવેશ થાય છે. જો ભાડાની જગ્યા હશે તો અરજદારે PPOB સંબંધિત કોઈપણ એક દસ્તાવેજ સાથે માન્ય ભાડું/લીઝ કરાર અપલોડ કરવો પડશે.(૪૦.૪)

## ધોમધખતા તાપથી બચવા ટેન્ટની સાથે જ વરઘોડો નીકળ્યો

### હાથી અને ઊંટની સાથે ભરબપોરે શાનદાર વરઘોડો નીકળ્યો છે

નવી દિલ્હી તા.૧૯: ભારતમાં ઠેર-ઠેર ગરમી માઝા મૂકી રહી છે. ભીષણ ગરમી વચ્ચે પણ અત્યારે લગ્નની



સીઝન ચાલી રહી છે ત્યારે જાનૈયાઓ તાપથી બચવાના અનોખા રસ્તા અપનાવી રહ્યા છે.

ખાસ કરીને જ્યારે દિવસના સમયે વરઘોડો કાઢવાનો હોય ત્યારે જાનૈયાઓને પસીનો છૂટી જાય છે. જો તમને પણ આવું થતું હોય તો ઈન્સ્ટાગ્રામના **wedding_editx** અકાઉન્ટ પરથી શેર થયેલી એક ક્લિપ મજાની છે.

હાથી અને ઊંટની સાથે ભરબપોરે શાનદાર વરઘોડો નીકળ્યો છે, પણ કોઈને ડાયરેક્ટ તાપ અડતો નથી. એ માટે જાયન્ટ મંડપ જેવો તંબુ ક્રીએટ કરવામાં આવ્યો છે અને કેટલાક લોકો એને ચોતરફથી ઊંચકીને રસ્તા પર ચાલી રહ્યા છે. એ મંડપની અંદર જાનૈયાઓ આરામથી નાચ-ગાન કરીને મહાલી રહ્યા છે.

કેન્દ્રમાં ટોચના 20 IAS અધિકારીને મંત્રાલયોમાં મહત્વના હોદા સોંપાયા

## અરવિંદ શ્રીવાસ્તવ નવા મહેસૂલ સચિવ: સમીર કુમાર સિંહા નવા નાગરિક ઉડ્ડયન સચિવ

નવી દિલ્હી,તા.૧૯: કેબિનેટની નિમણૂક સમિતિએ શુક્રવારે સચિવ સ્તરના મહત્ત્વના પદો ભરવા માટે ટોચના IAS અધિકારીઓની બઢતીને મંજૂરી આપી હતી. ઘણા અધિકારીઓ નિવૃત્તિ થયા હોવાથી અને ફેરબદલને કારણે ઘણી જગ્યાઓ ખાલી પડી છે. વિવિધ મંત્રાલયોમાં ટોચના ૨૦ હોદ્દા પરના અમલદારોમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યાં છે.




પ્રધાનમંત્રી કાર્યાલયમાં અધિક સચિવ રહેલા IAS અધિકારી અરવિંદ શ્રીવાસ્તવને નાણા મંત્રાલયમાં નવા મહેસૂલ સચિવ તરીકે નિયુક્ત કરાયા છે. નાગરિક ઉડ્ડયન સચિવ વુમલુનમાંગ વુલનમને નાણાં મંત્રાલયમાં ખર્ચ વિભાગના સચિવ તરીકે નિયુક્ત કરાયા છે. તેઓ મનોજ ગોવિલનું સ્થાન લેશે. મનોજ ગોવિલને કેબિનેટ સચિવાલયના સચિવ (સંકલન) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મનોજ ગોવિલ વંદના ગુરનાનીનું સ્થાન લેશે, જેમને કેબિનેટ સચિવાલયમાંથી શ્રમ અને રોજગાર મંત્રાલયના નવા કેન્દ્રીય સચિવ તરીકે ખસેડવામાં આવ્યા છે. તેઓ સુમિતા દાવરાની જગ્યા લેશે. દાવરા ૩૧ માર્ચે નિવૃત્ત થયા હતાં.

હાલના સંરક્ષણ વિભાગના અધિક સચિવ અને ડાયરેકટર જનરલ (સંપાદન) સમીર કુમાર સિંહા નવા નાગરિક ઉડ્ડયન સચિવ બનશે. હિમાચલ પ્રદેશ કેડરના IAS અધિકારી અનુરાધા ઠાકુરને નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના નવા કેન્દ્રીય સચિવ તરીકે પસંદ કરાયા છે. અનુરાધ ઠાકુર ઝઝમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકેનો કાર્યભાર સંભાળશે અને ૩૦ જૂનના નિવૃત્ત થઈ રહેલા અજય સેઠના સ્થાન પર કાર્યભાર સંભાળશે. રાજેશ અગ્રવાલને આગામી કેન્દ્રીય વાણિજ્ય સચિવ તરીકે નિયુક્ત કરાયા છે. તેઓ ૩૦ સપ્ટેમ્બરે નિવૃત્ત થઈ રહેલા સુનિલ બાર્થવાલનું સ્થાન લેશે. મધ્યપ્રદેશ કેડરના ૧૯૯૪ની બેચના IAS અધિકારી વિવેક અગ્રવાલને સંસ્કૃતિ મંત્રાલયના સચિવ તરીકે નિયુક્ત કરાયા છે.(૪૦.૩)

## કેસરી ચેપ્ટર-૨: અક્ષય સુપરહીટ પણ ફિલ્મનો હીરો તો સ્ટોરી જ છે

### હિન્દી મસાલા ફિલ્મ જેવું કંઈ ન હોવા છતાં ફિલ્મ તમને એક મિનિટ સ્ક્રીન બહાર નીકળવા નહીં દે




મુંબઈ તા.૧૯: છાવા ફિલ્મને બાદ કરતા ૨૦૨૫માં એક પણ સુપરહીટ ફિલ્મ આવી નથી. કંગના અને રામચરણ તો ફેલ થયા, પણ સલમાન ખાન પણ સિકંદર સાબિત થઈ શક્યો નહી. આ બધાની નિષ્ફળતા પાછળ એક જ કારણ હતું અને તે સ્ટોરી. સ્ટોરી મજબૂત હોય અને તેમાં સારા પર્ફોમન્સ અને ડિરેક્શનનું કોમ્બિનેશન થાય ત્યારે માત્ર જોવાલાયક નહીં પણ યાદ રાખવા લાયક ફિલ્મ બને છે અને કેસરી ચેપ્ટર-૨ આવી જ ફિલ્મ છે.

આ ફિલ્મ પણ પિરિયોડિકલ છે, પરંતુ કોઈ રાજાની યશોગાથાને બદલે બ્રિટિશરોની ગુલામી અને તે સમયે લડાયેલા એક કાનૂની જંગના યૌદ્ધાની વાર્તા છે. ૧૯૧૯માં થયેલા જલિયાવાલા બાગની પુષ્ટભૂમિ પર બનેલી આ ફિલ્મ સી. શંકરન નાયર નામના વકીલની વાત કરે છે. આ વકીલ કઈ રીતે બ્રિટિશરોને બાનમાં લે છે તે વાત ખૂબ જ ધારદાર રીતે ફિલ્મમાં બતાવવામાં આવી છે. હિન્દી મસાલા ફિલ્મ જેવું કંઈ ન હોવા છતાં ફિલ્મ તમને એક મિનિટ સ્ક્રીન બહાર નીકળવા નહીં દે. આ ફિલ્મ તમને દર્દનો અનુભવ કરાવશે અને સાથે આજ દિવસ સુધી જલિયાવાલા બાગ હત્યાકાંડ મામલે બ્રિટિશરોએ માફી નથી માગી તે વાત તમને ડંખ્યા કરશે.

આજે એક્ટિંગ પહેલા ડિરેક્શનની વાત કરવી છે. સારી સ્ટોરી લખાય, પણ જો તેને પડદા પર સારી રીતે કહેવાય નહીં તો ઓડિયન્સને કનેક્ટ કરવી શક્ય નથી. ખાસ કરીને ફિલ્મ જ્યારે ઈતિહાસના પાના ફેરવતી હોય અને ભૂતકાળમાં લઈ જતી હોય ત્યારે સ્ટોરી ટેલિંગ એટલે કે ડિરેક્શન ખાસ જહેમત માંગી લે છે અને આ જહેમત કરણ સિંહ ત્યાગીએ ઉઠાવી છે અને ખૂબ સારી રીતે સફળ રહ્યો છે. કરણ સિંહે અમૃતપાલ સિંહ (પ્રોડ્યુસર) સાથે મળી આ ફિલ્મ લખી પણ છે. બન્નેએ સ્ટોરીને એકદમ રસપ્રદ બનાવી છે અને કરણે જે રીતે એક પછી એક લેયર પડદા પર ખોલી છે તેને લીધે ફિલ્મ જુઓ ત્યારે એક આંખો સ્કિન પરથી હટાવવાનો તમને મોકો મળતો નથી. ફિલ્મમાં જે મનોરંજનનો પાર્ટ મિસિંગ છે તે ડાયલૉગ્સે કૉમ્પેનસેટ કરી દીધો છે. કોર્ટરૂમ ડ્રામા હિન્દી ફિલ્મોના ઘણા કોર્ટરૂમ ડ્રામાને બાજુએ મૂકી દે તેવો છે.

ખિલાડી કુમાર તરીકે જાણીતા અક્ષયે તમામ પ્રકારના રોલ કર્યા છે, પણ તેના શ્રેષ્ઠ પાત્રની યાદીમાં આગલી હરોળમાં મૂકાઈ તેવું પાત્ર તેણે સી શંકરનનું ભજવ્યું છે. અક્ષયે પાત્રને ક્યાંય પણ નબળું પડવા દીધું નથી. ક્લાઈમેક્સમાં તો અક્ષયે કરિયરનું બેસ્ટ પર્ફોમન્સ આપ્યું છે તેમ કહેવું ખોટું નહીં કહેવાય. અક્ષય સામે ઝીંક ઝીલવા માટે નિર્માતાએ આર. માધવનની પસંદગી યોગ્ય જ કરી છે. માધવન દરેક સિનમાં પોતાની પ્રેઝન્સ અને ઈમ્પ્રેશન છોડી જાય છે. અનન્યા પાંડેએ યુવાન વકીલ તરીકે સારું કામ કર્યું છે, પણ ઈમોશનલ સિન્સમાં તે ક્યાંક નબળી પુરવાર થાય છે. બાકીના બધા કલાકારોએ પણ સારું પર્ફોમ કર્યું છે.

જોકે ફિલ્મમાં ખામીઓ ન હોય તેમ ઓછું બને. કેસરી-૨માં પણ છે. ફિલ્મનો સેકન્ડ હાફ થોડો ધીમો અને ફિક્કો થાય છે. પહેલા હાફમાં જે લેવલ સેટ કર્યું છે તે પ્રમાણે બીજા હાફમાં અમુક ચાન્સ મિસ કર્યા હોય તેમ લાગે. ઈતિહાસ બતાવવા અમુક છૂટ લેવી પડે તે લીધી છે તેથી શક્ય છે કે મતમતાંતર થાય. જોક ફરી ક્લાઈમેક્સમાં કમબેક કર્યું છે, આથી થિયેટરમાંથી બહાર નીકળનારો દર્શક એક સારી ફિલ્મ જોયાનો આનંદ લઈને જશે તે નક્કી. (૩૫.૩)

## નારાયણ મૂર્તિના ૧૭ મહિનાના પૌત્રને ઇન્ફોસિસના શેર પર વર્ષનું ૧૦.૬૫ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ મળશે

### આ પહેલાં એકાગ્રહને વચગાળાના ડિવિડન્ડ્સ તરીકે ૭.૩૫ કરોડ રૂપિયા મળ્યા હતા



બેંગ્લોર,તા.૧૯: ઈન્ફોસિસ કંપનીના સ્થાપક નારાયણ મૂર્તિના ૧૭ મહિનાના પૌત્ર એકાગ્રહ રોહન મૂર્તિને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ ૧૦.૬૫ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ મળશે. ગુરુવારે ઈન્ફોસિસ કંપનીએ ગયા ફાઈનેન્શ્યલ વર્ષ માટેનું ફાઈનલ ડિવિડન્ડ પ્રતિ શેર બાવીસ રૂપિયા જાહેર કરતાં એકાગ્રહને ૩.૩ કરોડ રૂપિયા મળશે. આ પહેલાં એકાગ્રહને વચગાળાના ડિવિડન્ડ્સ તરીકે ૭.૩૫ કરોડ રૂપિયા મળ્યા હતા

નારાયણ મૂર્તિના દીકરા રોહનના પુત્ર એકાગ્રહનો જન્મ નવેમ્બર ૨૦૨૩માં બૅન્ગલોરમાં થયો હતો. તે ચાર મહિનાનો હતો ત્યારે નારાયણ મૂર્તિએ તેને માર્ચ ૨૦૨૪માં ૨૪૦ કરોડ રૂપિયાની કિંમતના ઈન્ફોસિસ કંપનીના ૧૫ લાખ શૅર ગિફ્ટ આપ્યા હતા. ઈન્ફોસિસના કુલ શૅરમાં આ હિસ્સો ૦.૦૪ ટકા છે. આમ તે ભારતનો યંગેસ્ટ બિલ્યનેર બન્યો છે.

નારાયણ મૂર્તિની દીકરી અક્ષતા મૂર્તિને ૮૫.૭૧ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ મળશે. તે બ્રિટનના ભૂતપૂર્વ વડા પ્રધાન રિશી સુનકનાં પત્ની છે. નારાયણ મૂર્તિને ૩૩.૩ કરોડ રૂપિયા અને તેમનાં પત્ની સુધા મૂર્તિને ૭૬ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ મળશે.(૪૦.૯)

હડકવાથી થતા મૃત્યુમાં પણ વધારો

## રખડતા કૂતરાઓનો વધતો ત્રાસ: ત્રણ વર્ષમાં ૯૪ લાખ લોકો બન્યા શિકાર

નવી દિલ્હી તા.૧૯: દેશમાં રખડતા કૂતરાઓની વસ્તીમાં ઘટાડો થયો હોવા છતાં, તેમનો આતંક વર્ષ-દર-વર્ષે વધી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન, લગભગ ૯૪ લાખ લોકો રખડતા કૂતરાઓનો ભોગ બન્યા છે. જ્યારે હડકવાથી થતા મૃત્યુના કિસ્સાઓ પણ દર વર્ષે વધી રહ્યા છે. કૂતરાઓના આતંકના મામલે મહારાષ્ટ્ર સૌથી આગળ છે. જ્યારે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ દર વર્ષે લાખો લોકો કૂતરાઓનો શિકાર બની રહ્યા છે. તાજેતરમાં, મધ્ય-દેશના ગ્વાલિયરમાં, એક જ દિવસમાં કૂતરા કરડવાના લગભગ ૧૦૦ કેસ નોંધાયા હતા. કૂતરા કરડવાના ભયને કારણે, ઘણા શહેરોના ઘણા વિસ્તારોમાં નાગરિકોના સામાન્ય જીવન અને મુક્ત અવરજવરને અસર થઈ રહી છે.

**દેશમાં બેકાબૂ રખડતા કૂતરાઓનો ખતરો વધ્યો**

હકીકતમાં, દેશભરમાં રખડતા કૂતરાઓના કરડવાથી લોકોના જીવ જોખમમાં છે. ૨૦૨૨ થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં આ કેસોમાં ઝડપથી વધારો થયો છે. ખાસ કરીને મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, આંધ્ર-દેશ, ગુજરાત અને બિહાર જેવા રાજ્યોમાં, આ એક મોટી સમસ્યા તરીકે ઉભરી રહ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા આ ગંભીર સમસ્યા તરફ ઈશારો કરી રહ્યા છે. પરિસ્થિતિ એવી છે કે આ વર્ષે ફક્ત જાન્યુઆરીમાં જ ૪.૩૦ લાખ લોકો રખડતા કૂતરાઓનો ભોગ બન્યા છે. આ ગયા વર્ષના માસિક સરેરાશ કરતા ૨૫ ટકા વધુ છે.

સ્થાનિક સંસ્થાઓના કાર્ય પર નિયંત્રણ

પશુધનનું રક્ષણ, સલામતી અને



સુધારણા અને પશુ રોગોનું નિવારણ રાજ્ય સરકારોના અધિકારક્ષેત્રમાં આવે છે. સ્થાનિક સંસ્થાઓને રખડતા કૂતરાઓની વસ્તીને નિયંત્રિત કરવાનો અધિકાર છે. ૨૦૧૯ અને ૨૦૨૩ના વર્ષોમાં હાથ ધરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૨૦૨૩માં આવારા સ્વરાની વસ્તીમાં ૧૦ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે નસબંધીમાં પણ ૨૦ ટકાનો વધારો થયો છે. હજુ પણ એવું કહેવાય છે કે આમાં ઘણો સુધારો કરવાની જરૂર છે.

**રખડતા કૂતરા કરડવાના ટોચના પાંચ રાજ્યો**

રાજ્ય ૨૦૨૨ ૨૦૨૩ ૨૦૨૪ ૨૦૨૫ (જાન્યુઆરી): મહારાષ્ટ્ર ૩૯૩૦૨૦ ૪૭૨૭૯૦ ૪૮૫૩૪૫ ૫૬૫૩૮, તમિલનાડુ ૩૬૪૪૩૫ ૪૪૧૭૯૬ ૪૮૦૬૨૭ ૪૮૯૩૧, ગુજરાત ૧૬૯૩૬૩ ૨૭૮૫૩૭ ૩૯૨૮૩૭ ૫૩૯૪૨, કર્ણાટક ૧૬૩૩૫૬ ૨૩૨૭૧૫ ૩૬૧૪૯૪ ૩૯૪૩૭, બિહાર ૧૪૧૯૨૬ ૨૪૧૮૨૭ ૨૬૩૯૩૦ ૩૪૪૪૨

**આ ત્રણેય રાજ્યોની સ્થિતિ**

રાજ્ય ૨૦૨૨ ૨૦૨૩ ૨૦૨૪ ૨૦૨૫ (જાન્યુઆરી): મધ્ય પ્રદેશ ૬૬૦૧૮ ૧૧૩૪૯૯ ૧૪૨૯૪૮ ૧૬૭૧૦, રાજસ્થાન ૮૮૦૨૦ ૧૦૩૫૩૩ ૧૪૦૫૪૩ ૧૫૦૬૨, છત્તીસગઢ ૨૧૩૬૫ ૨૯૨૨૧ ૩૮૨૬૮ ૫૨૫૦

**આ રીતે દેશમાં રખડતા કૂતરા કરડવાના કેસોમાં વધારો થયો**

નિયત તારીખ ૨૦૨૨ ૨૦૨૩ ૨૦૨૪ ૨૦૨૫(જાન્યુઆરી): કૂતરાનો કરડવો ૨૧.૮૯ ૩૦.૫૨ ૩૭.૧૫ ૪.૨૯. (૩૫.૧૩)

૧૮ મહિનાની અનાબિયા શેખ એક સંબંધીના ઘરની બહાર રમી રહી હતી ત્યારે તેના પર ચારથી પાંચ રખડતા કૂતરાઓના ટોળાએ હુમલો કર્યો

## ગોવામાં રખડતા કૂતરાઓએ ૧૮ મહિનાની બાળકીને ફાડી ખાધી

પણજી તા.૧૯: ઉત્તર ગોવામાં રખડતા કૂતરાઓના હુમલાનો એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શુક્રવારે અહીં, ઘરની બહાર રમી રહેલી એક છોકરી પર રખડતા કૂતરાઓના ટોળાએ હુમલો કરીને તેનું મોત નીપજ્યું. આ માહિતી ગોવા પોલીસે આપી છે. પોલીસે જણાવ્યું કે આ ઘટના સવારે પોંડા શહેરના દુર્ગાભટ્ટ વોર્ડમાં બની હતી. ઘટના બાદ લોકોમાં ગભરાટનો માહોલ છે. તે જ સમયે, લોકોએ મ્યુનિસિપલ કોર્પોરેશનને રખડતા કૂતરાઓને પકડવા વિનંતી કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૮ મહિનાની અનાબિયા શેખ એક સંબંધીના ઘરની બહાર રમી રહી હતી. પછી ચારથી પાંચ રખડતા કૂતરાઓના ટોળાએ તેના પર હુમલો કર્યો. આ સમય દરમિયાન ઘરનો કોઈ સભ્ય ત્યાં હાજર નહોતો. અવાજ સાંભળીને લોકો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં છોકરી લોહીથી લથપથ થઈ ગઈ હતી. પોલીસે જણાવ્યું કે છોકરીને નજીકના સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા.

પોંડા મ્યુનિસિપલ કાઉન્સિલના ચેરમેન આનંદ નાઈકે પત્રકારોને જણાવ્યું હતું કે નાગરિક સંસ્થા રખડતા કૂતરાઓના ભયને નિયંત્રિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. આ ઘટનાની નિંદા કરતા તેમણે કહ્યું કે અમે રખડતા કૂતરાઓની સમસ્યાને નિયંત્રિત કરવા માટે આશ્રય ગૃહનો પ્રસ્તાવ મૂક્યો છે.

યુપીએના ફર્રુખાબાદમાં પણ આવી જ ઘટના બની હતી. ઉત્તર પ્રદેશના ફર્રુખાબાદમાં પણ આવી જ દુંખદ ઘટના બની હતી. અહીં પાંચ મહિનાના બાળકને રખડતા કૂતરાઓએ મારી નાખ્યું. આ ઘટના સોમવારે સાંજે બની હતી. બાળક ખાટલા પર સૂઈ રહ્યું હતું અને તેની માતા ભોજન બનાવી રહી હતી. પછી બે કૂતરાઓએ બાળકને ગરદનથી પકડીને ખાટલામાંથી બહાર કાઢ્યું. બાળકની ચીસો સાંભળીને માતા તરત જ દોડી ગઈ અને લાકડી વડે કૂતરાઓને ભગાડી દીધા. બાળકની પીઠ પર ૫૦ થી વધુ ઈજાઓ હતી. તેમને તાત્કાલિક રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. પરંતુ ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા.(૩૮.૬)

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ મવડીના રેવન્યુ સર્વે નંબર ૩૯૦/૧ પૈકી ૨ + ૩૯૦/૧ પૈકી ૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં.૨૭ (મવડી) ઓ.પી.નં.૫૮, લ.એફ.પી.નં.૫૮/૧/૧ ની બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ કે જે 'બરસાના' તરીકે ઓળખાય છે તેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭૩ થી ૭૪ ની કુલ જમીન ચો.મી.આ.૧૬૧-૪૦ (૧) ભાવનાબેન શીવલાલ વિરડીયા, (૨) દિક્ષીત શીવલાલ વિરડીયા, (૩) જીજ્ઞેશભાઈ સવજીભાઈ વિરડીયા, (૪) સંદિપભાઈ સવજીભાઈ વિરડીયા, (૫) ભરતભાઈ જેરામભાઈ વિરડીયા, (૬) સંગીતા ભરતભાઈ વિરડીયા ના કબજા, ભોગવટા તથા માલિકી હકકની આવેલ છે.

સદરહુ મિલ્કત ખરીદ કરવા સબંધે જે કોઈ શખ્સ, પેઢી, બેંક કે ખાનગી નાણા ધિરાણ કરનાર સંસ્થા કે વ્યકિત કે કોઈનો જે કઈ લાગભાગ, હકક, હિત, હિસ્સો, ભારણ, વારસાઈ હકક કે અન્ય કોઈનું લેણુ હોય કે અન્ય કોઈને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધીની તારીખથી **દિવસ-૭** માં નીચે જણાવેલ સરનામે આધાર પુરાવા સાથે લેખીત રજુઆત કરવી, અન્યથા મુદત વિત્યા બાદ લાગતા વળગતાને કોઈને કશો વાંધો કે તકરાર નથી તેમજ હશે તો તેમણે જતો (વેઈવ) કરેલ છે. તેમ માનીને સદરહુ મિલ્કતની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ ત્યારબાદ કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહિં જેની નોંધ લેવી.

રાજકોટ તા.૧૯/૦૪/૨૦૨૫ સહી: ભાવનાબેન શીવલાલ વિરડીયા વિગેરે

**જગદિશ સી. સોરઠીયા** (એડવોકેટ એન્ડ નોટરી) | **નિલેશ સી. સોરઠીયા** (એડવોકેટ)

ઓફિસ નં.૪, વિરભગતસિંહ શોપીંગ સેન્ટર, કોઠારીયા રોડ, રાજકોટ. મો.૯૯૭૯૪ ૭૦૧૧૭.

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ ગામ **નાનામવાના રેવન્યુ સર્વે નં. ૬૭** પૈકી, ટી.પી.સ્કીમ નં.૩, એફ.પી.નં.૧૦૬ તથા ૧૦૭ ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **"સીલ્વર એવન્યુ કો. ઓપ હાઉસીંગ સોસાયટી લી."** ના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૪૯** ની **જમીન ચોરસ મીટર આ.૯૭-૭૨** સહિતનું ઉભા ઈમલાવાળું મકાન **રતીલાલ ચનાભાઈ સરધારા** ના સ્વતંત્ર માલિકી અને કબજા, ભોગવટાનું આવેલ છે. ઉપરોકત મકાન અમારા અસીલ તેઓની પાસેથી ખરીદ કરવા માંગે છે. તેથી ઉપરોકત મકાન પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહીં, તો ઉપરોકત મકાનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ ઉપરોકત મકાન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા-તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની તમામએ નોંધ લેવી.

અમારા મારફત રાજકોટ તા. ૧૯-૦૪-૨૦૨૫

**સૌરભ પી. પટેલ** - એડવોકેટ

'આદર્શ સુખમ', ફોર્થ ફલોર, સંસ્કાર અને નક્ષત્ર-૨ બીલ્ડીંગની પાસે, કેકેવી. ચોકની પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા સબંધકર્તા દરેકને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ ડિસ્ટ્રીકટ પડધરીના ગામ મેટોડાના ગામ નમુના નંબર-૮-અ ના ખાતા નંબર-૮૩૬ થી રેવન્યુ સર્વે નંબર-૭૦૧/૨ (જુના રેવન્યુ સર્વે નંબર-૨૦૧ પૈકી ૨૦) ની જુની શરતની **"વાવળો"** તરીકે ઓળખાતી **ખેડવાણ જમીન હે.આરે ચો.મી. ૦-૫૬-૬૬** આવેલ છે. તે ખેડવાણ જમીન **શ્રી નિર્મળભાઈ રતાભાઈ ડાંગર** ની સ્વતંત્ર માલીકી, કબ્જા ભોગવટા તથા સુખાધિકારના હકકો અને અધિકારોની આવેલ છે.

ઉપરોકત મિલકત તેઓની પાસેથી અમારા અસીલ પુરતો અવેજ ચુકવી ખરીદ કરવા નકકી કરેલ છે, સદરહુ મિલકતની માલીકી, કબ્જા ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષિસ, ગીરો, દર દાવો, હલણના હકક કે અન્ય કોઈપણ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ મિલકત સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અગર હોય તો તે જતો (વેઈવ) કરેલ છે તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ મિલકત ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધ-બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

વાંધા મોકલવાનું સરનામું રાજકોટ તા.૧૯/૦૪/૨૦૨૫

**રાહુલ કે. શાહ - રૂષીત ડી. પટેલ**
**હાર્દિક જી. ડોડીયા, એડવોકેટસ**

ઓફિસ:-૩૦૧, કેશવ આર્કેડ, માનસરોવર એપાર્ટમેન્ટ સામે, ૬-રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૯૭૪૪૦૦૦૩૫

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં. ૧૩૯** પૈકીમાં આવેલ શ્રી રામ પાર્ક તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૯૩** પૈકીની જમીન **ચો.મી.આ. ૪૭-૯૩** ઉપર આવેલ મકાન, **વલ્લભભાઈ નાગજીભાઈ સરધારા**ની સ્વતંત્ર માલિકી અને કબજા-ભોગવટાનું તેમજ તમામ પ્રકારના બોજા રહીત હોવાનું જણાવતા તેઓ પાસેથી ખાલી કબજે મારા અસીલે સુથી આપી ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત મિલ્કતની માલિકી તથા ટાઈટલ, કબજા-ભોગવટા, વેચાણ પરત્વે કે અન્ય કોઈ બાબતે કોઈને કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો લાગ-ભાગ, વારસાઈ હકક, દર-દાવો, લેણુ, કરજ, બોજો કે અન્ય કોઈ પણ પ્રકારની તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૧૦ (દસ)** માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહી આવે તો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત જણાવેલ મિલ્કતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ,
તા.૧૯/૦૪/૨૦૨૫ અમો વલ્લભભાઈ નાગજીભાઈ સરધારા ની સુચના અનુસાર

**વિજય કે. રૈયાણી** (એડવોકેટ)
**દિક્ષીતા વી. રૈયાણી** (એડવોકેટ)
**મિલન એ. ધોળકીયા** (એડવોકેટ)
**રિક્ષિતા કે. રાણપરીયા** (એડવોકેટ)

૨૦૪-૨૦૫, એપલ ગોલ્ડ, બાલાજી હોલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી પ્લોટ, રાજકોટ. મો. ૯૯૧૩૪ ૪૩૪૪૫

## જાહેર નોટીસ

**ગુજરાત** રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ **અમરેલી** ના સબ-ડિસ્ટ્રીકટ **ધારી** ના મોજે ગામ **સરસીયા** ના **રેવન્યુ સર્વે નં. ૮૮/૮ પૈકી ૧** ની જીરાયત પ્રકારની જુની શરતની બીન પિયત પ્રકારની જમીન **હેકટર આરે. ૪-૦૪-૩૧ ચો.મી.** છે તે ખેડવાણ જમીન **શ્રી માયાબેન રવિરાજભાઈ વરૂ** ની સ્વત્રંત માલિકીની અને કબજા ભોગવટાની આવેલ છે.

સદરહું ખેડવાણ જમીન મારા અસીલે ઉપરોકત જમીનનાં માલીકો પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે તો ઉપરોકત મિલ્કતનાં વેચાણ સંબંધે કે સદરહું મિલ્કતની માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઇને કોઈપણ પ્રકારનો, લાગભાગ, હકક, હીત, હીસ્સો, બક્ષીસ, ગીરો, દર- દાવો વારસાઈ હકક કે અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું મિલ્કતમાં કોઇનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે અને સદરહું મિલ્કત ટાઈટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ આગળના વ્યવહાર કરશે, ત્યારબાદ જો કોઇનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ/તા.૧૯-૦૪-૨૦૨૫ અમારા મારફત

**એસ. જી. પટેલ** -એડવોકેટ **જે.એન.પટેલ** -એડવોકેટ

ઓફિસ નં. ૯૦૭, આલ્ફા પ્લસ, રૈયા ટેલી.એક્ષચેન્જ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ



# તામિલનાડુ સરકારે મંદિરોનું ૧૦૦૦ કિલો સોનું પીગળાવીને મેળવી આવક

મુંબઈ તા.૧૯: તામિલનાડુ સરકારે ૨૧ મંદિરોમાં ભાવિકો દ્વારા ચડાવવામાં આવેલા પણ વપરાયા વિના પડી રહેલા આશરે ૧૦૦૦ કિલો સોનાને ગાળીને એના ૨૪ કેરેટના બાર તૈયાર કર્યા હતા અને સરકારની ગોલ્ડ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ હેઠળ બૅન્કમાં જમા કરાવ્યા હતા. આ ગોલ્ડ બાર પર સરકારને એક વર્ષમાં ૧૭.૮૧ કરોડ રૂપિયાનું વ્યાજ મળ્યું હતું. આ મુદ્દે આ વિભાગના મિનિસ્ટર પી. કે. શેખર બાબુએ જણાવ્યું હતું કે આ રકમનો ઉપયોગ સંબંધિત મંદિરોનાં વિકાસકામો માટે કરવામાં આવશે. સોનાના આ દાગીના મૂર્તિઓને પહેરાવવામાં આવતા નહોતા તેથી એને મુંબઈ લઈ જઈને સરકારી મિન્ટમાં ગાળવામાં આવ્યા હતા અને ૨૪ કેરેટના બારને ગોલ્ડ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ હેઠળ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં જમા કરાવવામાં આવ્યા હતા. (૩પ.૧૨)

## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જાણ કરવાની કે રાજકોટ મ્યુની. કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરવામાં આવેલ મોજેગામ **મુંજકા ના રેવન્યુ સર્વે નં. ૨૧ પૈકી** ની જમીન **એકર ૨-૧૬ ગુંઠાના (જેના ટી.પી. સ્કીમ નં. ૧૮ (મુંજકા), એફ.પી. નં. ૨૮/૪)** બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૩૧** ની જમીન **ચો.મી.આ. ૪૦૪-૯૩** વાળા ખુલ્લી જમીનના પ્લોટ કે જે **શ્રી ભાણજીભાઈ ધનજીભાઈ મોણપરા** ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીનો આવેલ છે, અને સદરહુ પ્લોટ તેમના માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવે છે.

જેથી ઉપરોક્ત દર્શાવેલ પ્લોટ અંગેના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હક્ક, દાવો, કરજ, ગીરો, ભરણપોષણ હક્ક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં નીચેના સરનામે દસ્તાવેજી પુરાવા સાથે લેખીત જાણ કરવી મુદત વિત્યે કોઈને કોઈ વાંધો તકરાર નથી અને હોય તો જતાં (WAIVE) કરેલ છે, તેમ માની મારા અસીલ અવેજ ચુકવી વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ : રાજકોટ,** **અમારા મારફત :**
**તારીખ : ૧૯.૦૪.૨૦૨૫** (અમારા અસીલની સુચના અને સંમતિથી)

**નિલય એમ. પટેલ • દેવલ બી. સોજીત્રા (એડવોકેટસ)**

ગ્રાઉન્ડ ફલોર, પૂજા કોમ્પલેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, યુનિ. રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૬ ૨૦૫૪૦, ૯૯૨૪૯ ૫૧૨૨૫

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના તાલુકા જસદણના મોજે ગામ **પ્રતાપપુર** ના બ્લોક/સર્વે નંબર ૧૭૮/૨ પૈકી ૧/પૈકી૧/પૈકી૧ જેના ખાતા નં. ૬૨ વાળી ખેતી લાયક ઉપયોગ વાળી જમીન જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે.૦-૮૦-૯૪ ચો.મી. જેનો આકાર રૂ. ૪.૧૦ પૈસા વાળી ખેતીની જમીન **શ્રીમાન તુલશીભાઈ રવજીભાઈ ચોથાણી** ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. સદરહું ખેતીની જમીન અમારા અસીલશ્રી તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત ખેતીની જમીનના માલીકી કબજા ટાઈટલ કે વેચાણ સંબંધે કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, લેણું, કરજ, બોજો, ગીરો, લીયન, ભરણપોષણ કે વારસાઈ હકક કે અન્ય કોઈ હકક, હિત, સંકળાયેલ હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન દસ(૧૦)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે સ્વૈચ્છાએ જતો કરેલ છે તેમ માનીને અમારા અસીલશ્રી ઉપરોકત જમીનના માલિક પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી પુર્ણ કરશે અને સદરહું જમીનનો પ્રત્યેક્ષ ખાલી કબ્જો સંભાળી લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના લેખીત કે મૌખીક આધાર, પુરાવા, સાથેના વાંધા કે તકરાર અમારા અસીલશ્રીને બંધનકર્તા રહેશે નહી જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.
રાજકોટ, તા: ૧૯/૦૪/૨૦૨૫

**ભાવેશ એન.તળપદા** (એડવોકેટ & નોટરી) | **વિવેક એમ.લીબાસીયા** (એડવોકેટ)

ઓફિસ:૮, કસ્તુરી કોમ્પલેક્ષ, પાણીના ઘોડા પાસે, પેડક રોડ, રાજકોટ. મો.નં.૯૯૯૮૭ ૯૨૫૫૫

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરના મ્યુનિ. કોર્પોરેશનની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ મવડીના રેવન્યુ સર્વે નં. ૧૭૮ પૈકી ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની તેમજ રહેણાંકના હેતુ માટેની મંજુરીવાળા જમીન પૈકી **"આલાપ રોયલ પામ"** ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ મકાનો **પૈકી "એ"** ટાઈપ મકાનો પૈકી પ્લોટ નં.૭ ની જમીન ચો.મી. ૮૦-૩૯ ઉપર આવેલ મકાન નં. ૭ ના માલીક **શ્રી પ્રસીલ હરીશભાઈ પીસાવાડીઆ** રહે. અમદાવાદની સ્વતંત્ર માલીકી અને કબજામાં આવેલ છે. તેઓ પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહું ઉપરોકત મકાનના માલીકી તથા ટાઈટલ, કબજા-ભોગવટા કે વેચાણ પરત્વે કોઈને કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હકક, દર-દાવો, લેણુ, કરજ, બોજો, કે અન્ય કોઈપણ પ્રકારની તકરાર હોય અન્ય કોઈનું સાટાખત કરાર, અવેજની પહોંચ, કુ.મુ. દરજજે કે અન્ય કોઈ રીતે આ મકાનમાં હિત ધરાવતા હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ-૧૦(દસ)** માં નીચેના સરનામે લેખીત આધાર, પુરાવા સાથે જાણ કરવી, મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહી આવે તો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત મકાનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.
તા.૧૯/૦૫/૨૦૨૫, રાજકોટ

એડવોકેટસ
**વિપુલ વી. પટેલ | એમ. જે. પટેલ**
**જયેશ જી. પટેલ**

ઓફિસ : ૩૦૧-રવિરાજ કોમ્પ્લેક્ષ, સેકન્ડ ફલોર, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મવડી પ્લોટ, રાજકોટ, મો. ૯૮૭૯૫ ૨૨૨૯૬

vision-9265724453

## ગામ માલીયાસણના રેવન્યુ સર્વે નં.૩૨૮/૧/૪ ની ''નાગમંડળવાળુ'' તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન હેકટર-૧ આરે-૭૩ ચો.મી.-૦૦ ના ખરીદ-વેચાણ અંગે જાહેર નોટીસ''

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, :-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ **માલીયાસણના રેવન્યુ સર્વે નં.૩૨૮/૧/૪** ની ''નાગમંડળવાળુ'' તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન **હેકટર-૧ આરે-૭૩ ચો.મી.-૦૦ શ્રી બટુકભાઈ કરશનભાઈ રામાણી, શ્રી રંજનબેન બટુકભાઈ રામાણી, શ્રી નેમીષા બટુકભાઈ રામાણી વા./ઓ. કલ્પેશભાઈ રૈયાણી, બંસીબેન બટુકભાઈ રામાણી વા/ઓ. દિવ્યેશભાઈ અજાણી તથા શ્રી નિરજ બટુકભાઈ રામાણી**ની રેવન્યુ રેકર્ડ ગામ નામુના નં.૮-અ માં **ખાતા નં.૨૪૭** થી વડીલોપાર્જીત સહીયારી માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. સદરહું જમીનનો તમામ પ્રકારે વેચાણ, વ્યય, વ્યવસ્થા વિગેરે કરવાનો તેઓને સંપૂર્ણ હકક, સત્તા અને અધિકાર હોય તેથી સદરહું ઉપરોકત જમીન સંપુર્ણ રીતે બોજા રહીત તેમજ અન્ય કોઈના કોઈપણ જાતના વાદ-વિવાદ કે અન્ય કોઈના કોઈપણ જાતના માલીકી હક્ક રહીત ઉપરોકત જમીન મારા અસીલ ઉપરોકત જમીન માલીકો પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિવસ-૭ (સાત)**માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખીતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઈના વાંધા-તકરાર નહી આવે તો કોઈને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઈપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ,
તારીખ:- ૧૯/૦૪/૨૦૨૫ અમારા કહેવાથી અને અમારી સંમતી સહ.

**''ધી લો-પોઈન્ટ'' એડવોકેટ એશોસીએટસ**

**ભાવેશ ડી.રંગાણી - વિશાલ એસ.ગીણોયા**

કિશન એમ. સખીયા, પીયુષ ટી. મેઘાણી, યશ કે. ફળદુ, અક્ષય આર. ત્રાપસીયા, રૂચીતા એસ. ઉઘાડ, કાજલ વી. બુસા, કિશન હરણેશા -એડવોકેટસ

૧૧૪-૧૧૫, સંસ્કાર કોમ્પલેક્ષ, કેકેવી હોલની સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ
મો. ૯૪૨૬૨ ૬૭૧૩૨ મો. ૯૯૦૯૦ ૫૦૦૭૯

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના તાલુકા જસદણના મોજે ગામ **પ્રતાપપુર** ના બ્લોક/સર્વે નંબર ૧૭૮/૨ પૈકી ૧/પૈકી૧ જેના ખાતા નં.૧૮૧ વાળી ખેતી લાયક ઉપયોગ વાળી જમીન જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે.૦-૮૦-૯૪ ચો.મી. જેનો આકાર રૂ. ૪.૧૦ પૈસા વાળી ખેતીની જમીન **શ્રીમાન લાલજીભાઈ રવજીભાઈ ચોથાણી** ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. સદરહું ખેતીની જમીન અમારા અસીલશ્રી તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત ખેતીની જમીનના માલીકી કબજા ટાઈટલ કે વેચાણ સંબંધે કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, લેણું, કરજ, બોજો, ગીરો, લીયન, ભરણપોષણ કે વારસાઈ હકક કે અન્ય કોઈ હકક, હિત, સંકળાયેલ હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન દસ(૧૦)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે સ્વૈચ્છાએ જતો કરેલ છે તેમ માનીને અમારા અસીલશ્રી ઉપરોકત જમીનના માલિક પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી પુર્ણ કરશે અને સદરહું જમીનનો પ્રત્યેક્ષ ખાલી કબ્જો સંભાળી લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના લેખીત કે મૌખીક આધાર, પુરાવા, સાથેના વાંધા કે તકરાર અમારા અસીલશ્રીને બંધનકર્તા રહેશે નહી જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.
રાજકોટ, તા: ૧૯/૦૪/૨૦૨૫

**ભાવેશ એન.તળપદા** (એડવોકેટ & નોટરી) | **વિવેક એમ.લીબાસીયા** (એડવોકેટ)

ઓફિસ:૮, કસ્તુરી કોમ્પલેક્ષ, પાણીના ઘોડા પાસે, પેડક રોડ, રાજકોટ. મો.નં.૯૯૯૮૭ ૯૨૫૫૫

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરના મ્યુનિ. કોર્પોરેશનની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ મવડીના રેવન્યુ સર્વે નં. ૧૭૮ પૈકી ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની તેમજ રહેણાંકના હેતુ માટેની મંજુરીવાળા જમીન પૈકી **"આલાપ રોયલ પામ"** ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ મકાનો **પૈકી "એ"** ટાઈપ મકાનો પૈકી પ્લોટ નં.૭ ની જમીન ચો.મી. ૮૦-૩૯ ઉપર આવેલ મકાન નં. ૭ ના માલીક **શ્રી પ્રસીલ હરીશભાઈ પીસાવાડીઆ** રહે. અમદાવાદની સ્વતંત્ર માલીકી અને કબજામાં આવેલ છે. તેઓ પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહું ઉપરોકત મકાનના માલીકી તથા ટાઈટલ, કબજા-ભોગવટા કે વેચાણ પરત્વે કોઈને કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હકક, દર-દાવો, લેણુ, કરજ, બોજો, કે અન્ય કોઈપણ પ્રકારની તકરાર હોય અન્ય કોઈનું સાટાખત કરાર, અવેજની પહોંચ, કુ.મુ. દરજજે કે અન્ય કોઈ રીતે આ મકાનમાં હિત ધરાવતા હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ-૧૦(દસ)** માં નીચેના સરનામે લેખીત આધાર, પુરાવા સાથે જાણ કરવી, મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહી આવે તો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત મકાનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.
તા.૧૯/૦૪/૨૦૨૫, રાજકોટ

એડવોકેટસ
**વિપુલ વી. પટેલ | એમ. જે. પટેલ**
**જયેશ જી. પટેલ**

ઓફિસ : ૩૦૧-રવિરાજ કોમ્પ્લેક્ષ, સેકન્ડ ફલોર, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મવડી પ્લોટ, રાજકોટ, મો. ૯૮૭૯૫ ૨૨૨૯૬

vision-9265724453

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના મોજે ગામ તરવડાના **નવા રેવન્યું સર્વે નં. ૧૧૭ (જુના રેવન્યું સર્વે નં. ૪૦) તથા નવા રેવન્યું સર્વે નં. ૧૨૦ (જુના રેવન્યું સર્વે નં. ૪૨ પૈકી ૩)**ના બીનખેડવાણ અને જનરલ ઔદ્યોગીક (ઓબ્નોકસીયસ તથા હેઝાર્ડસ સિવાયના) હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **''શ્રી જે. કે. ઈન્ડસ્ટ્રીયલ''** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧૨** ની જમીન **ચો.મી.આ. ૪૯૫-૦૦ જે શ્રી નિરજ દિનેશકુમાર ભાગચંદાણી**ની સ્વતંત્ર માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાનો આવેલ હોય તેથી સદરહું મિલ્કતના વેચાણ, વ્યય, વ્યવહાર, વ્યવસ્થા વિગેરે કરવાનો તેમણે સંપુર્ણ હકક, સતા અને અધિકાર છે. તેથી સંપુર્ણ રીતે બોજા રહિત તેમજ અન્ય કોઈના માલીકી હકક રહિત તેમજ હાલની રેવન્યું ઓથોરીટીની તમામ જોગવાઓનું પાલન કરવાની શરતે સદરહું પ્લોટ ઉપરોકત માલીક પાસેથી અમારા અસીલે સુથી આપી ખરીદ કરવા નકકી કરેલ છે.

સદરહું ઉપરોકત પ્લોટની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી મુદત વિત્યે અમારા અસીલ સદરહું પ્લોટ પરત્વેના વેચાણ વહેવારો પુર્ણ કરી પ્લોટનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને હકક હિત હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.
રાજકોટ. તારીખ : ૧૯/૦૪/૨૦૨૫

**સી. એમ. પટેલ** એડવોકેટ & નોટરી મો. ૯૯૦૯૦ ૨૦૪૧૨

હેરીટેજ કોમ્પલેક્ષ, બાલાજી હોલ પાસે, ૫૦ ફુટ મેઈન રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

## જાહેર નોટીસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, મોરબી જીલ્લાનાં મોરબી તાલુકાના ગામ શહેર મોરબીમાં મ્યુની.હદ વિસ્તાર વોરાવાડ-મુલ્લાશેરી માં આવેલ લેખ નં.૭૧, તા.૮-૧-૧૯૨૭ ની જગ્યા ચો.ફુટ ૮૨૮-૨-૦ તેનાં ચો.મી.૭૬-૯૪૦ સીટી સર્વે રેકર્ડ મુજબ ચો.મી.૭૩-૧૧ ના ક્ષેત્રફળની તે પરના રહેણાંક ઈમલા સહિતની સ્થાવર મિલ્કત મોરબી સબ.રજી.કચેરીના રજી. દસ્તા. અનુ.નં.૩૩૬૮, તા.૧૧-૦૨-૨૦૨૫ વાળા મુજબ અમારા અસીલ મુનીરા હુસૈન સદીકોટ રહે. ગોંડલ વાળાએ અઘાટ વેચાણ રાખેલ છે. આ મિલ્કત સીટી સર્વે કચેરીમાં શીટ નં.૧૯૨, સીટી સર્વે નં.૩૭૬૯ જે વોર્ડ નં.૧ માં નોંધાયેલ છે. આમ, આ સ્થાવર મિલ્કત મુનીરા હુસૈન સદીકોટની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે.

આ મિલ્કતના માલીકી હકકના ટાઈટલ ડીડસ પૈકી (૧) લેખ નં.૭૧, તા.૮-૧-૧૯૨૭ ના દિવારનો વોરા કાદરભાઈ ઈસાજીના નામનો સ્ટેટ સમયનો લેખ અસલ. (૨) રજી. દસ્તા. અનુ.નં. ૨૨૮૧, તા.૧૫-૦૭-૧૯૮૩ વાળો દસ્તાવેજ અસલ તથા તેની રજી. પાવતી અસલ. (૩) સીટી સર્વે ની સનદ અસલ. આ તમામ ખુટતા ટાઈટલ ડીડસ કયાંક આડા-અવળા મુકાઈ ગયેલ હોય કે ખોવાઈ ગયેલ હોય જે અગાઉના માલીકે ઘણી શોધ ખોળ કરવા છતાં મળી આવેલ નથી. આ ખુટતા ટાઈટલ ડીડસ અંગે અગાઉના માલીક મનસુરભાઈ કમરૂદીન મોરબીવાલા વિગેરેએ મોરબીના નોટરીશ્રી કે. ડી. મુછડીયા સમક્ષ તા.૧૧-૨-૨૦૨૫ ના રોજ ક્ષતિપુર્તી બોન્ડ કરી આપેલ છે.

આથી સર્વેને જાણ કરવાની કે, ઉપરોકત વિગતે વાળી મિલ્કત માલીકી હકક પરત્વે, કબજા ભોગવટા અંગે કે ખોવાયેલ અસલ દસ્તાવેજી આધારો પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો હોય કે અન્ય કોઈનું કોઈપણ જાતનું લેણુ કરજ ગીરો કે બોજો હોય કે કોઈનો કોઈપણ જાતનો કરાર મુખત્યારનામુ કે સદરહું મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક હોય કે, આ ગુમ થયેલ આધારો પરત્વે કે મિલ્કતના ટાઈટલ અન્વયે કોઈને વાંધો તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૮-(આઠ) ની અંદર અમારા નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો સમય મર્યાદામાં વાંધા તકરાર આવશે નહી તો આ મિલ્કત પરત્વે, ખુટતા આધારો પરત્વે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના લાગ ભાગ હકક હિસ્સો, લેણુ કે બોજો, વાંધા-તકરારો વિ. નથી.અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે. તેમજ સમજી ઉપરોકત મિલ્કતને ટાઈટલ કલીયર સમજવામાં આવશે જેની સર્વે એ નોંધ લેવી. ત્યારબાદ મુદત વિત્યે જો કોઈના વાંધા, તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : મોરબી. અમારા અસીલની સુચના અનુસાર
તારીખ : ૧૯-૦૪-૨૦૨૫ અમારા મારફત

**સાગર પી. રવેશીયા** (એડવોકેટ) | **પ્રકાશ રવેશીયા એન્ડ કાં.**

'પ્રકાશ રવેશીયા હાઉસ', ફર્સ્ટ ફલોર, નાગર પ્લોટ, મંગલ ભુવન ગરબી ચોક, રત્નાકર એપાર્ટમેન્ટ સામે, મોરબી
prakashraveshiyaandco@yahoo.com
(મો. ૯૦૩૩૮ ૬૫૬૫૧), ઓ. (૦૨૮૨૨) ૨૨૩૬૮૦

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ **ચણોલ નવી** ના **નવા રે.સ.નં. ૧૦૮, જુના રે.સ.નં. ૪૩ પૈકી ૨,** ની ખેતીની જમીન **હે.આરે.૧-૧૬-૩૫** ચો.મી. ખાતા નંબર **૨૩૭** આવેલ ખેતીની ખેડવાણ જમીન **શ્રી ભાનુબેન જયંતિભાઈ** ના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા આવેલ છે. તેઓની ઉતરોતર ફાઈલ તપાસતા તેમાં **પટેલ કરશન રાઘવ વાઠોદરીયા** જોગ **પટેલ નાથા માંડા અકબરી** વિગેરેના કુલમુખત્યાર અને જાતે **નરશી માંડા અકબરી**એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૩૮, તા. ૦૧-૦૨-૧૯૮૩ ના દસ્તાવેજમાં **પટેલ નાથા માંડા અકબરી વિગેરેએ નરશી માંડા અકબરી ને આપેલ કુલ મુખત્યારનામું** વાળુ ડોકયુમેન્ટ ઉપલબ્ધ ન હોય હાલના માલીક **શ્રી ભાનુબેન જયંતિભાઈ** ના જણાવ્યા અનુસાર આ ડોકયુમેન્ટ ગુમ થયેલ છે. ખોવાયેલ છે. સદરહું ડોકયુમેન્ટની હાલ નકલ પણ ઉપલબ્ધ નથી જેથી આ જાહેર નોટીસ દ્વારા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે સદરહું ડોકયુમેન્ટ કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, બેંક, મંડળી, કંપની કે કોઈને મળેલ હોય ગીરો તરીકે તારણમાં રાખેલ હોય કે આ મિલ્કતના કોઈપણ ટાઈટલ સબંધે વાંધો, તકરાર કે લાગ-ભાગ, હકક, હીત, હીસ્સો, હોય તો તેને નીચેના સરનામે **દિવસ-૭(સાત)** માં લેખીત વાંધા સાથે રૂબરૂ રજુઆત કરવી અને જો મુદત દરમ્યાન જો કોઈ વાંધો તકરાર નહીં આવે તો કોઈને વાંધો તકરાર નથી અને જો હોય તો જતા (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ ઘટતી કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો હકક, દાવો, વાંધો, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

-: અમારા મારફત:-

સ્થળ: પડધરી,
તા: ૧૯-૦૪-૨૦૨૫

**વિપુલ પી. કોટક** એડવોકેટ

''ડોડીયા ચેમ્બર્સ'' ઓફીસ રોડ, પડધરી. જી. રાજકોટ
મો. ૮૦૦૦૮૮૮૦૮૮, ૮૮૯૬૩૦૦૦૦૦

## ઈશ્વરીયા રે.સ.નં.૩૯ પૈકી 'શ્રીનાથજી પાર્ક-૨', પ્લોટ નં. ૧ થી ૪ ની જમીન અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ ઈશ્વરીયાના રેવન્યુ સર્વે નં.૩૯ પૈકીના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"શ્રીનાથજી પાર્ક-૨"** તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકીના **પ્લોટ નં.૧ થી ૪** ની જમીન ચો.મી.આ.૯૧૩-૨૯ શ્રી જીતેનભાઈ વિનોદભાઈ વારાએ દ.અનુ.નં.૫૭૪૭, તા.૧૦/૫/૨૦૦૭ ના રોજથી (તે અંગેના ચુકસુધારા દ.અનુ.નં.૭૬૫૫, તા.૨૦/૬/૨૦૦૭ )શ્રી હમસુખભાઈ ઉકાભાઈ પીપલીયા પાસેથી ખરીદ કરેલ છે. સદરહુ જમીનના પ્લોટસ તેઓની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સદરહું પ્લોટસની માલિકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો કે દરદાવો, જામીનગીરી, ભરણપોષણ કે અન્ય કોઈપણ પ્રકારે હીત સંકળાયેલું હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખ થી દિવસ -૧૦ (દસ) માં લેખિત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયાના મુદત દરમ્યાનના સમયમાં કોઈનાં વાંધા તકરાર નહિં આવે તો સદરહુ મિલ્કત પરત્વે કોઈને કાંઈ વાંધા તકરાર છે નહિં અને હોય તો સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ પ્લોટસના વેચાણ વ્યવહારો પુર્ણ કરી પ્લોટસનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદના કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

એડવોકેટ & નોટરી
**પ્રણવ બી. પટેલ**
(ચેતન વી. રજવાડીયા-એડવોકેટ)
બી/૩૦૫, એલીગન્સ, ઈન્દીરા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ
મો. : ૯૪૨૬૭૮૮૪૪૩, તા.૧૯-૪-૨૦૨૫

AKRUTI AD.

## જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના ગામ **પડવલાના રેવન્યુ સર્વે નં.૧૨૬/૧** (જુના રેવન્યુ સર્વે નં. ૨૨૨ પૈકી ૧૯)તથા **રેવન્યુ સર્વે નં.૧૨૬/૨** (જુના રેવન્યુ સર્વે નં.૨૨૨ પૈકી ૧૮) ની કુલ જમીન ચો.મી.આ.૨૩૨૪૭-૦૦ ની જનરલ ઔદ્યોગીક હેતુ માટે (ઓબ્નોકસીયસ તથા હેઝાર્ડસ સિવાયના) બીનખેતી થયેલ જમીન કે જે **"શિવાલય ઈન્ડસ્ટ્રીયલ-૨"** તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૪** ની ખુલ્લી જમીન ચો.મી.આ. ૬૦૦-૦૦ વાળી ખુલ્લી જમીન **શ્રી પરસોતમભાઈ માધવજીભાઈ ડઢાણીયા** એ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૫૫૦૬ તા.૩૦/૧૧/૨૦૨૪ થી શ્રી રાજેશભાઈ ભીખાભાઈ ઠુંમર પાસેથી ખરીદ કરેલ છે. આમ, સદરહું તેઓની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાના આવેલ છે. તેઓ પાસેથી સદરહું પ્લોટ નં.૪ ની ખુલ્લી જમીન ચો.મી.આ. ૬૦૦-૦૦ વાળી ખુલ્લી જમીન ખરીદ કરવાનું અમારા અસીલએ નકકી કરેલ છે.

સબબ, આ નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે, ઉપરોકત પ્લોટના માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈ વ્યકિત, બેંક, સંસ્થા, પેઢી, સહકારી મંડળી કે એસાઈનીઓ કે વારસદારો, સરકારી, અર્ધસરકારી કચેરીઓ વિગેરેનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, અધિકાર, લેણું, કરજ, બોજો, ગીરો, લીયન, અગ્રહકક, ભરણપોષણનો હકક, વારસાઈ હકક કે સાટાખતના હકક હોય કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો તેઓએ **દિવસ-૭ (સાત)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. જે મુદતમાં કોઈપણનો હકક, દાવો કે વાંધો તકરાર નહી આવે તો કોઈપણને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો તેઓએ સ્વેચ્છા પુર્વક (વેઈવ) જતા કરેલ છે. તેમ સમજી મારા અસીલ વેચાણ પરત્વેના તમામ પ્રકારના વ્યવહારો પુર્ણ કરશે. તેમજ આ નોટીસની મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની લાગતા-વળગતા સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા.૧૯/૦૪/૨૦૨૫

**વિપુલ આર. ગીણોયા - સંજય એમ. મેઘાણી**
એડવોકેટસ

ઓફીસ : LAW COMPANY, ૧૦૩, પૂજા કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા તમામ લોકોને જાણ કરવામાં આવે છે, જિલ્લા મોરબીમાં સમાવિષ્ટ તાલુકા મોરબીના ગામ ભ્રગસણાની જુની શરતની નોંધાયેલા ટુકડા સ્વરૂપની નીચે જણાવેલ ખેતીની જમીન નીચે જણાવેલ વિગતે :૧: દિલસુખ અમરશીભાઈ કોરિંગા, :૨: નરભેરામભાઈ અમરશીભાઈ કોરિંગા, :૩: ધનગૌરીબેન અમરશીભાઈ કોરિંગાની સંયુકત માલિકીની અને કબજા ભોગવટાની આવેલ છે, જે અમોના અસીલ વેચાણ રાખવા ઈચ્છે છે.

| ગા.ન.નં.૮-અ ખાતા નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | ગા.ન.નં.૬ની લાગુ પડતી નોંધના નંબરો |
|---|---|---|---|
| ૧૭ | ૨૭૧ પૈકી ૨ | ૦-૧૬-૧૯ | ૧૩૪૭, ૨૨૯૨, ૨૯૫૦, ૮૩૨૯ |

સબબ આથી જાહેર જનતાને જાણ કરવાની કે સદરહું સ્થાવર મિલ્કત કે તેના ઉતરોતરના કોઈપણ વ્યવહાર બાબતે, ઉતરોતરની કોઈપણ ગામ નમુના નાં.૬ની નોંધ વાળા વ્યવહારો બાબતે કે તે ઉતરોતરના વ્યવહારો આનુષંગિક કોઈપણ ટાઈટલ ડીડસ બાબતે કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ હકક હિત હિસ્સો કે માલિકી કે સુખાધિકાર કે કબજા હક, ગીરો હકક, કે વારસાઈ હકક કે ભરણ-પોષણના હકક હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું કર્જ બોજ કે જામીનગીરી હોય કે સોદા હકક કે અગ્રહકક કે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે દરદાવા હોય, આ મિલ્કત સંબંધી કોઈપણ આધારો કોઈના કબજામાં હોય તે થકી તેમના કોઈ હકક હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ની અંદર અમારી નીચે જણાવેલ ઓફિસના સરનામે માત્ર લેખિત અને પ્રમાણિત આધાર પુરાવા સાથે રજુઆત કરી વાંધા રજુ કરવા. આ દિવસ-૭ની મુદત વિત્યે કોઈપણ વ્યકિતને સદરહું મિલ્કત કે તેના ઉતરોતરના વ્યવહારો કે તે આનુષંગિક કોઈપણ ટાઈટલ ડીડસ પરત્વે વાંધા તકરાર કે લાગભાગ કે દરદાવો કે હકક હિત હિસ્સો કે અધિકાર નથી અગર હોય તો તે તમામ જતા (WAIVE) કરેલ છે તેમ માની તેમજ ઈકવલ ઓફ ટાઈમનો સિધ્ધાંત અને ડોકટ્રેઈન ઓફ એસ્ટોપલ તથા ઉપલબ્ધ ટાઈટલ ડીડસ ધ્યાને લઈ મારા અસીલ ઉપરોકત મિલ્કતનો અવેજ સદરહું મિલ્કત માલિકને ચુકવી અમારા અસીલ રજિસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદી કરશે ત્યારબાદ કોઈપણ વ્યકિતના કોઈપણ પ્રકારના વાંધા તકરાર કે દરદાવો મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે અસરકર્તા કે બંધનકર્તા રહેશે નહી જેની આથી જાહેર જનતાએ તથા લાગતા વળગતા દરેક લોકોએ નોંધ લેવી.

સ્થળ : મોરબી તા-૧૯-૦૪-૨૦૨૫(અમારા અસીલની સુચના અનુસાર)
-: અમારા મારફત :-

ટચુકડી બુક કરવા માટે સંપર્ક કરો:
9714-376-017
સમયઃ સવારે 10 થી સાંજે 6 સુધી

### પ્રોપર્ટી લે-વેચ

**ખેતીની જમીન વે. છે.**
ગામઃ આણંદપર જુની શરતની ૫ એકર, એકરનો ભાવ એક કરોડ, ફુલ પાણી વાળી જગ્યા ગામઃ નાના ઈટાળા, જુની શરત ૬ એકર, ફેન્સીંગ પટ્ટી, પાણીવાળી, ડામર પટ્ટી રોડ ટચ, રાજકોટ થી ૨૭ કિ.મી. ગામઃ ચાંદલી ૮ એકર પાણીવાળી જગ્યા ગામઃ મેટીયા જુની શરત ની ૩ એકર પાણીવાળી જગ્યા ગામઃ ચિત્રાવડ ૪ એકર જુની શરતની, પાણી વાળી જગ્યા બ્રો. મો. ૯૦૧૬૯ ૭૫૯૪૮

**દુકાન ભાડે તથા વેચાણથી આપવાની છે**
પેડક મેઈન રોડ, પહેલા માળે, રાજકોટ મો. ૯૦૧૬૧ ૭૨૪૨૧

**બંગલો વેચવાનો છે**
4-BHK, પાર્કિંગ વાળો, ૬૮ વાર, કિં. ૯૦ લાખ ગાયત્રી પાર્ક, મવડી મો. ૯૯૨૪૩ ૨૪૧૩૧

**મકાન વેચવાનું છે**
નવલનગર શેરી નં. ૧૭, માતૃછાયા, કિંમત ૨૨ લાખ મો. ૯૯૨૪૫ ૫૦૬૭૭

### ભાડે વિભાગ

**વિદ્યાથી/નોકરિયાત રૂમ ભાડે**
સિટી સેન્ટર પાસે રૈયા રોડ મો. ૯૪૦૯૭ ૧૬૪૩૨

**ફલેટ ભાડે આપવાનો છે**
2-BHK ડ્રીમસીટી,સોપાન હાઈટ સામે, રૈયા રોડ. ફુલ ફર્નિશ્ડ, એસી, ફર્નિચર, ફ્રીજ સાથે ભાડુ ૨૦ હજાર મો. ૯૯૨૫૩ ૬૧૧૪૬

**ફલેટ ભાડે દેવાનો છે**
૩ બેડ હોલ, ફર્નિચર પંચવટી મેઈન રોડ બ્રો. મો. ૯૫૩૭૦ ૫૭૮૩૭

### નોકરી ખાલી છે

**જોઈએ છે**
મેનેજમેન્ટની લાઈનમાં કામ કરી શકે તેવા સુપરવાઈઝર અથવા મેનેજર જોઈએ છે મો. ૯૭૩૭૨ ૫૩૯૫૭

**સ્ટાફ જોઈએ છે**
→ ફાસ્ટ ફુડ કારીગર -૧
→ ચા કારીગર - ૧
→ સાફ સફાઈ માટે હાઉસ કિપીંગ. સંપર્ક કરો : મો. ૯૦૩૩૬ ૩૯૬૯૬

**ઓફિસ બોય જોઈએ છે**
તેમજ ડિલીવરી મેન જો. છે વોટ્સએપ કરોઃ મો. ૬૩૫૯૨ ૨૬૮૫૯

**સેલ્સમેનજોઈએ છે**
તેમજ ડિલીવરી મેન જો. છે વોટ્સએપ કરોઃ મો. ૬૩૫૯૨ ૨૬૮૫૯

**મેઈલ સ્ટાફ જોઈએ છે**
તેમજ કાઉન્ટર સેલ્સમેન વોટ્સએપ કરોઃ મો. ૬૩૫૯૨ ૨૬૮૫૯

**તાત્કાલિક જોઈએ છે**
રાજકોટ સિટીમાં બાઈક ઉપર પાર્સલ ડિલિવરી કરી શકે તેવા છોકરા અને છોકરીઓ જોઈએ છે. પર પાર્સલ પેમેન્ટ, મિનિમમ મહિને ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ સુધી કમાવવાની તક, પોતાની ગાડી હોવી જરૂરી. જોબ ટાઈમ : સવારે ૮:૦૦ સંપર્ક : મયુર દવે મો. ૯૫૮૬૯ ૭૬૧૭૯

### ધંધાદારી

**જોબવર્ક પર વેફર્સનું કામ આપવાનું છે**
રોજનું 100 KG થી 200 KG, પેકેટના રોલ આપવામાં આવશે, રેડી કરીને દેવાના રહેશે. ભાવ ને બધુ વોટ્સએપ કરો મો. ૮૧૪૦૨ ૮૬૦૬૩

**રીલેક્સોલોજી મસાજ**
એક્સપર્ટ મેલ થેરાપીસ્ટ દ્વારા વા-સાંધા પેરેલીસીસ જીમ મેમ્બર્સ સ્પોટર્સમેનને બોડી રીલેક્સ માટે રીલેક્સોલોજી પદ્ધતીથી હર્બલ ઓઈલ મસાજ માટે સંપર્ક : તન્ના હેલ્થકેર મો. ૯૪૦૯૧ ૫૭૨૮૯

**RK કેટરીંગ**
- સ્પે. ગુજરાતી થાળી -
ઉંધીયુ, ૨ સબ્જી, દાળ, ભાત, ભજીયા, ચટણી, ૧ સ્વીટ (બાસુંદી ETC) રોટલી-થેપલા-પુરી સલાડ પાપડ, છાશ વગેરે (મીનીમમ ૨૦૦ થી ૨૫૦ તમામ પ્રકારના પ્રસંગો માટે કેટરીંગ રાખવા માટે સંપર્ક કરોઃ યોગેશ વ્યાસ મો. ૯૯૨૫૩ ૬૧૧૪૬

**ટાટા સ્કાય તથા એરટેલ ડીશ + વાઈફાઈ**
રૂા. ૩૦૦૦ માં રૂા. ૩૦૦૦ ની બેલેન્સ અને ડીશ રીસીવર, કેબલ ફીટીંગ સાથે. - ૯૯૨૫૩ ૬૧૧૪૬

**કંગસીયાળી પ્લોટ વેચવાનો છે**
કસમાં ૧૬૦ વાર
કોન્ટેક્ટ : ૯૪૨૬૨૬૫૫૦૦

**4 BHK નવો ફ્લેટ વેચવાનો છે**
2200 કાર્પેટ | ફર્નિચર વગર
હાઇરાઇઝ બિલ્ડીંગ | ફુલ એમીનીટીઝ
73597 75556
કોસ્મોપ્લેક્સ સિનેમા પાછળ, મોટામોવા કાલાવડ રોડ, રાજકોટ.

**મવડી ચોકડી ટચ જગ્યા વહેંચવાની છે**
સેકન્ડ ફ્લોર 900 સ્કે. ફુટ કાર્પેટ, ડોકટર, ક્લિનિક તથા કોર્પોરેટ ઓફિસ લાયક જગ્યા.
Mo.85531 24204

**અનુભવી સેલ્સમેન જોઇએ છે**
રેડીમેઇડ ગાર્મેન્ટ્સ મેન્સવેર માટે
• આકર્ષક પગાર •
રાજકોટ 84600 84900

**ફ્લેટ ભાડે જોઇએ**
રાજકોટના પ્રતિષ્ઠિત વેપારીને પરનું રીનોવેશન કરાવવાનું હોવાથી ૩ કે ૪ બેડરૂમનો ફૂલી ફર્નીશ, એમીનીટીસ સાથે, સાધુવાસવાણી રોડ, રૈયા રોડ, યુની. રોડ, નાનામવા રોડ, કાલાવડ રોડની આજુબાજુમાં ભાડે જોઇએ છે. બજેટ ૩૫ થી ૪૦ હજાર સુધી. (બ્રોકર માફ)
93287 79905

**વેચવાનું છે**
રાજકોટ ખાતે રૈયા નાકા ટાવર/ સોનીબજાર નજીક, ધોરાજી/ કોમર્શિયલ ઉપયોગ થઇ શકે તેવું ૩૪૦ વાર ઉપરનું મકાન
કોન્ટેક્ટ:94274 13409

**જુનુ મકાન વેચવાનું છે**
282, વારમાં 3 BHK
કાલાવડ રોડ, પુષ્કરધામ રોડ નજીક, રાજકોટ.
84695 30472

**મકાન વેચવાનું છે**
સૌરા.યુનિ.કર્મ.કો.ઓ. સોસાયટી
૪૯×૭૭=૪૧૫ વાર
મો. ૯૭૨૫૫ ૯૦૩૩૦
૭૦૧૬૩ ૦૨૬૯૦

**જોઇએ છે**
VMC / CNC / HMC અનુભવી ઓપરેટરો અને ITI Pass ધરાવતા, ૨-૭ વર્ષના અનુભવી.
રિનલ મશીનીંગ
સરખેજ-બાવળા હાઇવે, અમદાવાદ
મોબાઇલ: ૭૦૯૯૨૨૯૧૮૩,
મેઇલ: rinalmachining@bhagwati.com

**પ્લોટ મોકાનો વેચવાનો છે**
90X60 | 600 વાર
પુનિતનગર ચોક પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ ઉપર, વાવડી સર્વે નં. ૪૩, બંને સાઇડ ૩૦ નો રોડ, આકાશ સ્ટીલની પાછળ, રાજકોટ
— બ્રોકરોએ તસ્દી લેવી —
99246 88439

**શેડ 206 વાર વેચવાનો છે.**
પરસાણા સોસાયટી મેઇન રોડ સોરઠીયા વેજીંગ ની પાછળ, 80 ફુટ રોડ, રાજકોટ
70242 44141

**ફાઇનાન્સ માટે**
બેંકમાંથી સોનુ છોડાવવા માટે રૂપિયા મળશે (ઓછા વ્યાજે)
(સરકાર માન્ય) | ફક્ત રાજકોટ સીટી
ટુ વ્હીલ, ફોર વ્હીલ, ખેતી, મકાન-દુકાન, ગોલ્ડ ઉપર તાત્કાલીક ફાઇનાન્સ મળશે
મો. ૯૮૨૪૨ ૧૨૪૩૬

**ફ્લેટ 3BHK વેચવાનો છે**
1100+200 ટેરેસ
કિ.1.15
ફુલ એમિનીટીઝ સાથે
ગાર્ડન વ્યુ-ફર્સ્ટ ફ્લોર-ફુલી ફર્નિશ્ડ
સુવર્ણભૂમિ, સ્પીડવેલ ચોક
M. 98248 91091

**મકાન વેચવાનું છે**
50 વાર | ડુપ્લેક્ષ મકાન | ફર્નિચર સાથે ટાઇલ્સ ફ્લોરીંગ
સ્વામિનારાયણ ચોક તથા દોશી હોસ્પિટલથી તદ્દન નજીક, કૃષ્ણનગર-૭, બંધ શેરી, રાજકોટ
98248 19944

**3 BHK ફ્લેટ વેચવાનો છે**
રૈયા મેઇન રોડ, ન્યારા પેટ્રોલ પમ્પની સામેની ગલી અંદાજે ૧૨૦૦ સ્કેવર ફુટ ફુલ એમીનીટી અને ફુલ ફર્નીચર સાથે.
93773 22237

**કણકોટમાં પ્લોટ વેચવાનો છે**
કણકોટ પેકી 120 | 25 ના બે રોડ
એમ.વી. પાર્ક (રેસીડેન્સ)
600 વાર | સાઇઝ: 90x60
અતુલ એસ્ટેટ (રામજીભાઇ પટેલ)
98258 26285
કાયદેસર પાર્ટીને જ મળવું • પ્રોપર્ટી લે-વેચ માટે મળો

**4 BHK ફ્લેટ વેચવાનો છે 1250 કાર્પેટ**
કિંમત 98લા | ફુલ ફર્નીચર, પી.ઓ.પી. ફીટેડ ફર્નીચર, નેગોશીએબલ
નાના મૌવા રોડ, રાજકોટ.
94264 60601

**એન્જી. વાલ્વ મેન્યુ. કું. માટે**
ફિનિશિંગ વર્ક કરી શકે તેવા માણસની જરૂર છે.
CNC મશીન ઓપરેટર.
સેન્ટરલેસ ગ્રાઇન્ડીંગ મશીન ઓપરેટર-અનુભવી.
97250 27580

**સોમનાથ ઇન્ડસ્ટ્રીઝ એરીયા શેડ વેચવાનો છે**
128 વાર
કિ.75
M. 99246 35541

**કસમા ફ્લેટ 3 BHK વેચવાનો છે**
અયોધ્યા ચોક, પહેલા માળે, સેમી ફર્નિચર, ટેરેસ સાથે
Mo. 99785 49207

**ધાધર!!!**
થી પરેશાન છો ?
તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999
દવા રૂા. ૪૯૦/- થી શરૂ.

**એસ્ટ્રોન ચોકનાં**
પ્રાઇમ લોકેશનમાં
ભાડાની આવક વાળી
**ઓફિસ**
વેચવાની છે
1000 સ્કે. ફીટ કારપેટ
ત્રીજો માળ ટેરેસ સાથે
98244 79625

**શો-રૂમ વેચવાના છે**
**એસ્ટ્રોન ચોક**
**મોબાઇલ બજાર માં**
694 ફુટ અને 1016 ફુટ (પહેલો માળ-ડબલ હાઇટ)
982 522 5085

**જોઇએ છે**
હોમિયોપેથી ક્લિનિક માં કામ કરી શકે તેવા
લેડિસ સ્ટાફ
ધો. ૧૨ પાસ / નાપાસ / ગ્રેજ્યુએટ / કમ્પ્યુટર ના જાણકાર ને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
૯૯૭૯૯ ૦૮૪૦૦
હ્યુમન હોમિયોપેથી ક્લિનિક, ટ્ર - જાસલ કોમ્પ્લેક્ષ, સ્ટર્લિંગ હોસ્પિટલ ની સામે - રાજકોટ

**DR. REDDY'S FOUNDATION**
દ્વારા આયોજિત ટૂંકા ગાળાના કોર્ષમાં કોમ્પ્યુટર અને અંગ્રેજી શીખો
રાજકોટમાં
10,000 થી 20,000 ની નોકરી મેળવો
સંપર્ક કરો: 90634 72125

**ZEEL TOURS & IMMIGRATIONS**
ફિક્સ ગ્રુપ ડીપાર્ચર 2,11 June
દિવસ-૭
**કેદારનાથ**
ચોપટા-તુંગનાથ-ઋષિકેશ
ગંગા આરતી 27,500/-PP
સાઇટસીન રીવર રાફ્ટીંગ, પર્સનલ રહેવા જમવા સાથે
૪૦૫/૧, માધવ કોમ્પલેક્ષ, પ્રેસિડેન્ટ હોટલની બાજુમાં, ઓફ CG રોડ, નવરંગપુરા, અમદાવાદ
www.zeeltoursandimmigrations.com
M.8320975486, 8799602728

**કસમાં વેચવાની છે બિનખેતી જમીન**
૨-એકર • ડામર રોડ ટચ
ગામ-જીવાપર, તા. ટંકારા
દલાલભાઇઓ આવકાર્ય
M. 98797 70510

**રૈયા રોડ પર આલાપ ગ્રીન સીટી પાસે રાજકોટ ૨-મકાન**
— સાથે વેચવાના છે —
180 વાર - નિલેશ ચગ
98793 57900

**લોન... લોન... લોન...**
હોમ લોન • મોર્ગેજ લોન • કાર લોન • સ્કૂલ લોન • પર્સનલ લોન
ચાલુ લોન ઓછા વ્યાજદરે કરી આપીશું.
જય અંબે કન્સલ્ટન્સી
કલ્પના કોમ્પલેક્ષ, શોપ નં.1, રૈયા રોડ, રાજકોટ.
M. 81414 86797
97146 24234

**જુના જાગનાથમાં 2 BHK ફ્લેટ વેચવાનો છે**
1000 કાર્પેટ એરીયા
ફુલ ફર્નીચર, લીફ્ટ
રાધાકુંજ એપાર્ટમેન્ટ, બીજો માળ, જીમખાના મેઇન રોડ પર,
હર્ષદભાઇ
98252 15398

**ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ તથા શેડ વેચવાનો છે**
વૃંદાવન તથા સિલ્વરમાં ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ(રીબડા)
શાપરમાં ૧૦૦૦ વાર બાંધકામ સાથેનો શેડ
સંપર્ક : 98242 21766

**પ્લોટ વેચવાના છે**
**સીલ્વર સ્ટોન સોસાયટીમાં**
બિગબજાર સામે, 150 ફુટ રીંગ રોડ, ઇસ્ટ ઓપન અને પ્રાઇમ લોકેશનના
127-127 વારના બે જોઇન્ટ પ્લોટ
98290 78274

**ગોરધનભાઇ ગોવિંદ ચેવડાવાલા**
શ્રી રામ શીંગ એન્ડ નમકીન
રાજકોટના પ્રખ્યાત ગોરધનભાઇનો ચેવડો, ચટણી, વેફર્સ અહિં મળશે
**શ્રી રામ શીંગ એન્ડ નમકીન**
સ્પાર્ક કોમ્પ્લેક્ષ, દિપક સેન્ડવીચ સામે, કોટેચા નગર મેઇન રોડ, કાલાવડ રોડ, રાજકોટ

**આકાશવાણી ચોક યુનિ. રોડ, નજીક.**
**ચાલુ ભાડાની આવકવાળુ PG/Hostel**

**૨-મકાન વેચવાના છે**
10 રૂમ, 03 કિચન, 01 ઓફિસ, ફર્નિચર સાથે.
ફુલ 83 વાર
કિ.83 લાખ
ફુલ પ્રોપર્ટીમાં મહિને 56 હજાર ભાડાની ચાલુ આવકવાળા
70437 28008

**વેચવાની છે સ્કૂલ બેંચ**
ટ્યુશન કલાસને અનુકુળ
સારી કંડીશનમાં, વ્યાજબી ભાવથી
સંપર્ક: 82004 19878
98981 88886

**GOA**
આવક જાવક ટીકીટ વગર પેકેજ ₹5555/-થી
આવક જાવક રાજકોટથી એરટીકીટ સાથે પેકેજ ₹14999/-થી
03 રાત્રી, 04 દિવસ • 04 રાત્રી, 05 દિવસ • પિકઅપ/ડ્રોપ (AC) • 02 દિવસ સાઇટસીન (AC) • બ્રેકફાસ્ટ/ડીનર • AC Room • ક્રુઝ • સ્પોર્ટ્સ એક્ટીવીટી • ...
Apsara Tours & Travels
લીમીટેડ ટાઇમ ઓફર:
M. 90993 51413

**શોરૂમ વેચવાના છે**
18 ફુટ હાઇટ- ગ્રાઉન્ડ ફ્લોર
સાઇઝ આશરે
10x45 - 20x45
વેસ્ટગેટ સામે, RNSB પહેલાં, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
90996 00004

**આકર્ષક પગારથી સ્ટાફ જોઇએ છે**
ફેબ્રીકેશન તથા શીટ મેટલ કામનાં અનુભવી
CNC ઓપરેટર
હેલ્પર પરચુરણ કામ માટે
- રહેવાની સુવિધા સાથે -
કાલાવડ રોડ - છાપરા ગામમાં આવેલ યુનિટ માટે
૯૪૨૭૨ ૭૦૬૬૧

**પ્લોટ લે-વેચ**
**જામનગર રોડ**
• વર્ધમાન • ગ્લોરીયસ
• ક્રિસ્ટલ • આંબાવાડી
• અંજલી • આશુતોષ
• જલારામ • સેટેલાઇટ
શ્રીજી પ્રોપર્ટીઝ
9265507022

**કોમર્શીયલ પ્લોટ વેચવાના છે**
730 વાર તથા 1124 વાર
ગોકુલ પાર્ક, ત્રિમંદિર પાસે, કુવાડવા રોડ (ગ્રીનલેન્ડ ચોકડીથી ૮ કિ.મી.), નેશનલ હાઇવેથી ૩૦૦ મીટરની અંતરે ૯૦ મીટર ડીપી પ્રપોઝ રોડ પર.
98252 15398

**ફ્લેટ વેચવાનો છે**
યોગીરાજ-૨, નિર્મલા સ્કુલ મંદિર વાળી ગલી પાસે...
કિંમત 33
૨ બેડરૂમ - ડાઇનીંગ રૂમ - સીટીંગ રૂમ - રસોડુ કોઠાર-૨ બાલ્કની-૨, વોશરૂમ, ટીપટોપ કંડીશન, લીફ્ટ નથી જુનું બિલ્ડીંગ
બ્રોકરભાઇઓ આવકાર્ય
CONTACT : 92750 97822
70 હજાર બ્રોકરેજ

**સ્ટાફ જોઇએ છે**
સુપરવાઇઝર-૧ | ઇલેક્ટ્રીશીયન-૧ | હેલ્પર-૧૦
અરજી સાથે રૂબરૂ મળો
વન્ડરક્રાફ્ટ પેપરવેર
આકર્ષક પગારથી
પ્લોટ નં. જી-...., ઓલમ્પિક ગેઇટ, મેટોડા
99049 26505

**નાનામવા મેઇન રોડ ટચ**
**પ્રાઇમ લોકેશનમાં ચાલુ રેસ્ટોરન્ટ વેચવાનું છે**
900 સ્કે.ફુટ ભાડાની જગ્યા
3 કલાઉડ કિચન બ્રાન્ડ વીથ ફુલ બીઝનેસ
ચાલુ AC રેસ્ટોરન્ટનું સેટઅપ
ફુલ્લી લોડેડ કિચન ઇક્વીપમેન્ટ ફર્નીચર સાથે
ફ્રન્ટ ઓપન સ્પેશમાં કાઉન્ટર તથા સીટીંગની વિશાળ જગ્યા, ફુલ પાર્કિંગ
97142 37359

**3 BHK ફ્લેટ વેચવાનો છે**
1 ફ્લોર ઉપર ફક્ત 2 જ ફ્લેટ
લીફ્ટ, નવો રીનોવેટેડ ફ્લેટ
આ.950 કારપેટ કિ.23L
(100% ડોકયુમેન્ટ) વકીલો માટે ઉત્તમ
ન્યુ કોર્ટ પાસે, જામનગર રોડ, રાજકોટ
92658 71670

**કસમાં દુકાન વેચવાની છે**
૬ × ૧૩ સાઇઝ એવી અલગ - અલગ ૩ દુકાનો
ટાઇટલ કિલયર જગ્યા
નંદી પાર્ક ૪ મેઇન રોડ, એસએનકે સ્કૂલની પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ
95379 55679, 99049 71789

**ઉચ્ચ પગાર સાથે મશીન બનાવતી ફેક્ટરી માટે માણસો જોઇએ છે**
• VMC Programmer - Mitsubishi System
• CNC Programmer - Siemens System
• VMC ઓપરેટર • CNC લેથ ઓપરેટર
• વાયર-કટ મશીન ઓપરેટર
DIVINE MACHINES PVT. LTD.
M - 99090 49997 / 97237 51510
Email - contact@divinegroup.com

**Raymond શુટ રૂા. ૩૦૦૦**
કાપડ + સિલાઇ સાથે
સફારી શુટ રૂા.૧૫૫૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે
ફક્ત રૂા.3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે
બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા.૧૨૦૦

**ભાડે મળશે શુટ-સેરવાની**
ઇન્ડો-વેસ્ટર્ન
જોધપુરી-બ્લેઝર
સાફા-મોજડી
ન્યુ ફ્રેશ કલેક્શન
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેક્શન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ, રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

**કોમર્શિયલ પ્રોપર્ટી વેચવાની છે**
બાપુનગર ચોક, ફર્નિચર માર્કેટ નજીક
80 ફુટ મેઇન રોડ ટચ (બે મોઢા) પટેલનગરની
161 વાર | કિંમત
ટાઇટલ કલીયર | 2.51 કરોડ
નોંધ: ૫૦% બદલે જેતપુર શહેર રેસીડેન્ટ/કોમર્શિયલ પ્લોટમાં તેમજ દેવકીગાલોલ, વિસાવદર આસપાસ ખેતીની જમીનમાં
મોબાઇલ, ઓટોબાઇક, ફર્નિચર શો-રૂમ, બેન્ક, રેસ્ટોરન્ટ તથા કોઇપણ બિઝનેસ લાયક જગ્યા
અતુલ એસ્ટેટ (રામજીભાઇ પટેલ)
98258 26285

**પ્લોટ લે-વેચ**
• વર્ધમાન • ગિરિરાજ
• અંજલી • જલારામ
• હર્ષદીપ • આંબાવાડી
• ગ્લોરીયસ સીટી
• સિમંધર
શ્રી વર્ધમાન એસ્ટેટ
મો. 98246 66266

**દરેક પ્રકારનું ફરસાણ હોલસેલ તથા રીટેઇલ મળશે**
નાઇલોન સેવના સ્પેશ્યાલીસ્ટ
નાઇલોન સેવના ₹ 90/- અને 95/-
અન્નપુર્ણા ફરસાણ & નમકીન
પીપળીયા હોલ મેઇન રોડ, બાબરીયા મ્યુ. આવાસ યોજના કવાર્ટરની સામે, રાજકોટ. M. 98243 13641



**150 + Designer ACROSS THE INDIA**
**છેલ્લા ૨-દિવસ**
**CREATIVES EXHIBITIONS**
Always Creative
Premium | Fashion | Style | Decor
**એક્ઝીબીશન**
SUMMER SPECIAL
SATURDAY 19 | SUNDAY 20 APRIL-25
TIME 4 pm to 11 pm
DOG SHOW TIME 7 pm to 9 pm
LIVE FOOD | LIVE MUSIC
**અમૃતસાગર પાર્ટી પ્લોટ**
બીગ બજાર સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
ડિઝાઇનર ડ્રેસ, સારીઝ, કુર્તી, વેસ્ટર્ન, આઉટફિટ્સ, પર્સ, જ્વેલરી, બાંધણી, ચણીયા ચોલી, હેન્ડીંગ કલેકશન
7201072007 / 92278 10007
FOLLOW US : CREATIVE EXHIBITION

**હા... શ... પરીક્ષા પૂરી**
**હવે ફનવર્લ્ડમાં જલસા**
FunWorld
Family Amusement Park
સાંજે ૪:૦૦ થી રાત્રીના ૧૧:૩૦
મસ્ત ફૂડકોર્ટ | પરફેક્ટ પિકનિક
રોમાંચક રાઇડ્સ
Race Course, Rajkot. Contact : 96625 12859

**સ્ટાફ જોઇએ છે**
ઓફિસ બોય – મીની. ૧ વર્ષનો અનુભવ – 1
મેકેનીકલ ફીટર – મીની. ૧ વર્ષનો અનુભવ – 1
ઇલેક્ટ્રીકલ ટેકનીશીયન – મીની. ૧ વર્ષનો અનુભવ – 1
RED DOT CORPORATION
લોકેશન : કોઠારીયા
97146 46466
98987 21403

**અસંભવ !**
**રેડી પઝેશન**
**રૈયા સર્કલ પાસે**
ફક્ત
**2BHK 20.91 થી શરૂ**
Lavish Flats
**Club House With Full Amenities**
લોકેશન માટે સ્કેન કરો
સ્ટર્લિંગ હોસ્પિટલ | નાણાવટી ચોક | 150 ફુટ રીંગરોડ | રૈયા સર્કલ | રૈયા રોડ
**સેમ્પલ ફ્લેટ જોવા આજેજ પધારો**
TITANIUM ONE
95740 66355
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/MAA14061/020924/311226

**જોઇએ છે**
ઇન્ડેક્શન ભઠ્ઠી જગ્યા સાથે અથવા ખાલી ભઠ્ઠી આજી GIDCમાં ૫૦૦ થી ૭૦૦ વારનો પ્લોટ
મો.૯૮૨૫૨ ૧૯૫૧૦

**જુનુ મકાન કોમર્શીયલ થાય તેવું વેચવાનું છે**
218 વાર / 30 x 65 Ft.
30' ફુટ રોડ
કાલાવડ + યુનિ. રોડ વચ્ચે
વોખાર્ટ હોસ્પિટલ પાસે જ
મો :94274 95710 દલાલ માફ

**Memorable Weddings**
Rooms & Suites | Three Party Lawns
Three Wedding Halls | Three Restaurants
હલ્દી | મંડપ મુહુર્ત | મહેંદી
સાંજી | સગાઇ | રીસેપ્શન
સંગીત | મામેરૂ | વેડીંગ
केसर बाग
ઓલ-ઇન્ડિયા રેડીયો ટાવર પાસે, જામનગર રોડ, રાજકોટ.
Call : 99789 55595 / M. 99090 33330

**MADHUSUDAN MASALA LIMITED**
टेस्ट और हेल्थ के मामले में
**झुकेगा नहीं 'म'साला**

A symbol of purity and quality
DOUBLE HATHI SPICES
**ડબલ હાથી મસાલા**
Gujarat : 81409 15655 | Maharashtra : 85309 59888 | www.madhusudanmasala.com
Follow Us On Double Hathi Masala | Available On : amazon | Flipkart | meesho

# મોરબી જિલ્લામાં આરટીઈ પ્રવેશ માટે ૧૯૨૧ જગ્યા સામે ૩૫૭૬ અરજીઓ

## ૨૮ એપ્રિલે આરટીઈ પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડ બહાર પડશે

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા.૧૯ રાઈટ ટુ એજ્યુકેશન યોજના હેઠળ મોરબી જિલ્લામાં પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી ચાલી રહી છે જેમાં આગામી તા.૨૧થી ૨૩ દરમિયાન જે વિદ્યાર્થીઓના ફોર્મ રિજેક્ટ થયા છે તેઓને વધુ એક તક આપવામાં આવી છે અને તા.૨૮ એપ્રિલે પ્રવેશનો પ્રથમ રાઉન્ડ બહાર પડશે. બીજી તરફ મોરબી જિલ્લામાં આરટીઈ યોજના હેઠળ પ્રવેશ માટે તીવ્ર સ્પર્ધાનો માહોલ છે, જિલ્લામાં કુલ ૧૯૨૧ જગ્યાઓ સામે ૩૫૭૬ અરજીઓ મંજુર થઈ છે અને હજુ પણ આ સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. જિલ્લા શિક્ષણ સમિતિના જણાવ્યા મુજબ અરજી કરવા માટે ૧૫ એપ્રિલ છેલ્લી હતી જેમાં અત્યાર સુધીમાં મોરબી જિલ્લામાં કુલ ૪૬૯૨ અરજીઓ થઈ હતી જે પૈકી ૩૫૭૬ અરજીઓ એપ્રુવ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૪-૨૫માં થયેલી કુલ અરજીઓ પૈકી ૮૨૭ અરજીઓ કેન્સલ થઈ હતી અને ૨૮૯ અરજીઓ રિજેક્ટ થઈ હતી. જો કે, રાજ્ય સરકારે આરટીઈ પ્રવેશ માટે રિજેક્ટ થઈ હોય તેવી અરજીઓના કિસ્સામાં વધુ એક તક આપવા તા.૨૧થી ૨૩ એપ્રિલ દરમિયાન નવા ડોક્યુમેન્ટ અપલોડ કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે, મોરબી જિલ્લામાં પાંચ તાલુકાઓમાં કુલ ૧૮૧ શાળાઓમાં ૧૯૨૧ જેટલી જગ્યાઓ માટે આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેમાં આરટીઈ પ્રવેશ માટે કુલ ૧૯૨૧ પૈકી ૧૫૦૦ જગ્યાઓ ગુજરાતી માધ્યમ માટે તેમજ ૪૨૧ જગ્યાઓ અંગ્રેજી માધ્યમ માટે ઉપલબ્ધ છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મોરબી જિલ્લામાં થયેલી અરજીઓ અને મંજુર અરજીઓ જોતા આ વર્ષે એક બેઠક માટે બબ્બે ઉમેદવારો વચ્ચે તીવ્ર સ્પર્ધા હોવાનું ફલિત થઈ રહ્યું છે.(૪૦.૧૨)

# મોરબીના મહેન્દ્રનગર ચોકડીથી માળિયા ફાટક સુધી ભારે વાહનો બંધ કરવા આમ આદમી પાર્ટીની માંગ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા ૧૯: મોરબીના મહાનગરપાલિકા ઝોન -૨ના વિસ્તાર મહેન્દ્રનગર ચોકડીથી માળિયા ફાટક સુધી હેવી લોડિંગ વાહન ચાલતા હોય ત્યારે આ વાહન બંધ કરાવવા આમ આદમી પાર્ટીના જિલ્લા મહામંત્રી પંકજભાઈ આદ્રોજા દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, મોરબી સામાકાંઠા વિસ્તારમાં આવેલા સૌથી વધુ ટ્રાફિક અને પોસ વિસ્તાર એવાં મહેન્દ્રનગર ચોકડીથી માળિયા ફાટક છે. જે રસ્તા પર ફેક્ટરીએ અપડાઉન કરતા લોકોનું ખુબ જ પ્રમાણમાં અવરજવર રહે છે. સાથે સાથે આ રસ્તા પર અનેક રેસિડેન્સી સોસાયટી અને મહેન્દ્રનગર ગામ આવેલું છે. આ રસ્તામાં હેવી લોડીંગ વહાન ચાલતા હોય તો સતત ટ્રાફિક રહે છે અને મોટા અસ્માતની સંભાવના રહે છે. આમ આદમી પાર્ટીના મોરબી જિલ્લા મહામંત્રી અને વાંકાનેર વિધાનસભાના પ્રભારી પંકજભાઈ આદ્રોજા દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી છે કે, આ રસ્તા પર આવતા હેવી લોડીંગ વાહનના રૂટને ૮એ નેશનલ હાઈવે પર ડયવર્ટ કરવામાં આવે અને મહેન્દ્રનગર ચોકડી પર અધુરો રહેલો પુલ ઝડપી બને જેથી કરીને ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ મળે. (૭.૨૨)

# પોરબંદરના વિસાવાડામાં મેગા અશ્વ શો

## વિર વિંઝરા વિંઝાત કેશવાલા ચેતક અશ્વ પાલક મિત્ર મંડળ દ્વારા આગામી મે માસમાં આયોજન: રજીસ્ટ્રેશન કામગીરી શરૂ

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર:૧૯: વિસાવાડા ગામ ખાતે, '' ચેતક અશ્વ રમતોત્સવ મેદાન'', હાથિયાની સીમ માં, નિરીક્ષણ અને સૂચનો બાબત મિટિંગ કરીને, આગામી મે માસમાં તા.૯-૧૦-અને ૧૧



શુક્રવાર, શનિવાર અને રવીવાર ના સવાર (૭.૪૫ થી ૧૧.૪૫ સુધી) અને સાંજ અને રાત્રી પ્રકાશ માં લાઈટ મા (૪.૪૫ થી રાત્રે ૧૧.૦૦ વાગ્યે સુધી) અશ્વ રમતોત્સવ ના આયોજન કરવામાં આવેલ છે.

પોરબંદર અને બરડા વિસ્તાર ના અને ઘેડ વિસ્તાર ના તેમજ સૌરાષ્ટ્ર ભર મા થી માત્ર ને માત્ર ઉત્તમ કાઠિયાવાડી અને મારવાડી નસ્લ ના ઉત્તમ અશ્વો સાથે આ ભવ્ય અશ્વ રમતોત્સવ મા ભાગ લેવા નું આમંત્રણ આપવામાં આવ્યું છે. '' શ્રી વિંઝરા વીંઝાત ભગત અશ્વ રમતોત્સવ'' જે વિસાવાડા ગામ સમસ્ત્ અને ચેતક અશ્વ મિત્ર મંડળ અને ચેતક ગ્રાઉન્ડ, વિસાવાડા ના સહયોગ થી આયોજન થઈ રહયું છે. આ અશ્વ રમતોત્સવ માટે ટેકનીકલ સહયોગ પણ ગોંડલ ખાતે ચાલતી શ્રી કાઠિયાવાડી અશ્વ ઉછેર એસોસિએશન, ગુજરાત અને પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય, નો આપવા માં આવી રહ્યો છે.

આ અશ્વ રમતોત્સવમાં (૧) ઉત્તમ કાઠિયાવાડી વાળી અશ્વ (૪ વર્ષ થી વધુ) (૨) ઉત્તમ કાઠિયાવાડી માદા અશ્વ (૪ વર્ષ થી વધું) (૩) ઉત્તમ કાઠિયાવાડી વછેરો (૨ વર્ષ થી ૪ વર્ષ સુધી) (૪) ઉત્તમ કાઠિયાવાડી વછેરી (૨ વર્ષ થી ૪ વર્ષ સુધી) (૫) ઉત્તમ મારવાડી વાળી અશ્વ (૪ વર્ષ થી વધુ) (૬) ઉત્તમ મારવાડી માદા અશ્વ (૪ વર્ષ થી વધું) (૭) ઉત્તમ મારવાડી વછેરો (૨ વર્ષ થી ૪ વર્ષ સુધી) (૮) ઉત્તમ મારવાડી વછેરી (૨ વર્ષ થી ૪ વર્ષ સુધી). (૯) ગરો લેવો (૧૦) રેવાલ ચાલ (૧૧) અશ્વ દોડ (૬૦૦ મીટર). સવાર ના સમય મા અશ્વ રમતો રાખવામાં આવશે અને સાંજ અને રાત્રે પ્રકાશ મા ઉત્તમ અશ્વ ની રીંગ નું આયોજન કરવામાં આવશે.

મેગા અશ્વશો રમોત્સવની વધુ ણકારી રજીસ્ટ્રેશન માટે શ્રી. દિલીપ ભાઈ કેશવાળા (મો. ૮૧૪૧૮૦૧૩૧૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયુ છે. (૩.૧૧)

# પોરબંદરના જરવાવ વાછરા ડાડા મંદિરે ચૈત્રી ઉત્સવ: શોભાયાત્રા, હવન અને ડાયરો





પુનમબેન ગઢવી | કાજલબેન રબારી | ધનરાજ ગઢવી | બાવનભાઇ રબારી | ભોજાભાઇ ભરવાડ

(ભીખુભાઈ મહેતા દ્વારા) પોરબંદર, તા. ૧૯: મહાકાલી રોડ ઉપર જરવાવ વાછરાડાડા મંદિરે આવતી કાલથી ૩ દિવસ ચૈત્રી ઉત્સવમાં શોભાયાત્રા, હવન અને લોક ડાયરો તથા મહાપ્રસાદનું આયોજન કરેલ છે.

જરવાવ વાછરાડાડા મંદિરે ચૈત્રી ઉત્સવ નિમિતે તા. ૨૦ ના રોજ શોભાયાત્રાનું આયોજન કરાયું છે તેમજ તા. ૨૧ ના રોજ સવારે ૧૦ વાગ્યે હવન અને સાંજે ૬ થી રાત્રે ૯ વાગ્યા સુધી મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો પ્રસાદી લઈ શકે તેવી વ્યવથા કરાઈ છે.

રાત્રે લોકડાયરાના આયોજનમાં પૂનમ ગઢવી, કાજલ રબારી, ધનરાજ ગઢવી, બાવનભાઈ રબારી અને ભોજાભાઈ ભરવાડ લોકડાયરો કરશે. ભાવિકોને કાર્યક્રમનો લાભ લેવા વાછરાડાડા જરવાવ મંદિર મિત્ર મંડળ દ્વારા એક યાદીમાં આમંત્રણ પાઠવાયું છે.(૬.૨)

# માળીયા મિંયાણા પાસે ક્રાઇમબ્રાંચનો દરોડો: ૧.૬૨ લાખના દારૂ ભરેલ ટ્રેલર ટ્રક સાથે બે પકડાયા

## રાજસ્થાનના સોહનસિંગ રાવત અને જશવંતસિંગ રાવતની ધરપકડ: માળીયા રેલ્વે ફાટક પાસેથી કારમાંથી દેશી દારૂનો જથ્થો કબ્જે



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા.૧૯: મોરબી ક્રાઈમબ્રાન્ચની ટીમે માળીયા મિયાણા નજીક બે અલગ અલગ દરોડામાં ભીમસર ચોકડી નજીક ટ્રક ટ્રેઈલરમાંથી ૧૫૬ બોટલ દારૂ તેમજ માળીયા રેલવે ફાટક નજીકથી દેશી દારૂ ભરેલી કાર ઝડપી લીધી હતી.

પ્રથમ દરોડામાં ક્રાઈમબ્રાન્ચે ભીમસર ચોકડી પાસેથી આરજે-૩૨-જીડી - ૨૫૪૪ નંબરના ટ્રક ટ્રેઈલરને અટકાવી તલાશી લેતા ટ્રકમાંથી વિદેશી દારૂની ૧૫૬ બોટલ કિંમત રૂપિયા ૧,૬૨,૬૬૦ મળી આવતા પોલીસે રૂ.૨૦ લાખનો ટ્રક કબ્જે કરી આરોપી ટ્રક ચાલક સોહનસિંગ નંદુસિંગ રાવત અને આરોપી જસવંતસિંગ નેપાલસિંગ રાવત (રહે.બન્ને રાજસ્થાન)ની ધરપકડ કરી માળીયા મિયાણા પોલીસ મથકમાં પ્રોહીબિશન એકટ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો.

જ્યારે બીજા દરોડામાં ક્રાઈમ બ્રાન્ચે માળીયા - જામનગર હાઈવે ઉપર રેલવે ફાટક નજીકથી શંકાસ્પદ કાર પસાર થતા પોલીસે કાર અટકાવવા ઈશારો કરતા કાર ચાલકે આગળ કાર ઉભી રાખી નાસી ગયો હતો જેથી પોલીસે જીજે - ૦૩ - એલજી - ૦૩૯૨ નંબરની કારની તલાશી લેતા કારમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ કિંમત રૂપિયા ૮૦ હજાર તેમજ ૩ લાખની કાર મળી ૩.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર નંબરના આધારે માળીયા પોલીસ મથકમાં ગુન્હો નોંધાવ્યો હતો.(૨.૨૨)

# કાળઝાળ ગરમીમાં મોરબીના લાયન્સનગર વિસ્તારમાં બપોરથી વીજળી ગુલ થઈ જતા રહીશો ત્રાહિમામ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા. ૧૯: મોરબીના રણછોડ નગરના લાયન્સનગર વિસ્તારમાં ગઈકાલે બપોરના ૧૨ વાગ્યાથી વીજળી ગુલ થઈ ગઈ હતી ને સ્થાનિકોના જણાવ્યા અનુસાર સાંજે ૭ વાગ્યા તો પણ હજુ વીજળી આવી નોતી. જેના કારણે લોકોને હાલાકી લનો સામનો કરવો પડી રહ્યો છે.

રહીશોએ આ અંગે હેલ્પલાઈનમાં કોલ કરતાં હાલ કામગીરી ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું. સાંજે ૭ કલાક વિતી ગયા પણ હજુ સુધી લાઈટ આવી નોતી જેથી લોકો કાળઝાળ ગરમીમાં પરસેવે રેબઝેબ થયા હતા અને સાંજના સમયે રસોઈ બનાવવામાં પણ હાલાકી પડી હતી.(૩૮.૮)

# બાળકોનું ભવિષ્ય વાલીઓના હાથમાં મોબાઇલના હાથમાં નહીં

પોરબંદર તા. ૧૯: બાળકોને વેકેશનમાં સાચવવા અઘરા પડે છે, બાળકોને ચુપ અને શાંત રાખવા માટે માતા-પિતા મોબાઈલ આપી દે છે, પરંતુ આ મોબાઈલની ટેવ તેને ગંભીર રીતે નુકસાન પહોચાડે છે. તે સામે પોરબંદરના હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટે મહત્વના સુચનો કર્યા છે.

હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન રામદેવભાઈ મોઢવાડિયાએ જણાવ્યું છે કે, આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોનએ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. મોટા લોકો સાથે-સાથે નાના બાળકો પણ મોબાઈલના આદી બની રહ્યાં છે. ખાસ કરીને વેકેશન દરમિયાન માતા-પિતા બાળકોને મોબાઈલ ફોન આપી દે છે, જેથી તેઓ વ્યસ્ત રહે અને માતા-પિતાને થોડી રાહત મળે. પરંતુ, શું તમે જાણો છો કે વેકેશનમાં બાળકોને મોબાઈલ ફોન આપવાથી ઘણી ગંભીર સમસ્યાઓ ઊભી થઈ શકે છે?

મોબાઈલ સ્ક્રીનમાંથી નીકળતી નીલી રોશની બાળકોની આંખો માટે ખુબ જ હાનિકારક છે. લાંબા સમય સુધી મોબાઈલ જોતા રહેવાથી આંખોમાં થાક, ધુંધળું દેખાવું અને આખરે માયોપિયા

> વેકેશનમાં બાળકોને સાચવવા અને શાંત કરવા માતા પિતા દ્વારા બાળકોને આપી દેવાતા મોબાઇલની ટેવ સામે લાલબત્તી ધરતું પોરબંદરનું હેલ્થ એજ્યુકેશન ટ્રસ્ટ

(નજીકની દ્રષ્ટિ ઓછી થવી) જેવી સમસ્યાઓ થઈ શકે છે.

લાંબો સમય મોબાઈલ વાપરતી વખતે બાળકો ખોખરા થઈને બેસે છે, જેનાથી ગરદન, પીઠ અને ખભા પર દબાણ પડે છે. આગળ જતાં આદત બની જાય તો સ્પાઈનલ કોર્ડ (રીઢની હાડકી)ને નુકસાન થઈ શકે છે. મોબાઈલની સ્ક્રીનમાંથી નીકળતી રોશની મેલાટોનિન નામક હોર્મોનને ઓછું કરે છે, જે ઊંઘ માટે જવાબદાર છે. પરિણામે, બાળકોને ઊંઘ ન આવવી, અસ્થિર ઊંઘ અથવા રાત્રે વારંવાર જાગવુ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

મોબાઈલ ગેમ્સ, વિડિયો અને સોશિયલ મીડિયા બાળકોને ઝડપથી આદી બનાવી દે છે. આદત લાગ્યા પછી બાળકો ચિડચિડા, આક્રમક અને મોબાઈલ વગર અસહ્ય બની જાય છે.

વધુ સમય મોબાઈલ વાપરવાથી બાળકોની એકાગ્રતા ઘટે છે અને યાદશક્તિ પર ખરાબ અસર પડે છે. તેમનું ધ્યાન પઠન-પાઠન પરથી ખસી જાય છે, જે શૈક્ષણિક પ્રદર્શનને નુકસાન પહોંચાડે છે. મોબાઈલમાં વધુ સમય ગાળવાથી બાળકો વાસ્તવિક જગતમાં લોકો સાથે જોડાણ કરવામાં અસમર્થ બની જાય છે. તેમની કમ્યુનિકેશન સ્કિલ્સ અને ઈમોશનલ ઈન્ટેલિજન્સ ઘટી જાય છે.

વેકેશન દરમિયાન મોબાઈલનો વધુ ઉપયોગ બાળકોને અભ્યાસથી દુર લઈ જાય છે. શાળા શરૂ થયા પછી પણ તેમનું ધ્યાન પાછું મેળવવું મુશ્કેલ બની જાય છે. કેટલાક બાળકો તો મોબાઈલની લતને કારણે શિક્ષણમાં પાછળ રહી જાય છે.

બાળકોને મોબાઈલ આપવાથી તેઓ ઈન્ટરનેટના ગેરઉપયોગના શિકાર બની શકે છે જેમ કે, અનુચિત વિડિયો અથવા કન્ટેન્ટ જોવું, સાયબર બુલિંગ અથવા ઓનલાઈન ઠગાઈના કિસ્સાઓ, ગેમ્સ અથવા એપ્સમાં પૈસા ખર્ચવાની ઘટનાઓ વધે છે. (૭.૨૭)

# મોરબીના બહુચર્ચિત વજેપર જમીન કૌભાંડમાં વારસાઈ નોંધ રદ કરવા આદેશ

## મરણના બોગસ દાખલાને આધારે વારસાઈ નોંધ પડયાનો ધડાકો: જિલ્લા કલેકટર કિરણ ઝવેરીએ પ્રાંત અધિકારીએ મંજુર કરેલી નોંધ રદ કરવા કર્યો હુકમ



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૧૯: મોરબીના ચકચારી વજેપર સર્વે નંબર ૬૦૨ના પારકી જમીન હડપ કરી જવાના કૌભાંડમાં પ્રાંત અધિકારીએ મંજુર કરેલી વારસાઈ નોંધ રદ કરવા હુકમ કરતા જમીન કૌભાંડી તત્વોના હાથ હેઠા પડયા છે. આ ચકચારી તોસ્તાન કૌભાંડમાં જિલ્લા કલેકટરે આપેલા ચુકાદામાં વરસાઈ નોંધ પડાવવા માટે જમીનના મૂળ માલિકનું મરણ પ્રમાણપત્ર રજૂ થયું હોય જેની ખરાઈ કરવામાં આવતા મહાનગર પાલિકાએ એવું કોઈ પ્રમાણપત્ર જ ઈશ્યુ કરવામાં આવ્યું ન હોવાનો જવાબ રજૂ કરતા જમીન કૌભાંડી તત્વોએ જમીન હડપ કરવા બોગસ મરણનોંધનો દાખલો બનાવ્યો હોવાનું પણ સ્પષ્ટ બન્યું છે.

મોરબી શહેરના વજેપર ગામના રેવન્યુ સર્વે નં.૬૦૨ ની હે. ૧-૫૭-૮૩-વાળી જમીન રેકર્ડમાં બેચરભાઈ ડુંગરભાઈના નામે ખાતા નં.૧૫૮ થી ચાલતી હોય, તેઓનું તા.૮/૩/૧૯૭૬ રોજ અવસાન થયેલ હતું. જેમાં જમીનના મૂળ માલિકોને બદલે જમીન કૌભાંડી તત્વોએ બેચરભાઈ ડુંગરભાઈના ખોટા પુરાવા રજૂ કરી શાંતાબેન બેચરભાઈ ડાભીના નામની વારસાઈ નોંધ કરાવી લઈ બાદમાં માળીયા મિયાણા તાલુકાના તરઘડી ગામના સરપંચ સાગર આંબારામભાઈ ફૂલતરીયાના નામનો વેચાણ દસ્તાવેજ કરાવી લેતા સમગ્ર મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી અને હાલમાં આ કેસમાં જોરશોરથી તપાસ ચાલી રહી છે.

બીજી તરફ કરોડોની કિંમતી જમીન હડપ કરી જવા પ્રકરણમાં જમીનના મૂળ માલિક એવા બેચરભાઈ ડુંગરભાઈ નકુમના ૩૦થી વધુ વારસદારો દ્વારા તેમની જમીનમાં ખોટી વારસાઈ નોંધ પડી જવાની સાથે વેચાણ પણ થઈ ગયું હોવાની જાણ થતા જ ભીમજીભાઈ બેચરભાઈ નકુમ વગેરે દ્વારા વારસાઈ અને વેચાણ નોંધ સામે વાંધો લેવા છતાં નાયબ કલેકટર સુશીલ પરમારે સાચા વારસદારોના વાંધા ગ્રાહ્ય રાખવાને બદલે વાંધેદારોની વાંધા અરજી નામંજુર કરીને જમીન કૌભાંડિયા તત્વોની વારસાઈ અને વેચાણ નોંધ મંજુર કરી હતી જેની સામે જમીનના મૂળ માલિકોએ જિલ્લા કલેકટરમાં અપીલ કરી હતી. જેમાં પ્રથમ તબક્કે જિલ્લા કલેકટર દ્વારા જમીન કૌભાંડી તત્વોએ પડાવેલી વારસાઈ નોંધ રદ કરવા હુકમ કર્યો છે.

દરમિયાન મોરબી જિલ્લા કલેકટરની કોર્ટમાં આ કેસ ચાલી જતા અરજદાર ભીમજીભાઈ બેચરભાઈ નકુમ સહિતના વારસદારોએ રજૂ કરેલા પુરાવાઓ ધ્યાને લઈ આ જમીન બેચરભાઈ ડુંગરભાઈ ની હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતી હોવાનું નોંધી ભળતા નામ આધારે બેચરભાઈ ડુંગરભાઈ ડાભીના વારસદાર તરીકે શાંતાબેન બેચરભાઈ ડાભી વારસાઈ નોંધ રદ કરવા હુકમ કર્યો હતો. આ ઉપરાંત આ કિસ્સામાં શાંતાબેન બેચરભાઈ ડાભીએ રજૂ કરેલ ડાયબેન બેચરભાઈ ડાભી તથા બેચરભાઈ ડુંગરભાઈ ડાભીના મરણના દાખલાની નકલમાં જણાવેલ નોંધણી નંબર અને તારીખની રેકોર્ડ તપાસણી કરતાં નોંધણી નંબર અને તારીખ મુજબ નોંધ ન હોવાનું પણ કેસમાં નોંધી જિલ્લા કલેકટરે વારસાઈ નોંધ રદ કરવા પાંચ પાનનો ચુકાદો આપ્યો હતો. (૨૨.૪)

# રેલ્વે ભરતી બોર્ડની જાહેરાત અન્વયે મોરબીમાં આયોજીત મોક ટેસ્ટમાં ૧૯૧ ઉમેદવારોએ પરીક્ષા આપી

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી: તા ૧૯, ભારત સરકારના રેલ્વે મંત્રાલયના રેલ્વે રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા ગ્રુપ-ડી (લેવલ-૧)ની ૧૪ જેટલી અલગ અલગ ટેકનિકલ પોસ્ટ માટેની ભરતી અંગેની જાહેરાત બહાર પાડવામાં આવેલ હતી. જે જાહેરાત અન્વયે મોરબી જિલ્લામાં પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારોએ અરજી કરી હતી. આ ઉમેદવારો લેખિત પરીક્ષામાં સફળ રહે અને જિલ્લામાંથી વધુમાં વધુ લોકોને રોજગારી મળે તે હેતુથી જિલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લામાં ત્રણ જેટલા પરીક્ષા કેન્દ્ર ઉપર ગઈકાલે મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ હતું.



જે મોક ટેસ્ટમાં સમગ્ર જિલ્લામાંથી કુલ ૧૯૧ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જે અંતર્ગત શ્રી યુ.એન. મહેતા આર્ટસ કોલેજ, મોરબી પરીક્ષા કેન્દ્ર પર ૫૯, સાંદિપની ઈંગ્લિશ સ્કૂલ હળવદ પરીક્ષા કેન્દ્ર પર ૬૭ અને શ્રીમતી ઈન્દુબેન લલીતભાઈ મહેતા મહિલા કોમર્સ કોલેજ, વાંકાનેર પરીક્ષા કેન્દ્ર પર ૬૫ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નપત્રની આન્સર કી તથા પરીક્ષાનું પરિણામ ટૂંક સમયમાં જિલ્લા પંચાયત મોરબીની વેબસાઈટ ઉપર ઓનલાઈન પ્રસિદ્ધ કરવામાં આવશે. (૩૬-૨)

# મોરબી ગ્રામ્ય ક્રિકેટ એસો દ્વારા કાલે અન્ડર ૧૬-અન્ડર ૧૯ ખેલાડીઓનું સિલેકશન કરાશે

(પ્રવિણ વ્યાસ દ્વારા મોરબી:તા ૧૯, ગ્રામ્ય ક્રિકેટ એસો મોરબી દ્વારા તા. ૨૦ ને રવિવારના રોજ અન્ડર ૧૯ ક્રિકેટ ટીમ અને અન્ડર ૧૬ ક્રિકેટ ટીમ માટે ખેલાડીઓની પસંદગી ક્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જેમાં તા. ૨૦ ને રવિવારે સવારે ૮:૩૦ થી ૧૦ સુધી અન્ડર ૧૬ ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે જેમાં ૦૧-૦૯-૨૦૦૯ થી ૩૧-૦૮-૨૦૧૧ જન્મ તારીખ ધરાવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે જે ખેલાડીઓએ વ્હાઈટ ટ્રેક અને ટી શરત તેમજ સ્પોર્ટ્સ શૂઝ પહેરીને પોતાની ક્રિકેટ કીટ સાથે લઈને આવવાનું રહેશે.

તેમજ તા. ૨૦ ને રવિવારે સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨ સુધી અન્ડર ૧૯ ક્રિકેટ ટીમ માટે ખેલાડી પસંદગી કરવામાં આવશે જેમાં તા.૦૧-૦૯-૨૦૦૬ થી ૩૧-૦૮-૨૦૦૯ સુધીમાં જન્મેલા ખેલાડીઓ



ભાગ લઈ શકશે ખેલાડીઓએ વ્હાઈટ ટ્રેક અને ટીશર્ટ પહેરી તેમજ સ્પોર્ટ્સ શુંઝ પહેરીને આવવાનું રહેશે અને પોતાની ક્રિકેટ કીટ સાથે લાવવાની રહેશે

પસંદગી પ્રક્રિયામાં આવનાર ખેલાડીઓએ પોતાના ૨ ફોટોગ્રાફ, એજ્યુકેશન આઈ કાર્ડ, બર્થ સર્ટીફીકેટ, રેસીડેન્ટ પ્રૂફ, જોબ સર્ટીફીકેટ, આધાર કાર્ડ અને છેલ્લા ત્રણ વર્ષની માર્કશીટ, પાનકાર્ડ અને કેન્સલ ચેક સહિતના ડોક્યુમેન્ટ સાથે લાવવાના રહેશે.(૩૬-૪)

# અવસાન નોંધ

### હંસાબેન ભટ્ટ

રાજકોટ: હંસાબેન પી.ભટ્ટ (ઉ.વ.૯૦) તે પિયુષ પી.ભટ્ટ (એ.જી.ઓફીસ, ઓડીટ), મયુર પી. ભટ્ટ (નિવૃત સુપરવાઈઝર, એકાઉન્ટસ), ચેતનભાઈ પી.ભટ્ટ (એલઆઈસી)ના માતુશ્રીનું દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧ના રોજ સોમવારે સાંજે ૪ થી ૬, અષ્ટાવસુ ફ્લેટ, ૫-વિમલનગર, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. (૩૫.૨૧)

# મોરબી બિલ્ડર્સ એસોસિએશનની વિકાસને લગતા મુદ્દાઓ અંગે ધારાસભ્યોની આગેવાનીમાં મુખ્યમંત્રીને રજૂઆત

## નવો ડીપી બનાવવો, હાઈરાઈઝડ બિલ્ડિંગ નિર્માણની મંજૂરી સહિતની રજૂઆત કરાઈ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા.૧૯: ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા અને દુર્લભજીભાઈ દેથરીયાની હાજરીમાં મોરબી જિલ્લા બિલ્ડર્સ એન્ડ લેન્ડ ડેવલોપર્સ એસોસિએશનના સભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. જેમાં મોરબીના વિકાસને લગતાં વિવિધ મુદ્દાઓ બાબતે રજૂઆત કરાઈ હતી.

મોરબી બિલ્ડર્સ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવેલી રજૂઆતોમાં મોરબી અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીને કાર્યરત કરવા વિનંતી કરાઈ હતી. આ ઉપરાંત મોરબી મનપામાં હાલ ૧૯૭૧ નો ડેવલોપમેન્ટ પ્લાન હોય જે ૫૫ વર્ષ જુનો હોવાથી નવો ડીપી બનાવવા માટે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. મોરબી મહાનગરપાલિકા બનતા પહેલા મોરબી નગરપાલિકામાં રજૂ થયેલી અરજીઓ અને નવા સમાવિષ્ટ વિસ્તારોમાં થયેલા બાંધકામોને બીનખેતી હુકમ પ્રમાણે ઈમ્પેક્ટ ફી (GRUDA-2022) અન્વયે નિકાલ કરવો જેમાં વર્ષ ૧૯૭૧ મુજબ ઝોનિંગ ધ્યાને લવા વિનંતી કરાઈ હતી અને જ્યાં સુધી સત્તા મંડળમાં ઝોનિંગ નક્કી ન થાય ત્યાં સુધી બીનખેતી હુકમ પ્રમાણે બાંધકામની મંજૂરી આપવાની કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

આ તમામ બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંગત રસ લઈને વિકાસ કામગીરીને ઝડપથી આગળ વધારીને મોરબી કોર્પોરેશનને લગતાં પ્રશ્નોનો નિકાલ કરવાની ખાતરી આપી હતી. આ તકે શહેરી મંત્રાલયના અશ્વિની કુમારે પણ ખૂબ જ સાથ સહકાર આપીને મોરબી કોર્પોરેશનના વિવિધ વિકાસ કામો અંગે રસ લઈને સહકાર આપ્યો હોવાનું એસોસિએશનના પ્રમુખ સંતોષભાઈ શેરસીયાની યાદીમાં જણાવાયું છે.(૪૦.૧૨)

# સોમવારે ધોરાજીમાં સોરઠીયા લુહાર દાવડા પરિવાર દ્વારા યજ્ઞ-સ્નેહમિલન

(કિશોર રાઠોડ દ્વારા) ધોરાજી, તા. ૧૯: ધોરાજીમાં સોરઠીયા લુહાર દાવડા પરિવાર દ્વારા તારીખ ૨૧ ને સોમવારના રોજ શ્રી વેરાઈ માતાજી મઢ ધારેશ્વર પાર્ક જેતપુર રોડ ધોરાજી હેમાદ્રિ મહા યજ્ઞ સાથે સ્નેહમિલન યોજાશે.

ધોરાજી સોરઠીયા લુહાર દાવડા પરિવાર દ્વારા દાવડા કુટુંબીજનો ને જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર વદ-૮ ને સોમવાર તા. ૨૧-૪-૨૦૨૫ ના રોજ હવનનું આયોજન કરવામાં આવેલ છે.

કાર્યક્રમની રૂપરેખા હેમાદ્રિ: તા. ૨૧-૦૪-૨૦૨૫, સોમવાર, વહેલી સવારે, પ્રસાદી (ભોજન) તા. ૨૧-૦૪-૨૦૨૫, સોમવાર, બપોરે ૧૧-૩૦ કલાકે મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિની વાડી ચામડિયા કુવા પાસે, ધોરાજી.

બિડુ હોમવાનો સમય: તા. ૨૧-૦૪-૨૦૨૫, સોમવાર, બપોરે ૪-૦૦ કલાકે બહારગામ થી પધારેલ મહેમાનો માટે રાત્રે જમવા તથા રહેવાની વ્યવસ્થા કરેલ છે.

શુભ પ્રસંગ સ્થળ શ્રીવેરાઈ માતાજી મઢ, ધારેશ્વર પાર્ક જેતપુર રોડ ધોરાજી ખાતે હવન તથા સ્નેહમિલન રાખવામાં આવેલ છે. શુભ પ્રસાદી (ભોજન) સ્થળ શ્રી દરજી સમાજની વાડી ચામડીયા કુવા પાસે, કમલ પાન સામે, ધોરાજી.

મહાયજ્ઞ તેમજ સ્નેહમિલન ને સફળ બનાવવા માટે શ્રી સોરઠીયા લુહાર દાવડા પરિવાર ના યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.(૬.૬)

# પડધરીમાં કબ્રસ્તાનના મુકબધીર -દિવ્યાંગ રખેવાળની ભેદી હત્યા

**ગઇકાલે રખેવાળ દાઉદશાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવ્યા બાદ ફોરેન્સીક પીએમમાં હત્યા થયાનું ખુલ્યું**

## દાઉદશા અનવરશા શાહમદાર (ઉ.વ.૪૬) કબ્રસ્તાનની ઓરડીમાં રાત્રે સુતા'તાને કોઇ અજાણ્યા શખ્સે બોથર્ડ પદાર્થના ઘાઝીંકી મોતને ઘાટ ઉતારી દિધાઃ પોલીસ તપાસનો ધમધમાટ

રાજકોટ, તા., ૧૯: પડધરી ખાતે આવેલા કબ્રસ્તાનમાં છેલ્લા ૨૫ વર્ષથી કામ કરતા મુકબધીર અને દિવ્યાંગ રખેવાળની ભેદી સંજોગોમાં હત્યા થતા પડધરી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

| જુનાગઢ | |
|---|---|
| મગફળી | ૨૦,૦૦૦ |
| સીંગખોળ | ૨૧૨૫૦ |
| લાઇન તેલીયા | ૨૧૧૦ |
| **ધોરાજી** | |
| મગફળી | ૧૯૮૦૦ |
| સીંગખોળ | ૨૧૫૦૦ |
| લાઇન તેલીયા | |
| **જામનગર** | |
| મગફળી | ૮૫૦-૧૨૦૦ |
| કામકાજઃ | ૧૫૦૦૦ ગુણી |
| સીંગખોળ | ૨૧૨૦૦ |
| તેલીયા ટીન | ૨૧૧૦ |
| સીંગતેલ લુઝ | ૧૩૦૦ |
| છૂટક ૧ કિ.ગ્રા. | - |

| કોપરેલ-દિવેલ | |
|---|---|
| કોપરેલ | ૪૧૦૦-૪૩૦૦ |
| દિવેલ | ૨૧૦૦-૨૨૫૦ |
| **રાજકોટ મગફળી** | |
| મગફળી | ૮૫૦-૧૨૦૦ |
| આવકઃ | ૨૦૦૦૦ ગુણી |
| ,, ઝીણીઃ | ૯૦૦-૧૧૭૦ |
| ,, મોટીઃ | ૮૫૦-૧૨૦૦ |
| ,, નવીઃ | |
| **કપાસીયા ખોળ** | |
| કપા. વરાડી છાલા | |
| ૫૦ કિલો | ૧૫૫૦-૧૭૫૦ |
| **કેશોદ-વેરાવળ** | |
| મગફળી | ૨૦૨૦૦ |
| સીંગખોળ | ૨૧૨૦૦ |
| લાઇન તેલીયા | ૨૧૦૫ |

| મુંબઇ ખાંડ | |
|---|---|
| ખાંડ સી | ૪૧૩૫-૪૨૦૦ |
| ખાંડ ડી | ૩૯૬૦-૪૦૬૦ |
| **અમદાવાદ ખાંડ** | |
| ખાંડ સી | ૪૧૭૦-૪૨૫૦ |
| ખાંડ ડી | ૪૦૭૦-૪૧૫૦ |
| **રાજકોટ ખાંડ** | |
| ચલાવ સી | ૪૧૭૦-૪૨૫૦ |
| ચલાવ ડી | ૪૦૭૦-૪૧૭૦ |
| આવક | ૪૦૦૦ ગુણી |
| **મહારાષ્ટ્ર** | |
| મીલ ડીલી. સી | ૩૫૯૦-૩૬૭૦ |
| મીલ ડીલી.ડી. | ૩૫૩૫-૩૫૫૦ |

મળતી વિગત મુજબ પડધરી કબ્રસ્તાનની ઓરડીમાં રહેતા અને ત્યાંજ રખેવાળી કરતા મુકબધીર અને દિવ્યાંગ દાઉદશા અનવરશા શાહમદાર (ઉ.વ.૪૬) વર્ષની ગઈકાલે લોહી લુહાણ હાલતમાં લાશ મળી આવતા તેની લાશને પીએમ માટે રાજકોટ સરકારી હોસ્પીટલમાં ખસેડાઈ હતી. જયાં ફોરેન્સીક પીએમમાં રખેવાળ દાઉદશાની હત્યા થયાનું જાહેર થયું હતું.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આધેડ દાઉદશા રાત્રે તેની ઓરડીમાં સુતા હતા ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ બોથડ પદાર્થના માથાના ભાગે ઘા ઝીકી હત્યા કરી નાસી છુટયા હતા. હત્યાનો ભોગ બનનાર દાઉદશા મુકબધીર અને પગેથી દિવ્યાંગ છે. ગઈકાલે શુક્રવાર હોય કબ્રસ્તાનના કબરમાં અનેક લોકો ફુલ ચડાવવા આવ્યા ત્યારે ઓરડીમાં રખેવાળ દાઉદશાની લોહીલુહાણ હાલતમાં લાશ જોતા પોલીસને જાણ કરી હતી. પડધરી પોલીસે લાશને ફોરેન્સીક પીએમ માટે રાજકોટ ખસેડી હતી.

પડધરી પોલીસે કબ્રસ્તાનના ટ્રસ્ટી સબીરહુસેન અબ્દુલ રજાક કાદરીની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કબ્રસ્તાનના મુકબધીર અને દિવ્યાંગ રખેવાળની કોણે, કયાં હેતુથી હત્યા કરી ? તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વધુ તપાસ પડધરીના ઈન્ચાર્જ પીઆઈ વી.કે.સુરાણી તથા રાઈટર યુવરાજસિંહ ચલાવી રહયા છે. (૪.૨૫)

# મોરબીમાં અજાણ્યા યુવકનું મોતઃ વાલી-વારસની શોધખોળ

મોરબી, તા.૧૯: મોરબીમાં અજાણ્યા યુવકનું મોત થતા પોલીસે વાલી-વારસની શોધખોળ હાથધરી છે.

મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન રાહુલભાઈ વિજયભાઈ ઉવ-૩૨ વર્ષનું તા.૧૭ના રોજ મોત થયું છે. તેમની લાશનું પોસ્ટ મોર્ટમ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે કરવામા આવેલ છે. જે જોઈ વ્યક્તિ મૃતકને ઓળખતા હોય તો મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.વી.સોલંકી મો.નં. ૯૮૨૫૩ ૩૪૬૩૩નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. (૨૨.૧૨)

# મોરબીમાં પૈસાની લેતી દેતી બાબતે દિપેનભાઇ પર બે શખ્સનો છરીથી હુમલો

## દિલીપ અને કાળુ સામે ફરીયાદ

મોરબી, તા. ૧૯ : મોરબીના ભવાનીચોક વિસ્તારમાં વિશ્વકર્મા નામના કારખાના પાસે પૈસાની લેતી દેતી મામલે યુવાનને માર મારી છરી વડે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે

મોરબીના ગ્રીનચોક કંશારા શેરીમાં રહેતા દીપેનભાઈ અંનતરાય કરથીયા (ઉ.૪૫) એ મોરબી એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેને આરોપી કાળુભાઈ ચનીયારા સાથે વેપાર ધંધાના પૈસા લેવાના બાકી હોય જે દિનેશભાઈ આરોપી કાળુભાઈના કારખાને લેવા જતા આરોપી દિલીપભાઈ કાળુભાઈ ચનીયારા હાજર હોય તેને દીપેનભાઈએ કાળુભાઈ બાબતે પૂછતા હાજર ના હોય તેમ કહેતા દીપેનભાઈ એ કહેલ કે મારે પૈસા માટે કેટલા ધક્કા ખાવા તેમ કહેતા આરોપી દિલીપભાઈ એ ઉશ્કેરાઈ જઈ ગાળો આપવા લાગેલ તે દરમિયાન આરોપી કાળુભાઈ આવી જતા તેઓ પણ દીપેનભાઈને ગાળો આપી ઢીકા પાટુંનો માર મારી તેમજ આરોપી દિલીપભાઈ એ માથાના ભાગે છરીનો એક ધા મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે. (૯.૧૧)

# સાવરકુંડલા : હીરાવા ગામનાં ૫૦૦ મિટર ઉંચા ડુંગર ઉપર આવેલ ગુપ્ત મહેલની જાળવણી જરૂરી

## પુરાતન વિભાગ અમુલ્ય પૌરાણીક અને ઐતિહાસિક વિરાસતની યાદોની જાળવણી માટે પગલા ભરે

(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા, તા.૧૯: સૌરાષ્ટ્ર એટલે સંત અને શૂરાની ભૂમિ ગણાય ને આવી ભૂમિ પર ઐતિહાસિક વિરાસતની વારસાની ભેટો આજે પણ હયાત છે પણ આવી વિરાસત ભરી ઐતિહાસિક વિરાસતનો વારસો આજની પેઢી અજાણ છે ત્યારે આવી વિસરાઈ ગયેલી અદભૂત અને ઐતિહાસિક વિરાસતને શોધી લાવી છે ત્યારે શું છે આ ઐતિહાસિક વિરાસત





અને શું છે ભવ્ય ભૂતકાળની ઝાંખી જોઈએ.

દેશની આઝાદી પહેલા રજવાડાઓ હતા ને રાજાઓ રાજ કરતા હતા આ જે ખળભળી ગયેલી દીવાલોને ખંઢેર થઈ ગયેલી દીવાલો ૩૫૦ થી ૪૦૦ વર્ષ પૌરાણિક છે અને આ છે ધારીના હીરાવા ગામે આવેલો ૫૦૦ મીટર ઊંચા ડુંગર પર આવેલો ગુપ્ત મહેલ......

૪ સદી એટલે ૩૫૦ થી ૪૦૦ વર્ષ અગાઉ હરસૂરબાપુ ખુમાણ જે મેથાળા નો કિલ્લો હતો તેમના રાજવી હતા. સૌરાષ્ટ્રના જતી પુરુષ સાથે વિખ્યાત બહારવટિયા જોગીદાસ બાપુ ખુમાણના કુટુંબી ભાઈઓ હરસૂરબાપુ ખુમાણ જેમને મેથાળાના કિલ્લા સાથે મેવાસા સહિત ૧૨ ગામો ભાગમાં આવેલા હતા જેમાં મેવાસા સાથે કુંકાવાવ, ખાલપર, ફાચરીયા, રાયડી, સરકડીયા, અડધું વંડા જેવા ગામો ભોગવટા માટે ભાગમાં આવેલા હતા ત્યારે અલગ અલગ ક્રાંગણના રાજવીઓ જે હુમલો કરીને ગામો કિલ્લાઓ કબજે લઈ લેતા એવા ભવ્ય ભૂતકાળમાં રાજવીઓ મહિલાઓ અને બાળકો ને હુમલાખોરોથી બચવા માટે ગુપ્ત મહેલ બનાવતા આ એજ ગુપ્ત મહેલની વિરાસત હીરાવા ગામે ગીરના ગાઢ જંગલો વચ્ચે આવેલી છે આજે પ્રથમવાર ગુજરાત ફર્સ્ટ વિસરાઈ ગયેલા વારસાની વિરાસત શોધવા રાજવી પરિવારના ૭ મી પેઢીના મંગળુભાઈ ખુમાણ સાથે ત્યાં પહોંચ્યા હતા ને આ ગુપ્ત મહેલમાં એ સમયે ૪ ઓરડાઓ, ઘોડા રાખવા માટેની ઘોડાસર હતી પણ આજે માત્ર ગુપ્ત મહેલની દિવાલો ખળભળીને ખંઢેર થઈ ગઈ છે હુમલાખોરો સામે તે સમયે લડવા માટે બંધુકના નાળચા રાખીને ફાયરિંગ કરી શકાય તેવી સુવિધાઓ રાખવામાં આવેલ જે આજે પણ હયાત છે જ્યારે આ ૨૫૦ વર્ષ આસપાસ આ હરસુરબાપુ ખુમાણના વંશજો રાજ કરતા આવ્યા હતા ને એ પછી એભલબાપુ ખુમાણ આ ગુપ્ત મહેલ ખાતે રહેતા ત્યારે હુમલાખોરો સામે લડાઈ કરતી વખતે વીરગતિ પામેલ જેમનો પાળિયો પણ હાલ મોજુદ છે આ એભલબાપુ ખુમાણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા ત્યારે તેમના પગ માં પહેરેલ સોનાનો તોડો હુમલાખોર કાઢતો હતો ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં અડધી તુટેલી તલવારથી હુમલાખોરનું માથું વાઢી નાખ્યું હતું ને એ વડોદરા ગાયકવાડના સૈનિકનો પાળિયો પણ એભલબાપુ બાજુમાં હયાત છે ત્યારે આજે આ હરસુરબાપુ ખુમાણના ૭મી પેઢીના વંશજ મંગળુભાઈ ખુમાણ આ ગુપ્ત મહેલે ૩૦ વર્ષ બાદ સાથે પહોંચ્યા હતા ને ભવ્ય ભૂતકાળના સંસ્મરણો વાગોળ્યા હતા.

આ ગુપ્ત મહેલ અત્યારે ખંઢેર બની ચૂક્યો છે પણ ભવ્ય ભૂતકાળમાં જતા આ ગુપ્ત મહેલમાં જો હુમલો થાય તો નાઠા બારી તરીકે નીકળીને નાસી જવા માટેની બારીઓ રાખવામાં આવેલી જે અત્યારે ખંઢેર હાલતમાં થઈ ગયેલી વિરાસતો અંગે દ્વારા મુલાકાત લઈને રાજવી ખુમાણ પરંપરાની વિરાસતો પુરાતન વિભાગ દ્વારા જળવાઈ રહે તો આવનારી પેઢીઓ આ અમૂલ્ય પૌરાણિક સાથે ઐતિહાસિક વિરાસતની યાદો જળવાઈ રહે. (૨૩.૧૨)

# મોરબીના રાજપર પાસે ઉલ્ટી થયા બાદ અમરનાથ તાંતીનું મોત

મોરબી, તા. ૧૯ : મોરબીના રાજપર ગામની સીમમાં ગુરુકૃપા ટ્રેડીંગ કારખાનાની લેબર કોલોનીમાં બેભાન થયેલ ગયેલ યુવાનને સારવાર અર્થે ખસેડવામાં આવતા તેં મૃત્યુ નીપજ્યું હોવાની માહિતી મળી છે જે મામલે મોરબી તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મોરબીના રાજપર ગામે ગુરુકૃપા ટ્રેડીંગ કારખાનાની લેબર કોલોનીમાં રહેતા અમરનાથ સુખદેવભાઈ તાંતી ગત તા. ૧૭ અન રોજ મજુરી કામ કરતી વખતે અચાનક ઉલટી થતા પોતાના રૂમે જઈ સુઈ ગયેલ બાદમાં સવારના અરસામાં જમવા તથા મજુરી કામે જવા માટે ઉઠાડવા જતા બેભાન હોય જેને સારવાર માટે ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો જે મામલે મોરબી તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. (૯.૧૧)

# પોરબંદર જિલ્લાની મુલાકાતે ઋષિકેશભાઇ પટેલ અને કુંવરજીભાઇ બાવળીયા

## આરોગ્યમંત્રી ઋષિકેશભાઇના હસ્તે પીજીવીસીએલ કચેરીનું લોકાપર્ણ તથા સેવા સેતુ કાર્યક્રમઃ કેબીનેટ મંત્રી કુંવરજીભાઇ જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ઉપસ્થિત રહેશેઃ બન્ને મહાનુભાવોના અલગ અલગ કાર્યક્રમો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા., ૧૯ : રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા બન્ને અલગ અલગ આજે પોરબંદર જિલ્લાની મુલાકાતે આવી રહયા છે.

આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તા.૧૯ અને ૨૦ એપ્રિલ બે દિવસ માટે પોરબંદર જિલ્લાના પ્રવાસે આવી રહયા છે.

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ તા.૧૯ ના રોજ બપોરે PGVCL પેટા વિભાગીય કચેરી લોકાર્પણ અને સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ મંત્રીશ્રી ઋષિકેશભાઈ તા.૨૦ ના રોજ સવારે ૯ કલાકે પોરબંદર ખાતે GMERS મેડીકલ કોલેજ અને સિવીલ હોસ્પિટલની મુલાકાત કરશે.



પોરબંદર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અને રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તા.૧૯ એપ્રિલના રોજ પોરબંદર જિલ્લાના પ્રવાસે આવી રહયા છે.

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ તા.૧૯ એપ્રિલના બપોરે ૨.૩૦ કલાકે જિલ્લા કલેકટર કચેરી, સભાખંડ પોરબંદર ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ઉપસ્થિતિ રહેશે. (૪.૨૩)



**પોરબંદરના મજીવાણામાં પોષણ પખવાડિયુ :** પોરબંદરઃ પોષણ પખવાડિયા અંતર્ગત ગ્રામ્ય સ્તરે પોષણ અંગે જાગૃતિ લાવવા આઈસીડીએસ વિભાગ પોરબંદર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યાં છે. જેમાં મજીવાણા અને શીશલી ગામ ખાતે પોષણની જરૂરિયાત વાળા બાળકોને પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી અને ક્રાથમિક શાળા ખાતે ધોરણ એકથી પાંચના બાળકોને પૌષ્ટિક ખોરાક વિશે ગમ્મત સાથે જ્ઞાન પુરુ પાડવામાં આવ્યું હતું. મહિલાઓને ટેક હોમ રેશનના પેકેટસ, ભોજનમા મિલેટસ અને સરગવાના સમાવેશના મહત્વની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેમજ બાળકો તથા લાભાર્થીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ તરલાબેન અને સીડીપીઓશ્રી જાગૃતીબેન વાજા ઉપસ્થિત રહ્યા હતા. પોષણ કીટ વિતરણની તસ્વીર. (૨૩.૧૬)

# ગોવાથી ચોરખાનાવાળા આઇસરમાં ૩ લાખનો દારૂ ભરી આવેલો રાણાવાવનો મુરૂ રાજકોટમાં પકડાયો

## પીસીબીના મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ, હરદેવસિંહ રાણાની બાતમી પરથી પીઆઇ ગોંડલીયા, પીએસઆઇ હુણ અને ટીમની કાર્યવાહીઃ રાજકોટના મહાવીરસિંહે જથ્થો મંગાવ્યો હતો

**આઇશરના ઠાઠામાં ખાસ ચોરખાનુ પોરબંદરના શખ્સ પાસે બનાવડાવ્યું હતુંઃ ટ્રાન્સપોર્ટનો માલ ભરીને મુરૂ ગોવા જાય પછી વળતાં દારૂના ચપલા ભરી આવતો**

રાજકોટ તા. ૧૯: દારૂની હેરાફેરી માટે બુટલેગરો, સપ્લાયરો નવા નવા નુસ્ખા અપનાવતા હોય છે. આવા વધુ એક નુસ્ખાનો શહેર પીસીબીની ટીમે પર્દાફાશ કરી રાણાવાવના શખ્સને ઝડપી લીધો છે. ચોરખાનાવાળા આઈશર ટ્રકમાં ત્રણ લાખનો દારૂ ભરીને તે રાજકોટ પહોંચતા ઝડપી લેવાયો હતો. આ દારૂ રાજકોટના શખ્સે મંગાવ્યો હોઈ તેની શોધખોળ થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પીસીબીની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ મહિપાલસિંહ ઝાલા, હેડકોન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ, હરદેવસિંહ રાણાને બાતમી મળી હતી કે ૧૪૧૨ નંબરનું આઈશર દારૂ ભરીને આવે છે. આથી ગ્રીનલેન્ડ ચોકડીથી ગોંડલ રોડ ચોકડી તરફ યાર્ડના પૂલ નજીક હાઉસીંગ ક્વાર્ટરની સામેના સર્વિસ રોડ પર વોચ રાખી જીજે૦૩બીટી-૧૪૧૨ નંબરનું આઈશર અટકાવ્યું હતું. પોલીસે તપાસ કરતાં આઈશરનું ઠાઠુ ખાલીખમ્મ હતું. કેબીનમાં કે બીજે ક્યાંય દારૂ જોવા મળ્યો નહોતો. આથી પોલીસ પણ મુંજવણમાં મુકાઈ ગઈ હતી.

ચાલકની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ મુરૂ બાઠાભાઈ ભુતીયા (ઉ.વ.૫૦- રહે. રાણાવાવ, ગ્રીનસીટી-૨ ખાખરીયા બાપાના મંદિર પાસે) જણાવ્યું હતું. તેની પોલીસે આકરી પુછતાછ શરૂ કરતાં જ તેણે ઠાઠામાં બનાવેલા ત્રણ ચોરખાના નટબોલ્ટ ખોલીને બતાવ્યા હતાં. આ ચોરખાનાં અંદરથી રૂા. ૨,૯૦,૪૯૯ના ૧૦૯૫ નંગબ ૧૮૦ એમએલના અલગ અલગ બ્રાન્ડના દારૂના ચપલા મળી આવ્યા હતાં. આથી પોલીસે ગુનો નોંધી મુરૂની ધરપકડ કરી દારૂ, વાહન સહિત ૮,૯૦,૪૯૯નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ચોરખાનામાંથી વેટ-૬૯, બ્લેક ડોગ, સ્મીર્નઓફ વોડકા, રસોલ્યુટ વોડકા, ઓકસ્મીથ વ્હીસ્કીના ચપલાઓ મળ્યા હતાં. ડ્રાઈવર મુરૂની વિશેષ પુછતાછ થતાં તેણે કબુલ્યું હતું કે આઈશરમાં ચોરખાના પોરબંદર તરફના શખ્સ પાસે બનાવડાવ્યા છે. પોતે ગોવા ટ્રાન્સપોર્ટનો માલ ભરીને જતો હોઈ વળતા ખાલી આવવાનું હોઈ રાજકોટના સહકાર રોડ પર ગુલાબનગરમાં રહેતાં મહાવીરસિંહ પરમારે દારૂ ભરી લાવવાનું અને એક પેટી દીઠ એક હજાર ભાડુ આપશે તેમ કહેતાં પોતે ચોરખાનામાં ૧૦૯૫ ચપલા ભરીને લાવ્યો હતો. જો કે આ દારૂનો જથ્થો મહાવીરસિંહ સુધી પહોંચે એ પહેલા પીસીબીની ટીમે પકડી લીધો હતો.



પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ.આર. ગોંડલીયા, પીએસઆઈ એમ. જે. હુણ, એએસઆઈ સંતોષભાઈ, મયુરભાઈ, મહિપાલસિંહ, હરદેવસિંહ આર., હેડકોન્સ. કરણભાઈ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગોસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કાળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેન્દ્રભાઈ પરમારે આ કામગીરી કરી હતી. મુરૂ ભુતીયા અગાઉ પણ આ રીતે ટ્રીપ મારી દારૂનો જથ્થો લાવ્યાની શક્યતાએ વિશેષ પુછપરછ હાથ ધરવામાં આવી છે. (૧૪.૫)

# ગેસ રીફીલીંગના ગુનામાં નાસતો ફરતો સુનીલ બીશ્નોઇ ટીંબડી પાસેથી પકડાયો

## મોરબી તાલુકા પોલીસે દબોચ્યોઃ રાજસ્થાની શખ્સ છ માસથી ફરાર હતો

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા.૧૯: મોરબી તાલુકા પોલીસ મથકમાં ગેસ રીફીલીંગના ગુનામાં સંડોવાયેલ ઈસમ છ માસથી નાસતો ફરતો હતો જેને ટીંબડી પાટિયા પાસેથી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે



મોરબી તાલુકા પોલીસ ટીમ નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા કાર્યરત હોય દરમિયાન તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૪ માં ગેસ રીફીલીંગના ગુનામાં સંડોવાયેલ આરોપી સુનીલકુમાર રીડમલરામ બિશ્નોઈ (રહે.રાજસ્થાન) છ માસથી નાસતો ફરતો હતો જે આરોપી હાલ ટીંબડી પાટિયા પાસે હોવાની બાતમી મળતા આરોપીને ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. (૨.૨૪)

| ટેકસપેઇડ સીંગતેલ | |
|---|---|
| નવા ટીન (૧૫ કીલો) | ૨૩૧૦-૨૩૬૦ |
| કપાસીયા ટીન | ૨૨૩૦-૨૨૮૦ |
| વનસ્પતી ઘી | ૨૩૦૦-૨૩૩૦ |

| સોના-ચાંદી | |
|---|---|
| ૨૨ કેરેટ દાગીનાના ભાવ | ૯૩૫૦૦ |
| ૨૨ કેરેટ દાગીના પરત ભાવ | ૮૮૦૦૦ |
| સોનું સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ) | ૯૮૬૦૦ |
| ચાંદી ચોરસા (૧ કિલો) | ૯૮૫૦૦ |



# બાબરામાં તાલુકા પ્રમુખ શહેર પ્રમુખનુ દલિત સમાજના આગેવાન દ્વારા સન્માન

બાબરાઃ પ્રદેશ ભાજપ દ્વારા બાબરા શહેરના પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા અને તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ ની નિમણૂક થતા સોમાભાઈ બગડાના નિવાસસ્થાને દલિત સમાજના આગેવાનો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું જેમાં જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દલિત સમાજના યુવા આગેવાન કિરીટભાઈ બગડા ભીખુભાઈ બગડા હસુભાઈ બગડા ધર્મેશભાઈ બગડા ભાવેશભાઈ બગડા પરેશભાઈ બગડા રાયપર જેઠાભાઈ સાવ ગોવિંદભાઈ પરમાર લુણકી ચાપરાજભાઈ વાળા દરબાર જેઠુરભાઈ ગરૈયા દરેડ સરપંચ. કરીમભાઈ કોટડીયા અજયભાઈ બગડા માજી સરપંચ નિલવલા માજી સરપંચ ભીખાભાઈ જાદવ ત્રમ્બોડા લોનકોટડા સરપંચ ગોવિંદભાઈ ચાવડા ગરણી અરજણભાઈ સોહલીયા માજી ચેરમેન પ્રવીણભાઈ જાદવ ભીમજીભાઈ માધડ ધુધરાળા હાજર રહેશે. તેમ દિપક કનૈયાની યાદીમાં જણાવ્યું છે. (૬.૭)



# પોરબંદરમાં ઉપવાસ છાવણીની મુલાકાતે બસપાના આગેવાનો

પોરબંદર : કોન્ટ્રાકટ કામના સફાઈ કામદાર કર્મચારીઓને છુટા કરતાં સંવિધાનિક ઉપવાસ આંદોલન ચલાવી રહેલ છે. બ.સ.પા. પ્રમુખ એન.પી.રાઠોડ તથા મનપા પ્રભારી, દિનેશભાઈ વ્રજલાલ માંડવિયા તથા સોશ્યલ લીડર ઓબીસી નેતા નટુભાઈ કારાવદરા વગેરેએ સફાઈ કામદાર ઉપવાસ છાવણીની મુલાકાત લઈ પીડીત સમાજની સાથે હોય, કોન્ટ્રાકટ બેઈઝ વર્કસને તુંરત નોકરી ઉપર લેવા અથવા સંપૂર્ણપણે ખાનગીકરણ કોન્ટ્રાકટ સિસ્ટમ બંધ કરવા સરકારશ્રીને અનુરોધ કર્યો હતો તે તસ્વીર. (૨૩.૧૬)

# સોમવારે જામનગરમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ

## રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, ઋષિકેશ પટેલ સહિતના ઉપસ્થિત રહેશે

(મુકુંદ બદીયાણી દ્વારા) જામનગર, તા., ૧૧ : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર દ્વારા આગામી તા.૨૧-૪-૨૦૨૫ને સોમવારના રોજ ૨૯ મો પદવીદાન (કોન્વોકેશન) સમારોહ યુનિવર્સિટી ખાતે નિર્ધારીત કરેલ છે. જેમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સહીતના ઉપસ્થિત રહેશે. પ્રભારી રજીસ્ટ્રાર ડો. અશોક ચાવડાની આગેવાનીમાં તડામાર તૈયારી થઈ રહી છે. (૪.૨૨)

**જામનગર જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ પ્રોહીબુટલેગર જીજ્ઞેશ ઉર્ફે જીગો વિનોદભાઈ ખીચડા સામે પાસા હેઠળ કાર્યવાહી કરીને અમદાવાદ સાબરમતી મધ્યસ્થ જેલમાં ધકેલી દીધેલ છે.**

(મુકુંદ બદિયાણી) (૨૨.૧૦)

# સાવરકુંડલા ની મધ્ય માં બિરાજતા શ્રી કુંડલપુર હનુમાનજી નો પાટોત્સવ આજે ઉજવાશે

(દીપક પાંધી દ્વારા) સાવરકુંડલા તા.૧૯: સાવરકુંડલા શહેરની મધ્યમાં જ બિરાજતા પૌરાણિક શ્રી કુંડલપુર હનુમાનજી મહારાજનો પાટોત્સવ આજ શનિવારના રોજ ઉજવાય રહ્યો છે જયારે આવતીકાલ રવિવારના રોજ હોમાત્મક પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે આજે રાત્રે સહુ ધર્માનુરાગી ને માટે ભોજન પ્રસાદનું આયોજન અમરેલી રોડ પર આવેલી એલજી વાડી ખાતે કરવામાં આવ્યું છે જયારે રાત્રે કુંડલપુર હનુમાનજી મંદિર ખાતે રાત્રે ૯ કલાકથી બગસરા ના સિધ્ધ મંડળ દ્વારા ભક્તિસભર સંગીતશૈલી માં સુંદરકાંડના પાઠ નું આયોજન કરવામાં આવ્યું છે

આવતી કાલે તા. ૨૦ અને રવિવારે સવારે મંદિર ખાતે ૮ કલાકે ધ્વજારોહણ ૯ કલાકે મહાપુજા અને સવાર ના ૯ થી સાંજના ૪: ૩૦ સુધી હોમાત્મક યજ્ઞ યોજાશે જેમાં ૪:૩૦ કલાકે બીડુ હોમાશે. ધાર્મિક કાર્યક્રમમાં સંતો મહંતો આશીર્વચન આપનાર છે. કુંડલપુર હનુમાનજી મંદિરના મહંત શ્રી કરસનગીરીબાપુ ,લઘુ મહંત શ્રી બાવબાપુ અને દર્શન ગીરીબાપુ દ્વારા સેવક સમુદાય ને ધર્મલાભ લેવા આમંત્રણ અપાયું છે. (૩૫.૧૮)




# શોક લાગતા કલ્યાણપુરના વૃદ્ધનું મોત

જામ ખંભાળિયા, તા.૧૯: કલ્યાણપુર તાલુકાના કનકપર માળી ગામે રહેતા વેજાણંદભાઈ નાથાભાઈ ગામડા નામના ૬૪ વર્ષના વૃધ્ધ વાડીએ પાણીના બોરની ઈલેક્ટ્રિક મોટર ચાલુ કરવા જતા તેમને વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પુત્ર ભરતભાઈ વેજાણંદભાઈ ગામડાએ સ્થાનિક પોલીસને કરી છે.

**ઓખામાં પરપ્રાંતીય માછીમાર યુવાનને હાર્ટ એટેક**

નવસારી જિલ્લાના વસર ગામના મૂળ વતની અને હાલ ઓખામાં રહેતા સંજયભાઈ મહેશભાઈ હળપતિ નામના ૩૦ વર્ષના માછીમાર યુવાનને ગત તારીખ ૧૭ ના રોજ રાત્રિના સમયે ઓખા નજીકના દરિયામાં હરિકૃપા બોટમાં હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે અંગેની જાણ જગદીશભાઈ નાનુભાઈ ટંડેલે ઓખા મરીન પોલીસને કરી છે.

**ઓખામાં માછીમાર યુવાન સામે ગુનો**

ઓખાના ગાંધીનગરી વિસ્તારમાં રહેતા અબુ હકીરમામદ બંદરી નામના ૨૦ વર્ષના માછીમાર યુવાને થોડા દિવસ પૂર્વે પોતાની બોટમાં માછીમારી કરવા માટે ફિશરીઝ વિભાગમાંથી ટોકન મેળવીને માછીમારી કરીને પરત આવ્યા બાદ આ ટોકન પરત જમા ન કરાવી, જુના ટોકન મુજબ ફિશીંગ કરવા જતા પોલીસે ઝડપી લઈ, તેની સામે કાર્યવાહી કરી હતી.

**ખંભાળિયામાં બે જુગારીઓ ઝડપાયા**

ખંભાળિયા નજીક પાણાખાણ વિસ્તારમાંથી પોલીસે અજય નરશીભાઈ સાલાણી અને પ્રભુ ઉર્ફે અજય નાનકભાઈ શ્રીમાળી નામના બે શખ્સોને વરલી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો. (૨૨.૫)

# જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી આજે વોર્ડનાં ૭ માં ''જનતાની સેવા માટે જનતાના દરવાજે ઊપસ્થિત થયા''

મનપાના વોર્ડ ૭ માં સ્થાનિક કોર્પોરેટરો અને સ્થાનિક અગ્રણીઓને સાથે રાખી ને પ્રજા ની વચ્ચે ઉપસ્થિત રહીને લોકોના પ્રશ્નો સાંભળ્યા





(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર તા.૧૯: જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા પોતાના વિધાનસભા વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોના પ્રશ્નોને વાચા આપવા માટેના "જનતાની સેવા માટે જનતા ના દરવાજે" શીર્ષક હેઠળ ના પ્રકલ્પનો ગઈકાલથી પ્રારંભ કરી દેવામાં આવ્યો હતો, અને સ્થાનિક નાગરિકોની વચ્ચે ઉપસ્થિત રહી તેઓના પ્રશ્નોને વાચા આપવા માટેના પ્રયાસો કર્યા હતા, જે પ્રજા વચ્ચે અને પ્રજાની સાથે રહેવાની પહેલને આજે પણ અવિરત ચાલુ રાખવામાં આવી હતી, અને વોર્ડ નંબર ૭ ના નાગરિકોને સાંભળ્યા હતા.

આજે તેઓની સાથે વોર્ડ નંબર ૭ ના સ્થાનિક કોર્પોરેટર ગોપાલભાઈ સોરઠીયા, અરવિંદભાઈ સભાયા, પ્રભાબેન ગોરેચા, અને લાભુબેન બંધીયા ઉપરાંત જામનગર શહેરના પૂર્વ મહામંત્રી મેરામણભાઈ ભાટુ, શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત્તમભાઈ કકનાણી તથા સ્થાનિક ભાજપના વોર્ડ નંબર સાતના પ્રમુખ ભવ્યભાઈ પાલા, ઉપરાંત વોર્ડના મહામંત્રી અને અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અને સ્થાનિક નાગરિકોના પ્રશ્નો ને સાંભળી તેની વિશેષ નોંધ લીધી હતી.

આજે વોર્ડ નંબર ૭ ના નાગરિકો દ્વારા સવારે ૯.૩૦ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી એમ્યુઝમેન્ટ પાર્ક પાસે આવેલા શ્રીજી હોલમાં ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો અંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરી સમક્ષ રજૂઆત કરી હતી.

જેમાં કેટલાક પ્રશ્નોનું નિરાકરણ તો ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા સ્થળ પર કરાવી દેવામાં આવ્યું હતું, જયારે અન્ય કેટલાક પ્રશ્નોને સાંભળીને તેનું વહેલી તકે નિરાકરણ લાવવા માટેની ખાતરી પણ આપી હતી. જેથી સ્થાનિક લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

**ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્લાસ્ટિક મુક્ત અભિયાનને પણ વેગ અપાયો**

આજના આ વિશેષ અભિયાનમાં વડાપ્રધાનની પ્લાસ્ટિક મુક્ત અભિયાનની પહેલને પણ આગળ ધપાવવામાં આવી હતી, અને ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને તેઓની સમગ્ર ટીમ દ્વારા વિશેષ ક્ક્કારની કાપડ બેગ નું વિના મૂલ્યે વિતરણ કરીને પ્લાસ્ટિક મુક્ત અભિયાન ને પણ વેગવંતુ બનાવ્યું હતું.(૩૮.૧૦)

## અવસાન નોંધ

**હંસાબેન ભટ્ટ**

રાજકોટ: હંસાબેન પી.ભટ્ટ (ઉ.વ.૯૦) તે પિયુષ પી.ભટ્ટ (એ.જી.ઓફીસ, ઓડીટ), મયુર પી. ભટ્ટ (નિવૃત સુપરવાઈઝર, એકાઉન્ટસ), ચેતનભાઈ પી.ભટ્ટ (એલઆઈસી)ના માતુશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧ના રોજ સોમવારે સાંજે ૪ થી ૬, અષ્ટાવસુ ફલેટ, ૫-વિમલનગર, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. (૩૫.૨૧)

# ધ્રોલ ભાજપના ઉપપ્રમુખપદે પ્રખર હિન્દુ યુવા નેતા છેણાભાઇ વરૂની વરણી

(સંજય ડાંગર દ્વારા) ધ્રોલ, તા.૧૯: પ્રખર હિન્દુ યુવા નેતાની છબી ધરાવતા ભરવાડ સમાજના આગેવાન છેણાભાઈ વરુને ધ્રોલ શહેર ભાજપ સંગઠનમાં ઉપ પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે.

ધ્રોલ શહેર ભાજપ સંગઠનની રચનાની બોડી સતાવાર જાહેર કરવામાં આવી છે...અગાઉ લોહાણા સમાજમાંથી પ્રમુખ તરીકે શ્રી હિરેનભાઈ કોટેચાની વરણી કરવા આવ્યા બાદ કોઈપણ કારણોસર ધ્રોલ શહેર ભાજપની બોડીની રચના ધોચમા પડી હતી પરંતુ હવે શહેર ભાજપ પ્રમુખ ઉપરાંત ૧૬ સભ્યોના હોદેદારોની રચનાની સતાવાર જાહેરાત કરવામાં આવતા પ્રમુખ ઉપરાંત ઉપ પ્રમુખ પદ માટે હિન્દુ યુવા નેતાની છબી ધરાવતા ભરવાડ સમાજના આગેવાન છેણાભાઈ વરુને ઉપપ્રમુખ તરીકે પદ સોંપવા આવેલ છે અને કડવા પાટીદારમાંથી યુવા ચહેરો રુતુલ ગડારાને પણ મહામંત્રી બનાવવામાં આવેલ છે, આ ઉપરાંત જ્ઞાતિ બેલેન્સ કરીને ઉપપ્રમુખ, મંત્રી અને ખજાનચી મળીને પ્રમુખ શ્રી હીરેન કોટેચાની આગેવાનની હેઠળ ૧૬ સભ્યોની બોડીની રચના હવે પરિપુર્ણ જાહેર થયેલ હોય ધ્રોલ શહેર ભાજપ કાર્યકરોએ આ રચનાને આવકારીને અભિનંદન પાઠવ્યા છે.(૨૩.૭)



# ખંભાળિયામાં એનિમલ કેર ગૃપ તથા આઇબેલી ગૃપ દ્વારા ભાગવત સપ્તાહનો પ્રારંભ-પોથીયાત્રામાં ગૌમાતા જોડાયા

ખંભાળિયા, તા. ૧૯: સેવાકીય સંસ્થા એનિમલ કેર તથા આઈ બેલી ગૃપ દ્વારા ૧૮-૪ થી ગૌમાતાઓના લાભાર્થે અંધ અપંગ ગાયોની સેવા માટે જાણીતા કથાકાર જીવણભગતના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત સપ્તાહની શરૂઆત થઈ છે જેની પૂર્ણાહુતિ ૨૪-૪-૨૫ ના રોજ શથે.

ગઈ કાલે વિશાળ સંખ્યામાં ભાવિકો પોથીયાત્રામાં ખંભાળિયા-જામનગર રોડથી આઈબેલી આવળ માતાજીના મંદિરે જોડાયા હતા તથા જોગાનુ જોગ એક ગૌમાતા પણ આ પોથીયાત્રામાં છેક કથા સ્થળ સુધી જોડાતા ભકતોમાં હર્ષ છવાયો છે.(૬.૮)



**સાવરકુંડલા ઠવીની મંગલમ્ વિદ્યા સ્કૂલની મુલાકાતે ભાજપ આગેવાનો:** સાવરકુંડલા: તાલુકાના ઠવી ગામ ખાતે આવેલ સુપ્રસિધ્ધ સ્કૂલે અને શૈક્ષણિક બાબતે નામના ધરાવતી મોરલીધર એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત શ્રીમંગલમ્ વિધાલય ઠવી ની મુલાકાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મંત્રી રઘુભાઈ હુબલ , અખિલ ગુજરાત આહીર સમાજ ના પ્રમુખ હડીયા સાહેબ, ગુજરાત જી.આઈ.ડી.સી. વિભાગના પૂર્વ ચેરમેન પેથાભાઈ આહીર, અમરેલી જિલ્લાના બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન પુનાભાઈ ગજેરા, જેસર તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ડોક્ટર બી.કે. ભુવા વગેરે અગ્રણીઓ દ્વારા મંગલમ સ્કૂલ ના સંચાલક ભાવેશભાઈ ભુવા અને તેમની શાળા સિદ્ધિ ઓને નિહાળી શુભેચ્છા મુલાકાત લીધી હતી તથા કોમ્પ્યુટર લેબ, પ્રોજેક્ટ લેબ, યુનિટ ટેસ્ટ, પ્રોગ્રામ રિપોર્ટ, વિદ્યાર્થી ઓના પ્રોજેકટો, સ્ટડી મટીરીયલ વગેરે નિહાળ્યા હતા તેમ અમિતગીરી ગોસ્વામી ની યાદી જણાવેલ હતું. (તસ્વીર. અહેવાલ. ઈકબાલ ગોરી દ્વારા) (૩૮.૯)

# નવાગામ ઘેડમાં જુગાર રમતી છ મહિલા ઝડપાઈ

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૧૯ : અહીં સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં એલ.સી.બી.ના હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ નટુભા જાડેજા એ ફરીયાદ નોંધાવી છે કે, નવાગામ ઘેડ, મધુરમ રેસીડેન્સી-૨ માં જયોતીબેન સોલંકીના ઘર પાસે જયોતીબેન રમેશભાઈ દેશળભાઈ સોલંકી, ગૌરાંગી હરેન્દ્રસિંહ જસુભા સોઢા, શિલ્પાબેન હુશેનભાઈ વિરજીભાઈ ખોજા, ભાવનાબેન ભવિષ્યભાઈ હરકિશનભાઈ વારીયા, રીટાબેન કૈલાશભાઈ ગોવિંદભાઈ લાલ, બીનાબા રામદેવસિંહ અનોપસિંહ જાડેજા એ તીનપતી રોનપોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી રૂ.૨૭,૬૫૦/- સાથે ઝડપાઈ ગયેલ છે.

**૩૦ બોટલ સાથે ઝડપાયો**

અહીં સીટી સી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં એલ.સી.બી.ના હેડ કોન્સ. ભરતભાઈ નાનજીભાઈ ડાંગર એ ફરીયાદ નોંધાવી છે કે, મયુરનગર નવા આવાસની પાછળ પીઠડનગરમાં આરોપી રવિભાઈ ખેતસીભાઈ રૂડાચ રહેણાક મકાનમાં દારૂની બોટલ નંગ-૩૦, કિંમત રૂ.૧૭,૧૦૮/- તથા મોબાઈલ ફોન નંગ-૧, કિંમત રૂ.૫૦૦૦/- મળી કુલ મુદામાલ રૂ.૨૨,૧૦૮/- સાથે ઝડપાઈ ગયેલ છે.

**૪૨ ચપલા સાથે એક ઝડપાયો**

એલ.સી.બી. શાખાના એમ.જે.ચંદ્રાવાડીયાએ સુભાષપરા શેરી નં. ૨ માં રહેતો રોહિત ઉર્ફે કાનો ચંદુભાઈ લીંબડ જાતે કોળી ઉ.વ. ૪૨ના મકાને રેઈડ કરતા ત્યાંથી ઈંગ્લીશ દારૂના ચપલા ૪૨ નંગ કિંમત રૂા. ૪૨૦૦ ના વેચાણઅર્થે રાખતા તેની સાથે ઝડપી પાડયો હતો.

**૧૩૫ નંગ ચપલા સાથે ઝડપાયો**

જામનગર :એલ.સી.બી.શાખાના આર.આર.વાળાએ તા. ૧૮ નારોજ સંભાષપરા શેરી નં .૨ રહેતો વેરશીભાઈ ઉર્ફે મુનો રમેશભાઈ ચૌહાણને ઈંગ્લીશ દારૂના ૧૩૫ નંગ ચપલા કિંમત રૂા. ૧૩૫૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા. ૫ હજાર મળી કુલ રૂા. ૧૮૫૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.(૨૩.૧૪)

# સાવરકુંડલાઃ પેટા આરોગ્ય કેન્દ્રનું જે.વી.કાકડીયાના હસ્તે ખાતમુહર્ત

(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા તા.૧૯: ધારી બગસરા ના લોક પ્રિય અને કાર્યશીલ ધારસભ્ય જે વી કાકડિયા એ ગામડા ઓ મા સેવા સુવિધા સવલતો ઉપલબ્ધ કરવા માટે રાત દિવસ મહેનત કરી રહ્યા છે ત્યારે ધારી તાલુકા ના કુબડા ગોવિંદપુરા. હરીપર. ધારગની. મોરઝર.ગામે પેટા આરોગ્ય કેન્દ્ર પી એસ સી નું ખાતમુહૂર્ત ધારી બગસરા ના ધારાસભ્ય. જે વી કાકડિયા ના હસ્તે



કરવા માં આવેલ હતું આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ના ચેરમેન અશ્વિનભાઈ કુજડીયા જિલ્લા પંચાયત સદસ્યો તાલુકા પંચાયત ના સદસ્યો સરપંચો આગેવાનો તેમજ ગામજનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેલ હતા.(૩૮.૯)

# સાવરકુંડલામાં સોનિક ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૧૧ વર્ષોથી વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર કાર્યરત

(દીપક પાંધી દ્વારા) સાવરકુંડલા, તા.૧૯: સાવરકુંડલા ખાતે સોનિક ફાઉન્ડેશન છેલ્લા ૧૧ વર્ષથી કાળઝાળ ઉનાળાની ગરમીમાં જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. સંસ્થા દ્વારા વિનામૂલ્ય છાશ વિતરણ કેન્દ્ર ચલાવવામાં આવે છે, જે ગરમીથી રાહત મેળવવા અને કુદરતી આરોગ્યવર્ધક ઠંડક પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત છે. ઉનાળાની તીવ્ર ગરમીમાં લોકોને શારીરિક તકલીફોથી બચાવવાના ઉમદા હેતુથી શરૂ કરવામાં આવેલું આ છાશ વિતરણ કેન્દ્ર દેવળા ગેટ પર શ્રીકૃષ્ણ ગૌશાળા પરથી નિયમિત રીતે દરરોજ સવારે ૬:૩૦ થી ૭:૪૫ સુધી સ્વચ્છ અને આરોગ્યપ્રદ છાશનું વિતરણ કરવામાં આવે છે, જેનો લાભ દરરોજ અંદાજે ૪૦૦ જેટલા પરિવારો લે છે.



માત્ર ઉનાળામાં જ નહીં, સોનિક ફાઉન્ડેશન વરસ દરમિયાન ગ્લોબલ વોંમિંગની અસરોને ઓછી કરવા માટે વૃક્ષારોપણ જેવા પર્યાવરણલક્ષી કાર્યો પણ કરે છે. પિંજરા સાથે સાવરકુંડલાના રોડ રસ્તા ઉપર ૫૦૦ પિંજરા સાથે વૃક્ષારોપણ રાખવામાં આવેલ. વૃક્ષો ફક્ત વાવવા તેવું નહીં પણ તેનું જતન પણ કરવું. સોનિક ફાઉન્ડેશન દ્વારા વૃક્ષો ને પાણી પાવા માટે એકાંતરા ટેન્કર ની સેવા ચાલુ છે..ત્યારબાદ ઘર ઘરની વૃક્ષારોપણ ની યોજનાઓ પણ લાવેલ જેમાં એક વૃક્ષ સાથે એક ટ્રી ગાર્ડ પીંજરું 'ફ્રી' માં આપીને ૧૦૦૦ વૃક્ષોનું પાંજરા સાથે 'ફ્રી' વિતરણ કરવામાં આવેલ... મકરસંક્રાંતિ જેવા પર્વમાં નાના બાળકોના મુખારવિંદ પર હાસ્ય લેવા માટે નો નમ્ર પ્રયાસ ચાલુ છે. જેમાં સિંગ ની ચીકી તલની ચીકી, ધાણીના પેકેટ તેમજ મમરાના લાડુ ફ્રી...વિતરણ છેલ્લા દસ વર્ષથી કરે છે..

આ ઉપરાંત, સોનિક ફાઉન્ડેશનનું એક મોટું સ્વપ્ન સાવરકુંડલામાં રાહત દરે એક અત્યાધુનિક મલ્ટી સ્પેશિયાલિસ્ટ હાર્ટ હોસ્પિટલ બનાવવાનું છે. સંસ્થા માને છે કે સમગ્ર અમરેલી જિલ્લા તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારમાં એક એવી સારી હાર્ટ હોસ્પિટલની અત્યંત જરૂરિયાત છે, અને આ દિશામાં તેઓ સક્રિયપણે પ્રયત્નશીલ છે.

સોનિક ફાઉન્ડેશનનું આ નિઃસ્વાર્થ કાર્ય ખરેખર પ્રશંસનીય છે. છેલ્લા ઘણા વર્ષોથી સતત જરૂરિયાતમંદ લોકોની સેવા કરીને સંસ્થાએ સમાજમાં એક સકારાત્મક ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની આ પહેલથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં અનેક પરિવારોને ઘણી રાહત મળી રહી છે.(૨૩.૧૩)

## રાજકોટ વેસણ

| | |
|---|---|
| વેસણ (૫૦ કિલો) | ૪૫૦૦-૫૦૦૦ |
| ચણા | ૫૮૦૦-૫૯૦૦ |
| ચણા દાળ | ૭૩૦૦-૭૮૦૦ |

# સાવરકુંડલા : ૭૦ લાખ મુસ્લિમો વતી ડો.ઉદિત રાજનું અમદાવાદમાં સન્માન કરાશે

(ઈકબાલ ગોરી દ્વારા)સાવરકુંડલા, તા.૧૯: ગેરસંવૈધાનિક વકફ કાનૂન વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં સફળ સંઘર્ષ માટે રાષ્ટ્રીય દલિત નેતા, DOMA પરિસંઘના અધ્યક્ષ ડો.ઉદિત રાજનું ગુજરાતના ૭૦ લાખ મુસ્લિમો વતી અમદાવાદ ખાતે સન્માન કરાશે

૧લી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નવી દિલ્હી ખાતે રામલીલા મેદાનમાં કોંગ્રેસ પક્ષના પૂર્વ સાસંદ, રાષ્ટ્રીય પ્રવકતા, દલિત સમાજના ટોચના રાષ્ટ્રીય નેતા જે હાલમાં (દલિત, ઓબીસી, માઈનોરીટી, આદિવાસી)ના DOMA રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. ઉદિતરાજજી દ્વારા આયોજિત સંમેલનમાં ૧ લાખ બહુજન સમાજની ઉપસ્થિતિમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેજીની અધ્યક્ષસ્થાને સૌપ્રથમ વાર સંવિધાન બચાવો - વકફ બચાવો - ઈવીએમ હટાવો - જાતિજનગણના કરાવી અનામતની મર્યાદા ૫૦ ટકા થી વધારી જનસંખ્યા મુજબ કરો - ના નારા સાથે ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.



ડો.ઉદિત રાજે પોતાના ઉદબોધનમાં દ્દઢ સંકલ્પ ઉચ્ચારતાં જણાવ્યુ હતું કે બહુજન સમાજે સંગઠિત થઈને સંવિધાનની રક્ષાની લડાઈ લડવા આગળ આવવાથી જ કટ્ટર હિન્દુત્વને નબળું પાડી શકાશે. દલિત, ઓબીસી અને આદિવાસી સમાજે સાથે મળીને વકફ મુદ્દે મુસ્લિમ સમાજની પડખે ઉભા રહી લડત માટે આગળ આવવા આહવાન કર્યુ હતું. DOMA પરિસંઘનો સતત પ્રયાસ રહયો છે દલિત, ઓબીસી, મુસ્લિમ, આદિવાસી સમાજના સંવૈધાનિક અધિકાર, સામાજિક ન્યાય, બિનસાંપ્રદાયિકતા પ્રત્યે પ્રતિબદ્ધ બહુજન સમાજ સંગઠિત થવાથી જ ઝેર ઓકતી કોમવાદી, ફાસીવાદી વિચારધારા વિરુદ્ધ વિજય પ્રાપ્ત કરી શકશે.

મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, જમીયતે ઉલમાએ હિન્દ (અર્શદ મદની) દ્વારા મુસ્લિમ સમાજના સંવૈધાનિક અધિકારના રક્ષણ માટેની સુપ્રિમ કોર્ટની કાનૂની લડતમાં કોંગ્રેસ પક્ષે રાજયસભાના સાંસદ અને સીનીયર એડવોકેટ અભિશેક મનુસીંઘવી તથા સલમાન ખુરશીદની માનદ સેવા પૂરી પાડવા વિનંતી કરી હતી.

શ્રી ખડગેજીએ કહયું હતું કે કોંગ્રેસ પક્ષ પ્રતિબદ્ધ છે કે કોંગ્રેસ પક્ષ અને રાહુલજી રાજકીય નફા નુકસાનની પરવા કર્યા વિના મક્કમતાથી સંવિધાનના રક્ષણ માટે નફરત છોડો - ભારત જોડો - ના નારા સાથે દેશની ૧૪૦ કરોડ જનતાના અધિકારો માટે લડાઈ લડી રહયા છે. તેમ પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ એ જણાવ્યું છે.(૨૩.૧૫)

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા ભૂરખીયા મુકામે ૮૪ મો કેન્દ્ર યોજાયો

# પારેખ પરિવાર મુંબઈના સહયોગે નેત્રયજ્ઞનો ૧૫૬ દર્દીઓએ લાભ લીધો

અમરેલી તા.૧૯: લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૬૫મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટ્ય ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટના ગોપાલભાઈ તેમજ સભ્યશ્રી દ્વારા કરવામાં આવેલ. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં ૧૫૬ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૪ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. જરૂરિયાતમંદ વ્યક્તિઓના આંખના નંબર ચેક કરી ૨૬ વ્યક્તિઓને



ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ત્રીજા બુધવારે ભૂરખીયા હનુમાનજી મંદિરમાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થાય છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી સેક્રેટરી ભદ્રેશસિંહ પરમાર, લાયન ઋજુલભાઈ ગોંડલીયા, તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. કાનન સેદાની, કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખશ્રી દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલકશ્રી ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.(૨.૨૦)

# અમરેલીમાં સ્કૂલે જતી યુવતીની બે રોડ રોમિયોએ છેડતી કરી ધમકી આપી

અમરેલી તા. ૧૯: જૈન દેરાસર પાસે ફાતિમા એપાર્ટમેન્ટમાં રહેતા સોહીલ ઈબ્રાહીમભાઈ રાઠોડની પુત્રીને બહાર પરા માં રહેતા ઈશાન ઈમરાન સેલોત તથા અંજુમ ભોપાસેલોત નામના રોડ રોમિયોએ સ્કૂલે જતી વખતે રસ્તામાં છેડતી કરી કુટીની પાછળ બેસી જવાનું કહી મોબાઈલ નંબર માંગી હાથ પકડી જાતીય સતામણી કરી દાંત કાઢી ધમકી દિધાની ફરિયાદ સીટી પોલીસ મથક માં થવા પામી હતી. (૭.૨૪)

# અમરેલીમાં પોણા કરોડના દાગીના લઈ વિશ્વાસઘાત

અમરેલી તા. ૧૯: અમરેલીં અમરેલીમાં ક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે કેરીયા રોડ ઉપર શ્રી જ્વેલર્સ દુકાન ચલાવતા મનીષભાઈ ભીમજીભાઈ ભાલુ ની ત્યાંથી રમેશ વશરામ ગોહિલ રે. સકરગઢ રોડ સરદાર નગર શેરી નં.૫ તથા કિરણબેન જેરામભાઈ સાવલિયા રે. બ્રાહ્મણ સોસાયટી બંને અલગ અલગ તારીખે સોનાના દાગીના પોણા કરોડ ના ઉધાર લઈ સમય મર્યાદામાં રકમ નહીં ચૂકવી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ સીટી પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી હતી. (૭.૨૪)

# અમરેલી જિલ્લામાં બે સ્થળે આગ લાગી

અમરેલી તા. ૧૯: રાજુલા તાલુકાના ડુંગરના ગાજાવદર ગામે રહેતા ભાણાભાઈ મેઘાભાઈ ચૌહાણ નીવાડીમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા શેઠે પડેલ જુવાર નો ચારો તથા ઈરીગેશન ની લાઈન કિંમત રૂપિયા ૧.૨૦.૦૦૦ આગમાં બળી ગયા ની બીજા બનાવમાં લીલીયાના પુતળીયા દાડમામા રહેતા ઝવેરભાઈ જુઠાભાઈ ધાનાણી ની વાડીમાં અચાનક આગ લાગતા નીરણ ફરજા ઉપરનો કાટમાળ તથા બળદ દાઝી ગયેલ હોય કુલ કિંમત રૂપિયા ૬૩૦૦૦ નું નુકસાન થયાનું લીલીયા પોલીસ મથકમાં જાહેર કરાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. (૭.૨૪)

# પડધરીમાં કબ્રસ્તાનના મુકબધીર -દિવ્યાંગ રખેવાળની ભેદી હત્યા

**ગઇકાલે રખેવાળ દાઉદશાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવ્યા બાદ ફોરેન્સીક પીએમમાં હત્યા થયાનું ખુલ્યું**

**દાઉદશા અનવરશા શાહમદાર (ઉ.વ.૪૬) કબ્રસ્તાનની ઓરડીમાં રાત્રે સુતા'તાને કોઇ અજાણ્યા શખ્સે બોથર્ડ પદાર્થના ઘાઝીંકી મોતને ઘાટ ઉતારી દિધા: પોલીસ તપાસનો ધમધમાટ**

રાજકોટ, તા., ૧૯: પડધરી ખાતે આવેલા કબ્રસ્તાનમાં છેલ્લા ૨૫ વર્ષથી કામ કરતા મુકબધીર અને દિવ્યાંગ રખેવાળની ભેદી સંજોગોમાં હત્યા થતા પડધરી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી વિગત મુજબ પડધરી કબ્રસ્તાનની ઓરડીમાં રહેતા અને ત્યાંજ રખેવાળી કરતા મુકબધીર અને દિવ્યાંગ દાઉદશા અનવરશા શાહમદાર (ઉ.વ.૪૬) વર્ષની ગઈકાલે લોહી લુહાણ હાલતમાં લાશ મળી આવતા તેની લાશને પીએમ માટે રાજકોટ સરકારી હોસ્પીટલમાં ખસેડાઈ હતી. જયાં ફોરેન્સીક પીએમમાં રખેવાળ દાઉદશાની હત્યા થયાનું જાહેર થયું હતું.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આધેડ દાઉદશા રાત્રે તેની ઓરડીમાં સુતા હતા ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ બોથડ પદાર્થના માથાના ભાગે ઘા ઝીકી હત્યા કરી નાસી છુટયા હતા. હત્યાનો ભોગ બનનાર દાઉદશા મુકબધીર અને પગેથી દિવ્યાંગ છે. ગઈકાલે શુક્રવાર હોય કબ્રસ્તાનના કબરમાં અનેક લોકો ફુલ ચડાવવા આવ્યા ત્યારે ઓરડીમાં રખેવાળ દાઉદશાની લોહીલુહાણ હાલતમાં લાશ જોતા પોલીસને જાણ કરી હતી. પડધરી પોલીસે લાશને ફોરેન્સીક પીએમ માટે રાજકોટ ખસેડી હતી.

પડધરી પોલીસે કબ્રસ્તાનના ટ્રસ્ટી સબીરહુસેન અબ્દુલ રજાક કાદરીની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કબ્રસ્તાનના મુકબધીર અને દિવ્યાંગ રખેવાળની કોણે, કયાં હેતુથી હત્યા કરી ? તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વધુ તપાસ પડધરીના ઈન્ચાર્જ પીઆઈ વી.કે.સુરાણી તથા રાઈટર યુવરાજસિંહ ચલાવી રહયા છે. (૪.૨૫)

**જુનાગઢ**

| | |
|---|---|
| મગફળી | ૨૦,૦૦૦ |
| સીંગખોળ | ૨૧૨૫૦ |
| લાઈન તેલીયા | ૨૧૧૦ |

**ધોરાજી**

| | |
|---|---|
| મગફળી | ૧૯૮૦૦ |
| સીંગખોળ | ૨૧૫૦૦ |
| લાઈન તેલીયા | |

**જામનગર**

| | |
|---|---|
| મગફળી | ૮૫૦-૧૨૦૦ |
| કામકાજ: | ૧૫૦૦૦ ગુણી |
| સીંગખોળ | ૨૧૨૦૦ |
| તેલીયા ટીન | ૨૧૧૦ |
| સીંગતેલ લુઝ | ૧૩૦૦ |
| છૂટક ૧ કિ.ગ્રા. | - |

**કોપરેલ-દિવેલ**

| | |
|---|---|
| કોપરેલ | ૪૧૦૦-૪૩૦૦ |
| દિવેલ | ૨૧૦૦-૨૨૫૦ |

**રાજકોટ મગફળી**

| | |
|---|---|
| મગફળી | ૮૫૦-૧૨૦૦ |
| આવક: | ૨૦૦૦૦ ગુણી |
| ,, ઝીણી: | ૯૦૦-૧૧૭૦ |
| ,, મોટી: | ૮૫૦-૧૨૦૦ |
| ,, નવી: | |

**કપાસીયા ખોળ**

| | |
|---|---|
| કપા. વરાડી છાલા | |
| ૫૦ કિલો | ૧૫૫૦-૧૭૫૦ |

**કેશોદ-વેરાવળ**

| | |
|---|---|
| મગફળી | ૨૦૨૦૦ |
| સીંગખોળ | ૨૧૨૦૦ |
| લાઈન તેલીયા | ૨૧૦૫ |

**મુંબઇ ખાંડ**

| | |
|---|---|
| ખાંડ સી | ૪૧૩૫-૪૨૦૦ |
| ખાંડ ડી | ૩૯૬૦-૪૦૬૦ |

**અમદાવાદ ખાંડ**

| | |
|---|---|
| ખાંડ સી | ૪૧૭૦-૪૨૫૦ |
| ખાંડ ડી | ૪૦૭૦-૪૧૫૦ |

**રાજકોટ ખાંડ**

| | |
|---|---|
| ચલાવ સી | ૪૧૭૦-૪૨૫૦ |
| ચલાવ ડી | ૪૦૭૦-૪૧૭૦ |
| આવક | ૪૦૦૦ ગુણી |

**મહારાષ્ટ્ર**

| | |
|---|---|
| મીલ ડીલી. સી | ૩૫૯૦-૩૬૭૦ |
| મીલ ડીલી. ડી. | ૩૫૩૫-૩૫૫૦ |

## સાવરકુંડલા : હીરાવા ગામનાં ૫૦૦ મિટર ઉંચા ડુંગર ઉપર આવેલ ગુપ્ત મહેલની જાળવણી જરૂરી

**પુરાતન વિભાગ અમુલ્ય પૌરાણીક અને ઐતિહાસિક વિરાસતની યાદોની જાળવણી માટે પગલા ભરે**

(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા, તા.૧૯: સૌરાષ્ટ્ર એટલે સંત અને શૂરાની ભૂમિ ગણાય ને આવી ભૂમિ પર ઐતિહાસિક વિરાસતની વારસાની ભેટો આજે પણ હયાત છે પણ આવી વિરાસત ભરી ઐતિહાસિક વિરાસતનો વારસો આજની પેઢી અજાણ છે ત્યારે આવી વિસરાઈ ગયેલી અદભૂત અને ઐતિહાસિક વિરાસતને શોધી લાવી છે





ત્યારે શું છે આ ઐતિહાસિક વિરાસત અને શું છે ભવ્ય ભૂતકાળની ઝાંખી જોઈએ.

દેશની આઝાદી પહેલા રજવાડાઓ હતા ને રાજાઓ રાજ કરતા હતા આ જે ખળભળી ગયેલી દીવાલોને ખંઢેર થઈ ગયેલી દીવાલો ૩૫૦ થી ૪૦૦ વર્ષ પૌરાણિક છે અને આ છે ધારીના હીરાવા ગામે આવેલો ૫૦૦ મીટર ઊંચા ડુંગર પર આવેલો ગુપ્ત મહેલ......

૪ સદી એટલે ૩૫૦ થી ૪૦૦ વર્ષ અગાઉ હરસૂરબાપુ ખુમાણ જે મેથાળા નો કિલ્લો હતો તેમના રાજવી હતા. સૌરાષ્ટ્રના જતી પુરુષ સાથે વિખ્યાત બહારવટિયા જોગીદાસ બાપુ ખુમાણના કુટુંબી ભાઈઓ હરસૂરબાપુ ખુમાણ જેમને મેથાળાના કિલ્લા સાથે મેવાસા સહિત ૧૨ ગામો ભાગમાં આવેલા હતા જેમાં મેવાસા સાથે કુંકાવાવ, ખાલપર, ફાચરીયા, રાયડી, સરકડીયા, અડધું વંડા જેવા ગામો ભોગવટા માટે ભાગમાં આવેલા હતા ત્યારે અલગ અલગ ફ્રાંગણના રાજવીઓ જે હુમલો કરીને ગામો કિલ્લાઓ કબજે લઈ લેતા એવા ભવ્ય ભૂતકાળમાં રાજવીઓ મહિલાઓ અને બાળકો ને હુમલાખોરોથી બચવા માટે ગુપ્ત મહેલ બનાવતા આ એજ ગુપ્ત મહેલની વિરાસત હીરાવા ગામે ગીરના ગાઢ જંગલો વચ્ચે આવેલી છે આજે પ્રથમવાર ગુજરાત ફર્સ્ટ વિસરાઈ ગયેલા વારસાની વિરાસત શોધવા રાજવી પરિવારના ૭ મી પેઢીના મંગળુભાઈ ખુમાણ સાથે ત્યાં પહોંચ્યા હતા ને આ ગુપ્ત મહેલમાં એ સમયે ૪ ઓરડાઓ, ઘોડા રાખવા માટેની ઘોડાસર હતી પણ આજે માત્ર ગુપ્ત મહેલની દિવાલો ખળભળીને ખંઢેર થઈ ગઈ છે હુમલાખોરો સામે તે સમયે લડવા માટે બંધુકના નાળચા રાખીને ફાયરિંગ કરી શકાય તેવી સુવિધાઓ રાખવામાં આવેલ જે આજે પણ હયાત છે જ્યારે આ ૨૫૦ વર્ષ આસપાસ આ હરસુરબાપુ ખુમાણના વંશજો રાજ કરતા આવ્યા હતા ને એ પછી એભલબાપુ ખુમાણ આ ગુપ્ત મહેલ ખાતે રહેતા ત્યારે હુમલાખોરો સામે લડાઈ કરતી વખતે વીરગતિ પામેલ જેમનો પાળિયો પણ હાલ મોજુદ છે આ એભલબાપુ ખુમાણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા ત્યારે તેમના પગ માં પહેરેલ સોનાનો તોડો હુમલાખોર કાઢતો હતો ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં અડધી તુટેલી તલવારથી હુમલાખોરનું માથું વાઢી નાખ્યું હતું ને એ વડોદરા ગાયકવાડના સૈનિકનો પાળિયો પણ એભલબાપુ બાજુમાં હયાત છે ત્યારે આજે આ હરસુરબાપુ ખુમાણના ૭મી પેઢીના વંશજ મંગળુભાઈ ખુમાણ આ ગુપ્ત મહેલે ૩૦ વર્ષ બાદ સાથે પહોંચ્યા હતા ને ભવ્ય ભૂતકાળના સંસ્મરણો વાગોળ્યા હતા.

આ ગુપ્ત મહેલ અત્યારે ખંઢેર બની ચૂક્યો છે પણ ભવ્ય ભૂતકાળમાં જતા આ ગુપ્ત મહેલમાં જો હુમલો થાય તો નાઠા બારી તરીકે નીકળીને નાસી જવા માટેની બારીઓ રાખવામાં આવેલી જે અત્યારે ખંઢેર હાલતમાં થઈ ગયેલી વિરાસતો અંગે દ્વારા મુલાકાત લઈને રાજવી ખુમાણ પરંપરાની વિરાસતો પુરાતન વિભાગ દ્વારા જળવાઈ રહે તો આવનારી પેઢીઓ આ અમૂલ્ય પૌરાણિક સાથે ઐતિહાસિક વિરાસતની યાદો જળવાઈ રહે.(૨૩.૧૨)

## મોરબીમાં અજાણ્યા યુવકનું મોત: વાલી-વારસની શોધખોળ

મોરબી, તા.૧૯: મોરબીમાં અજાણ્યા યુવકનું મોત થતા પોલીસે વાલી-વારસની શોધખોળ હાથધરી છે.

મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન રાહુલભાઈ વિજયભાઈ ઉવ-૩૨ વર્ષનું તા.૧૭ના રોજ મોત થયું છે. તેમની લાશનું પોસ્ટ મોર્ટમ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે કરવામા આવેલ છે. જે જોઈ વ્યક્તિ મૃતકને ઓળખતા હોય તો મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.વી.સોલંકી મો.નં. ૯૮૨૫૩ ૩૪૬૩૩નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. (૨૨.૧૨)

## મોરબીમાં પૈસાની લેતી દેતી બાબતે દિપેનભાઇ પર બે શખ્સનો છરીથી હુમલો

**દિલીપ અને કાળુ સામે ફરીયાદ**

મોરબી, તા. ૧૯ : મોરબીના ભવાનીચોક વિસ્તારમાં વિશ્વકર્મા નામના કારખાના પાસે પૈસાની લેતી દેતી મામલે યુવાનને માર મારી છરી વડે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે

મોરબીના ગ્રીનચોક કંશારા શેરીમાં રહેતા દીપેનભાઈ અંનતરાય કરથીયા (ઉ.૪૫) એ મોરબી એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેને આરોપી કાળુભાઈ ચનીયારા સાથે વેપાર ધંધાના પૈસા લેવાના બાકી હોય જે દિનેશભાઈ આરોપી કાળુભાઈના કારખાને લેવા જતા આરોપી દિલીપભાઈ કાળુભાઈ ચનીયારા હાજર હોય તેને દીપેનભાઈએ કાળુભાઈ બાબતે પૂછતા હાજર ના હોય તેમ કહેતા દીપેનભાઈ એ કહેલ કે મારે પૈસા માટે કેટલા ધક્કા ખાવા તેમ કહેતા આરોપી દિલીપભાઈ એ ઉશ્કેરાઈ જઈ ગાળો આપવા લાગેલ તે દરમિયાન આરોપી કાળુભાઈ આવી જતા તેઓ પણ દીપેનભાઈને ગાળો આપી ઢીકા પાટુંનો માર મારી તેમજ આરોપી દિલીપભાઈ એ માથાના ભાગે છરીનો એક ઘા મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે. (૯.૧૧)

## મોરબીના રાજપર પાસે ઉલ્ટી થયા બાદ અમરનાથ તાંતીનું મોત

મોરબી, તા. ૧૯ : મોરબીના રાજપર ગામની સીમમાં ગુરુકૃપા ટ્રેડીંગ કારખાનાની લેબર કોલોનીમાં બેભાન થયેલ ગયેલ યુવાનને સારવાર અર્થે ખસેડવામાં આવતા તેં મૃત્યુ નીપજ્યું હોવાની માહિતી મળી છે જે મામલે મોરબી તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મોરબીના રાજપર ગામે ગુરુકૃપા ટ્રેડીંગ કારખાનાની લેબર કોલોનીમાં રહેતા અમરનાથ સુખદેવભાઈ તાંતી ગત તા. ૧૭ અન રોજ મજુરી કામ કરતી વખતે અચાનક ઉલટી થતા પોતાના રૂમે જઈ સુઈ ગયેલ બાદમાં સવારના અરસામાં જમવા તથા મજુરી કામે જવા માટે ઉઠાડવા જતા બેભાન હોય જેને સારવાર માટે ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો જે મામલે મોરબી તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. (૯.૧૧)



## કલ્યાપુરના ધતુરીયા ગામના રસ્તાની ખુબજ ખરાબ સ્થિતી: ટુ વ્હીલરમાં પાછળ બેસેલા પડી જાય છે !

ખંભાળિયા, તા. ૧૯: કલ્યાણપુર તાલુકાના ધતુરીયા ગામે જવા માટેનો રસ્તો ખંભાળિયા પોરબંદર હાઈવે પરથી જાય છે.

ધતુરીયા ગામ ત્રણ સ્થળે આવેલા છે તેમાં મેઈન રોડથી પ્રથમ ગામ સુધી થોડો ખરાબ છે .... તે પછીના બીજા ગામ અને ત્યાંથી ત્રીજા ગામ જવાનો રસ્તો એટલો ખરાબ છે કે ડામર રોડના બદલે કાંકરા પાણા જ દેખાય છે તથા રસ્તાને બદલે ખાડા જ દેખાય છે.

ડામરનો બનાવેલો આ રસ્તો વર્ષોથી બન્યોજ ના હોય તથા મોટી સંખ્યામાં આ રસ્તા પર વાહનો ચાલતા હોય સ્થિતી એવી છે કે રોજ ટુવ્હીલર પર જનાર અહીં એક બે સ્થળે પડે છે કેમ કે રસ્તાજ નથી 'ખાડા' છે ! ! નવાઈની વાત એ છે કે ઘણા ટુ વ્હીલરમાં પાછળ કોઈ લેડીઝ કે નાના બાળકો બેઠા હોય તો ખાડામાં અત્યંત ધીમી બાઈક ચલાવવા છતાં પણ પાછળ બેસનાર પડી જાય છે ! ! આ રસ્તો આગળ રાજપરા ગામને મળતો હોય ત્યાં સુધી અત્યંત ખરાબ અને ડામરને બદલે ખાડા રોડ હોય રોજ લોકો પરેશાન થાય છે. આગામી સમયમાં ચોમાસું આવે ત્યારે ખાડામાં પાણી ભરાતા ના દેખાતા મોટા અકસ્માત થાય તેમ હોય તાકીદે રીપેરીંગ કરીને ભવિષ્યમાં નવા રોડનું આયોજન કરવા માંગ કરાઈ છે. ધતુરીયાના અગ્રણીઓ સરપંચ વિ. દ્વારા પણ ઉચ્ચ કક્ષાએ ફરિયાદો થઈ છે.(૬.૯)





**સોના-ચાંદી**

| | |
|---|---|
| ૨૨ કેરેટ દાગીનાના ભાવ | ૯૩૫૦૦ |
| ૨૨ કેરેટ દાગીના પરત ભાવ | ૮૮૦૦૦ |
| સોનું સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ) | ૯૮૬૦૦ |
| ચાંદી ચોરસા (૧ કિલો) | ૯૮૫૦૦ |

**ટેકસપેઇડ સીંગતેલ**

| | |
|---|---|
| નવા ટીન (૧૫ કીલો) | ૨૩૧૦-૨૩૬૦ |
| કપાસીયા ટીન | ૨૨૩૦-૨૨૮૦ |
| વનસ્પતી ઘી | ૨૩૦૦-૨૩૩૦ |

## શ્રી વિશ્વનાથ વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા હનુમાન જયંતિ મહોત્સવ

જામનગર: શ્રી વિશ્વનાથ વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા હનુમાન જયંતિના ઉપક્રમે વૈદિક યજ્ઞનું આયોજન મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ મહેતાની અધ્યક્ષતામાં કરવામાં આવેલ હતું. સાંજે સમુહ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ મહેતા, માનદમંત્રી પ્રવીણચંદ્ર વારા, સહમંત્રી મયુરધ્વજસિંહ જાડેજા, ખજાનચી રજનીકાંતભાઈ દાઉદીયા અને સર્વે પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને વ્યાયામ વીરોએ આ મહાપ્રસાદમાં ભાગ લીધો હતો.(૨.૨૧)

## ગેસ રીફીલીંગના ગુનામાં નાસતો ફરતો સુનીલ બીશ્નોઇ ટીંબડી પાસેથી પકડાયો

**મોરબી તાલુકા પોલીસે દબોચ્યો: રાજસ્થાની શખ્સ છ માસથી ફરાર હતો**

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા.૧૯: મોરબી તાલુકા પોલીસ મથકમાં ગેસ રીફીલીંગના ગુનામાં સંડોવાયેલ ઈસમ છ માસથી નાસતો ફરતો હતો જેને ટીંબડી પાટિયા પાસેથી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે



મોરબી તાલુકા પોલીસ ટીમ નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા કાર્યરત હોય દરમિયાન તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૪ માં ગેસ રીફીલીંગના ગુનામાં સંડોવાયેલ આરોપી સુનીલકુમાર રીડમલરામ બિશ્નોઈ (રહે.રાજસ્થાન) છ માસથી નાસતો ફરતો હતો જે આરોપી હાલ ટીંબડી પાટિયા પાસે હોવાની બાતમી મળતા આરોપીને ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.(૨.૨૪)

## ગોવાથી ચોરખાનાવાળા આઇસરમાં 3 લાખનો દારૂ ભરી આવેલો રાણાવાવનો મુરૂ રાજકોટમાં પકડાયો

**પીસીબીના મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ, હરદેવસિંહ રાણાની બાતમી પરથી પીઆઇ ગોંડલીયા, પીએસઆઇ હુણ અને ટીમની કાર્યવાહી: રાજકોટના મહાવીરસિંહે જથ્થો મંગાવ્યો હતો**

> આઇશરના ઠાઠામાં ખાસ ચોરખાનુ પોરબંદરના શખ્સ પાસે બનાવડાવ્યું હતું: ટ્રાન્સપોર્ટનો માલ ભરીને મુરૂ ગોવા જાય પછી વળતાં દારૂના ચપલા ભરી આવતો



રાજકોટ તા. ૧૯: દારૂની હેરાફેરી માટે બુટલેગરો, સપ્લાયરો નવા નવા નુસ્ખા અપનાવતા હોય છે. આવા વધુ એક નુસ્ખાનો શહેર પીસીબીની ટીમે પર્દાફાશ કરી રાણાવાવના શખ્સને ઝડપી લીધો છે. ચોરખાનાવાળા આઈશર ટ્રકમાં ત્રણ લાખનો દારૂ ભરીને તે રાજકોટ પહોંચતા ઝડપી લેવાયો હતો. આ દારૂ રાજકોટના શખ્સે મંગાવ્યો હોઈ તેની શોધખોળ થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પીસીબીની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ મહિપાલસિંહ ઝાલા, હેડકોન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ, હરદેવસિંહ રાણાને બાતમી મળી હતી કે ૧૪૧૨ નંબરનું આઈશર દારૂ ભરીને આવે છે. આથી ગ્રીનલેન્ડ ચોકડીથી ગોંડલ રોડ ચોકડી તરફ યાર્ડના પૂલ નજીક હાઉસીંગ ક્વાર્ટરની સામેના સર્વિસ રોડ પર વોચ રાખી જીજે૦૩બીટી-૧૪૧૨ નંબરનું આઈશર અટકાવ્યું હતું. પોલીસે તપાસ કરતાં આઈશરનું ઠાઠુ ખાલીખમ્મ હતું. કેબીનમાં કે બીજે ક્યાંય દારૂ જોવા મળ્યો નહોતો. આથી પોલીસ પણ મુંજવણમાં મુકાઈ ગઈ હતી.

ચાલકની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ મુરૂ બાઠાભાઈ ભુતીયા (ઉ.વ.૫૦-રહે. રાણાવાવ, ગ્રીનસીટી-૨ ખાખરીયા બાપાના મંદિર પાસે) જણાવ્યું હતું. તેની પોલીસે આકરી પુછતાછ શરૂ કરતાં જ તેણે ઠાઠામાં બનાવેલા ત્રણ ચોરખાના નટબોલ્ટ ખોલીને બતાવ્યા હતાં. આ ચોરખાના અંદરથી રૂા. ૨,૯૦,૪૯૯ના ૧૦૯૫ નંગબ ૧૮૦ એમએલના અલગ અલગ બ્રાન્ડના દારૂના ચપલા મળી આવ્યા હતાં. આથી પોલીસે ગુનો નોંધી મુરૂની ધરપકડ કરી દારૂ, વાહન સહિત ૮,૯૦,૪૯૯નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**ચોરખાનામાંથી** વેટ-૬૯, બ્લેક ડોગ, સ્મીર્નઓફ વોડકા, રસોલ્યુટ વોડકા, ઓકસ્મીથ વ્હીસ્કીના ચપલાઓ મળ્યા હતાં. ડ્રાઈવર મુરૂની વિશેષ પુછતાછ થતાં તેણે કબુલ્યું હતું કે આઈશરમાં ચોરખાના પોરબંદર તરફના શખ્સ પાસે બનાવડાવ્યા છે. પોતે ગોવા ટ્રાન્સપોર્ટનો માલ ભરીને જતો હોઈ વળતા ખાલી આવવાનું હોઈ રાજકોટના સહકાર રોડ પર ગુલાબનગરમાં રહેતાં મહાવીરસિંહ પરમારે દારૂ ભરી લાવવાનું અને એક પેટી દીઠ એક હજાર ભાડુ આપશે તેમ કહેતાં પોતે ચોરખાનામાં ૧૦૯૫ ચપલા ભરીને લાવ્યો હતો. જો કે આ દારૂનો જથ્થો મહાવીરસિંહ સુધી પહોંચે એ પહેલા પીસીબીની ટીમે પકડી લીધો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ.આર. ગોંડલીયા, પીએસઆઈ એમ. જે. હુણ, એએસઆઈ સંતોષભાઈ, મયુરભાઈ, મહિપાલસિંહ, હરદેવસિંહ આર., હેડકોન્સ. કરણભાઈ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગોસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કાળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેન્દ્રભાઈ પરમારે આ કામગીરી કરી હતી. મુરૂ ભુતીયા અગાઉ પણ આ રીતે ટ્રીપ મારી દારૂનો જથ્થો લાવ્યાની શક્યતાએ વિશેષ પુછપરછ હાથ ધરવામાં આવી છે.(૧૪.૫)

## સુદામા સેતુ આજે પણ બંધ: પ્રવાસીઓમાં ઉંડી નિરાશા

યાત્રાધામ દ્વારકામાં આવેલો સુદામા સેતુ, જે મિત્રતા અને સુંદરતા માટે જાણીતો છે,

છેલ્લા બે વર્ષથી વધુ સમયથી બંધ છે. ખાસ કરીને ૩૦ ઑક્ટોબર ૨૦૨૨ના રોજ મોરબીમાં થયેલી પુલ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ દુ:ખદ મૃત્યુ મેળવ્યા બાદ સુરક્ષા અંતર્ગત સુદામા સેતુ પણ તત્કાલ બંધ કરી દેવામાં આવ્યો હતો.

દુર્ઘટનાને હવે લાંબો સમય વીતી ગયો હોવા છતાં, સુદામા સેતુને ફરીથી શરૂ કરવાની કામગીરીમાં કોઈ સ્પષ્ટતા કે ગતિ જોવા મળતી નથી. પરિણામે આજે પણ દ્વારકામાં આવતા યાત્રાળુઓ અને સ્થાનિક લોકોએ ઉંદી નિરાશા અનુભવી રહી છે.

મુખ્ય મુદ્દાઓ: સુદામા સેતુ, દ્વારકાનું ઓળખાણ અને આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે, પણ છેલ્લા લગભગ ૨ વર્ષથી બંધ છે., સરકાર તથા સ્થાનિક તંત્રને અનેકવાર રજુઆત કર્યા છતાં પુલ ખોલવાની કાર્યવાહી ચાલુ થતી નથી. પ્રવાસીઓમાં સતત- પ્રશ્નો ઉઠી રહ્યા છે કે આખરે આ સેતુ ફરી ક્યારે શરૂ થશે?, પંચકૂઈ બીચ તરફ જવા ઈચ્છતા યાત્રાળુઓ માટે આ પુલ મુખ્ય માર્ગ રહ્યો છે, જે હવે બંધ હોવાથી વૈકલ્પિક માર્ગોથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે., સ્થાનિક લોકો અને યાત્રાળુઓ તરફથી હવે ફરીથી દબાણ વધ્યું છે કે સુદામા સેતુ તાત્કાલિક પુન:શરૂ કરવો જોઈએ.

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા માટે સુદામા સેતુ માત્ર એક પુલ નથી, તે દ્વારકાની ધરોહર અને અનુભવનો ભાગ છે.(આલાપ ભરતભાઈ બારાઈ-ઓખા) (૩૬-૭)

## જામનગર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારીનો જન્મદિન



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા. ૧૯: જામનગર શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારીનો આજે જન્મદિન છે.

ગુજરાત રાજ્યના એકમાત્ર અને જામનગર શહેરના પ્રથમ મહિલા શહેર અધ્યક્ષ બીનાબેન અશોકભાઈ કોઠારી (૯૪૨૭૨ ૪૦૬૦૩) છે. જામનગર શહેર ભાજપના સંગઠન સાથે વર્ષોથી જોડાયેલા છે. જામનગરમાં નરેન્દ્ર હાઉસ, પંચવટી ગૌશાળા તે સ્થળે પરિવાર સાથે વર્ષોથી વસવાટ કરે છે. જેઓનો જન્મ તારીખ ૧૯-૪-૧૯૬૯ ના રોજ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના લતીપર ગામમાં થયો હતો, અને તેઓ એ પોલિટિક્સ સાયન્સમાં બી.એ. નો અભ્યાસ પણ કર્યો છે.

આર.એસ.એસ. સાથે સમગ્ર પરિવાર સાથે વર્ષો થી સંકળાયેલા છે. તેમજ વિધોતેજક સંસ્થા, સેવા ગ્રુપ ઓફ પારસધામ વગેરે સંસ્થાઓ સાથે પ્રત્યક્ષ જોડાયેલા છે. કોરોના કાળમાં આરોગ્ય ની સેવા અંગે વિવિધ ક્ષેત્ર ના તબીબો સાથે સંકલન કરી સફળ અને અસરકારક કામગીરી કરી હતી. સૌ પ્રથમ જમીની કાર્યકર તરીકે ભારતીય જનતા પાર્ટીમાં વોર્ડ નં.૫ માં ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી હતી. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીમાં મહિલા મોરચાના ઉપાધ્યક્ષ તેમજ મહામંત્રી તરીકેની પણ જવાબદારી નિભાવી હતી. તે ઉપરાંત જામનગર મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતીમાં સભ્ય તરીકે ૫(પાંચ) વર્ષની જવાબદારી નિભાવી હતી. ૨૦૧૫ માં પ્રથમવાર વોર્ડ નં.૫ માં ભારતીય જનતા પાર્ટીમાંથી કોર્પોરેટર તરીકે ચુંટાયા હતા, હાલ તેઓ બીજી ટર્મમાં પણ ચૂંટાઈને કોર્પોરેટર તરીકે ચાલુ રહ્યા છે. તદ ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય તરીકે જવાબદારી નિભાવી હતી. સાથો સાથ આરોગ્ય સમિતી અને ગાર્ડન સમિતીના ચેરપર્સન તરીકે પણ જવાબદારી નિભાવી છે. તેઓએ ગત તા.૧૩-૦૩-૨૧ થી તા.૧૨-૦૯-૨૦૨૩ સુધી જામનગર મહાનગરપાલિકામાં મેયર તરીકેની જવાબદારી પણ ખૂબજ સફળતા પૂર્વક નિભાવી હતી. હાલ ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા તેઓની ગત તા.૦૬-૦૩-૨૦૨૫ ના રોજ જામનગર શહેર ભાજપ ના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે.(૬.૧૦)

# સ્વાર્થ ખાતર સમાજ, રાષ્ટ્ર, માનવતાને નુકશાન ન કરવુ જોઇએ : પૂ. રમેશભાઇ ઓઝા

## પોરબંદર સાંદીપનિ વિદ્યાનિકેતનમાં 'પૂ.ભાઇશ્રી'ની અધ્યક્ષતામાં સંસ્કૃત પાઠશાળામાં સ્નાતક થયેલા રૂષિકુમારોનો દીક્ષાંત સમારોહ યોજાયો

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ, ૧૯: પોરબંદરમાં આવેલ સુપ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા શ્રી સાંદીપનિ વિદ્યાનિકેતનના સભાગૃહમાં પૂજ્ય ભાઈશ્રી શ્રીરમેશભાઈ ઓઝાના પાવન સાન્નિધ્યમાં એવં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાન્ત સેનાપતિ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરના કુલપતિશ્રી ટી. એસ. જોષી અને સર્વે અધ્યાપકોની ઉપસ્થિતિમાં સંસ્કૃત પાઠશાળા શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલયના વર્ષ-૨૦૨૫માં સ્નાતક થયેલા ૩૩ જેટલા ઋષિકુમારોનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. દીક્ષાંત સમારોહનો પ્રારંભ પૂજ્ય ભાઈશ્રી અને પાઠશાળાના ગુરૂજનો દ્વારા મંગલ દીપ પ્રાગટય અને ઋષિકુમારો દ્વારા સરસ્વતી વંદનાથી થયો હતો.

સંસ્કૃત પાઠશાળાના આચાર્યશ્રી બિપીનભાઈ જોષીએ સૌ મહાનુભાવોનું શાબ્દીક સ્વાગત કર્યું હતુ તથા ડૉ. ગૌરીશંકરભાઈ જોષીએ ઋષિકુમારોના પાઠશાળાનો વાર્ષિક અહેવાલ વિસ્તારપૂર્વક પ્રસ્તુત કર્યો હતો.

આ અવસરે પધારેલા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના કુલપતિ સુકાંત સેનાપતીજીએ પોતાના પ્રસંગોચિત ઉદ્બોધનમાં સૌ ઋષિકુમારોને શુભેચ્છા પાઠવી હતી. તથા ચિલ્ડ્રન્સ યુનીવર્સીટી ગાંધીનગરના કુલપતિશ્રી ટી.એસ. જોશી સાહેબે પણ ભૂતકાળમાં બનેલી એક સત્યઘટના દ્વારા ઋષિકુમારોને જણાવ્યું કે અહિયાથી ગયા પછી સંસ્થાને ઉપયોગી થઈ શકો એવા કાર્યો કરતા રહેજો.





શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલયમાં સતત સાત વર્ષ સુધી રહીને વેદ-વેદાંગ-વ્યાકરણ અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ પૂર્ણ કરીને વર્ષ ૨૦૨૫માં સ્નાતક થયેલા ૩૩ જેટલા ઋષિકુમારોને તૈત્તિરીયોપનિષદના ૧૧માં અનુવાકના દીક્ષાંત મંત્રો દ્વારા પૂજ્ય ભાઈશ્રીએ દીક્ષાંત ઉપદેશ આપ્યો હતો અને ઋષિકુમારોએ પણ સાંદીપનિ સંસ્થા પ્રત્યે પોતાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. ત્યારબાદ સૌ ઋષિકુમારોજે પૂજયભાઈશ્રીના કરકમળો દ્વારા આશીવાર્દ પત્ર આપવામાં આવ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રીએ દીક્ષિત થયેલા ઋષિકુમારોને જણાવ્યુ કે તમે જે પરીક્ષાઓ આપો એના પ્રમાણપત્ર તો તમને વિશ્વવિદ્યાલય દ્વારા કુલપતિજીના આશીર્વાદ સાથે પ્રાપ્ત થાય પણ સંસ્થામાં આટલા વર્ષ રહ્યા પછી અભ્યાસ કર્યા પછી તમે જ્યારે વિદાય લઈ રહ્યા છો ત્યારે આશીર્વાદ, એની સાથે સાથે થોડું માર્ગદર્શન અને તમારી પાસેથી ભવિષ્યમાં મને વ્યક્તિગત રીતે અને સાંદીપનિને એક સંસ્થાના રીતે જે અપેક્ષા છે એની ચર્ચા કરવા માટે આ દીક્ષાંત સમારોહ વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે આપણે પ્રતિવર્ષ યોજતા હોઈએ છીએ. . આઠ વર્ષ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરીને તમે આવ્યા. સાત વર્ષ અહીંયા તમારા પૂરા થયા. આ સાત વર્ષ સાંદીપનિમાં રહીને તમે જે અધ્યયન કર્યું, ગુરુજનોની સાથે આ સાત વર્ષનું તમારું સહજીવન ભગવાન શ્રીહરિની કૃપાછાયામાં, તમારું પોષણ, તમારું સંવર્ધન અને તમારામાં સંસ્કાર સિંચન, આ જે એક યજ્ઞ ચાલ્યો એનાથી તમે ઘડાયા. સંસ્થાએ એની ભૂમિકા ભજવી, ગુરુજનોએ એના ભાગે કરવાનું થતું પ્રદાન એમણે કર્યું. અને તમારામાં જે પ્રકારની જેટલી જેટલા પ્રમાણમાં નિષ્ઠા હતી એ પ્રકારે તમે એ પ્રમાણે ઘડાયા. એ માત્રામાં ઘડાયા અને જે માત્રામાં તમે ઘડાયા એનાથી મહદઅંશે, સંતોષ પણ છે. ગૌરવ પણ છે. પહેલા ગુરુજનો શીખવાડ્યું અને પછી પરીક્ષા આવી. હવે તમે જે સંસારમાં જાઓ છો, જે સમાજમાં જાઓ છો, જે જીવનમાં પ્રવેશ કરો છો, ત્યાં ડગલે ને પગલે પરીક્ષા થશે અને એમાંથી શીખવાનું છે. અહીંયા તમે સંસ્થામાં રહ્યા ત્યારે એક રક્ષાકવચ તમારી આજુબાજુ હતું એટલે બહારની વિકૃતિઓ અને કુસંસ્કારોથી મહદઅંશે તમારું રક્ષણ થયું છે. નિત્ય સંધ્યાવંદન, ગુરુજનો પ્રત્યેનો પૂજ્ય ભાવ, શ્રીહરિની ભક્તિ, નિત્ય વૈશ્વદેવ એ પછી જ જમવાનું, પ્રાર્થના પછી જ જમવાનું આ એક નિયમમાં આપણું જે જીવન અહીંયા ચાલ્યું, આ પ્રતિજ્ઞાપત્ર એટલા માટે છે કે એ જો ચાલુ રાખશો તો હવે તમને બહારની દુનિયામાં રમતા મૂક્યા છે અને વિકૃતિઓ ઘણી છે. જેમ સારી વાતો ઘણી છે એમ વિકૃતિઓ પણ ઘણી છે અને એ વિકૃતિઓથી હવે તમે તમારી જાતે બચો એ માટે જે પ્રતિજ્ઞા કરી છે અનુસાર આ બધા નિયમોને પણ બરાબર જાળવી રાખજો. આ ખાલી વાંચવાની વાત નથી. આ પ્રતિજ્ઞાબદ્ધ થવાની વાત છે. આ સંકલ્પ લઈને નીકળવાની વાત છે અને એમાં તમારી રક્ષા છે, સંસ્કારની રક્ષા છે,સંસ્કૃતિની રક્ષા છે અને એ રક્ષા દ્વારા તમારી ઉન્નતિ, તમારા પરિવારની ઉન્નતિ, તમારા દ્વારા સમાજની ઉન્નતિ તમારા દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ થશે. પૂજ્ય ભાઈશ્રીએ એક દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું કે ઘણીવાર પોતાનો સ્વાર્થ જ્યારે કેન્દ્રમાં આવે ત્યારે કેટલું મોટું નુકસાન કરે છે. એક માનવ તરીકે જો આ વિચાર સતત આપણા મનમાં રહે કે ઘણીવાર મારા થોડા સ્વાર્થ ને ખાતર મારા પરિવારને, મારા સમાજને, મારા રાષ્ટ્રને, માનવતાને જે નુકસાન થાય છે કે પુરા પ્રકૃતિ અને પર્યાવરણને જે નુકસાન થાય છે. હવે જ્યારે તમે વ્યવહારિક જીવનમાં જઈ રહ્યા છો, ત્યારે સાંદીપનિત્વ જેની રક્ષા કરવા માટેની તમે પ્રતિજ્ઞા લીધી. સાંદીપનિત્વ એટલે આ સંસ્કાર. સાંદીપનિતત્વ એટલે આ વિચાર. હું એવું કશું જ ન કરું કે મારા એવા કોઈ સ્વાર્થને કારણે મારા પરિવારને, મારા સમાજને કે મારા રાષ્ટ્રને નુકસાન થાય. આ સાંદીપનિત્વ છે. સાંદીપનિત્વની રક્ષા કરતા રહેજો અને જ્યાં તમે જે ક્ષેત્રમાં જાઓ, ત્યાં ભગવાન શ્રીહરિ, ભગવાન બાબડેશ્વર તમને એમાં સફળતા આપે, એ વિદ્યા તમારી દીપે, એ વિદ્યાના પ્રકાશમાં જ વિવેકની પ્રાપ્તિ થાય, કર્તવ્ય અકર્તવ્ય શું એનો વિવેક આપણી પાસે હોય અને વિવેકપૂર્ણ યાત્રા હશે તો જ એ વિકાસની યાત્રા હશે. એટલે આ પ્રકાશ તમારા સૌના જીવનમાં હંમેશા રહે. ખૂબ ખૂબ આશીર્વાદ ગુરુજનોના અને માતા પિતાના રહે સૌને શુભકામના.

આ સમગ્ર ઉપક્રમનું શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય બીપીનભાઈ જોશી અને અન્ય અધ્યાપકો દ્વારા સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહયા હતા.(તસ્વીર : મુકેશ વાઘેલા-જુનાગઢ)(૨૩.૯)

## જૂનાગઢના કાળવા વોકળા કાંઠાના ગેરકાયદે દબાણો કયારે હટાવશો?

જૂનાગઢ તા.૧૯: શહેરના નડતરરૂપ હિન્દૂ-મુસ્લિમ ધર્મસ્થળો જે સ્ફૂર્તિથી હટાવવામાં આવે છે એવી જ રીતે કાળવા નાલના વોકળા કાંઠે બંધાયેલા ગેર કાયદેસર બાંધકામો હટાવવા સ્ફૂર્તિ દાખવવા શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ જોષીએ મ્યુનિ, કમિશ્નરને રજૂઆત કરી છે.

જૂનાગઢ શહેરમાં નડતરરૂપ હિન્દૂ-મુસ્લિમ ધર્મસ્થળોનું હમણાં થોડા સમયમાં જ ઘણી જગ્યાએ ડિમોલેશન થયું. શહેરના વિકાસ માટે નડતરરૂપ જગ્યાઓનું ડિમોલેશન થાય ને કોઈ જ વાંધો નથી. પરંતુ કાળવાનાં વોકળા કાંઠે તેમજ શહેરની જુદી જુદી જગ્યાએ થયેલ ગેર કાયદેસર બાંધકામો હટાવવા ૨૬૦(૨)ની માત્ર નોટિસ આપી સંતોષ માની લીધો છે.

શહેરના કાળવા વોકળા પર એટલી હદે ગેર કાયદેસર બાંધકામો થયાં છે કે પાણી નાં વહેણ જ રહેણાંક વિસ્તારમાં ઘુસવા લાગેલ. જેને લીધે હજુ હમણાં જ વરસાદી પાણી રહેણાંક વિસ્તારમાં ઘુસવા ને કારણે શહેરના મોટા ભાગની સોસાયટી નાં રહીશોની ઘર વખરી તેમજ વાહનોમાં લાખોનું નુકશાન થયેલ. ભવિષ્યમાં કોઈ મોટી જાન હાનિ ન થાય અને આ દબાણો દૂર થાય એના માટે અમારા પક્ષ દ્વારા અને શહેરના આમ નાગરિકો દ્વારા રજૂઆતો કરવા છતાં સતા પક્ષનાં બિલ્ડરોનાં દબાણવશ આપ કોઈ નક્કર કામગીરી કરેલ નથી.

મહાનગરપાલિકા દ્વારા આવા પ્રકાર નાં ગેર કાયદેસર બાંધકામો હટાવવા કોઈ જ કાર્યવાહી ન થવાને કારણે શહેરના જાગૃત નાગરિકોએ હાઈકોર્ટનો સહારો લેવો પડેલ. હાઈકોર્ટ દ્વારા આવા પ્રકારના ગેર કાયદેસર દબાણો હટાવવા કરેલ હુકમની પણ સુધી આપની કચેરી દ્વારા અમલવારી કરવામાં આવેલ નથી. કોઈ ગરીબ માણસનું નડતરરૂપ ઝુંપડું હટાવવા કે આવા ધર્મ સ્થળો હટાવો છો તો એકવાર નિષ્પક્ષ રહી ગેર કાયદેસર બાંધકામો હટાવવા પણ કાર્યવાહી કરવા રજૂઆત છે. અન્યથા ન છૂટકે સ્થાનિક પ્રજાને સાથે રાખી આંદોલન-ધરણા કરવાની ફરજ પડશે. (૩.૧૨)

## ઉમાધામ ગાંઠીલા પાટોત્સવ આયુર્વેદ નિદાન કેમ્પ

જુનાગઢ, તા.૧૯: વિવેક ભારતી ટ્રસ્ટ અને નોબલ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ દ્વારા જ્ઞાતિ બાધ વગર નિ:શુલ્ક સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે જેમાં આયુર્વેદ ચિકિત્સકો દ્વારા કાલે રવિવારે સવારે ૯ થી ૧૨ વિના મુલ્યે નિદાન થશે. નિલેશભાઈ ધુલેશીયા પ્રમુખ ડો.દીપક ભલાણીના આરોગ્ય તળે ચેરમેન આરોગ્ય સમિતિ દ્વારા શ્રી કુંડારીયા ફાઉન્ડેશન દ્વારા ડાયાબિટીસ અને બીપી ચેકઅપ કેમ્પ સમય સવારે ૯ થી ૫, શ્રી ઉમાધામ ગાઠીલા ખાતે રાખેલ છે.

શ્રી ઉમાધામ પાટોત્સવ નિમિત્તે રક્તદાન શિબિર, શ્રી ઉમા પદયાત્રીક ટ્રસ્ટ રાજકોટના સહયોગથી પણ રાખેલ છે. (૨૨.૯)

## જેતપુરમાં કાલે સ્નેહનું વાવેતરઃ સમૂહલગ્નમાં ૧૦૮ નવદંપતીઓ પ્રભુતામાં પગલા માંડશે

### જયેશભાઇ રાદડિયાની આગેવાનીમાં સીટી કાઉન્સિલ ઓફ જેતપુર દ્વારા આયોજન





(કેતન ઓઝા દ્વારા) જેતપુર, તા.૧૯: શહેરમાં સમાજ સેવાના એકમાત્ર ધ્યેય સાથે ચાલતી સંસ્થા સીટી કાઉન્સિલ ઓફ જેતપુર દ્વારા આવતીકાલ રવિવારે સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાના સ્મરણાર્થે ભવ્ય ૧૭મો સમૂહ લગ્ન ઉત્સવ ઉજવાશે.

અત્રેના જુનાગઢ રોડ ખાતે આવેલ રાજવાડી પાર્ટી પ્લોટ માં કાલે સીટી કાઉન્સિલ દ્વારા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ની આગેવાની હેઠળ માં શાહી સમૂહ લગ્ન યોજાશે જેમાં ૧૦૮ નવદંપતીઓ પોતાના નવજીવનની રાહ પર ડગલા માંડશે. દાતાઓના સહકારથી દીકરીઓને સોના ચાંદી તેમજ કબાટ સહિતની વસ્તુઓ કરિયાવરમાં આપશે સાંજે ચાર કલાકે એક સાથે ૧૦૮ વરરાજાઓનો વરઘોડો ડીજે અને ફટાકડાની આતિશ બાજી સાથે નીકળશે.

સમૂહ લગ્ન માં જોડાનાર તમામની સગવડ સચવાય અને જેતપુરના આંગણે ભવ્ય લગ્ન ઉત્સવ ઉજવાય તે માટે શહેરની સામાજિક સંસ્થાઓ અને સેવાકીય લોકોને સાથે રાખી મીટીંગ યોજવામાં આવેલ. તૈયારીને આખરીઓપ આજ રાત સુધીમાં અપાઈ જશે. સંસ્થાના સુપ્રીમો જયંતીભાઈ રામોલિયા ના વડપણ તેમજ પ્રમુખ અરવિંદભાઈ વોરા ની રાહબર હેઠળ પ્રોજેક્ટ ચેરમેન પ્રવીણભાઈ નંદાણીયા, સેક્રેટરી વિનોદભાઈ કપુપરા, પ્રવીણભાઈ ગજેરા, ચંદ્રેશભાઈ ઠુંમર, રતિલાલ ખાચરિયા, યોગેશ શિંગાળા, અમિત ટાંક તેમજ યુવા ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. (૩.૧૦)

## કાલે જુનાગઢમાં અર્પણ ફાઉન્ડેશન દ્વારા અર્પણ શૈક્ષણિક તાલીમ ભવનનો શિલાયાન્સ

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ, તા. ૧૯: જુનાગઢ અર્પણ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨૫ એપ્રિલને રવિવારના રોજ સવારે ૯ કલાકે અર્પણ શૈક્ષણિક તાલીમ ભવનના નિર્માણ કાયરો શુભારંભ અને સમગ્ર કેમ્પસના આર્થિક અંદાજ ને ધ્યાને લઈ સંત દાસીજીવણ ભવન ના શિલાયાન્સ નો કાર્યક્રમ ભરસિંહ મહેતા યુનિવર્સીટી સામે બિલખા રોડ જુનાગઢ ખાતે યોજાનાર છે.

જેનું દિપ પ્રાગટય પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા કરશે અને અધ્યક્ષ સ્થાને પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક બિરાજશે તેમજ પુ. ગોરધનદાસ બાપા તથા પુ. ભંતે પ્રજ્ઞારત્નજી આશિવર્ચન આપશે આ તકે સમાજના અધિકારીઓ, પદાધિકારીઓ, દાતાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીશ્રી અમૃતભાઈ સોલંકી, જીતુભાઈ મણવર, જે. કે. ચાવડા, ડો. કનુભાઈ વાળા, વિજયભાઈ શ્રોફ, દિનેશભાઈ ભાસ્કર, ડો. અરવિંદ કાથડ, પી.એસ.આઈ. ઋત્વિક વાળા, કરશનભાઈ પરમાર, મિતુલ સોંદરવા, ડો. જીવરાજભાઈ પારધી, આર.ડી. પરમાર સહિતના જહેમત ઉઠાવી રહયા છે. આ કાર્યક્રમ પુર્ણ થયે ભોજન સમારંભનું પણ આયોજન કરાયુ છે જેનાં આમત્રિતોને ઉપસ્થિત રહેવા પ્રો. કનુભાઈ વાળા, અમૃતભાઈ સોલંકી, જગદિશભાઈ ચાવડા, જીતુભાઈ મણેવર એ નિમંત્રણ પાઠવ્યું છે.(૬.૩)




## જયાં અહંકાર છે ત્યા કૃષ્ણ નથીઃ ડો. મહાદેવપ્રસાદ શાસ્ત્રી

### ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ઉમરેઠી ગામમાં ભાગવત કથાના છઠ્ઠા દિવસે કૃષ્ણ વિવાહની ઉજવણીઃ સમગ્ર ઉમરેઠી ગામ કૃષ્ણમય બન્યું, ભાગવતના વિવિધ પ્રસંગોનું વર્ણન

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૧૯: તાલાલા તાલુકાના ઉમરેઠી ગામમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગવત કથાનો પ્રારંભ ૧૩ માર્ચથી થઈ ગયો છે. કથાના છઠ્ઠા દિવસે ભગવાન શ્રીકૃષ્ણ વિવાહ પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર ગામ અને શ્રોતાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. છેલ્લા છ દિવસથી વ્યાસપીઠ પરથી ડો. મહાદેવપ્રસાદ શાસ્ત્રી કથાનું રસપાન કરાવી રહ્યા છે.

તાલાલાના ઉમરેઠી ગામમાં ગોપી મંડળ અને સમસ્ત ઉમરેઠી ગામ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ પરથી રાષ્ટ્રવાદી અને આંતરરાષ્ટ્રીય કથાકાર ડો. મહાદેવપ્રસાદ શાસ્ત્રી કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથા દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ કૃષ્ણ જન્મ, ભગવાન કૃષ્ણ રાસ વગેરે પ્રસંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમજ રાત્રીના ભજન, સંતસંગ, કાનગોપી સહિતના કાર્યક્રમ યોજાયા હતા. કથાના છઠ્ઠા દિવસે વ્યાસપીઠ ઉપરથી ડો. મહાદેવપ્રસાદ શાસ્ત્રીએ ગોપીઓનો પ્રેમ, વિરહ, કંસ વધ, જરાસંધ સાથે યુદ્ધ, દ્વારકા ગમન, યાદવોનું રક્ષણ, નંદબાબાને વૈકુઠના દર્શન, બેટ દ્વારકાનું વર્ણન વગેરે પ્રસંગો વર્ણવ્યા હતા. ગોપી સાથેના પ્રસંગને વર્ણવતા ડો. મહાદેવપ્રસાદ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, એક વખત ગોપીઓમાં અહંકાર આવી જાય છે. કૃષ્ણ તો અમારા જ છે. અમારા જ છે આ અહંકાર ભાવ આવતા ભગવાન કૃષ્ણ ગોપીઓ વચ્ચેથી ચાલ્યા જાય છે. બાદ ગોપીઓમાં વિયોગ જાગે છે. ગોપીઓ જંગલમાં ભગવાનને શોધવા નીકળી પડે છે.









ડો. મહાદેવપ્રસાદ કહે છે કે, જ્યાં અહંકાર છે ત્યાં ભગવાન નથી. ભગવાન જ્યાં અંતર્ધ્યાન થયા ત્યાંથી ગોપીઓ શોધવાની શરૂઆત કરે છે. ભગવાન કૃષ્ણ પ્રભાસ ક્ષેત્રમાં છેલ્લે અંતર્ધ્યાન થયા છે. અહીંથી તેમનો શોધવા જોઈએ. નરસિંહ મહેતાને ભગવાને ૫૨ વખત દર્શન આપ્યા છે. જે કાર્યથી આનંદ આવે તેનાથી જ પરમાત્મા મળે છે. ભગવાન કૃષ્ણ જ બ્રહ્મ છે અને શ્રીમદ ભાગવત તેમના ચરણ છે. ડો. મહાદેવપ્રસાદે ભગવાન કૃષ્ણની પાંચ વસ્તુઓ ક્યારેય ભૂલી ન શકાય. ભગવાનની આંખો, ભગવાનનું હાસ્ય, ભગવાન કૃષ્ણની ચાલ, ભગવાનનું ધ્યાન અને કૃષ્ણ ભગવાન એકાંતમાં વાત કરે છે તે. ગોપીઓ કહે છે કે, ભગવાન અમને એકાંતમાં આવી વાતો કરતા. અર્જુન કરતા પણ વધુ સન્માન ગોપીઓ સાથે ભગવાને કર્યો છે.

કથાના છઠ્ઠા દિવસે કૃષ્ણ વિવાહ પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું હતું અને ઉજવણી કરવામાં આવી હતી. ઉમરેઠીના બાજુના ગામ માલજીંજવાથી જાન આવી હતી. કૃષ્ણ વિવાહ પ્રસંગે ગામજનો ભાવવિભોર બની ગયા હતા. જાનૈયાઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કથાના દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રોજના હજારો લોકો પ્રસાદ લઈ રહ્યા છે. પરંતુ કોઈ પણ જાતની અવ્યવસ્થા થતી નથી.(તસ્વીરઃ વિનુ જોશી-જુનાગઢ) (૩૮.૧૨)

## ભેંસાણના રાણપુરમાં ગેસ ગળતરથી સાળા-બનેવીનું મોત થતા રાણપુરના દિલીપ કુબાવત સામે કાર્યવાહી

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૧૯: ભેસાણ તાલુકાના રાણપુર ગામમાં સેપ્ટિક ટેન્કની સફાઈ વેળાએ ઝેરી ગેસની અસર થતા સાળા-બનેવીનું મોત ૪૮ વર્ષના દિલીપભાઈ ખોડાભાઈ ચૌહાણ અને ૪૫ વર્ષના દિલીપભાઈ ભુરાભાઈ વાઘેલાનું મૃત્યુ હતું.

રાણપુરના દિલીપભાઈ ચૌહાણ અને બીલખા પાસેના ભલગામમાં રહેતા સાળા દિલીપભાઈ વાઘેલાએ રાણપુરમાં રહેતા કુબાવત પરિવારના ડેલામાં સેપ્ટિક ટેન્કની સફાઈ શરૂ કર્યું હતું. ૧૫ ફૂટ જેટલી ઊંડી ટેન્કમાં સફાઈ કરતા હતા તે વખતે ઝેરી ગેસની અસર થઈ હતી. જેના કારણે બને ટેન્કની અંદર પડી ગયા હતા.

આ અંગેની જાણ થતાં મકાન માલિક ધર્મેન્દ્રભાઈ અને જયદીપભાઈ કુબાવત સાળા બનેવીને બચાવવા માટે ટેન્કની અંદર પડ્યા હતા તેમને પણ ઝેરી ગેસની અસર થતા બંને પણ બેભાન થઈ ગયા હતા.

આ ઘટનામાં દિલીપભાઈ ચૌહાણ અને દિલીપભાઈ વાઘેલાનું મૃત્યુ થયું હતું. જ્યારે મકાન માલિક ધર્મેન્દ્રભાઈ કુબાવત અને જયદીપભાઈ કુબાવતને જુનાગઢ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના અંગે મકાન માલિક દિલીપ છગન કુબાવત વિરુદ્ધ સંડાસની હજમમા કોઈપણ પ્રકારની માનવ સુરક્ષાની સુવીધાઓ કે કોઈ સાફ સફાઈના સાધનો વગર હજમની સફાઈ કરાવતા દિલીપભાઈ ચૌહાણ અને દિલીપભાઈ વાઘેલાનું મૃત્યુ થયાની ફરિયાદ મૃતક દિલીપભાઈ ચૌહાણના પત્ની જમનાબેનએ કરતા એસએસસી એસટી સેલના ડીવાયએસપી રવિરાજસિંહ પરમારે તપાસ હાથ ધરી હતી.(૨.૧૭)



## જૂનાગઢ કોંગ્રેસ ભવને આંખના દર્દીઓ માટેની સારવાર માટે ફ્રી કેમ્પ યોજાયો

જૂનાગઢઃ કોંગ્રેસ ભવન ખાતે રણછોડદાસજી ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ અને શહેર કોંગ્રેસ સમિતિ-જૂનાગઢનાં સંયુક્ત ઉપક્રમે આંખના દર્દીઓ માટેની સારવાર માટે ફ્રી કેમ્પ યોજાયો. દર મહિનાની ૧૮ તારીખે યોજાતા આ કેમ્પમાં આર્થિક રીતે નબળા દર્દીઓ પાસેથી કોઈ પણ જાતના ચાર્જ વગર છેલ્લા ૧૫ વર્ષથી કેમ્પનું આયોજન થાય છે. આયોજન શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ જોષી, કાર્યાલય મંત્રી ગુરુમુખ વાસવાણી દ્વારા કરવામાં આવ્યું. આગામી સમયમાં મહિનાની ૧૮ તારીખે ભવિષ્યમાં કાયમી માટે આ કેમ્પ યોજાશે. તો જરૂરિયાતમંદ દર્દીઓએ આ કેમ્પનો લાભ લેવા અપીલ છે.(તસ્વીરઃ મુકેશ વાઘેલા-જૂનાગઢ) (૩.૧૨)

## ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાની મુલાકાતે ઉદયજી જોષી, સતીશજી મરાઠે સહિતના આગેવાનો

જુનાગઢ તા.૧૯:ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાના આમંત્રણને સ્વિકારી સહકાર ભારતીના નેશનલ પ્રેસિડન્ટ ઉદયજી જોષી, રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડીરેકટર સતીશજી મરાઠે, ગુજરાત પ્રદેશના પ્રાંત અધ્યક્ષ મહેશભાઈ પટેલ, રાષ્ટ્રિય સંગઠન મંત્રી સંજયજી પંચપોર તથા ક્ષેત્રીય સંગઠન પ્રમુખશ્રી જીવનભાઈ ગોલે બેંકની શુભેચ્છા મુલાકાતે આવેલ. આ પ્રસંગે પધારેલ મહાનુભાવોનું બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ ભાવભર્યુ સ્વાગત કરી મોમેન્ટો અર્પણ કરી સન્માન કરેલ અને બેંકની શુભેચ્છા મુલાકાત લેવા બદલ આભાર વ્યક્ત કરેલ હતો.(અહેવાલઃ વિનુ જોશી, તસ્વીરઃ મુકેશ વાઘેલા-જુનાગઢ)

